શ્રી રમણલાલ વસંતલાલ દેસાઈ જન્મ શતાબ્દી ગ્રંથમાળા સંપુટ-૧

**સંસ્કાર ગ્રંથાવલિ** **પુસ્તક ૭૫ મું**

Kaila Vikas
7405160954

# સ્નેહસૃષ્ટિ

રમણલાલ વ. દેસાઈ

**આર. આર. શેઠની કંપની**

પુસ્તક પ્રકાશક અને વિક્રેતા

મુંબઈ ૪૦૦ ૦૦૨ ☐ અમદાવાદ ૩૮૦ ૦૦૧

# શ્રી રમણલાલ વ. દેસાઈનાં પુસ્તકો

## ❖ સંપુટ-૧

### નવલકથાઓ

જયંત ❋ શિરીષ ❋ કોકિલા ❋ હૃદયનાથ ❋ સ્નેહયજ્ઞ ❋ દિવ્યચક્ષુ ❋ પૂર્ણિમા ❋ ભારેલો અગ્નિ ❋ ગ્રામલક્ષ્મી ૧ થી ૪ ❋ બંસરી ❋ પત્રલાલસા ❋ ઠગ ❋ શોભના ❋ ક્ષિતિજ ❋ ભાગ્યચક્ર ❋ હૃદયવિભૂતિ ❋ છાયાનટ ❋ પહાડનાં પુષ્પો ❋ ઝંઝાવાત ❋ પ્રલય ❋ કાલભોજ ❋ સૌંદર્યજ્યોત ❋ શૌર્યતર્પણ ❋ બાલાજોગણ ❋ સ્નેહસૃષ્ટિ ❋ શચી પૌલોમી ❋ ત્રિશંકુ ❋ આંખ અને અંજન

## ❖ સંપુટ-૨

### નવલિકાસંગ્રહો

ઝાકળ ❋ પંકજ ❋ રસબિંદુ ❋ કાંચન અને ગેરુ ❋ દીવડી ❋ સતી અને સ્વર્ગ ❋ ધબકતાં હૈયાં ❋ હીરાની ચમક

### કાવ્યસંગ્રહો

નિહારિકા ❋ શમણાં

### નાટ્યસંગ્રહો

શંકિત હૃદય ❋ પરી અને રાજકુમાર ❋ અંજની ❋ તપ અને રૂપ ❋ પુષ્પોની સૃષ્ટિમાં ❋ ઉશ્કેરાયેલો આત્મા ❋ કવિદર્શન ❋ પૂર્ણિમા ❋ બૈજુ બ્હાવરો ❋ વિદેહી ❋ સંયુક્તા

## ❖ સંપુટ-૩

### પ્રકીર્ણ

જીવન અને સાહિત્ય ૧-૨ ❋ સુવર્ણરજ ❋ ગ્રામોન્નતિ ❋ ગઈકાલ ❋ મધ્યાહ્નનાં મૃગજળ ❋ તેજચિત્રો ❋ અભિનંદન-ગ્રંથ ❋ ઊર્મિ અને વિચાર ❋ ગુલાબ અને કંટક ❋ અપ્સરા ૧ થી ૫ ❋ રશિયા અને માનવશાંતિ ❋ ગુજરાતનું ઘડતર ❋ સાહિત્ય અને ચિંતન ❋ ભારતીય સંસ્કૃતિ ❋ માનવ-સૌરભ ❋ કલાભાવના ❋ શિક્ષણ અને સંસ્કાર ❋ ઊર્મિના દીવડા

### ચિંતનમાળા

મહાત્મા ગાંધી ❋ ન્હાનાલાલ-કલાપી ❋ માનવી - પશુની દૃષ્ટિએ અને આત્મનિરીક્ષણ ❋ ભારતીય કલા- સાહિત્ય - સંગીત ❋ સમાજ અને ગણીકા ❋ અંગત - હું લેખક કેમ થયો ?

સૌ. નીરાને

રમણલાલ વ. દેસાઈ

DESAI Ramanlal V.
SNEHSRUSTI, Novel
R. R. Sheth & Co., Bombay-Ahmedabad
1992
891-473

© ડૉ. અક્ષયકુમાર ર. દેસાઈ

શ્રી ર. વ. દેસાઈ જન્મ શતાબ્દી આવૃત્તિ મે, ૧૯૯૨

મૂલ્ય રૂ. ૬૦-૦૦

**પ્રકાશક**
ભગતભાઈ ભુરાલાલ શેઠ,
આર. આર. શેઠની કંપની
મુંબઈ ૪૦૦ ૦૦૨ ☐ અમદાવાદ ૩૮૦ ૦૦૧

**ટાઈપસેટિંગ :**
ચંદ્રિકા પ્રિન્ટરી,
મિરઝાપુર રોડ,
અમદાવાદ ૩૮૦ ૦૦૧

**ઑફસેટ મુદ્રણ :**
ચિરાગ પ્રિન્ટર્સ
સિટી મિલ કંપાઉન્ડ
રાયપુર દરવાજા બહાર
અમદાવાદ ૩૮૦ ૦૦૧

# પ્રસ્તાવના

મોટે ભાગે પ્રસ્તાવનાઓ નિરર્થક હોય છે - છતાં તે લખવી પડે છે - જોકે વાચકો તો પુસ્તક વાંચીને અને વિવેચકો વાંચીને - કે વાંચ્યા વગર પણ - પોતાને યોગ્ય લાગે તે અભિપ્રાય આપે જ છે. ધનિકો ધનના માત્ર વાલી જ છે એ ગાંધીસિદ્ધાન્ત ચર્ચતી 'સૌન્દર્યજ્યોત' નામની એક નવલકથામાં એક ગાંધીવાદી માસિકના વિવેચકને ટીકા કરવા માટે પણ એ સિદ્ધાંત દેખાયો નહિ - બીજી ઘણી ભૂલો જડવા છતાં - ત્યારે મને લાગ્યું કે એ હકીકત મેં પ્રસ્તાવનામાં લખી હોત તો કદાચ તે તરફ તેમનું લક્ષ જાત ખરું - અને બીજા વિવેચકોનું પણ ! અને નમ્રતાપૂર્વક પોતે જ પ્રસ્તાવનામાં સ્વીકારી લીધેલી ખામીઓ ખરેખર સાચી ખામીઓ છે જ એમ વગર ચર્ચાએ માની લઈને વિવેચકો હજી સુધી મારા મતને ગ્રાહ્ય કરી ચાલ્યા કરે છે એટલે 'સ્નેહસૃષ્ટિ'ની પ્રસ્તાવનામાં આટલું જ લખવું અનુકૂળ થશે કે આ કથા પણ મારી જાણીતી થયેલી ખામીઓવાળી નવલકથા છે. માત્ર બે બાબતો નોંધી લઉં : એક તો એ કે 'ઝંઝાવાત'થી શરૂ થતી મારી સામાજિક નવલકથાઓ ગાંધીજીના અવસાનયુગ પછીની છે. જ્યારે એ પહેલાંની કથાઓ ગાંધીજીના વાતાવરણને સહારે લખાતી હતી. સ્વતંત્ર ભારતના હૃદયને ગાંધીજીના અનુયાયીઓ હજી સંતોષ આપી શક્યા નથી, અને હિંદનું માનસ હજી થાળે પડ્યું નથી, એ વ્યાપક વાતાવરણને પડછે લખાયલી કથાઓમાંની આ 'સ્નેહસૃષ્ટિ' પણ એક કથા છે એ પ્રથમ નોંધ. બીજી નોંધ એ કે આ આખી વાર્તા મારી રશિયાની મુસાફરી પહેલાં જ પૂરી થઈ છે. સામ્યવાદી-સમાજવાદી વિચારસરણીનાં કેટલાંક તત્ત્વો મને ગમે છે; ગાંધીવાદ સાથે, મારા મત અનુસાર, એ સામ્ય પણ ધરાવે છે; અને અહિંસક માર્ગે આપણે એ તત્ત્વોને અપનાવીશું નહિ તો હિંસાનો માર્ગ આપણને એ તત્ત્વો તરફ ખેંચી જવા મથશે જ એવી મારી દૃઢ થતી જતી માન્યતાનું પ્રતિબિંબ મારી પ્રત્યેક નવલકથામાં હોય, એનો અર્થ એમ નથી જ કે એ માન્યતા પાછળ રશિયાની મુસાફરી કે સામ્યવાદનાં સર્વાંગી આકર્ષણ હોવાં જ જોઈએ. સામ્યવાદની **હિંસા** અને **સિદ્ધિ તથા સાધનની સમાન વિશુદ્ધિ પ્રત્યેની અશ્રદ્ધા** મને જરાય ખપતાં નથી. એટલી સ્પષ્ટતા મારા માનસને સ્પષ્ટ કરશે એવી આશા રાખી શકું ?

કથા વાંચવા સરખી લખાઈ હોય તો મારા સરખા સામાન્ય લેખકને સંતોષ થશે.

**રમણલાલ વ. દેસાઈ**

'કૈલાસ' મદનઝાંપા રોડ,
વડોદરા, તા. ૨૫-૨-૧૯૫૩

## ત્રીજી આવૃત્તિનું પુનર્મુદ્રણ

'સ્નેહસૃષ્ટિ' ત્રીજી આવૃત્તિનું પુનર્મુદ્રણ થાય છે એથી અંગત રીતે સંતોષ અનુભવું છું.

પ્રકાશકો અને વાચકોનો આભાર.

**અક્ષયકુમાર ર. દેસાઈ**

'જયકુટિર', ટાઈકલવાડી રોડ,
મુંબઈ- ૧૬, તા. ૧-૫-'૭૫

સ્નેહસૃષ્ટિ

*

રમણલાલ વ. દેસાઈ

# અનુક્રમ


| | | | |
|---|---|---|---|
| બાગ અને પ્રેમ | ૧ | પ્રેમની સ્પષ્ટતા | ૧૩૪ |
| સમજની શરૂઆત | ૮ | આશાની મીટ | ૧૪૧ |
| મધ્યમ વર્ગનાં ગૃહ | ૧૫ | રાજકુમારીની વાર્તા | ૧૪૮ |
| યુવાન મધુકર | ૨૨ | સરળ બનતો માર્ગ | ૧૫૫ |
| સ્વપ્ન | ૨૯ | સુરેન્દ્રની ધૂન | ૧૬૨ |
| સ્વપ્નને માર્ગે | ૩૩ | હાથમાં ઊતરતું ફળ | ૧૬૭ |
| પ્રવેશનું પહેલું પગથિયું | ૩૮ | આંખના અંગાર | ૧૭૭ |
| સ્ત્રીના શિકાર | ૪૪ | લગ્ન અને માનવખરીદી | ૧૮૫ |
| વેડફાતું વચન | ૫૧ | સાધુ અને વિતંડા | ૧૯૪ |
| ચાર આંખ | ૫૮ | ગાંધીરંગ્યો સામ્યવાદ | ૨૦૧ |
| ચાર આંખો | ૬૬ | સ્વપ્નમાં સત્ય | ૨૦૮ |
| વૃન્દાવન | ૭૨ | નાગચૂડ | ૨૧૬ |
| વૃન્દાવનની કુંજગલી | ૭૮ | પ્રેમવૈચિત્ર્ય | ૨૨૩ |
| ખતપત્ર | ૮૪ | લાજ-મલાજો | ૨૩૩ |
| કોણ જીત્યું ? | ૮૯ | પ્રેમનમન | ૨૩૯ |
| ફૂલમાં કંટક | ૯૬ | અવેતન રંગભૂમિ | ૨૪૪ |
| વીંટીનો ઘા | ૧૦૧ | સમજદારી | ૨૫૫ |
| ચિત્રપટ | ૧૦૬ | લગ્ન તરફ પગલાં | ૨૬૮ |
| રોમાંચની લાલસા | ૧૧૨ | મધુકરનાં લગ્ન | ૨૭૫ |
| રૂપ અને હૃદય | ૧૨૦ | સ્નેહની અનોખી સૃષ્ટિ | ૨૮૨ |
| પ્રેમના વ્યૂહ | ૧૨૮ | | |



**મુદ્રણો**

પ્રથમ : એપ્રિલ ૧૯૫૩ : ચતુર્થ : જૂન ૧૯૭૫

**૫મું પુનર્મુદ્રણ શતાબ્દી વર્ષ મે, ૧૯૯૨**

**પ્રત : ૨૨૫૦**

# ૧

# બાગ અને પ્રેમ

નદીતટનો સદુપયોગ કરતાં આવડે તો એ તટ બગીચો બની જાય છે. મોટે ભાગે ભારતનાં નગરેનગરમાં નદી હોય છે. નદી ન હોય ત્યાં તલાવ-સરોવર પણ હોય. અહીં તો નદીકિનારો હતો, કિનારા ઉપર એક વિશાળ સાર્વજનિક બગીચો હતો. બગીચામાં વૃક્ષોની ઘટા હતી, નીલમ લીલું ઘાસ પથરાયેલું હતું અને પુષ્પક્યારાઓ પણ વેરાયેલા પડ્યા હતા. ઉજાણી માટેની એ આદર્શ જગા. ઉજાણી આપણી પ્રાચીન ઉદ્યાનિકા માટે પ્રજાના મોટા ભાગને હવે ફુરસદ નથી. છતાં પ્રજાનો વિદ્યાર્થીવર્ગ હજી બાગબગીચા અને નદીતટનાં એકાંત શોધી સમૂહઆનંદ કદી કદી લે છે. રજાનો દિવસ હોય, દિવસનો ત્રીજો પ્રહર હોય, મિત્રોનું જૂથ હોય અને એ જૂથમાં થોડી વિદ્યાર્થિનીઓ પણ હોય ત્યારે 'પિકનિક'ના અંગ્રેજી નામ નીચે વિદ્યાર્થીઓને આવા સ્થળ બહુ આનંદ આપી રહે છે.

આ બગીચાનો એવો જ ઉપયોગ થઈ રહ્યો હતો. પંદર-વીસ સંસ્કારી વિદ્યાર્થી અને વિદ્યાર્થિનીઓ એક વિશાળ ઘટામાં અને ખુલ્લા ઘાસ ઉપર બેઠાં હતાં, ફરતાં હતાં, દોડતાં હતાં, હીંચકા ખાતાં હતાં, હસતાં હતાં અને બેડમિન્ટન પણ રમતાં હતાં. આનંદ નિર્દોષ જ હોય; છતાં એ આનંદમાં અંગત તત્ત્વ ભળે ત્યારે આનંદ દુષિત તો નહિ પરંતુ મર્યાદિત બની જાય ખરો. સમૂહમાં હસતાં રમતાં યુવક-યુવતીઓ વચ્ચેથી લાગ જોઈ કોઈને અલગ થઈ જવું હોય તો તેની સગવડ પણ આવા બગીચાઓમાં મળી શકે ખરી; જોકે એમાં એકાંતભંગ થવાનો પણ ભય પ્રત્યેક ક્ષણે હોય જ. યુવક-યુવતીના સમૂહ એકાંતશોધનનો ઠીકઠીક આગ્રહ રાખે છે, અને લાગ જોઈ એકાંત મેળવે પણ છે. આવો લાગ શોધી સહજ છૂટાં પડેલાં યુવકયુવતીનું એક યુગલ વૃક્ષના વિશાળ થડને ઓથે ઊભું રહ્યું હતું અને વાત કરતું હતું. વાત કરતે કરતે યુવતીએ યુવકનો હાથ પકડ્યો અને પૂછ્યું :

'મધુકર ! આ વીંટી આપ્યે કેટલા માસ થયા ?'

'છ માસ તો થયા હશે, શ્રીલતા !... કેમ, એનો અણગમો આવ્યો !

બીજી આપું ?' મધુકરે કહ્યું.

મધુકર છટાભર્યો યુવક હતો; એનાં વસ્ત્રો પણ છટાભર્યાં હતાં; એની વાતચીત પણ છટાભરી જ હોય !

પરંતુ શ્રીલતા પણ મધુકર સરખી જ છટાભરેલી યુવતી હતી. એણે જવાબ આપ્યો :

'એક જ વીંટી બસ છે. બીજી ન જોઈએ. હું સંભારું છું એ વીંટી નહિ, પરંતુ વીંટીના હક્ક.'

'લગ્નની વાત કરે છે તું ?... હું કોઈ યોગ્ય સ્થળે ગોઠવાઈ જઉં અને... અને તું પણ તારી છેલ્લી પરીક્ષા આપી દે... પછી ગમે તે ક્ષણે લગ્ન!'

'હવે ક્ષણો યુગ બનતી જાય છે, મધુકર !'

'માટે જ હું તને વધારે મળતો નથી, હમણાં !' કહી મધુકરે પોતાનો હાથ સહજ ખેંચ્યો. હાથ સાથે જ આખી શ્રીલતા ખેંચાઈ ને મધુકરની વધારે નજીક આવી. મધુકરે શ્રીલતાનો દેહસ્પર્શ થતાં જ બેદરકારીપૂર્વક ખિસ્સામાંથી સિગરેટની ડબી કાઢી અને સિગરેટ - શિક્ષણના પ્રાધ્યાપકને શોભે એવી છટાથી તેણે સળગાવી મુખમાં મૂકી. જેના પ્રત્યે માનવીને આદર હોય અને પ્રેમ હોય એની નાનામાં નાની વિગતોમાં પણ પ્રેમીને કલામયતા દેખાઈ આવે છે. સફાઈથી સિગરેટની ધૂણી વેરતો મધુકર શ્રીલતાને કામદેવનો અવતાર પણ લાગ્યો હોય ! મધુકરના દેહસ્પર્શનો અનુભવ લઈ રહેલી શ્રીલતાએ જોયું કે મધુકર તેનાથી સહજ દૂર ખસી ગયો છે. શ્રીલતા પોતાનો અણગમો વ્યક્ત કરે તે પહેલાં જ મધુકરે કહ્યું :

'જો જો, પેલો સુરેન્દ્ર આવે.'

શ્રીલતા સમજી શકી કે મધુકર શા માટે ખસી રહ્યો હતો. નૂતન યુવક-યુવતી હજી જાહેર પ્રેમદર્શનની ઉગ્રતાએ પૂરાં પહોંચ્યાં નથી. ત્રાહિત ઓળખીતાની રૂબરૂ સહજ મર્યાદા જરૂરની ખરી. અને મધુકરના કહેવા પ્રમાણે સુરેન્દ્ર એક વૃક્ષઘટામાંથી આવતો દેખાયો પણ ખરો. તેણે સાદો પહેરવેશ પહેર્યો હતો. આકર્ષક બનવાની એક પણ ટાપટીપનો પ્રયત્ન તેનામાં હોય એમ લાગ્યું નહિ. વધારામાં તેનું મુખ અત્યંત ગંભીર હતું. તેની આંખ ચારે પાસ ચબરાકીથી ફરતી ખસતી ન હતી. અને તેના હાથમાં વળી પુસ્તક પણ હતું. 'પિકનિક'માં ગમ્મત માટે આવવું અને પાછું પુસ્તક સાથે લાવવું !

'વેદિયો નર્યો !' શ્રીલતાએ મધુકરની સાથે સુરેન્દ્રને સરખાવી સુરેન્દ્ર વિષે પોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યો.

'આજ એને જરૂર બનાવું.' મધુકર બોલ્યો.

એક બાજુએ રમતાં પરાશર, યશોધરા અને નીતીન સહજ મોડા આવેલા સુરેન્દ્રને પકડી રમતની એક બાજુએ ઘસડી ગયાં. સુરેન્દ્ર પણ હસતો હસતો ઘસડાયો. સહુ કોઈ તેના મોડા પડવાની ટેવને, સતત સાથે રહેતી સખી સરખા સુરેન્દ્રના પુસ્તકને અને તેના ગાંભીર્યને હસતાં હતાં. અંગત વિચિત્રતાઓને કે વિશિષ્ટતાઓને વધારી તેમની ટીકા કરવાનો હક્ક મિત્રોને અને ઠઠ્ઠાચિત્ર દોરનાર ચિત્રકારને હોય જ. સુરેન્દ્રે પણ પોતાની વિચિત્રતાઓ ઉપર પોતે જ હસવા માંડ્યું.

હમણાં... ધીમે રહીને... ટોળામાં ભળી જવાશે એમ ધારી મધુકર સાથેના એકાન્તને લંબાવવા ઈચ્છતી શ્રીલતાએ જોયું કે કાંઈ પણ બોલ્યા વગર મધુકર એકાએક તેને પાછળ મૂકી આગળ ચાલ્યો જાય છે ! શ્રીલતા તેની પાસેથી ખસી જતા મધુકરને જોઈ રહી. સહુથી મોડી આવ્યા છતાં મહારાણીના ઠસ્સાપૂર્વક કારમાંથી ઊતરતી જ્યોત્સ્ના તરફ સહુનું લક્ષ્ય ખેંચાયું. જ્યોત્સ્ના પ્રથમ છાપે ગર્વિષ્ટ લાગતી હતી. તેના હાથમાં 'વેનિટી બૅગ' હતી, જેનો આકાર સઘળી યુવતીઓને ગમ્યો. સહુ કોઈ જ્યોત્સ્ના પાસે ગયાં. મધુકર પણ ઝડપથી જ્યોત્સ્નાની સામે જઈ પહોંચ્યો અને તેની સાથે હાથ મેળવવા પોતાનો હસ્ત લાંબો કરી તે બોલ્યો :

'હલ્લો ! ગુડ આફ્ટર નૂન, જ્યોત્સ્ના ! કેમ જરા મોડું થયું ?' જ્યોત્સ્ના સહજ હસી અને બોલી :

'મને તો લાગ્યું કે હું વહેલી પડીશ. અહીં તો બધાં આવી ગયાં છે !'

મધુકરના શેકહૅન્ડ માટે લંબાયેલા હાથને જરા પણ ગણકાર્યા વગર જ્યોત્સ્ના મિત્રસમૂહમાં ભળી ગઈ. મધુકર એક ક્ષણ માટે જરા ઝંખવાયો. 'શેકહૅન્ડ' ઈચ્છતો હાથ ખાલી પડ્યો. લંબાયેલા હાથ સફાઈભરી ઢબે તેણે મુખ તરફ વાળી મુખમાંથી સિગરેટ કાઢી પાસે જ ફેંકી અને તેને પગ નીચે કચરી નાખી... જાણે શેકહૅન્ડ માટે તેણે જ્યોત્સ્ના સામે હાથ કદી લંબાવ્યો જ ન હોય !... સિગરેટને કચરી નાખતાં તે પોતે પણ કોઈને કચરી નાખવાનો નિશ્ચય જ ન કરતો હોય !

ઉજાણીની ગમ્મતમાં સહુએ ભેગાં રમવું પડે, ગાવું પડે અને ખાવું પડે. દોડાદોડી કરી થાકેલું મિત્રમંડળ કશી બેઠી રમત રમવા માટે ટોળે વળી બેસી ગયું. આજના ઝડપી જીવનમાં તો વર્ષે વર્ષે રમતોનાં સ્વરૂપ બદલાય છે. રમત, અને તે પણ બેસીને રમવાની રમતનો શોખીન પરાશર બેઠો બેઠો ક્યારનો કોઈ રમતની યોજના કરતો હતો. તેણે ભેગા થયેલા ટોળાને ઉદ્દેશીને કહ્યું :

'ચાલો, હું તમને એક નવી રમત રમાડું... એ રમતમાં તમારું ભાવિ પણ સમજાઈ જશે, હોં ! મારી ચિઠ્ઠીઓ સાચી જ પડે છે... જુઓ, મધુકરની સ્વચ્છ સાહેબટોપીમાં હું આ મારી લખેલી અને મંત્રેલી ચિઠ્ઠીઓ નાખું છું... એકેએક ઉપાડી જુઓ... તેમાંથી તમારું ભાવિ તમને જડી આવશે.'

પરાશરે ટોપી સહુની વચમાં મૂકી અને તેમાં પંદર-વીસ ચિઠ્ઠીઓ વાળીને ભેગી કરી મૂકી.

'ચાલ, યશોધરા ! તું શરૂ કર... પછી મધુકર... ઉપાડો ચિઠ્ઠીઓ.'

રમતો ભાગ્યે જ સાચી હોય; છતાં, રમતો ગમ્મતપ્રેરક હોય છે અને એ ઘણી વાર સૂચક પણ નીવડે છે. યશોધરાએ હસતાં અને શરમાતાં એક ચિઠ્ઠી ટોપીમાંથી ઉપાડી અને વાંચી.

સહુએ પૂછ્યું :

'શું નામ આવ્યું ?'

'સીતા.' યશોધરાએ અર્ધ હાસ્ય અને અર્ધ અણગમાથી કહ્યું. સીતાના આદર્શ ઉપર નિબંધો લખતી અને વ્યાખ્યાનો આપતી યુવતીને સીતાનું જીવન ગમતું હશે કે કેમ એ પ્રશ્ન પૂછવા સરખો છે !

'ચાલ, મધુકર ! તું ઉપાડ. તારી સફાઈ તને ક્યાં સુધી લઈ જાય છે એ જોઈએ.' રમત નિયામક પરાશરે હુકમ કર્યો. કોઈના પણ હુકમની કશી જ દરકાર તેને ન હોય એમ મધુકરે લાંબા થઈ બેઠેબેઠે ટોપીમાંથી ચિઠ્ઠી કાઢી પોતે જ ચિઠ્ઠીમાં લખેલું નામ વાંચ્યું :

'કૃષ્ણ !'

કૃષ્ણના નામ સાથે જ મધુકરની વિજયી મુખમુદ્રા વધારે વિજયી બની. હસતે હસતે પરાશરે કહ્યું :

'કાંઈ મેળ ન આવ્યો. આ યશોધરાને હજી રામ શોધવા રહ્યા અને કૃષ્ણને રાધા !' સહુએ હસવું જોઈએ એમ સહુ હસ્યાં. પરાશરે શ્રીલતાને અને નીતીનને ચિઠ્ઠી ઉપાડવાની આજ્ઞા કરી. એક ચિઠ્ઠી યુવતી ઉપાડે અને બીજી ચિઠ્ઠી યુવક ઉપાડે એવો ક્રમ ગોઠવ્યો હતો. યુવતીઓએ કયા રંગની ચિઠ્ઠી ઉપાડવી અને યુવકોએ કયા રંગની એ નિશ્ચિત થઈ ચૂક્યું હતું. શ્રીલતાએ ચિઠ્ઠી ઉપાડી ઉઘાડી, વાંચી અને હસતે હસતે બોલી ઊઠી :

'મારે તો રાધાનું નામ આવ્યું !'

યશોધરાએ હસીને સામે ટહુકો કર્યો :

'બરાબર છે...અને રાધા જેવી જ લટકાળી તું તો છે જ ને ?'

ઉજાણીનો ઉદ્દેશ જ ગમતનો ! મોજનો ! અને યુવક-યુવતી ભેગાં મળે

ત્યાં રાધા-કૃષ્ણની વાત પણ સહુને ગમે તો ખરી જ. હસતે હસતે નીતીને પણ ચિઠ્ઠી ઉપાડી અને કપાળે હાથ મૂકી તે બોલી ઊઠ્યો :

'અરે, હું તો શંકર બન્યો !... જ્યારે મારે બનવું હતું વિષ્ણુ !'

'સારું થયું માની લે કે અપૂજ બ્રહ્મા ન બન્યો !... જ્યોત્સ્ના ! હવે તારો વારો.' પરાશરે કહ્યું.

જ્યોત્સ્નાએ પણ ચિઠ્ઠી ઉપાડી વગર વાંચે પરાશરને સોંપી દીધી. પરાશરે કહ્યું :

'ચાલો ! એનું પરિણામ હું જાહેર કરું... ઓહો ! એ તો ઈંદ્રાણી બની ગઈ !'

'તે બરાબર છે. જુઓને એનો દમામ !' શ્રીલતા બોલી.

'એ પછી સુરેન્દ્ર નામ ધારીએ જ ચિઠ્ઠી ઉપાડવી જોઈએ. એનું ભાગ્ય શું બોલે છે એ તો સમજીએ ? ઉપાડો તમારી ચિઠ્ઠી, મહાશય સુરેન્દ્ર !' મધુકરે કહ્યું અને ગંભીરતાપૂર્વક સુરેન્દ્રે ચિઠ્ઠી ઊંચકી અને વાંચ્યું :

'બ્રહ્મચારી !'

સુરેન્દ્રને પોતાને પણ સહજ હસવું આવ્યું; સહુને ખડખડાટ હસવું આવ્યું. રમત-નેતા પરાશરે વગર હસ્યે નિર્ણય આપ્યો :

'જિંદગીભર આ સુરેન્દ્રને કોઈ સ્ત્રી મળવાની નથી.'

અને સહુ ફરી હસ્યાં...ન હસી માત્ર જ્યોત્સ્ના. આમે જ્યોત્સ્ના ઘણું ખરું અતડી અને ગંભીર ગણાતી હતી.

રમત આમ આગળ ચાલી અને પૂરી થઈ. માથે લેનાર એકબે યુવકો અને યુવતીઓએ ચા-નાસ્તાની તૈયારી કરવા માંડી. ઉજાણીમાં, અને એ જૂનો અશિષ્ટ શબ્દ નવા યુગને ગમતો ન હોય તો 'પિકનિક'માં, છેલ્લું પણ મહત્ત્વનું સુમધુર કાર્ય ચા-નાસ્તાનું હોવું જ જોઈએ. એ પણ પૂરું થવા આવ્યું, છતાં સુરેન્દ્રની પાસે પડેલા પ્યાલારકાબી એમ ને એમ ભરેલાં જ હતાં. વાતોના રસમાં ઊંડી ઊતરેલી મંડળીમાંથી શ્રીલતાએ તે તરફ જોયું અને એનાથી બોલાઈ ગયું :

'આ સુરેન્દ્ર તો ચા પીતો નથી... એને માટે બીજું કાંઈ ?'

'અરે, એ તો કોઈ ગળી ચીજ પણ ખાતો નથી... અને બજારુ ચીજ પણ નહિ ! શું થાય એને માટે ?' ઉજાણીની વ્યવસ્થા માથે લેનાર પરાશરે કહ્યું.

નીતીને એની મશ્કરી કરી પૂછ્યું :

'સુરેન્દ્ર ! ક્યાં સુધીની આ બાધા છે ?'

'લગ્ન થતાં સુધીની, નહિ ?' શ્રીલતાએ કહ્યું અને સહુ હસ્યાં. હસવાથી ન અટકતી મશ્કરી લંબાવવા મધુકરે કહ્યું :

'ભલે સુરેન્દ્ર ! તું ચા ન પીતો કે મીઠાઈ ન ખાતો... પરંતુ લે, આટલી સિગરેટ આજે ચાખી જો !... તારાં બધાંય પાપ બળીને એમાં ભસ્મ થઈ જશે.' મધુકરે વાતને મજબૂતી આપવા સિગરેટ સળગાવી સુરેન્દ્ર સામે ધરી. સુરેન્દ્રે બે હાથ જોડી મધુકરને નમસ્કાર કર્યા, અને અત્યંત નમ્રતાથી કહ્યું :

'મધુકર ! તમે સહુ જાણો છો, હું આવી આનંદી મંડળી માટે તદ્દન અપાત્ર છું... છતાં મને આવવું ગમે છે. શું ખાવું અને શું પીવું એ વાતને જ બાજુએ મૂકીએ.'

'એ તારો ઘમંડ છે, સુરેન્દ્ર ! તું એકલો જ નીતિમાન છે, નહિ ?' મધુકરે જરા કરડાકીમાં કહ્યું.

'નીતિનની આમાં વાત જ નથી, મધુકર ! એ તો ટેવનો પ્રશ્ન છે.' સુરેન્દ્રે કહ્યું.

'આજથી ટેવ પાડવા માંડ.' મધુકરે વાત લંબાવી.

'મારાથી આવી ખર્ચાળ ટેવ ન પડાય...લો, હું ફળ ખાઉ છું.' કહી સુરેન્દ્રે લીલી દ્રાક્ષનો એક મણકો મુખમાં મૂક્યો. મધુકરે સુરેન્દ્ર સામે તાકીને કહ્યું :

'જોજે સુરેન્દ્ર ! તારા આ નીતિઘમંડને એક દિવસ હું ઉઘાડો પાડીશ... સિગરેટ પીતી, શરબતના પ્યાલા-શીશી સાથે રમતી, હોટેલના કોચ ઉપર ગબડવાની તૈયારી કરતી તારી છબી આખા ભારતનાં પત્રોમાં પ્રગટ ન કરાવું તો !'

સહુએ ધાર્યું કે આ ધમકી હાસ્યનો જ વિભાગ છે. સહુ હસ્યાં. સુરેન્દ્રે નમ્રતાપૂર્વક કહ્યું :

'મધુકર ! હું સહુની માફી માગી લઉ... જો કોઈને મારા વર્તનમાં ઘમંડ લાગતો હોય તો.'

બધાંએ હસતાં રમતાં વેરાવાની તૈયારી કરી. પોતપોતાની સાઈ-કલો સહુએ ખોળવા માંડી. જેને જેને સાઈકલો ન હતી તેને અંગત મિત્રોએ સાઈકલ ઉપર લઈ જવાની તૈયારી પણ બતાવી. કૉલેજ સુધી પોલીસના કાયદા પહોંચતા નથી. અંધારું સહજ ઊતરી આવતું હતું. જ્યોત્સ્ના પોતાની કાર તરફ જતી હતી, સુરેન્દ્રની પાસે સાઈકલ ન હતી. જ્યોત્સ્નાએ હળવી બૂમ પાડી :

'સુરેન્દ્ર !'

'કેમ ?' સુરેન્દ્રે ચાલવા માંડ્યું હતું. અટકી પાછા ફરી તેણે પૂછ્યું.

'મારી સાથે કારમાં ચાલ ને, જરા...'

'હું જઈ શકીશ... મને ચાલવું જ ફાવે છે...'

'મારે કામ છે.'

'મારું કામ ? શું ?'

'તને હું કારમાં કહું છું... ચાલ.' જ્યોત્સ્ના બોલી અને સુરેન્દ્રને લઈ કાર તરફ ચાલી. બંને બેઠાં અને કાર ઝડપથી અદૃશ્ય થઈ ગઈ.

મધુકરે એ જોયું અને એની આંખમાં એની સાઈકલના દીવા સરખો ઝગઝગાટ અંગાર પ્રગટ્યો.

મધુકરની ઈચ્છા હોય કે ન હોય તોપણ શ્રીલતા મધુકરની 'બાઈક' ઉપર બેસી મધુકર સાથે જ ગઈ. હિંદમાં સાઈકલો બબ્બે માનવીના ભાર કેટલાંય વર્ષોથી ઝીલે છે !

સાઈકલ ઉપર બેઠેલી શ્રીલતાએ મધુકરને પૂછ્યું :

'કેમ નિશ્વાસ નાખે છે, મધુકર !'

'કાંઈ નહિ.'

'આજ મારી કાર તને ન મળી, એથી ?'

'ના ના; એવું કાંઈ જ નથી.'

'જો મધુકર ! મેં આજથી નિશ્ચય કર્યો છે. પિતાજીને તો ખોટ આવવાથી કાર વેચી દેવી પડી, પરંતુ હવે હું કે તું કાર લાવીએ નહિ ત્યાં સુધી કારમાં બેસવું જ નહિ.' શ્રીલતાએ કહ્યું.

'નહિ રે નહિ ! એવા નિશ્ચયોમાં પડીશ નહિ.' મધુકરે કહ્યું. અને રસ્તાના પ્રકાશમાં બંને અદૃશ્ય થયાં.

## ૨

# સમજની શરૂઆત

યાંત્રિક વાહનને અંતરનો હિસાબ હોતો નથી. જ્યોત્સ્ના અને સુરેન્દ્રને વાહને ઝડપથી આગળ લીધાં. રાવબહાદુર ગિરિજાપ્રસાદ સરખા એક નામાંકિત શહેરીની પુત્રી જ્યોત્સ્ના જરા અતડી, ઓછાબોલી અને તેથી સહજ ઘમંડી લાગતી હતી. તેને મિત્રો હતા, સખીઓ હતી અને પરિચયવર્તુલ હતું ખરું, પરંતુ એની રચના એની પોતાની નહિ. વર્તુલમાં તે કદી ખેંચાઈ આવતી; અને જોકે રમતગમતમાં રંજન પ્રયોગોમાં, પ્રવાસોમાં, મિજબાનીઓમાં તે ભાગ લેતી ખરી, છતાં તે જાણે સહુથી અલગ રહેતી હોય એવો ભાસ પણ તે સતત આપતી. ઘણુંખરું તો તેની અંગત સખી શ્રીલતાના આગ્રહથી જ એ મિત્રવર્તુલમાં પ્રવેશ કરતી હતી. શ્રીલતા બહુ જ તોફાની - બધામાં ભળી જાય. પરંતુ જ્યોત્સ્ના સહુ સાથે ભળવા છતાં ભળતી ન હોય એમ સહુને લાગતું. સ્મિતભરી વાતચીત તેની ખરી; પરંતુ તેણે બાંધેલી મર્યાદાની અંદર તે કોઈને પ્રવેશ કરવા દેતી નહિ. ભાગ્યે જ એણે કોઈ પુરુષમિત્ર સાથે 'શેકહૅન્ડ'નો અખતરો કર્યો હોય; કદી તેણે પોતાની કારમાં કોઈ પુરુષમિત્રને આજ સુધી બેસાડ્યો ન હતો. સિનેમામાં પણ તે એકલી પુરુષમિત્રો સાથે કદી જતી નહિ. આજ એણે સુરેન્દ્રને એકલાને પોતાની સાથે કારમાં બેસાડ્યો એની સહુને નવાઈ તો લાગી જ...પણ કદાચ જ્યોત્સ્નાને પોતાને પણ સહજ નવાઈ લાગ્યા વગર રહી નહિ ! શા માટે ?

સુરેન્દ્ર તો એક નાનકડા ગીચ વસતીવાળા વિભાગમાં રહેતો હતો; રાવબહાદુરનો વિશાળ બંગલો શહેરની બહારના એકાન્ત - અર્ધ એકાન્ત સ્થળમાં આવ્યો હતો. સુરેન્દ્ર જ્યાંથી પોતાને ઘેર સરળતાથી જઈ શકે. એ વિભાગ જોતજોતામાં આવ્યો અને સુરેન્દ્રે કહ્યું :

'જ્યોત્સ્ના ! આભાર માનું છું...મને અહીં જ ઉતારી દઈશ તો બસ.'

'અહીં પછી મોકલીશ; પહેલો તને મારે ઘેર લઈ જવો છે.' જ્યોત્સ્નાએ કહ્યું.

'તારે ઘેર કેમ ?' સુરેન્દ્રે જ્યોત્સ્નાનો પરિચય કૉલેજમાં સહજ

મેળવ્યો હતો. પરંતુ હવે તે કૉલેજનો અભ્યાસ પૂરો કરી ચૂક્યો હતો અને નોકરીની શોધમાં પડ્યો હતો. જ્યોત્સ્નાનું ભણતર માટેનું છેલ્લું વર્ષ હતું. અને આમે જ્યોત્સ્ના અને સુરેન્દ્ર બન્ને અતડાં અને અવ્યવહારુ ગણાતાં હોવાથી અરસપરસ અંગત મિત્રો હજી બની શક્યાં ન હતાં. એટલે જ્યોત્સ્નાના કથને સુરેન્દ્રના પ્રશ્નમાં આશ્ચર્ય પણ ઉમેર્યું.

'મને થોડી મદદ ન કરે અભ્યાસમાં ?... મારે મદદની જરૂર છે.'

'જરૂર... કહે તો કાલથી હું મારી નોંધ તને આપતો જાઉં.'

'આપણે નક્કી કરવું પડશે... શું શીખવવું, ક્યારે તારે આવવું, કેટલા કલાક આવવું, તને આપવું શું... એ બધું આપણે વિચારી લઈએ.'

'કાંઈ જ વિચારવાની જરૂર નથી... મને આપવામાં... તો થોડો સમય...'

'સુરેન્દ્ર ! બીજું પણ એક કામ છે... મારા પિતા વારંવાર એક સારા ભણેલા સેક્રેટરીની શોધ કર્યા કરે છે... તું એ કામ ન કરે ?'

'જ્યોત્સ્ના ! હું વિચારીને તને કહીશ.'

'વિચાર્યું હવે ! તું એક વખત ચાલ તો ખરો. મારા પિતાને મળી લે. તું બીજાં કામો કર્યાં કરે છે, તારો ચરિતાર્થ ચલાવે છે અને ભણે છે એ હું આજથી જાણતી નથી, ક્યારનીયે જાણું છું... અમારે જરૂર છે, અને તારે વિચારમાં પડવું છે ?'

'શિક્ષણની મને હરકત નથી... પરંતુ સેક્રેટરીનું કામ મને કદાચ ન ફાવે.'

'કારણ ?'

'એ કામ મેં કદી કર્યું નથી.'

'તું તો ગામડાનો રહીશ ને ?'

'હાસ્તો... તારા જ પિતાનું ગામડું...'

'તારા પિતાનું પણ ખરું ને.'

'હં !...પણ એ તો...જે થયું તે ખરું. એ વાત કેમ યાદ કરવી પડી?'

'એટલા માટે કે તું અને હું બંને કોઈ યુગમાં ગામડે પણ રહેતાં. શહેરમાં રહેતાં આપણને આવડતું નહિ...'

'તને તો આવડતું હશે જ... મને નહિ.'

'વારુ, એમ. પણ એ ગામડે રહેનારો તું શહેરમાં આવી રહી શક્યો અને ભણી શક્યો...એ બતાવી આપે છે કે કામ ન કર્યું હોય તે કરતાં કરતાં આવડી જાય છે. એટલું જ કહેવાનું.'

સુરેન્દ્ર સહજ હસ્યો. આ ધનિક ઘરની એકની એક દીકરી પોતાની સહજ દયા ખાતી હોય એમ સુરેન્દ્રને લાગ્યું. તે જાતે આખા વિશ્વ ઉપર દયા કરવા માટે તૈયાર હતો, પરંતુ તેને પોતાને કોઈનીયે દયા ખપતી ન હતી, અને એ દયાનો ઈશારો પણ થતાં એનું પૌરુષ ઘવાતું લાગતું. તેનું પોતાનું ઘર તો હવે છેટે રહી જ ગયું હતું. કાર એટલી આગળ આવી હતી કે હવે જ્યોત્સ્નાને બંગલે પહોંચ્યે જ છૂટકો હતો. બંગલો પણ આવી પહોંચ્યો. રાત્રિ પણ પડી ચૂકી. રાત્રિને દિવસમાં ફેરવી નાખવાના માનવપ્રયત્નો વિદ્યુતદીપક રૂપે ઝબકી રહ્યા હતા.

કારમાંથી બંને યુવક-યુવતી ઊતર્યાં ત્યારે જ્યોત્સ્નાનાં માતાપિતા અત્યંત સુશોભિત દીવાનખાનામાં ધનિકતાને શોભે એવો સમય વ્યય કરી રહ્યાં હતાં. સરસ સોફા, સરસ ખુરશીઓ, સરસ મેજ, સરસ ગૃહશૃંગાર, સરસ પ્રકાશ : એમ બધું દીવાનખાનામાં જ નહિ, પરંતુ આખા બંગલામાં સરસ લાગતું ગોઠવાઈ ચૂક્યું હતું. એ સરસ બંગલાના સરસ દીવાન-ખાનામાં ધનવાનોને શોભે એવાં વસ્ત્રો પહેરી રાવબહાદુર ગિરિજાપ્રસાદ અને તેમનાં પત્ની યશોદા બેઠાં હતાં અને એક સભ્ય દેખાતા ગૃહસ્થની સાથે વાતચીત કરી રહ્યાં હતાં.

નવા યુગમાં સ્ત્રીએ પણ પુરુષની સાથે જ આગંતુકોને માન આપવા હાજર રહેવું પડે છે. જે જુનવાણી ગુજરાતમાં સ્ત્રીઓની અવરજવર માટે મર્યાદિત સીમાઓ હતી, એ ગુજરાત હવે શહેરમાંથી અને શહેરની ધનિકતામાંથી અદૃશ્ય થઈ ગયું છે. સ્ત્રીઓના અલગ નિવાસખંડો હજી રહ્યા છે, પરંતુ આજના રામથી સીતાની અવરજવર ઉપર સીમાબંદી દોરી શકાતી નથી... અને દોરી હોય તોય સીતાએ ક્યાં એ સીમા માની હતી ? રાવણોના ભયથી વર્તમાન સીતાઓ ભય પામતી નથી, એટલે રાવ-બહાદુરને મળવા આવનારે રાવબહાદુરનાં પત્નીને પણ સાથે જ મળવાનું હોય એ સ્વાભાવિક છે.

લાંબી વાતચીતનો અંત આવતો હતો એમ લાગ્યું. ગૃહસ્થે જરા હલનચલન કરતાં કહ્યું :

'તો રાવબહાદુર ! હું હવે રજા લઉં.'

'એમ ? જશો ત્યારે ?'

'પણ... પ્રમુખસ્થાન આપે જ લેવાનું છે એ હવે નક્કી.' ગૃહસ્થે કહ્યું.

'વારુ. આપનો આગ્રહ છે એટલે બીજું શું કહું ?' રાવબહાદુરે કહ્યું. નૂતન જીવનઘટનામાં પ્રમુખસ્થાનની પોકળતા વધારે અને વધારે મહત્ત્વ ધારણ કરતી જાય છે. સહુથી પ્રથમ સત્તાધીશઃ એ ન મળે તો ધનિકઃ તે

પણ ન મળે તો કોઈ વાચાળ વિદ્વાન. આમ ગમે તેનાથી શોભાવી શકાતું પ્રમુખસ્થાન રાજમુગટ સરખું તદ્દન નિરુપયોગી છતાં ઇચ્છનીય સ્થાન બની જતું લાગે છે !... અને તે પણ સામાના આગ્રહને લઈને જ સ્વીકારાતું સ્થાન મનાય છે ! જે આગ્રહની પાછળ તલપૂર પણ હૃદય હોતું નથી...

'હવે ચાલે જ નહિ, રાવબહાદુર... અને યશોદાબહેન ! આપે પ્રમુખસ્થાન માટે જેમ હા પડાવી તેમ આપે પોતે જ રાવબહાદુરને સાથે લેઈ આવવાનું છે... બરાબર પાંચપિસ્તાળીસે... હું સભાગૃહ પર ઊભો જ હોઈશ.' ગૃહસ્થે આગ્રહ ઉપર બની શકે એટલો ભાર મૂક્યો. અને નમસ્કાર કરી તેમણે વિદાય લીધી.

ધનિકપત્ની ધનિકપતિના જીવનમાં કેટકેટલો મહત્ત્વનો ભાગ ભજવતી હશે તેનું શાસ્ત્રીય માપ નીકળી શકે એમ નથી. સત્તાધીશો અને ધનિકોની પત્નીઓ અંગત રીતે તો પોતાનું ભારે મહત્ત્વ માનીને જ ચાલે છે એમાં શક નહિ. તે પતિનો શણગાર અને પડછાયો બની રહે છે એટલું તો કોઈ પણ સમજી શકે એમ છે. પતિનાં સુખદુઃખમાં મોટે ભાગે ધનિકોને દુઃખ હોતું જ નથી - ભાગ લેતાં યશોદાગૌરીએ ગૃહસ્થના ગયા પછી જાણે કશું ભારણ માથેથી ખસ્યું હોય એમ ઉદ્ગાર કાઢ્યો :

'કેટલાં માણસો ! કોઈ ભાષણ માગે છે, કોઈ છબી માગે છે, કોઈ પ્રમુખસ્થાનનો આગ્રહ કરી જાય છે ! કેટલું ભારણ ? ક્યાં પાર આવે ?'

આ બધાં મહાકષ્ટોમાં બીજાં મહાકષ્ટો રખે રહી જાય એમ વિચારી રાવબહાદુરે કહ્યું :

'એટલેથી પાર આવતો હોય તો સારું ! ફંડ, ફાળા, દાન, શિષ્યવૃત્તિની ધોધમાર માગણીને પણ પાછું પહોંચી વળવાનું ને ?'

ધનિકોના કષ્ટની ગરીબોને ક્યાંથી સમજણ પડે ?

'એક સારો ભણેલોગણેલો સેક્રેટરી રાખી લ્યો ને ?... તમારો વ્યવસાય હવે બહુ વધી પડ્યો છે...' યશોદાબહેને સૂચન કર્યું.

'હું પણ એમ જ ધારું છું... કહી મૂક્યું છે... જ્યોત્સ્ના પણ કાંઈ કહેતી હતી કે એકબે સારા ભણેલા ગ્રેજ્યુએટોને તે વાત કરશે ...હવે તો જ્યોત્સ્ના પણ ભણી રહેવા આવી ! આગળ શું ભણાવવું ?'

'એને તે જિંદગીભર ભણાવ્યા જ કરવી છે ? કે પછી એને કાંઈ પરણાવવી પણ છે ?... હજી આવી નહિ... કોણ જાણે ક્યાં ફર્યા કરે છે ?' માતાએ ઊંચો જીવ કર્યો. પુત્ર કરતાં પુત્રીનાં લગ્ન એ માતાપિતાની અધિક ચિંતાનો વિષય હોય છે. લગ્ન એટલે જીવનનો મોટામાં મોટો જુગાર ! અને

સત્યુગના ક્ષત્રિયોની માફક, અગર તો વર્તમાન યુગની ઝમકદાર ક્લબોના સભ્યોની માફક સહુએ એ જુગાર ખેલવાનો જ ! આજનાં યુવક-યુવતી પણ એ જાણે છે અને ખેલવા ઈચ્છે પણ છે. પરંતુ પૂર્વે બાળકોનાં લગ્નો જુગાર માતાપિતા રમતાં હતાં તે બદલાઈને હવે યુવક-યુવતીઓએ જાતે એ રમત હાથમાં લઈ લીધી છે. એટલે માબાપ માત્ર ચિંતાનાં અધિકારી રહ્યાં છે !

મોટરકારનું હૉર્ન વાગ્યું અને માતાપિતાએ જાણ્યું કે પુત્રીએ બંગલામાં પ્રવેશ કર્યો. તેની રાહ જોઈ રહેલાં બંને જણે જોયું કે જ્યોત્સ્નાની સાથે એક યુવક પણ દીવાનખાનામાં પ્રવેશ કરતો હતો અને બંનેને નમસ્કારનો અભિનય દર્શાવી રહ્યો હતો.

'મને જરા મોડું થયું નહિ, મા ? આ સુરેન્દ્ર. એમ. એ. થઈ ગયા છે; આગળ અભ્યાસ પણ કરે છે. અને ભાઈ ! તમે સેક્રેટરીની વાત કરતા હતા ને ? એ મારા અભ્યાસમાં પણ મદદ કરશે અને આપનું પણ કામ કરી શકશે - સેક્રેટરી તરીકે.' જ્યોત્સ્નાએ માતાની સોડમાં ઊભા રહી કહ્યું.

માતાપિતા બંને સુરેન્દ્રને જોઈ રહ્યાં તો હતાં જ. પ્રથમદર્શને સહુ સારાં લાગે. પિતાએ સુરેન્દ્રને ખુરશી પર બેસાડ્યો અને કહ્યું :

'હું બહુ રાજી થયો...કહો ક્યારથી આવી શકશો ?'

'આપ કહો ત્યારથી હું આવી શકીશ... પરંતુ...' સુરેન્દ્ર જરા અટક્યો. જ્યોત્સ્ના સહેજ આંખ સ્થિર કરી તેની સામે જોઈ રહી, પરંતુ સુરેન્દ્રે જ્યોત્સ્નાની નજર પકડી નહિ.

'પગારનો ઊંચો જીવ ન રાખશો...' રાવબહાદુરે કહ્યું. ધનિકોની ખાતરી થઈ ગયેલી હોય છે કે જગતભરમાં માનવી પગાર ઉપર જ જીવતાં હોય છે ! અને તે ધનિકો આપે તે જ પગાર ઉપર !

'ના જી...હું પગારનો વિચાર જ કરતો નથી.' સુરેન્દ્રે કહ્યું.

'ત્યારે ?'

'મારી પાત્રતાનો વિચાર કરું છું.'

'એટલે ?'

'હું શિક્ષક...કદાચ બની શકું... સેક્રેટરી નહિ.'

'કેમ ?'

'આપને લાગશે, મારા વિચારો જરા ક્રાન્તિકારી છે... આપને નહિ લાગે તોય આપને કોઈ ને કોઈ એમ કહેશે જ.'

રાવબહાદુર જરા મોટાઈ ભર્યું હસ્યા. ક્રાન્તિ ક્રાન્તિ પોકારતા

કેટલાય યુવાનોને તેમણે ચુપચાપ સરકારી અને ખાનગી નોકરીમાં પેસી જતા જોયા હતા... અને ક્રાંતિ પણ વગર પૈસે થતી હોય એમ તેઓ ધારતા નહિ. મહાસભાને જ માત્ર નહિ, પરંતુ સમાજવાદની છાપવાળાં મંડળોને ઠીક ઠીક પૈસાની જરૂર પડે છે, એનો એમને અંગત અનુભવ હતો. હસતે હસતે તેમણે કહ્યું :

'તમે પ્રામાણિક લાગો છો... તમારી જાતે જ તમે તમારી મર્યાદા બતાવો છો... એની હરકત નહિ. યૌવનમાં સહુ કોઈ ક્રાંતિકારી... પછી વિચારોની તીખાશ હળવી પડી જશે...'

'હું આપને મારા કરતાં વધારે અનુકૂળ મિત્ર સેક્રેટરી તરીકે મેળવી આપું તો ?'

'કોની વાત કરો છો ?' જ્યોત્સ્નાએ જરા ચિંતાભર્યા કંઠે કહ્યું.

'તમે ઓળખો છો !... આપણા મધુકરની વાત. એને જરૂર પણ છે અને એ વધારે લાયક પણ છે.' સુરેન્દ્રે કહ્યું.

'ભલે, એમને બોલાવજો... કાલ સવારથી જ આવે... હું મળી લેઈશ.' કહી રાવબહાદુર ઊભા થયા.

જ્યોત્સ્નાએ કહ્યું :

'પણ મારું શિક્ષણ તો તમારે જ સાચવવું પડશે... છેલ્લું વર્ષ છે, અને તમે ન આવો તો...'

'તારે જોઈએ એ પહેલું, બહેન ! સેક્રેટરી ભલે કાલે આવે. આજથી જ આ સુરેન્દ્રભાઈ તારા શિક્ષક ! પછી કાંઈ ?' માતા યશોદાએ કહ્યું. અને રાવબહાદુરે પત્નીનું સૂચન મંજૂર રાખ્યું; એટલું જ નહિ, પુત્રીને માથે વાત્સલ્યપૂર્વક હાથ ફેરવી પિતા દીવાનખાનાની બહાર ગયા. તેમની સાથે જ ધનિક પત્નીને શોભે એમ યશોદા પણ ચાલી નીકળ્યાં. જ્યોત્સ્નાએ માતાપિતાની પાછળ વિવેક ખાતર જવાનું હતું; પરંતુ સુરેન્દ્રને વિદાય આપવાના કારણે તે પાછળ રહી અને તેને કારમાં પાછો મોકલવા સારું સાથે જતાં જતાં તેણે કહ્યું :

'સુરેન્દ્ર ! શા માટે તેં મધુકરનું નામ લીધું ?'

'જ્યોત્સ્ના ! તને મધુકરની અભિલાષા અને તેની સ્થિતિ વચ્ચેનો ફેર કદી સમજાયો છે ?' સુરેન્દ્રે કહ્યું.

'મારે એ જાણીને શું કરવું છે ?'

'રાવબહાદુરનું કામ મારા કરતાં વધારે સારું એ કરશે. એને જ આવવા દે... અને એને સાચવી રાખજે.' સુરેન્દ્રે કહ્યું.

'તું છે જ એવો ! બધા અમસ્તા તારી મજાક કરે છે ?'

'જ્યોત્સ્ના ! જીવન પણ માનવીની એક મહાન મજાક છે, નહિ ?'

'એ જે હોય તે તારે મને શીખવવા જરૂર આવવાનું છે... કાલથી જ ...ભૂલતો નહિ.'

જ્યોત્સ્નાએ સુરેન્દ્રને પોતાની કારમાં જ પાછો ઘેર મોકલ્યો, અને આ વિચિત્ર યુવકનો વિચાર કરતી પાછી ફરી.

૩

# મધ્યમ વર્ગનાં ગૃહ

સુરેન્દ્ર આવ્યો કારમાં. પણ કોની કાર ? જ્યોત્સ્નાની ?... અરે નહિ; જ્યોત્સ્નાના પિતાની એ કાર ! ધનિકોનાં બાળકોને નિર્ધન બાળકો કરતાં વધારે મોટા હક્ક ! અને સરખા હક્ક તથા સરખી તકની મિથ્યા વાતો જગતભરના રાજદ્વારીઓ કર્યે જાય છે. અને પોતાના હક્ક અને પોતાની તક નિશ્ચિત કરી લાવે છે ! હક્ક એટલે ? સુખ વેચાતાં લેવાનાં સાધન ! માબાપ ધનિક હોય તેથી તેમનાં બાળકોને સુખસાધન વધારે શા માટે હોવાં જોઈએ ? ધનનો અસમાન વિસ્તાર માનવહૃદયમાં વિષભર્યા નાગને જન્માવે છે - ગરીબોનાં હૃદયમાં તેમ જ ધનિકોનાં હૃદયમાં ગરીબોનાં હૃદય અસંતોષ અને અસૂયાથી ઊભરાય; ધનિકોનાં હૃદય ગર્વ અને ઘમંડથી ઊભરાય...એ ઝેરભર્યા જગતમાં સુખ ક્યાંથી હોય ?

સ્વચ્છ કારને અંદર બેસનારના હૃદયની શી પરવા ? પગે ચાલતી માનવતાની મશ્કરી કરતી કાર સુરેન્દ્રને એના ઘર તરફ ઘસડી જતી હતી. એના ઘર ભણી બહુ કાર આવતી જતી પણ નહિ. જે કાર આવતી તે સહુ પાસેથી આશ્ચર્ય અને માનની ખંડણી ઉઘરાવતી ચક્રવર્તી સરખી ચાલી જતી હતી. એના ચક્રને સહુએ માન આપવું જ પડે અને એને માર્ગ આપવો જ પડે. નહિ તો ?

ઊંઘમાંથી ચમકાવીને જાગૃત કરતું હૉર્ન વિશ્વના કર્કશ અને કઠોર સૂરનો એક અજબ નમૂનો જન્માવી પગે ચાલતી જનતાને ચોંકાવે અને ચેતાવે ! સુરેન્દ્ર પણ એવા જ કોઈ હૉર્નના અવાજથી ચોંકી ઊઠ્યો. કારના માલિકથી ચોંકી શકાય નહિ. પરંતુ સુરેન્દ્ર મિલમાલિક ન હતો. માલિકની મહેરબાની અનુભવતો એ ભિક્ષુક હતો ! કોઈની પણ કૃપા ઉપર જીવવું એનું જ નામ ભિક્ષુકવૃત્તિ. શા માટે એ જ્યોત્સ્નાની કારમાં બેસીને આવતો હતો ? ફરીને હૉર્નનો કર્કશ અવાજ તેને કાને પડ્યો અને ડ્રાઈવરની ક્રોધભરી ભાષા પણ તેણે સાંભળી : 'લોકોને ચાલવાનું ભાન જ નથી !'

પગે ચાલવાની ટેવવાળી અસંખ્ય જનતાને ચાલવાનું ભાન ક્યાંથી હોય ? કારમાં બેસનારની સગવડ સચવાય એવી રીતે ચાલતાં જનતાને

શીખવવાની જરૂર પણ ખરી ! અને શિક્ષણમાં ચમકાવવાનો કાર્યક્રમ પણ યોજી શકાય ! ચમચમાટની શિક્ષણયોજના બહુ જૂની અને અનુભવમાં મુકાઈ ચૂકેલી છે. માત્ર સુરેન્દ્રને આવાં કર્કશ વાદ્યો સાંભળતાં એક જ વિચાર આવતો : 'આવી સારી દેખાતી ગાડીને આવાં બિહામણાં ચમકાવનારાં ભૂંગળાં શોભે ખરાં ?'

કોઈ પૌર્વાત્ય સંસ્કૃતિના કલાધરે કાર ઉપજાવી હોત તો એના ભૂંગળામાં જલતરંગના સૂર કદાચ ઉપજાયા હોત !

એકાએક ગાડી અટકી. રાત્રિનાં સમયે પણ કારની મહત્તા પિછાનવા લોકો આસપાસથી કાર તરફ નજર નાખવા લાગ્યા. કારમાં બેસનારના મહત્ત્વ પ્રમાણે જ શૉફર પણ પોતાનો અભિનય ઉપજાવે છે. સુરેન્દ્રને માટે નીચે ઊતરી બારણું ઉઘાડી સફાઈથી ઊભા રહી સલામ કરવાની જરૂર શૉફરને લાગી નહિ. સુરેન્દ્રનું ઘર આવ્યું; ગાડી ઊભી રહી; પોતાની મેળે બારણું ખોલી સુરેન્દ્ર નીચે ઊતર્યો; બારણું બંધ કર્યું અને આભાર માનવાની સુરેન્દ્રને તક મળે તે પહેલાં શૉફરે ગાડી ઉપાડી લીધી. ક્ષુધા, તૃષા અને પ્રેમ જેવાં ત્રણે માનવલક્ષણો શૉફરને હોય જ ને ? મફત બેસનારનું આભારદર્શન જોવા સાંભળવાની ફુરસદ મેળવવી શૉફરોને ન જ પાલવે ! ક્ષણ માટે સુરેન્દ્રને એમ થયું કે કારને એ સળગાવી દે ! બીજી જ ક્ષણે તેણે વિચાર કર્યો : કારને નહિ, સુરેન્દ્રે પોતાની જાતને સળગાવી મૂકવી જોઈએ !

સુરેન્દ્રે ધીમે રહીને પોતાના ઘરનું બારણું ખોલ્યું. માથે છત્ર આપે એનું નામ ઘર ! અંદર સાંકળ વાસેલી ન હતી. ચોરી અને લૂંટનો ભય ગરીબોને નહિ જેવો જ હોય છે એટલે તેમનાં મકાનોને બંધ કરવાની ચીવટાઈ ભરી યોજના ગરીબો અમલમાં મૂકતાં નથી. નાનકડી ઓરડીમાં નાનકડો દીવો બળતો હતો, ફર્નિચરનો એ ઓરડીમાં બિલકુલ અભાવ હતો. બેત્રણ ચટાઈઓ પાથરેલી હતી; એને ફર્નિચર કહી શકાય નહિ. ચકચકતાં સ્વચ્છ થોડાં વાસણો ઓરડીનો શૃંગાર બની રહ્યાં હતાં. ચટાઈ ઉપર બે ગોળ તકિયા પણ હતા, કેટલાંક પુસ્તકો એક પેટી ઉપર પડેલાં હતાં. સ્વચ્છતા પૂરી હતી; પરંતુ એ સ્થળને ધનિકપણાની કે શોખની કોઈ નિશાનીથી વિભૂષિત કરવામાં આવ્યું ન હતું.

એક ચટાઈ ઉપર બેઠેલી સુરેન્દ્રની માતા તે જ ક્ષણે દીવા પાસે એક વાટવો ખાલી કરી રહી હતી. વાટવામાંથી થોડા પૈસા, આના અને બેત્રણ રૂપિયા નીકળી બહાર પડ્યાં. સુરેન્દ્રે ધીમે રહી બારણું બંધ કર્યું, પરંતુ માતાને ખબર ન હતી કે સુરેન્દ્ર ઘરમાં આવી તેની પાછળ શાંતિથી ઊભો

રહ્યો હતો.

માતાએ એકાએક માથે હાથ મૂક્યો અને તેનાથી બોલાઈ ગયું :

'હવે આ છેલ્લી મિલકત !... છોકરાના બાપ અદૃશ્ય થયા... છોકરાને ભણાવ્યો...એ ભણ્યો...પણ એને કમાવું નથી... સેવા...'

'મા ! એટલું જરૂર કમાઈશ કે જેમાંથી તારી સેવા તો થઈ જ શકે !' પાછળ ઊભેલા સુરેન્દ્રે માને વાક્ય પૂરું કરવા ન દેતાં કહ્યું.

પુત્રનો અણધાર્યો પ્રવેશ અને માતાના ઉચ્ચારણનું શ્રવણ માને ચમકાવી રહ્યું. પુત્ર હજી સુધી આવ્યો નહોતો એની ચિંતા તો હતી જ; તેમાં એ માતાનું દુઃખ સાંભળી ગયો ! હજી સુધી માતાએ પોતાની આર્થિક વિટંબણા અંગે એક શબ્દ પણ ઉચ્ચાર્યો ન હતો - પુત્રના દેખતાં. પુત્ર પોતાની ગરીબી ન સમજે એવો પણ ન હતો. પુત્રના ભણતર પાછળ માતાએ પોતાનાં ઘરેણાં કેમ કાઢી નાખ્યાં હતાં તેની પુત્રને ખબર હતી જ. સમજ પડવા માંડી ત્યારથી પુત્રે પોતાનો અભ્યાસ સુધારી દીધો હતો અને એને આર્થિક દૃષ્ટિએ લાભકારક બનાવ્યો હતો. પરીક્ષામાં ઊંચે સ્થાને આવી શિષ્યવૃત્તિઓ મેળવવી; હળવા વર્ગના વિદ્યાર્થીઓને ભણાવી તેમાંથી નાની નાની રકમો પ્રાપ્ત કરવી; જરૂર પડ્યે કોઈ કારખાનામાં જઈ રજાના દિવસોમાં કામ કરવું; એવી એવી યોજનાઓમાંથી તેને આછી રકમ મળી રહેતી અને તેવી રકમમાં જ પોતાનો શોખ પૂર્ણ કરવાની તેને ટેવ પડી હતી - જોકે શોખ કહી શકાય એવી એકે ટેવ હજી સુધી સુરેન્દ્રને પડી ન હતી. સારા ભણતરની પૂર્ણાહુતિ પછી ગુજરાન કેમ ચલાવવું તેની ચિંતામાં સુરેન્દ્ર હવે પડ્યો હતો. એને સરકારી નોકરી કરવી ન હતી; જે પગાર પોતાની જરૂરિયાત કરતાં વધારે પડતો હોય એવો પગાર આપતી નોકરી પણ તેને કરવી ન હતી. છતાં કાંઈ પણ કર્યા વગર પોષણ થાય એવી સ્થિતિ તેની રહી ન હતી એ સુરેન્દ્ર જાણતો હતો. અને માતાના કથનથી તેની એ ખાતરી પણ અત્યારે થઈ ચૂકી ! આજે જ તેને જ્યોત્સ્નાના શિક્ષકનું સ્થાન મળ્યું હતું એટલે એણે માતાની ચિંતાનો જવાબ આપ્યો. અણધાર્યા જવાબથી ચમકી ઊઠેલી માતાએ કહ્યું :

'હાય, હું તો ચમકી ગઈ !... દીકરા ! બધું કરજે, પણ રાત્રે મોડો ન આવીશ ! મારી આંખ... મારો જીવ તું જ છે... ક્યાં આટલી વાર કરી ? બેસ પાસે...તારે ચિંતા કરવાની ન હોય, હું બેઠી છું ત્યાં લગી.' માતાએ કહ્યું.

'મા ! કમાણીનો એક માર્ગ હું શોધી લાવ્યો.'

'એમ ? શો માર્ગ છે એ ? ભણ્યો છે તો સારું...કાંઈ સારી

અમલદારી...'

'મા ! અમલદારી તો લેવી જ નથી.'

'તારા બાપે પણ ન લીધી અને તું પણ નથી લેતો. શું કર્યું એ તો કહે?'

'હું શિક્ષક બન્યો.'

'જાણું છું હું કે તમને કોઈને સાહેબી આવડે જ નહિ. અંતે મહેતાજી થયો ને ? આટલું ભણીને ? છોકરાઓ સલામ કરશે કે પછી ટોપી ઉછાળશે...'

'છોકરાઓ પણ નહિ. એક છોકરીને ભણાવવાનું છે.'

'છોકરી ? અને તે એક જ ?'

'હા. મા ! નિશાળમાં નહિ. કૉલેજમાં એ ભણે છે... એને ઘેર જઈ શીખવવાનું છે.'

'હશે કોઈ પૈસાપાત્રની દીકરી.'

'ઘણા પૈસાદાર લાગે છે. રહે છે બંગલામાં. મને મૂકવા પણ કાર મોકલી.'

'એમ ? ધનિકોની ચિબાવલી છોકરીઓ જોડે ફાવશે તને ?'

માતાની પાસે બેસી સુરેન્દ્ર જરા હસ્યો અને બોલ્યો :

'ચિબાવલી તો નથી - ધનિક છે તોય !'

'કોણ હશે એ ?'

'એક રાવબહાદુર છે.... ગિરિજાપ્રસાદ કરીને. એમની દીકરીને ભણાવવાનું કામ માથે લીધું છે.'

'ગિરિજાપ્રસાદ ?...હં...તારા પિતાને એ ઓળખતા હતા...ભલે!' વિચાર કરતી માતાએ કહ્યું.

પિતાના ઓળખાણનો ઉપયોગ કરવાની સુરેન્દ્રની જરાય ઈચ્છા ન હતી. એણે વાત બદલી. માતાએ તેને જમાડવાની તજવીજ કરવા માંડી; પરંતુ આજની ઉજાણીએ અને જરા વિચિત્ર અનુભવે તેની ભૂખને અદૃશ્ય કરી દીધી હતી. તે જમ્યો નહિ. સૂવાનો સમય થયો હતો એટલે એક ચટાઈ ઉપર જ સૂતો. પથારીમાં એક કદી સૂતો નહિ; તેને વહેલી નિદ્રા પણ આવતી નહિ. વાચન વગર તે કદી ઊંઘી શકતો જ નહિ. સૂતે સૂતે એક મોટું પુસ્તક હાથમાં લઈ તેણે વાંચવા માંડ્યું.

એ જ સમયે સુરેન્દ્રના નાનકડા મકાનથી થોડે દૂર આવેલા જરા વધારે સારા પરંતુ મધ્યમ સ્થિતિના મકાનમાં સુરેન્દ્રના મિત્ર મધુકરના પિતા એક હિંચકે ઝૂલતા ઝૂલતા વિદ્યુત દીપકને અજવાળે કેટલાક કાગળો

જોઈ રહ્યા હતા, અને મધુકરની માતા એક તકિયો અઢેલી પાન ચાવતાં બેઠાં હતાં. ધનિકનું એ ઘર ન હતું, છતાં થોડી ખુરશીઓ પણ એ ખંડમાં પડી હતી, એકાદ મેજ પણ હતું અને વર્ષો પહેલાં સારું હોવું જોઈએ એવું દેખાતું પાથરણું પણ પાથરેલું હતું. જેને જમીન ઉપર બેસવું હોય તે જમીન ઉપર બેસી શકે, જેને ખુરશી ફાવતી હોય તે ખુરશીનો ઉપયોગ કરી શકે, અને જેને હીંચકાનો ઝોલો ફાવતો હોય તે હીંચકા ઉપર પણ બેસી શકે, એવી વિવિધ મિશ્રણવાળી સગવડ એ સ્થળમાં હતી. પિતાના મુખ ઉપર અસ્વસ્થતા હતી એટલે માતા કાંઈ પણ વાતચીતનો પ્રયોગ કરતાં ન હતાં, એ મધુકરે ઘરમાં પ્રવેશ કરતાં જ જોઈ લીધું.

મોડી રાત્રે મધુકર ઘેર આવ્યો એ પિતાએ જોયું; પરંતુ પુત્ર સામે નજર નાખવાની તેમને જરાય ઈચ્છા અત્યારે ન હતી. જીવનમાં સતત બાહોશી બતાવતા મધુકરે વાતાવરણ પરખી લીધું અને માતાને જ સંબોધન કર્યું :

'મમ્મી ! બહુ મોડું થયું, નહિ ?'

એટલું કહી પહેરેલાં કપડાં સાથે જ તેણે માતાના ખોળામાં મસ્તક મૂક્યું અને જાણે ઘણો થાક્યો હોય તેમ તે લાંબો થઈ સૂતો. માતાનો અને પિતાનો એ લાડકવાયો પુત્ર હતો એ સાચું; પરંતુ કમાણીની કાળજીને કોરે મૂકતાં પુત્રો પિતાનાં લાડને પાત્ર લાંબો સમય સુધી રહેતા નથી. માતાની દૃષ્ટિ જ જુદી હોય છે. એના લાડમાં પુત્રના સર્વ દોષ ગુણરૂપ બની રહે છે; અને ગુણરૂપ ન બને તોય પૂર્ણ ક્ષમાને પાત્ર બની રહી માતાની સહાનુભૂતિને વધારે ખેંચે છે. થોડા સમયથી મધુકરનાં માતાપિતા વચ્ચે મધુકર સંબંધમાં ઠીકઠીક મતભેદ રહ્યા કરતો... અને તેનો લાભ મધુકરને લેતા સારી રીતે આવડતું. કેટલાક પુત્રોની એવી જ માન્યતા હોય છે કે તેમના પિતાએ ધનવાન હોવું જ જોઈએ. અને ન હોય તો પુત્રને ખાતર થવું જ જોઈએ. સારામાં સારી સગવડ ન આપી શકતા પિતાઓએ પિતૃત્વ ધારણ કરવું જ ન જોઈએ, અને છતાં ભૂલથી તેઓ પિતા બની જાય તો તેમની એ ભૂલ બદલ સંતાનો જે શિક્ષા કરે તે તેમણે સહન કરવી જ જોઈએ એવી સ્પષ્ટ; અસ્પષ્ટ કે અર્ધ સ્પષ્ટ માન્યતા સેવતાં બાળકોનાં માતાપિતા - અને ખાસ કરીને પિતા - પોતાના માતૃત્વ અને પિતૃત્વની ભૂલ માટે પશ્ચાત્તાપ પણ કરતાં હોય છે. પરંતુ સંતાન ઉપજાવવાની મહાભૂલ માતાપિતાના પશ્ચાત્તાપથી સુધરતી નથી !

માતાએ મધુકરના મસ્તક ઉપર હાથ મૂક્યો અને મધુકરના હૃદયમાં હિંમત આવી. તેણે ફરી લાડથી પૂછ્યું :

'બહુ બેસી રહેવું પડ્યું, મમી ?... મારે લીધે ?'

હજી મમીનું પૂર્ણ વાત્સલ્ય ઊભરાયું ન હતું. કદાચ સાચા વાત્સલ્ય અંગે જ તેમનાથી ઠપકો પુત્રને અપાઈ ગયો. ઠપકાભરી આંખ કરી તેમણે પુત્રને કહ્યું :

'ક્યાં આજનું જ છે...તારું મોડા આવવાનું ?'

'જો, મમી ! કાલે હું ક્યાં મોડો આવ્યો હતો ?... પરમ દિવસનો વિચાર કર... તમારો બધાંનો જીવ જ અધીરો છે !... કોઈ દિવસ મોડું થાય છે એટલે તમને એમ જ લાગે છે કે હું નિત્ય મોડો આવું છું...'

'ક્યાં ભટકવા ગયો હતો આજે ?' માતાએ પુત્રને મસ્તકે હાથ ફેરવતાં પૂછ્યું. માતાની શીતળતા વધતી જતી હતી એ અનુભવી મધુકર સમજી શક્યો.

'ભટકવા ? મેં તને નહોતું કહ્યું કે અમારી કૉલેજના મિત્રો બગીચામાં ભેગા થઈ જરા મજા કરતા હતા... વાતોમાં સહજ વાર થઈ ગઈ.'

'તમારી ટોળીઓમાં તો પાછી છોકરીઓ હોય છે ને ?' માએ પુત્રની નીતિ વિશે ચિંતા કરી પૂછ્યું. પચાસ વર્ષ ઉપર ગુજરાત છોડી ગયેલી ગુજરાતણ ગુજરાતમાં પાછી આવે તો એને ગુજરાતનું યુવતીજીવન અદ્ભુત પલટો લેઈ રહેલું જરૂર લાગે.

'કૉલેજમાં બધાંને ભેગાં ભણવાનું એટલે બીજું શું થાય, મમી ?' મધુકર કોઈ પણ પ્રશ્નનો જવાબ આપી શકતો હતો.

'બળી તમારી કૉલેજ !... લાજશરમ વગરનાં બધાંય... મારા ઘરમાં તો હું જરૂર વહુને ઘૂમટો કઢાવીશ... પણ દીકરા ! હવે જરા ભટકવાનું ઓછું કરો... અને કાંઈ ધંધે લાગો !' માતાએ કહ્યું.

માતા અને પુત્ર વચ્ચેની વાત સાંભળી રહેલા પિતા અત્યાર સુધી તટસ્થ રહેલા દેખાતા હતા. હવે તેમનાથી વધારે વાર તટસ્થતા જળવાઈ નહિ. તેમનાથી બોલાઈ ગયું :

'ભટકવાનું એ ઓછું કરે તો આટલાં બિલ ચૂકવવાનો લાભ મને ક્યાંથી મળે ?'

'બિલ ?... બહુ થઈ ગયાં છે આ વખત ?'

'હું એ જ જોતો બેઠો છું... જો, દરજીના વળી પાછા દોઢસો ! ....આ કોઈ ઝવેરીએ વીંટીનું બિલ મોકલ્યું છે....કોણ જાણે શાની વીંટી હશે !... હૅર ઑઈલ, સૅન્ટ, સિગરેટ...'

પિતાએ ગણાવવા માંડેલી બિલની યાદી વધતી જતી સાંભળી મધુકર માના ખોળામાંથી મસ્તક ઉપાડી બેઠો થયો અને અત્યંત વિનમ્ર

ભાવે બોલવાની શરૂઆત કરી :

'પપા ! માફ કરજો. હું જાણું છું હજી સુધી હું આપના ઉપર ભારણરૂપ છું તે !... મેં ક્યારનીયે નાની નોકરી લેઈ લીધી હોત અને મારા પગ ઉપર ઊભો રહેતો બની ગયો હતો...પણ મારે વિલાયત-અમેરિકા જવું છે. ઊંચી પરીક્ષા પસાર કરવી છે. અને સારી કમાણી કરી તમને શોભા આપવી... કપડાં સારાં ન પહેરું, આજની ઢબે રહું નહિ, તો મને ઊભો પણ કોણ રાખે ?... મારે કાંઈ કારકુન કે શિક્ષક બનવું નથી. પછી તો...'

પુત્રના અસરકારક ભાષણને માતા સાંભળી રહી હતી તે વચમાં જ બોલી ઊઠી :

'ના રે દીકરા ! તારું બહેતર થતું હોય તે બધું જ કરજે. અમે વળી થોડા દિવસ દુઃખ વેઠી લઈશું. એમાં શું ?'

પરંતુ પિતાના હૃદય ઉપર પુત્રના ભાષણની જુદી જ અસર થઈ. તેમણે તો કહ્યું :

'હું તો હવે પૈસાની બાબતમાં છેલ્લે કિનારે આવી ગયો છું. વિલાયત જ્યારે તું જાય ત્યારે ખરું. પરંતુ આ ખર્ચ હવે મારાથી ન ઊપડે. મારો ધંધો અને મારું શરીર હવે ચાલતાં નથી.'

'લો ! છોકરાને આવું સારું ભણાવ્યા પછી હવે થાકો છો ? એને માટે કહો તો હું એક ઘરેણું વેગળું કરું... આ રહી સાંકળી ! દીકરા કરતાં શું વધારે છે ? માતાએ પુત્રની તરફેણમાં જવાબ આપ્યો, એટલું જ નહિ, પોતાના ગળાની સાંકળી પણ કાઢવા માંડી. પ્રહારવ્યૂહ પુત્ર સામેથી ખસી માતાપિતા વચ્ચે રચાયો. એમાં જ સલામતી નિહાળી મધુકર ત્યાંથી ખસી પોતાના ખંડ તરફ ચાલ્યો ગયો. જતે જતે એણે પિતાનું વાક્ય સાંભળ્યું ખરું :

'બાળકને બગાડનાર કોઈ પણ હોય તો તે તેની મા જ !'

મધકુરના પિતાની સ્થિતિ નીચે જતી હતી. કાર તો તેમને હતી જ નહિ; પરંતુ ગાડીઘોડો પણ કાઢી નાખવાં પડ્યાં હતાં. અને એ ઊતરતી સ્થિતિને લઈને જ એકબે ધનવાનોની પુત્રીઓ સાથે પોતાના પુત્રના લગ્નની ગોઠવણ કરેલી તૂટી પડી હતી એનું ભાન મધુકરને ન હતું. પરંતુ માતાપિતાને તો હતું જ. અને દીકરો વળી અવનવી છોકરીઓ ભેગો જ ફરતો હતો !

પરંતુ એ જ પિતાના પુત્રની પ્રેમગણતરીમાં પૈસો છેક ન હતો એમ નહિ.

## ૪

# યુવાન મધુકર

યૌવન એટલે ? મધુકરે આયનામાં પોતાનું મુખ જોઈ વિચાર કર્યો.

આકર્ષણની ભુલભુલામણીમાં ભરાયલું બિનઅનુભવી માનસ ! દેહની અને મનની જબરજસ્ત ખેંચાણ - ઘાંટીઓમાં ચકાવે ચડેલું માનસ એ માન્યતા શું સાચી હશે ?

આજનું યૌવન અઢારથી ત્રીસ વર્ષ સુધી ભુલભુલામણીમાં ભટકે છે અગર વેગભર્યા વહેણમાં ખેંચાય છે. એને એ ભ્રમણ ગમે છે, ખેંચાણમાં તરવું એમાં આનંદ પણ આવે છે. અંતે એકાદ પ્રવાહપાટા ઉપર એ ચડી જાય છે અને સામાન્ય વ્યવસાયી જીવનમાં ગોઠવાઈ જઈ આયુષ્ય વ્યતીત કરે છે. યૌવન કાળમાં સામાન્યતાનો સ્પર્શ માનવીને ગમતો નથી. એને એનું ભાવિ અસામાન્ય જ લાગે છે, અને વિશિષ્ટતા પ્રાપ્ત કરવા તે ચારેપાસ ઝૂઝે છે. ઝૂઝવું એ પણ યૌવનનું જ લક્ષણ. એને માટે કશું જ અશક્ય ન હોય.

એમાંથી વિશિષ્ટતા વરે છે કોઈ વીરલાને જ; યૌવન એ જાણે છે. પરંતુ પ્રત્યેક યુવાન માને છે કે વિશિષ્ટતાના સ્વયંવરમાં વરમાળા તેને જ મળવાની છે ! મધુકરને તો ખાતરી જ હતી કે તેના ભાવિને દ્વારે તેને જ ચાંદલો કરવા માટે લક્ષ્મી જ નહિ, પરંતુ લાવણ્યદેવી રતિ અને તેજવર્તુલ દોરતી દેવી કીર્તિ રાહ જોઈ ઊભી જ રહેલી છે. યૌવનની વિશિષ્ટતામાં મોટે ભાગે પહેલું સ્થાન લક્ષ્મીને જ હોય એ સ્વાભાવિક છે. લક્ષ્મીની પાછળ રૂપ અને કીર્તિ તણાતાં આવે છે એ સહુનો અનુભવ છે. પ્રત્યેક યુવકની સાથે મધુકરને પણ એ જ અનુભવ સાચો લાગે એમાં નવાઈ નહિ.

મધુકર બાહોશ હતો, બાહોશીમાંથી એ વિશ્વવ્યવહાર સમજી શક્યો હતો, અને વિશ્વવ્યવહારની ટોચ જોવી હોય તો લક્ષ્મીની નિસરણીએ ચડવું જ જોઈએ એવી પણ તેની ખાતરી થઈ ચૂકી હતી. એ જાતે ધનિકપુત્ર ન હતો; છતાં પિતાની સ્થિતિ એટલી સારી તો હતી જ કે તે ભણી શકે અને ભણતરની કહેવાતી મોજ માણી શકે. પરંતુ જીવનનાં બેપાંચ વર્ષ ગાડીઘોડે ફરનાર ધનિક તો ન જ કહેવાય અને વ્યાપારની ભરતી-ઓટ

મધુકરને સંપત્તિની ટોચે કદી રાખી શકતી ન હતી. કેટલાક ભાગ્યશાળી પુત્રો અંગ્રેજી કહેવત પ્રમાણે સોનાચાંદીનો ચમચો મુખમાં લઈને જ અવતરે છે; પરંતુ મધુકરને એ સુભાગ્ય પ્રાપ્ત થયું કહેવાય એમ ન હતું.

માબાપની પસંદગી કરવામાં મધુકરે ભયંકર ભૂલ કરી હતી. માબાપના વ્યક્તિત્વ પ્રત્યે એ નિર્લેપ હતો. તેને બીજાં માબાપ મળ્યાં હોત તો તેને જરાય હરકત ન હતી. માબાપ અમુક જ મળે એવો એને મોહ ન હતો, અને મળેલાં માબાપમાં ખાસ આશ્વાસન પણ તે લઈ શકતો નહિ. ઊલટ ઘણીવાર તેનું હૃદય સ્પષ્ટ કહેતું પણ ખરું કે આવાં કંજૂસ, પૈસા કમાઈ છલકાવી ન દે એવાં માબાપ તેને ન જ મળ્યાં હોત તો વધારે સારુ થાત ! એને મોહ હતો ધનિક માબાપનો, પરંતુ ન માતાયે ધનિક નીકળી, ન પિતાયે ધનિક નીકળ્યા. જન્મસિદ્ધ રોગની માફક જન્મસિદ્ધ માબાપ પણ માનવીને માથે એક અનિવાર્ય આફત રૂપ હોય છે. માનવી જન્મે, છતાં માબાપની પસંદગીનો અધિકાર જ નહિ !

દત્તકની પ્રથા માનવીએ શરૂ કરી છે છતાં હજી મધુકરને દત્તક લેનાર કોઈ ધનિક સગો જડી આવ્યો ન હતો ! પશ્ચિમની માફક કોઈ ઓળખીતો, માબાપનો મિત્ર કે ધર્મિષ્ઠ ધનિક પણ ભારતમાં હજી મળતો નથી કે જે ગમે તે ચબરાક છોકરાને પોતાનો દીકરો બનાવી ધનના ઢગલા ઉપર બેસાડી દે ! બાળક તરીકે પણ મધુકર ક્યાં ચબરાક ન હતો ? એની મા એનાં બાલ્યપરાક્રમોની કેટલીયે વાતો કહેતી હતી !

ધનિક થવાના બાકી રહ્યા બે માર્ગ : ધનવાનના જમાઈ બનવું કે જાતે મહેનત કરી ધનવાન બનવું. બન્ને કઠણ માર્ગ - જાતે જ મહેનત કરવાના માર્ગ ! અને તે બંને માર્ગ સ્વીકારવાની એની તૈયારી હતી. પરંતુ એ ઝડપી માર્ગ નહિ, એ સરળ માર્ગ નહિ... અને પાછા એ માર્ગ ખર્ચાળ પણ ખરા! યુવતીને આકર્ષવી હોય તો પ્રથમ આંખ ખેંચે એવાં કપડાં તો જોઈએ જ. વસ્ત્રછટા એ પહેલી આવશ્યકતા; પછી કેશછટા, કેશરચનામાં ઘુંઘરવાળા વાળ તો બનાવવા જ જોઈએ. એને માટે તેલ, સુગંધિત પદાર્થો, ચકચકાટ પૂરનારાં દ્રવ્યો તો જોઈએ જ ! એ બધાં ક્યાંથી આવે પૈસા વગર ? મિત્રોમાં અને ખાસ કરી સ્ત્રીમિત્રોમાં ભેટ વગર કોઈને આવકાર મળે જ શાનો ? અત્યારની કૉલેજોમાં ભણતી લુચ્ચી યુવતીઓ સરખા હક્ક માગવા છતાં ભેટમાં પોતાનો જ હક્ક માનીને ચાલે છે ! ભેટ સ્ત્રીઓને જ માત્ર મળે. યુવતીમિત્રને ચિત્ર બતાવવું હોય, ચા માટે વિશ્રાંતિગૃહમાં લઈ જવી હોય, બસમાં કે ગાડીમાં બેસાડવાની હોય તોય પૈસા ખર્ચવાના પુરુષમિત્રે !... અને સદ્‌ભાગ્ય હોય તો યુવતીમિત્ર પાછું કાંઈ પુરુષમિત્રની પાસે ન

મંગાવે! છતાં સ્ત્રીમંડળમાં ભળવું હોય તો આ બધો જ વિધિ કર્યે છૂટકો. અને એ બધો જ વિધિ પૈસા માગે ! હવે ધર્મવિધિની જરૂર રહી નથી એટલે દુષ્ટ બ્રાહ્મણે અને એથી વધારે દુષ્ટ દેવો કે પિતૃઓની પાછળ પૈસા ખર્ચવાની જરૂર રહી નથી ! પરંતુ વધતા જતા વ્યવહારવિધિ કરતાં ઓછા ખર્ચાળ હોતા નથી.

અને મધુકરનાં કમબખ્ત માબાપ એ માગે એટલાં ધનિક ન હતાં !

આટલું કબૂલ કરવું જોઈએ કે એક સુપાત્ર પુત્ર તરીકે, મધુકર આમ બોલતો હતો કે માબાપને પોતાના સરખા પુત્રને જન્મ આપવાની અપાત્રતા વિષે વારંવાર મહેણાં મારતો હતો, એમ કહી શકાય નહિ. માતાપિતાનું મન એણે બાળપણથી જ જીતી લીધું હતું. અભ્યાસમાં તે ઠીક ઠીક આગળ રહેતો. અભ્યાસ કરતાં પણ વધારે નેતૃત્વ તે મેળવી શક્યો હતો રમતગમતમાં, નાટ્ય અભિનયમાં, વાક્ચાતુર્યમાં અને શિક્ષકો તથા પ્રોફેસરો ઉપર પોતાની છાપ પાડવામાં. એથી એના સામાન્ય જીવનમાં ખર્ચાળપણાએ બહુ પ્રવેશ કર્યો. જીવનમાં બિનજરૂરી ખર્ચ કેમ વધારી શકાય એનાં દૃષ્ટાંતો ધનવાન માતાપિતાનાં સંતાનો ઠીકઠીક પ્રમાણમાં પૂરાં પાડે છે, અને તેમની વચ્ચેની સરસાઈ ખર્ચના આંકને વર્ષોવર્ષ ઊંચે ચડાવ્યે જ જાય છે. મધુકર કોઈ પણ ધનિકના પુત્રને ટક્કર મારે એવાં કપડાં પહેરતો. ખાણાં અને પીણાંના જ્ઞાનમાં ધનિક સંતાનોને હરાવતો, અને પરદેશગમનની સગવડ શોધવા આકાશપાતાળ એક કરતો. કારણ તેનાં વત્સલ માતાપિતાનું હેત પરદેશગમનની રકમ ખેંચી લાવવા હજી સુધી અશક્ત નીવડ્યું હતું.

હમણાં હમણાં પુત્રના વધતા જતા ખર્ચને લીધે મધુકરના પિતા પણ ચોંકી ઊઠ્યા હતા. મધ્યમ પરિસ્થિતિ ધનિકતાને ન જ પહોંચી શકે. શ્રીલતા નામની એક યુવતી સાથે કૉલેજમાં મધુકરને પરિચય થયો. એનાં માતાપિતા ધનિક હતાં અને મધુકરને લાગ્યું કે તેની સાથેનો પરિચય પ્રેમનું સ્વરૂપ ધારણ કરે તો તેનાથી શ્રીલતાની પ્રેમછાયામાં પણ પરદેશ જઈ શકાય. શ્રીલતાને પરદેશગમનનો શોખ હતો. કૉલેજનું શિક્ષણ પૂરું કરી તે અમેરિકા જવાની જ હતી. જ્યાં વર્તમાન હિંદનો ઉદ્ધાર કરનાર યુવકયુવતીઓ જઈ અનેક અનુકૂળ શિક્ષણ વિભાગમાંથી એકમાં પ્રાવિણ્ય મેળવી હિંદ પધારે છે અને હિંદના ઉદ્ધાર અર્થે કોઈ સારી નોકરી પસંદ કરી તેમાં પેસી જાય છે. શ્રીલતા સાથેનો પરિચય પ્રેમનું સ્વરૂપ ધારણ કરતો હતો, એટલામાં જ શ્રીલતાનાં માતાપિતાની સ્થિતિ એવી હળવી બની ગઈ કે તેમને પોતાની કાર કાઢી નાખવી પડી ! અને એ જ ક્ષણે

કોઈ અકસ્માતથી શ્રીલતાની સખી જ્યોત્સ્ના સાથે મધુકરને પરિચય થયો; ને મધુકરને લાગ્યું કે જ્યોત્સ્ના શ્રીલતા કરતાં વધારે ધનિક પિતાની પુત્રી છે અને વધારામાં તે માતાપિતાને એકનું એક સંતાન છે !

પરંતુ જ્યોત્સ્ના સહજ ચબરાકીથી પ્રસન્ન થાય એવી યુવતી ન હતી. એ પણ મધુકરે જોઈ લીધું. મધુકરના એક ધૂની મિત્ર સુરેન્દ્રની સાથે જ્યોત્સ્ના જેટલી વાત કરતી એટલી તે બીજા કોઈની સાથે વાત કરતી નહિ. પરંતુ એ ધૂની સુરેન્દ્રનો એને જરાય ભય ન હતો. ગરીબ માતાનો પુત્ર સુરેન્દ્ર ગરીબીને જ પસંદ કરતો અને વસ્ત્રોમાં, વ્યસનોમાં અને શોખમાં તે મધુકરથી ગાઉના ગાઉ પાછળ રહી જતો હતો. મિત્રોના વર્તુલમાં ચર્ચાઓ પણ જામતી અને પરસ્પરના વિચારો સમજવા માટે સહુને અવકાશ પણ મળતો. સુરેન્દ્રનો સિદ્ધાંત હતો કે જ્યાં સુધી એક પણ માનવી ગરીબ હોય ત્યાં બીજા કોઈપણ માનવીને ધનિક બનવાનો અધિકાર હોય જ નહિ. મધુકરનો સિદ્ધાંત એ હતો કે જ્યાં સુધી માનવી પોતાની જરૂરિયાત વધારતો ન જાય ત્યાં સુધી તે ગરીબ, અસંસ્કૃત અને પછાત જ રહેવાનો ! જરૂરિયાત વધારવી એટલે જ માનવતાને ઊંચી લાવવી ! મધુકરના મતને ભારે ટેકો મળતો; છતાં સુરેન્દ્ર જ્યારે દલીલ કરતો ત્યારે સહુને એમ લાગતું જ કે જો બધા જ પોતાની જરૂરિયાત વધારે તો માનવી સંસ્કૃતિમાં નાદાર બની જવાનો !

પરંતુ સુરેન્દ્ર બનતાં સુધી દલીલો કરતો જ નહિ, અને મોજશોખના જલસાઓમાં ભાગ લેતો જ નહિ. કદી મિત્રોના આગ્રહને વશ થઈ તેને ટોળીમાં જવું પડે તો તેનો સંકોચ અને તેની મર્યાદાઓ આગળ પડી આવતાં; અને તેની રૂબરૂમાં એને હસી કાઢવો અગર તિરસ્કારવો એ બહુ સંભવિત ન હતું. છતાં સુરેન્દ્રની ગેરહાજરીમાં પછીથી મધુકર તેની વિચિત્રતાઓને હાસ્યપાત્ર ઢબે રજૂ કરી સહુને હસાવતો ખરો. ડંબેલ્સ વગર મધુકરથી કસરત થાય જ નહિ; જ્યારે સુરેન્દ્ર ભારતની આર્થિક પરિસ્થિતિને ઓળખી કહેતો કે કશાય સાધન વગરનાં દંડ-બેઠકની જ કસરત નિર્ધન ભારતવાસીઓને શોભે. ટેનિસ, બેડમિન્ટન અને ક્રિકેટ સિવાય મધુકરની માન્યતા પ્રમાણે કોઈથી ખેલાડી થવાય જ નહિ; જ્યારે સુરેન્દ્ર માનતો હતો કે ભારતવાસીઓને એ પરદેશી ખર્ચાળ રમતો કરતા લાઠી લાકડીની રમત જ વધારે શોભે.

આમ સુરેન્દ્ર ઘણી વાર પછાત લાગતી પરિસ્થિતિને ટેકો આપતો, જ્યારે મધુકરનો ટેકો પરદેશી વિકાસને અપનાવવા મથતો લાગતો. છતાં ઘણી વાર સુરેન્દ્રની દલીલ તેને ભયંકર ક્રાન્તિકારને સ્વરૂપે પ્રગટ કરતી

ત્યારે મિત્રોમાં મતભેદ ઊપજતો. સામ્યવાદની વિચારસરણી યૌવનને બહુ પ્રગતિશીલ લાગે છે; અને સુરેન્દ્ર લગભગ એની નજીક આવી જતો ત્યારે સહુને વિચાર પણ થતો કે સુરેન્દ્ર ધાર્યા જેટલો પ્રત્યાઘાતી તો નથી જ. તેમાંયે ધનિક જ્યોત્સ્ના કદી કદી સુરેન્દ્રના મતને ટેકો આપતી ત્યારે મધુકરને સુરેન્દ્રનો ભય લાગતો અને યૌવનના આકર્ષણની વિચિત્રતાથી તે ચોંકી ઊઠી સુરેન્દ્રને બનાવી ઉતારી પાડી જ્યોત્સ્નાની આકર્ષણ-સીમામાંથી હડસેલવા પ્રયત્ન કરતો. એના જ એક સાધન તરીકે મધુકરે ઉજાણી ગોઠવી હતી. અંતે જ્યોત્સ્ના સુરેન્દ્રને કારમાં સાથે બેસાડી લઈ ગઈ એ અસહ્ય પરિસ્થિતિ તેની દક્ષતાને ધારદાર બનાવી રહી - જોકે શ્રીલતાની ચેતવણી મધુકરને જરા વાગી ખરી. શ્રીલતાને પ્રેમપ્રદર્શનમાં મધુકરે વીંટી આપવાની કરેલી ભૂલ મધુકરને સાલતી હતી ખરી. પરંતુ શ્રીલતા અને જ્યોત્સ્ના એ બંનેની મૈત્રીમાંથી જ્યોત્સ્નાની મૈત્રી તેને વહેલું પરદેશગમન કરાવે એમ લાગતું હોવાથી જ્યોત્સ્નાની મૈત્રી તે વધારે શોધતો રહેતો હતો.

આજ એ ઘેર આવ્યો - મોડો આવ્યો ત્યારે પિતાએ તેના ખર્ચાળ-પણાની ટીકા કરી, જોકે માતાએ પિતાની ટીકાને હળવી કરી નાખી હતી. મધુકર પિતા-માતાને વાદ કરતાં મૂકી પોતાના સૂવાના ખંડમાં આવ્યો. ધનિકોના દૃષ્ટાંતો નિહાળી ગરીબો તેમ જ મધ્યમ સ્થિતિના માનવીઓ પણ જુદાં જુદાં જીવનકાર્ય અર્થે જુદા જુદા ઓરડાઓની અભિલાષ રાખતા બની ગયા છે. કિશોર અને યુવાન ભણેશ્રીઓને ભણવાના અને સૂવાનાં જુદા જ ખંડ જોઈએ. મધુકરે નાનકડા ઘરમાંથી એક ખંડ ઉપર પોતાની માલિકી સ્થાપન કરી હતી, એ ખંડને એણે બહુ સફાઈપૂર્વક શણગાર્યો હતો. થોડું પણ સરસ ફર્નિચર એમાં હતું. ગાંધીજીની છબી વગર તો કોઈને ચાલે જ નહિ ! પરંતુ ગાંધીજીની સાથે જ ભારતીય યૌવનના હૈયાના હાર સમી બની ગયેલી નટી અશરફીબેગમ - જેણે પોતાના નામને રત્નકણી તરીકે જગ જાહેર કર્યું હતું, તે પણ છબીમાં બિરાજી ગાંધીજીની અહિંસામાં સૌંદર્યનો પ્રકાશ રેડતી હતી. ટાગોર અને અરવિંદ વગર પણ આજના ભારતને ન જ ચાલે. એટલે દૂર દૂર તેઓ પણ હતા. પરંતુ ખંડનો વિરાગ-ભાવ વધી ન જાય એ અર્થ ગ્રીસની કલામાંથી ઊતરી આવેલી એક નગ્ન સ્ત્રીઆકૃતિ અને અર્ધનગ્ન ભારતીય આકૃતિની પૂતળીઓ પણ કેટલાક ખૂણા શોભાવતી હતી. પુસ્તક વગર વર્તમાન યુવક જીવી શકતો નથી - એ પુસ્તકો વંચાય કે ન વંચાય એ જુદી વાત ! યુરોપ-અમેરિકામાં છેલ્લામાં છેલ્લા ગણાતા લેખકોનાં પુસ્તકો ફરતાં બુકકેસ ઉપર ખડકેલાં હોવાં જ

જોઈએ, અને પુસ્તક તથા લેખકનાં નામ જીભને ટેરવે હોવાં જ જોઈએ - જેથી વાચનની ચબરાકીમાં હરીફને હેઠો પાડી શકાય. પલંગ તો હતો જ મધુકરને સૂવા માટે; અને ભારત જેવા મચ્છરિયા પ્રદેશમાં મચ્છરદાની વગર મધુકર સરખા ભારતીય આશાદીપને તો રખાય જ કેમ ? ચટાપટા-વાળા લેંઘા અને કબજા સિવાય હવે કોઈ પણ ભારતીય બાળકથી સૂઈ શકાય જ નહિ એવો કોઈ કાયદો થયો લાગે છે, જેનું પાલન મધુકર ન કરે એમ બને જ નહિ.

છટાભર્યાં વસ્ત્રો બદલી મધુકરે કાબરચીતરો લેંઘો અને કબજો પહેરી લીધાં. જમવું તો હતું જ નહિ, કારણ ઉજાણીએ ઠીકઠીક જમણ તેને આપ્યું હતું. છતાં માતાએ દૂધનો એક પ્યાલો એક 'ટીપાઈ' ઉપર મૂકી રાખ્યો હતો. માતાપિતાની જે સ્થિતિ હોય તે ખરી ! ભણતા અને ભણી રહેલા યુવાન પુત્રોનાં મગજ તર રાખવાની માતાપિતાને માથે ફરજ હોવી જ જોઈએ. મધુકરે દૂધ પી લીધું, અને પછી એક આરામખુરશી ઉપર બેસી વાંચવા માટે એક પુસ્તક ઉપાડ્યું.

પુસ્તકો પણ વિવિધતાભર્યાં હોવાં જ જોઈએ. ગાંધીજીની આત્મ-કથાથી માંડી રૂસો અને કાસાનોવાનાં આત્મકથનો પણ એમાં હોય. આવતી કાલ માટે છોકરીઓને હસાવવા તથા ચમકાવવા માટેની કેટલીક મશ્કરીઓ તથા રમૂજી કિસ્સાઓ પણ તૈયાર કરવા જ પડે, જે યુરોપ અમેરિકાના વિદૂષકો પાસેથી સારા પ્રમાણમાં આવે છે. જુદી જુદી પ્રજાઓમાં લગ્નના કે પુરુષ સ્ત્રીની મૈત્રીના રીતરિવાજની ચમકાવનારી માહિતી પણ વિદ્વત્તાનો એક સફાઈદાર વિભાગ ગણાય. જેની જરૂર મધુકરે ક્યારનીયે સ્વીકારી લીધી હતી. જાતીય વિગતો આપતાં પુસ્તકો તો પાસે હોવાં જ જોઈએ; એ વગર વર્તમાન સ્ત્રીપુરુષથી જાતીય જીવન કેમ ગાળી શકાય ? ચિત્રોનાં પુસ્તકો તો હોય જ !

મધુકરે વર્તમાન કલાનાં ચિત્રોનું પુસ્તક હાથમાં લીધું હતું. એક મિત્રે તેને ગઈ જન્મતિથિએ ભેટમાં આપેલું એ ચિત્રપુસ્તક હતું. તેણે સ્ત્રીદેહનો અભ્યાસ કરવા માંડ્યો. નિરીક્ષણ એ અભ્યાસનું પ્રથમ લક્ષણ. સૌંદર્ય પણ અતિનિરીક્ષણે સામાન્ય બની જાય છે. ઉત્તેજક સૌંદર્યરેષાઓ પણ ઓસરતી કેમ ચાલી ? મધુકરને ખરેખર નિદ્રા આવતી હતી. પુસ્તકોના કીર્તિવંત લેખકોએ જાણવું જરૂરી છે કે તેમનાં બહુ વંચાતાં-મનાતાં પુસ્તકો નિદ્રા લાવવાના અસરકારક ઈલાજ તરીકે પણ વપરાય છે !

રંગરેષાનું પુસ્તક મૂકી દઈ મધુકરે શબ્દઅર્થનો ઉપયોગ સમજાતું પુસ્તક લીધું. પુસ્તકે ધારી અસર ઉપજાવી. તેની ખાતરી થઈ કે તેને નિદ્રા

જ આવતી હતી. ખુરશી છોડી મધુકર પોતાના પલંગમાં સૂતો. સૂતા પહેલાં દીવો હોલવી નાખ્યો હતો. પરંતુ અંધકાર જેમ નિદ્રાપ્રેરક બને છે તેમ વિચારપ્રેરક પણ બને છે.

શા માટે જ્યોત્સ્નાએ સુરેન્દ્રને પોતાની સાથે કારમાં લીધો ? નથી એનામાં છટા, નથી વાતચીતની આવડત, નથી રમતગમતમાં પ્રાવિણ્ય કે નથી કલાસૌંદર્યનો શોખ !... જ્યોત્સ્ના કદી કદી સુરેન્દ્ર પાસેથી પુસ્તકો લેતી. એની નોંધ માગતી, અને કોઈ વાર મુશ્કેલીઓનો ઉકેલ માગતી એ ખરું... પરંતુ ન સુરેન્દ્રની આંખ કે ન તો જ્યોત્સ્નાની આંખ પરસ્પરનાં આકર્ષણને ઓળખતી... આખી મિત્ર મંડળીમાં કોઈને કશો જ વહેમ પડ્યો ન હતો કે જ્યોત્સ્ના આમ ખુલ્લી રીતે સુરેન્દ્રને આમંત્રણ આપી શકશે... કેટલાય દિવસથી મધુકરનો પ્રયત્ન ચાલતો હતો કે જેથી જ્યોત્સ્ના તેને જ આમંત્રણ આપે... અને એ માનતો જ હતો કે આજ તો જરૂર જ્યોત્સ્ના એની સાથે વધારે સરળતાથી વાત કરી તેને માનીતો બનાવશે... પરંતુ શ્રીલતા પાછી વચમાં હતી ને ?... શા માટે એણે ભૂલ કરીને વીંટીની ભેટ શ્રીલતાને આપી ?... એણે થોભવું જોઈતું હતું... શ્રીલતા જ્યોત્સ્ના સરખી સુંદર તો જરૂર છે... પરંતુ જ્યોત્સ્નાની પરિસ્થિતિ શ્રીલતા કરતાં પણ વધારે સારી ! જ્યોત્સ્નાને ખેંચતાં એ જરૂર પરદેશગમનનું મહત્ત્વ મેળવી શકે... અને પરદેશગમન એટલે ? ઝડપી ડિગ્રી, પરદેશની મોજ, હોટેલનું વિલાસી જીવન અને પાછા ફરતાં સત્તા તથા ધનમિશ્રિત હોદ્દો !... સ્ટીમરની મુસાફરીથી શરૂઆત...

અને મધુકરને વિચારમાંથી ચિત્રમાળા દેખાવી શરૂ થઈ ! નિદ્રાના દ્વારમાં પ્રવેશ પામી રમતો, નાચતો, અનેક ગુંલાટો ખાતો વિચાર એટલે સ્વપ્ન !

અને મધુકરને એક સ્વપ્ન આવ્યું.

# ૫

## સ્વપ્ન

સ્વપ્નમાં મધુકર બંદરમાં ગોઠવાયેલી સ્ટીમર ઉપર ચડતો હતો. પરરદેશગમનનું સ્વપ્ન અંતે ફળ્યું ખરું. સ્ટીમર આછી આછી ડોલતી હતી. કેટલાક લોકો સ્ટીમરના છજામાં ઊભા રહીને હસતા હતા. તેને જોતા હતા અને તેને બોલાવતા હતા. નીચેથી પણ એ જ પ્રમાણે તેને ઉત્તેજક વિદાય મળતી હતી, રૂમાલ ફરફરતા હતા, અને ગળામાં અને હાથમાં હારકલગી ભરચક ભરાયલાં દેખાતા હતા.

પણ અનાચક તેને સમજાયું કે તે એકલો જ સ્ટીમર ઉપર ચડતો ન હતો. તેની પહેલાં શ્રીલતા ક્યારનીય ઉપર પહોંચી ગઈ હતી. અને યશોધરા પણ શ્રીલતાની પાછળથી તેને જોયા કરતી હતી. અરે એટલું જ નહિ, તેની પાછળ સુરેન્દ્ર, પરાશર અને નીતીન સરખા તેના મિત્રો અર્ધમિત્રો પણ ચાલ્યા આવતા હતા. અને તેમના હાથમાં પણ ફૂલહારના ઢગલા ફરકતા હતા તે તે જોઈ શક્યો. પરદેશ એકલા જવાને બદલે આખું ટોળું શા માટે સ્ટીમરમાં જતું હતું ?

અને સ્ટીમર પણ કેવી ! આમ કોઈ કોઈને ઓળખવાનો પ્રયત્ન નહિ છતાં કેટલીક સાફ, સ્વચ્છ અને શૃંગારિત ! બહારથી ખોખા જેવી લાગતી આ સ્ટીમરની અંદર નાના મોટા ઓરડાઓ, આંખે ઊડીને વળગે એવાં પાથરણાં, બિછાનાં, ટેબલ, ખુરશીઓ અને રમતગમતનાં સાધનો પણ હતાં. પુસ્તકવાચન અને પત્રલેખન માટે તો એક વિશાળ ખંડ... અને તેમાં બેસતાં બરોબર તેની પાસે એક રૂપાળી મડમ આવી, હસી, જીવનભર ન જોયેલાં એવાં ચા-બિસ્કિટ તેની પાસે મૂકી ગઈ. જ્યોત્સ્ના અને સુરેન્દ્ર તો બેઠાં બેઠાં ચા પીતાં જ હતાં !

'એ બેની દોસ્તી હવે અટકાવવી જોઈએ.' મધુકરે મનમાં વિચાર્યું અને ચાનો પ્યાલો લઈ હસતો હસતો સુરેન્દ્ર તથા જ્યોત્સ્ના બેઠાં હતાં તે તરફ જવા લાગ્યો. વચમાં શ્રીલતા અને પરાશર પણ ચા પીતાં દેખાયાં હતાં. તેમણે મધુકરને ચામાં સાથ આપવા બોલાવ્યો પણ ખરો; પરંતુ તેમને ન ગણકારતાં તે સુરેન્દ્ર અને જ્યોત્સ્નાની પાસે ખાલી પડેલી ખુરશી લઈ

બેઠો.

'હું હરકત તો નથી કરતો ને ?' હસીને મધુકરે કહ્યું.

'તું અમારો નેતા; તું હરકત કરે જ નહિ. તારે લીધે તો આપણે આટલી પરદેશની મુસાફરી થઈ.' જ્યોત્સ્નાએ કહ્યું.

'હું શું કહેતો હતો ? પરદેશગમન વગર માનવીનું પૂર્ણ સર્જન થાય જ નહિ.' મધુકરે કહ્યું.

'એટલે કે ઈંગ્લાંડ, ફ્રાન્સ કે અમેરિકાના અણુઓ તમારા દેહમાં પ્રવેશે નહિ ત્યાં સુધી આપણે પૂરા માનવ ન જ ગણાઈએ, એમ જ ને ?' સુરેન્દ્રે જરા મોટાઈભર્યો પ્રશ્ન કર્યો.

'આ મનુષ્ય જેમ જેમ વધારે ભણતો જાય છે તેમ તેમ એના વિચાર અને વર્તનમાં પીછેહઠ થતી જાય છે. સુરેન્દ્રને કેમ સુધારવો ?' મધુકરે કપાળે બે આંગળી લગાડી નિરાશાજનક અભિનય કર્યો.

'એ હવે સુધરે એમ જ નથી. જો ને, સુએઝની નહેર મૂક્યા પછી પુરુષોએ પશ્ચિમી પોશાક પહેરવો જ જોઈએ; છતાં આ સુરેન્દ્રે વહાણના અધિકારીઓ જોડે લડીને આ હિંદી પોશાક ચાલુ રાખ્યો છે.' જ્યોત્સ્નાએ કહ્યું.

'અને એ હિંદી પોશાકને લઈને વહાણમાં એને કોઈ ગણતું પણ નથી અને ગુડમોર્નિંગ પણ કરતું નથી !' મધુકરે કહ્યું.

ગુજરાતી ભાષામાં થતી વાતચીત જરા મોટેથી થવા લાગી એટલે આસપાસ વાંચતા અને ચા પીતાં જોડકાં આ ત્રિપુટી તરફ જરા તાકીને જોવા લાગ્યાં. હિંદુસ્તાનની માફક સુધરેલા દેશોમાં બહુ જોરથી વાત ન થઈ શકે. ત્રાહિતનું ધ્યાન દોરાય એમ વાત કરવી એને પશ્ચિમમાં અસભ્ય વર્તન કહે છે. જોકે આખી દુનિયાને હલાવી નાખે એવા સંદેશાઓ, સમાચારો અને ખબરો દુનિયાભરમાં મોકલી માનવજાતની શાંતિનો ભંગ કરવાની તેમની પ્રચારકલા તો વળી સુઘડકલા મનાય છે ! મધુકર ચા પીતે પીતે ઊભો થયો. પ્યાલો તેણે મૂકી દીધો અને ડેક ઉપર જઈ તેણે લટાર મારવા માંડી. વિશાળ દરિયો ઊછળી રહ્યો હતો અને દરિયાનાં મોજાં ઉપર માર્ગ કાપતી સ્ટીમર પુરુષાર્થી માનવીના પ્રતીક સરખી આગળ અને આગળ વધતી જતી હતી. સુએઝ પસાર થઈ ગયું, બીજાં કેટલાંય બંદરો પસાર થઈ ગયાં, છતાં મધુકરે વાંચેલી બંદરોની સહેલગાહ તેના અનુભવમાં કેમ ન આવી ? સહેલગાહમાં સહેલી અને સરળ નીતિવાળી સ્ત્રીઓ ઠામઠામ મળે છે એ અનુભવ તેને કેમ ન થયો ? પરદેશ જવામાં

અનેકાનેક હેતુઓ હતા એ વાત ખરી; પરંતુ બંદરગાહો ઉપરનાં નગ્ન સ્ત્રીનૃત્યો નિહાળવાના ઉદ્દેશ ફળીભૂત થયા વગરના રહી જતા હતા એમ તેને લાગ્યું. જીવ્યા કરતાં જોયું ભલું એ કહેવત તેને વારંવાર યાદ આવ્યા કરી. રાત્રિનો અંધકાર ફરી વળ્યો, અને એકાએક મધુકરને લાગ્યું કે તે તો એક મોટા વિમાનની નિસરણીમાંથી નીચે ઊતરે છે; એટલું જ નહિ પણ શ્રીલતા અને યશોધરા તેના બન્ને હાથ પકડી તેની સાથે સાથે ઊતરે છે. જ્યોત્સ્નાએ પોતાનો હાથ કેમ પકડ્યો નથી એવો વિચાર આવતાં મધુકરે પાછળ જોયું તો તેને દેખાયું કે દેશી પોશાકમાં અતિ ઠંડી વેઠતો સુરેન્દ્ર અદબવાળી ધીમો ધીમો વિમાનની સીડી ઊતરતો હતો અને જ્યોત્સ્ના તેની પાછળ આવતી હતી. ધીમે ધીમે સહુ નીચે ઊતરી ગયાં અને એક સુંદર વિમાનગૃહનું દૃશ્ય મધુકરની નજરે પડ્યું. સીડી ઊતરીને આગળ ચાલતાં શ્રીલતાએ પાછળ જોઈ કહ્યું :

'જ્યોત્સ્ના ! તું તો પાછળની પાછળ.'

'સુધરેલી દુનિયામાં સ્ત્રીઓને આગળ રાખવી જોઈએ.' પરાશરે કહ્યું.

'એટલું જ નહિ, પરંતુ અહીં તો સ્ત્રીપુરુષે હાથમાં હાથ મિલાવીને જ ચાલવું જોઈએ.' મધુકરે કહ્યું.

'નહિ તો ?' જ્યોત્સ્નાએ પૂછ્યું.

'નહિ તો આખી સ્ત્રીજાતનું અપમાન ગણાય !' મધુકરે કહ્યું અને શ્રીલતાનો હાથ તોડાવી જ્યોત્સ્નાનો હાથ પકડવાનો અભિનય કર્યો. પરંતુ જ્યોત્સ્નાએ પોતાના રૂપાળા રૂવાંવાળા ઓવરકોટના ખિસ્સામાં પોતાના બન્ને હાથ નાખી દીધા અને પાછળ આવતા સુરેન્દ્રનો પ્રશ્ન સહુને સંભળાવ્યો :

'પણ... આપણે અહીં કેમ આવ્યાં ? શા ઉદ્દેશથી ?'

જ્યોત્સ્ના સિવાય સહુ કોઈ ખડખડાટ હસી પડ્યું અને મધુકરે કહ્યું:

'સુરેન્દ્ર ! તું હજી ઊંઘમાં છે કે શું ?'

'વાહ, વાહ ! આ ઊંઘણશી અગસ્ત્યને ખબર જ નથી કે આપણે અહીં શા માટે આવ્યાં !' હસતે હસતે પરાશરે કહ્યું.

'જ્યોત્સ્ના ! જરા સુરેન્દ્રના કાનમાં કહે કે આપણે અહીં શા માટે આવ્યાં છીએ.' શ્રીલતાએ પણ હસતે હસતે સાદ કર્યો.

'શું સુરેન્દ્ર ! તુંયે ? ભારતીય કલાનું પશ્ચિમને ભાન આપવા તો આપણે અહીં આવીએ છીએ... આટલી મુસાફરી ખેડીને... અને એ વાત

જ ભૂલી ગયો ?' જ્યોત્સ્નાએ કહ્યું.

'ભૂલ્યો તો નથી. પરંતુ મને ખબર નહિ કે પૂર્વની કલા સમજાવનાર અભિયનકાર સ્ત્રીપુરુષોએ પશ્ચિમને અનુસરી પરસ્પરના હાથ કેમ પકડવા પડતા હશે !' સુરેન્દ્રે કહ્યું.

'હાથ ? અરે, પૌર્વાત્ય કલામાં તો હાથ જ નહિ, પરંતુ કમર અને કંઠ પણ પરસ્પરના સ્પર્શ માગે છે. જો.' મધુકરે કહ્યું અને એકાએક વાતાવરણ બદલાઈ ગયું અને મધુકરની દૃષ્ટિ સમીપ એક મોટું નાટ્યગૃહ યુરોપિયન સ્ત્રી-પુરુષોથી ભરચક ભરેલું પ્રગટ થયું. રંગભૂમિ ઉપર સુંદર વાદ્ય વાગી રહ્યાં છે... હિંદી સંગીતના સૂર ફેલાઈ રહ્યા છે... કૃષ્ણનું સ્વરૂપ ધારણ કરેલ મધુકર ત્રિભંગી અભિનયમાં મુરલી વગાડતો ગોપીઓને બોલાવે છે... શ્રીલતા, યશોધરા અને જ્યોત્સ્ના મટુકીઓ લઈ નૃત્ય કરતી આગળ આવે છે... સુંદર નૃત્યવિધાન થઈ રહ્યું છે... યુરોપિયન શ્રોતાગણ આનંદિત ચહેરે, મુગ્ધ બની તાળીઓથી ધન્યવાદ વરસાવે છે... અને પાસે ન આવતી, રિસાતી, ગોપીનો અભિનય કરતી જ્યોત્સ્ના દૂર રહી રહી અનાદર દર્શાવતું રીસનૃત્ય કરી રહી છે... અને એનો અનાદર મુકાવવા કૃષ્ણ સ્વરૂપે મધુકર આગળ વધી રહ્યો છે... અને સુરેન્દ્ર દૂર રહ્યો રહ્યો આખા દૃશ્યને રંગભૂમિ ઉપર જોયા કરતો હોય છે...'

ફરી વાર તાળીઓના ગડગડાટ થાય છે અને મધુકરને લાગે છે કે તેના દૃશ્યમાં કંઈ હળવાશ આવતી જાય છે. એકાએક દૃશ્ય ઓસરી જાય છે અને તેને આછું આછું ભાન થાય છે કે આ આખું દૃશ્ય કદાચ સ્વપ્ન જ હતું...!

નિદ્રાને ખંખેરી નાખતા ટકોરા પણ તેણે ધીમે ધીમે બારણા ઉપર વાગતા સાંભળ્યાં અને તેની આંખ ઊઘડી ગઈ. મધુકર સ્ટીમરમાં ન હતો, વિમાનમાં ન હતો, રંગભૂમિ ઉપર પણ ન હતો. તે તો પોતાના શયનખંડમાં પોતાની સફાઈભરી પથારીમાં સૂતો હતો. તેની ઉઘાડેલી આંખે તેના ખંડને બરાબર ઓળખ્યો 'અને તેના મનમાં થયું :

'આ તો સ્વપ્ન આવ્યું ! કાલની ઉજાણીની અસર !'

૬

# સ્વપ્નને માર્ગે

બારણે ટકોરા વધારે વાગ્યા. પરદેશગમનનું સ્વપ્ન જરૂરી સાચું પડવાનું છે એમ તેણે માન્યું પણ ખરું. વહેલા પ્રભાતનાં સ્વપ્ન મુખ્યત્વે સાચાં જ પડે છે એવી તેણે કદી સાંભળેલી માન્યતા તેના હૃદયમાં સ્થિર થઈ ગઈ. અનુકૂળતાભર્યા વહેમ પણ માનવીને ગમે છે. અજવાળું થઈ ગયું હતું એમ મધુકરને પોતાને લાગ્યું, અને ટકોરા વાગતા બારણા સામે જોઈ તેણે બૂમ પણ પાડી :

'કોણ હશે ? હું હમણાં જ ખોલું છું.' એટલું કહી ઊભા થઈ કપડાં ખંખેરી કરચલી ભાંગી તેણે બારણું ખોલ્યું. સામે મધુકરની માતા ઊભેલી દેખાઈ. માતાએ મધુકરના ખંડમાં પગ મૂક્યો અને મધુકરે પૂછ્યું :

'મમી ! તું ? કેમ ?'

'શું કેમ ? ક્યાં સુધી સૂઈ રહેવું છે ? દિવસ તો કેટલોય ચડી ગયો છે !' માતાએ કહ્યું.

જરૂર પડે ત્યારે સહુને પ્રસન્ન રાખવાની શક્તિ ધરાવતા મધુકરે કહ્યું:

'હા, ખરું. રાત્રે જરા વધારે ઊંઘ આવી ગઈ, નહિ ?'

'ઊંઘમાંથી તો તને કોઈ ઉઠાડવાનું ન હતું. તારો ભાઈબંધ સુરેન્દ્ર ક્યારનો આવી ગયો અને તું જાગ્યો નહિ એટલે આ ચિઠ્ઠી મૂકતો ગયો છે. તને કહેતો ગયો છે કે કામ બહુ જ જરૂરી છે.'

'હશે પાછું કાંઈ મહેનત-મજૂરીનું કામ, જેમાં મળતર કાંઈ નહિ અને મહેનત વધારે ! એને એ જ ટેવ પડી છે. જંપીને બેસવું નહિ અને બેસવા દેવું નહિ.' કહી મધુકરે ચિઠ્ઠી હાથમાં લીધી અને જલદી જ આવવાની આગાહી આપી માતાને ખંડમાંથી વિદાય આપી. ચિઠ્ઠીને એક વાર તો મધુકરે વાળીને ફેંકી દેવાનો નિશ્ચય કર્યો અને તેને હાથમાં વાળવા પણ માંડી. વળી વિચાર બદલી વાળેલી ચિઠ્ઠી તેણે ખોલી અને વાંચતાં બરોબર આનંદભર્યો એક કૂદકો માર્યો. ઘડિયાળ તરફ નજર નાખી અને એકાએક તેના દેહમાં ઝડપ આવી ગઈ. મધુકર ધારતો ત્યારે ઘણી ઝડપ કરી શકતો. જોતજોતામાં હાથમુખ ધોઈ તેણે પોતાનાં સરસમાં સરસ કપડાં

પહેરી લીધાં, પોતાના ખંડનું બારણું વાસ્યું અને માતાને કહ્યું :

'મમી ! ચા તૈયાર છે ?'

'હા, રાજાનો કુંવર ખરો ને, તે તારે માટે તું માગે તે વખતે તને સહુ કોઈ ચા લાવી આપે !'

'મમી ! ખાતરી રાખજે કે એ દિવસ હવે આવી ચૂક્યો. તું મને ચા આપ ને જલદી... મહેરબાની કરી !'

'દીકરા ! વહુ લાવો પછી હુકમ કરજો. હજી કોઈ આપતું નથી.'

'એ પણ આવશે, જોતજોતામાં.' કહી મધુકરે ઝડપ સૂચક ચપટી વગાડી અને માતા ચાના બે પ્યાલા લઈ પુત્રની પાસે આવી. વધારે ભણેલો અને તેથી વધારે આશા આપતો પુત્ર એક ચાના પ્યાલાથી સંતોષાતો નહોતો. આજના નવયુવાનને બેથી ઓછા પ્યાલા ચાલતા નથી - ચાના તો નહિ જ.

ચા પીતે કદી ઉતાવળ ન કરતા પુત્રને ચા પીવામાં ઉતાવળ કરતો જોઈ માતાએ પૂછ્યું :

'જરા સ્વસ્થતાથી ચા તો પી !'

'આજે સ્વસ્થતા થઈ શકે એમ નથી. આજનો મારો દિવસ ભારે શુકનિયાળ દિવસ છે. મારી હસ્તરેખા જોઈને એક જોશીએ એ વાત કહી હતી.'

'પણ છે શું ? તે તો કહે ! ચિઠ્ઠી તો તારા જેવા બેકાર મિત્રની જ હશે ને ?'

'ના, મમી ! એમ નથી. સુરેન્દ્રને તો હાથે કરીને બેકાર રહેવું છે; મારે તેમ કરવું નથી.'

'તે આ ચિઠ્ઠીમાં નોકરી ભરીને મોકલી હશે, નહિ ?'

'હા, મમી ! અને નોકરી એવી સરસ છે કે આપણું સહુનું આખું જીવન પલટાઈ જાય.'

'એવું શું છે ?'

'એક મહાન ધનિક માણસે મને નોકરી આપવા માટે ખાસ બોલાવ્યો છે. અને તે તેમની બહુ અંગત અને સારા પગારની નોકરી છે. હું મળી લઉં એટલી વાર. ચાલ ત્યારે, મમી ! ચિયરીઓ. પપાને સહેજ કહી દેજે હું શા માટે જાઉં છું તે.' કહી આશ્ચર્યમુગ્ધ માતાને આશ્ચર્યમાં જ રહેવા દઈ લાંબી ફલાંગે ઘરમાંથી મધુકર બહાર નીકળ્યો. અરધા કલાકમાં તેને પહોંચવાનું હતું. મૂર્ખ સુરેન્દ્રે પૂરી વિગતો જ લખી ન હતી. વખત હોય તો તેને મળીને

અને નહિ તો સીધા રાવબહાદુર ગિરિજાપ્રસાદને ત્યાં સાડા દસ વાગે પહોંચી તેમની મુલાકાત લઈ તેમના મંત્રી તરીકે તેણે દાખલ થવાનું છે, એવું ચિઠ્ઠીમાં સૂચન હતું. હજી અરધો કલાક બાકી હતો. સુરેન્દ્રને ઝડપથી મળી તે ગાડી કરીને જાય તો વખતસર જઈ શકાય એમ એને લાગ્યું. ગઈ રાત્રે જ્યોત્સ્ના સુરેન્દ્રને સાથે લઈ ગઈ હતી. કદાચ એમાંથી આવી જાતનું પરિણામ આવ્યું હોય એ સંભવિત ગણાય. ટાપટીપ વગરના સુરેન્દ્રને રાવબહાદુરે નાપસંદ કર્યો હોય અને સુરેન્દ્ર જેવા ભલા માણસે પોતાને બદલે મધુકરનું સૂચન કર્યું હોય અને જ્યોત્સ્નાએ તેને ઉત્તેજન આપ્યું હોય તે સંભવિત હતું. સુરેન્દ્રના ઘર તરફ જવા તેણે પગ લંબાવ્યો અને ઝડપથી તેને ઘેર પહોંચી પણ ગયો. પરંતુ મૂર્ખ સુરેન્દ્ર લાંબી વિગતો કહેવા હાજર રહેવાને બદલે, કહેવાનો સંદેશો એની બબૂચક માને આપી ઘરમાંથી ચાલ્યો ગયો હતો. સુરેન્દ્રની માએ મધુકરને જોતાં બરાબર કહ્યું :

'ભાઈ ! ઝડપથી રાવબહાદુરને ત્યાં પહોંચી જા; સાડા દસ પહેલાં.'

'બીજું કાંઈ સુરેન્દ્રે કહ્યું છે ખરું ?' મધુકરે પૂછ્યું.

'ના, ભાઈ ! તને રોકવાની પણ મને ના પાડી છે. સાડા દસ થવા આવ્યા છે, એટલે હું તને આગ્રહ પણ કરતી નથી.' સુરેન્દ્રની માતાએ કહ્યું અને મધુકર સુરેન્દ્રના નાનકડા ઘરમાંથી બહાર નીકળ્યો. બહાર નીકળતાં મધુકરે એક હથેલી ઉપર પોતાના હાથને પછાડ્યો અને સુરેન્દ્રની આવી નિષ્કાળજી માટે નાપસંદગીનો પણ અભિનય કર્યો.

કમબખ્ત ગાડીવાળાઓ પણ જરૂર પડે ત્યાં હાજર રહેતા નથી. સુરેન્દ્રને ત્યાં જવામાં નિષ્ફળ સમય ગાળ્યો ન હોત તો કદાચ તે ચાલીને પણ અરધા કલાકમાં રાવબહાદુરને ત્યાં પહોંચી ગયો હોત. પરંતુ હવે તો ગાડી વગર સમયસર પહોંચવું અશક્ય હતું. ગાડી ન હોય તો કાર પણ ભાડે કરી લેવાની તેની તૈયારી હતી. પરંતુ થોડીક ક્ષણો સુધી ઝડપથી ચાલતા મધુકરને ગાડી કે ટૅક્સી નજરે પડ્યાં જ નહિ. તેના જેવા સુંદર પોશાકવાળા યુવકને નાસતા ચોર જેવી ઝડપથી ચાલવું રુચે એમ તો ન જ હતું, છતાં ઝડપી ચાલ રાખ્યા વગર છૂટકો જ ન હતો. એણે ગાડીનો, કારનો, સુરેન્દ્રનો, લંબાણભર્યા રસ્તાનો એમ જુદા જુદા પ્રકારના વાંક મનમાં કાઢ્યા કર્યા. માત્ર એને પોતાને પોતાનો એ વાંક ન સૂઝ્યો કે તે જાતે જ અતિશય મોડો ઊઠ્યો હતો ! વાંકને અંગે તેણે પોતાના તરફ નજર કરી હોત તોપણ તેને પોતાનો દોષ દેખાત નહિ જ. તે જરૂર એમ કહેત જ કે શા માટે તેનાં માતાપિતાએ વહેલો ન ઉઠાડ્યો ? એથી આગળ વધત તો એ એમ પણ દોષ કાઢત કે શા માટે તેને નિદ્રામાં વણમાગ્યું સ્વપ્ન આવીને ઊભું

રહ્યું ?

એકાએક ધીમે ધીમે જતી એક ગાડી તેણે જોઈ. મુક્તિવાદની ઈચ્છાવાળાને જાણે સ્વર્ગનું વિમાન મળ્યું હોય તેવો આનંદ મધુકરને થયો. તેણે ગાડી ઊભી રખાવી અને એકદમ ઝડપથી મારતે ઘોડે રાવબહાદુરના બંગલા તરફ જવા ગાડીવાળાને જોરભરી આજ્ઞા કરી.

કપડાં ઉપરથી માણસની કિંમત કરનાર ગાડીવાળાએ મધુકરનો હુકમ માન્ય રાખ્યો, સારી બક્ષિસ મળશે એવી આશામાં ઘોડાને ઠીક ઠીક ગરમી આપ્યે રાખી અને ભાગ્યે જ અંગીકાર કરેલી ઝડપ અત્યારે ઘોડાએ પણ અંગીકાર કરી લીધી. મધુકર ઘડિયાળ જોતો જતો હતો. એક મિનિટ પણ મોડા પડવું એ વર્તમાન દુનિયાને જરા પણ પોસાય એમ નથી એમ મધુકર જાણતો હતો. જોકે ઉતાવળ કરીને, કડીતોડ વખત સાચવીને આજની દુનિયા કોનું સુખ વધારે છે એ પ્રશ્ન દુનિયાને કે સમયને પૂછવાની જરૂર કોઈને દેખાતી નથી ! તેના મનમાં આશા હતી કે તે પાંચસાત મિનિટ વહેલો પહોંચે તો જ્યોત્સ્નાને મળી શકે, તેની પાસેથી પૂર્ણ હકીકત જાણી શકે, અને બની શકે એટલે તેની સહાનુભૂતિ તે જીતી શકે. આમ જ્યોત્સ્ના ભાગ્યે જ પુરુષમિત્રોને પોતાને ઘેર બોલાવતી. કદી ચા ઉપર બોલાવવાની વારાફરતી માથે પડતી મિત્ર ફરજ બજાવવાનો જ્યોત્સ્નાને પ્રસંગ આવતો ત્યારે તે ઘણુંખરું પોતાની કોઈ બહેનપણી મારફત સારા વિશ્રાંતિગૃહમાં આગળ બાગબગીચા જેવા સ્થળમાં ગોઠવણ કરી લેતી. છતાં એકબે વખત મધુકરને જ્યોત્સ્નાના બંગલામાં જવાનો મિત્રો સાથે મોકો મળ્યો જ ન હતો એમ તો ન જ કહેવાય. જ્યોત્સ્ના બહુ જ ઠંડી હતી, ઝડપથી જવાબ આપે એવી હતી જ નહિ, અને તેણે રમતગમતમાં કે અભ્યાસમાં મધુકરને સહવાસ કેળવવાનું મન થાય એવું કશું જ ઉત્તેજન આજ સુધી આપ્યું ન હતું. પરંતુ મધુકર માનતો હતો કે આ તો જ્યોત્સ્નાનો સર્વસામાન્ય ગુણ જ હતો - કે દોષ હતો. એની ઊર્મિશિથિલતા માટે એની બહેનપણીઓ પણ ફરિયાદ કરતી જ હતી. કદી કદી તેને અને સુરેન્દ્રને સાથે જોયાં હોય એવો ભાસ મધુકર સરખા યૌવન-પરીક્ષકને ન થાય એમ તો ન જ કહેવાય. પરંતુ એમાં માત્ર સુરેન્દ્રની સારા વિદ્યાર્થી તરીકેની કીર્તિ અને તેની ભલમન-સાઈની ઘેલછા જ કારણરૂપ હોય તેમ એ માનતો. એટલે ગઈ કાલે સુરેન્દ્ર તરફ તેણે દેખાડેલું પક્ષપાતભર્યું વલણ કારણ વગરનું જ હશે એમ તેણે માની લીધું. અને કારણ હોય તો મધુકર હવે જાતે જ ક્યાં જ્યોત્સ્નાના બંગલા તરફ જતો ન હતો કે જેથી જરૂર પડે જ્યોત્સ્નાને જીતવાનો માર્ગ મોકળો ન થાય !

તેના હૃદયમાં અત્યારે ઉત્સાહ હતો. એકાએક રાવબહાદુરનો બંગલો આવી પહોંચ્યો અને તેની ઘડિયાળમાં સાડા દસ વાગવામાં એક જ મિનિટની વાર હતી. ગાડી ઊભી રાખી છટાબંધ ઢબે તે યોગ્ય સ્થળે ગયો અને બરાબર દસ અને ત્રીસ મિનિટે તેણે નોકરના હાથમાં પોતાનું સફાઈદાર કાર્ડ મૂકી દીધું અને તેને કહ્યું :

'રાવબહાદુરે મને બોલાવ્યો છે; આ કાર્ડ તેમને પહોંચાડી દો, હમણાં જ.'

૭

## પ્રવેશનું પહેલું પગથિયું

રાવબહાદુર ગિરિજાપ્રસાદની સામે અત્યંત વિવેકથી મધુકરનું 'કાર્ડ' મૂકવામાં આવ્યું ત્યારે રાવબહાદુર પાસે ત્રણ-ચાર મુલાકાતીઓ બેઠેલા હતા. એમાંથી એકને રાવબહાદુરના જીવનની ટૂંકી નોંધ જોઈતી હતી અને બીજાને કૃષિ તથા ઉદ્યોગના સંમિશ્રણની એક યોજનામાં રાવબહાદુરનો ટેકો જોઈતો હતો. ત્રીજા મુલાકાતીની એવી વિનંતી હતી કે રાવબહાદુરે સ્થાનિક રોટરી ક્લબના સભ્ય બની સભાની રોનકમાં વધારો કરવો અને ચોથા ગૃહસ્થની આગ્રહભરી માગણી હતી કે તેમણે રચેલા મહાન પુસ્તકનું અર્પણ રાવબહાદુર સરખા મહાન અગ્રણીએ જ સ્વીકારવું. પુસ્તકો, યોજનાઓ, સંસ્થાઓ અને જાહેરાતોના અનિયમિત જંગલ જેવી બની ગયેલી આજની માનવદુનિયામાં ધનિકો અને યોજકો વચ્ચે ખેંચાખેંચી છતાં ઠીક ઠીક સહકાર ચાલે છે. આ બધી મહત્ત્વની માગણીઓમાંથી કયી સ્વીકારવી અને કયી નકારવી એનો ઝડપથી નિર્ણય ન આપી શકેલા રાવબહાદુરે નવા કાર્ડવાળા મુલાકાતીમાં આશ્રય શોધ્યો, અને તેને અંદર બોલાવવા પરવાનગી આપી.

ઘણા મુલાકાતીઓ હોય ત્યારે બધાયને સામટા બોલાવવામાં વધારે અનુકૂળતા પડે છે. કોઈને અતિ લાંબી વાત હૃદયદ્રાવક રીતે એકલા રાવબહાદુરને જ કહેવાની હોય તો તે બીજાઓની હાજરીમાં ઓછી હૃદયદ્રાવક બની રહે છે; કોઈને ગુપ્ત મંત્રણા કરવી હોય તેનાથી બીજાના દેખતાં વાતનું ગુપ્તપણું અને તેમાં રહેલું મહત્ત્વ જતું કરવું પડે છે. રાવબહાદુરે સવારના દસથી અગિયાર વાગતા સુધીનો સમય મુલાકાતીઓ માટે નિશ્ચિત કરી રાખેલો હતો એટલે સહુને એ કલાકના ગાળામાં બોલાવી લેતા હતા, અને એ કલાકમાં મળવા આવનારની આફતોને પતાવી દેવા ઈચ્છતા હતા.

પરંતુ એ આફત માનવીની ધારણા પ્રમાણે પતી જતી નથી. રાવબહાદુરના હૃદયને સ્પર્શવા, તેમના વિસ્મયને વહાવવા, તેમના નકારને ડોલાવી હકારમાં ફેરવવા માટે એક કલાકથી પણ વધારે બેસવામાં

મુલાકાતીઓને હરકત આવતી નહિ. અને ઘણી વાર મુલાકાતીઓ પોતાને મળેલા એક કલાકને ખેંચી લંબાવી ત્રણ કલાકનો પણ બનાવી શકતા હતા. છતાં રાવબહાદુરે સહુને સાથે બોલાવી લેવાની પ્રથા ચાલુ રાખી હતી અને મધુકરને બોલાવતાં જ મધુકરે રાવબહાદુરની સાંનિધ્યમાં પ્રવેશ કર્યો. મધુકરની ખાતરી હતી કે તે એની છટાથી રાવબહાદુરને આંજી શકશે. છટા અને વિવેકનું મિશ્રણ કરી સહુનું ધ્યાન ખેંચતા મધુકરને રાવબહાદુરે પ્રશ્ન કર્યો :

'કેમ ? આપને કેમ આવવું થયું ?'

'જી... આપે મને સાડા દસ વાગે આપને મળવાનું જણાવ્યું હતું.' મધુકરે જવાબ આપ્યો.

'મેં ? શું કામ હશે ?... મને યાદ નથી... આપનું નામ ?'

'મારું નામ મધુકર... આપને કોઈ સેક્રેટરીની સહાય જોઈએ એ માટે...'

'હા... હા. બેસો... જ્યોત્સ્નાએ મને કાંઈ વાત કરી હતી ખરી. હું આમનું કામ પતાવી તમારી સાથે વાત કરું છું.'

સભ્યતાપૂર્વક છતાં સફાઈભરી ઢબે મધુકર ખાલી પડેલી ખુરશી ઉપર બેઠો.

'લો, સાહેબ ! મારું કામ પતી ગયું હવે. આપના સેક્રેટરી જ આપના જીવનની ટૂંકી રેખા લખી આપી શકશે ! જલદી...' કહી એક ગૃહસ્થ ઊભા થયા અને નમસ્કાર કરીને તેમણે ચાલવા માંડ્યું.

'તો, સાહેબ ! મારી યોજના હું અહીં જ મૂકતો જાઉં છું... આપ તો બધી વિગત ન જોઈ શકો. હવે આપ સેક્રેટરી રાખો છો એટલે તે પૂરી રીતે તપાસી લેવાશે. હું એક અઠવાડિયામાં આપને મળી જઈશ.' બીજા ગૃહસ્થે કહ્યું અને પોતાની યોજનાના નકશા તથા આંકડા રાવબહાદુર સામે મૂકી નમન કરી તેમણે પણ રજા લીધી.

'તે રાવબહાદુર ! આજ સુધી આપે સેક્રેટરી રાખ્યો નથી ? અમે તો માનતાં હતાં કે આપની પાસે હશે... હવે સમજાયું કે આપ કેમ આનાકાની કરતા હતા... હવે તો આપ એ સગવડ મેળવી લો છો... સભાની નોંધ હવે રહી શકશે... આપ સભ્ય થયા એમ માનીને અમે ચાલીએ છીએ... સાહેબજી ! શુક્રવારે આપણી સભા... મહિનામાં ચાર જ.' કહી રોટેરિયન બંધુ ઊભા થયા અને તેમણે ચાલવા માંડ્યું. મહિનામાં ચાર મિજબાનીઓ ભપકાભરેલી ઢબે ગોઠવી, અત્યંત ગંભીરતાપૂર્વક, બની શકે એટલા

જાણીતા માણસોનાં ટૂંકા મગજને બહુ તકલીફ ન આપે છતાં બુદ્ધિવર્ધક મનાતાં વ્યાખ્યાનો ગોઠવી ભવ્ય સેવા કરનાર વિશ્વવ્યાપી મોટા માણસોનું આ મંડળ પોતાના સ્વાર્થને પણ બાજુએ મૂકી સેવા આપવા મહાપ્રયત્ન કરી રહ્યું છે. પરંતુ કમબખ્ત માનવ જાત રોટેરિયનોની સેવા ઝીલવા હાથ પણ લાંબો કરતી નથી !... એટલે તેમને ન છૂટકે પોતાની સેવાને સ્વાર્થના પરિઘમાં જ રોકી રાખવી પડે છે ! પોતાનું કામ કરવા માટે સેક્રેટરી ન રાખી શકે એવો કોઈ પણ માનવી 'રોટરી ક્લબ'માં દાખલ ન થઈ શકે એવો અલિખિત નિયમ પણ એ પાળતું હોય એમ દેખાય છે. અને રાવબહાદુરની સેક્રેટરી રાખવાની હિલચાલમાં પોતાની સફળતા નિહાળતા આ મહામાનવ રોટેરિયન પણ રાવબહાદુરનો હાથ ખેંચી હલાવી ત્યાંથી વિદાય થયા.

હજી ત્યાં બેઠા હતા એક લેખક, જેમને પોતાનું પુસ્તક રાવબહાદુરને અર્પણ કરવાનું હતું ! ઘણી વાર પુસ્તકનું અર્પણ એટલે પુસ્તકના ખર્ચનું નિવારણ, એવો પણ અર્થ થઈ શકે છે. લેખકે પણ પોતાની દલીલ કરી :

'રાવબહાદુર સાહેબ ! તો હું આ મારું હસ્તલિખિત પુસ્તક અહીં મૂકતો જાઉં છું... આપના સેક્રેટરી ભણેલા અને બાહોશ લાગે છે... એમને જોવા દો અઠવાડિયા સુધી... આપને અર્પણયોગ્ય એ પુસ્તક છે એવી તેમની ખાતરી થાય પછી આપ રજા આપજો.. હું અત્યારે તો જાઉં છું... નમસ્તે !' કહી લેખક પણ ગયા અને મેદાન મધુકર માટે ખુલ્લું થયું. મુલાકાતીઓએ પણ સારા નસીબે મધુકરને સીધો આડકતરો ટેકો આપ્યો હતો, અને મોટાં કુટુંબોમાં સેક્રેટરીની ડગલે ને પગલે કેવી જરૂર પડે છે તેનું તેને અને રાવબહાદુરને ભાન પણ કરાવ્યું હતું.

'કહો ભાઈ ! હવે તમારી વાત પતાવી દઈએ... તમે કોઈ વાર સેક્રેટરીનું કામ કર્યું છે ?' રાવબહાદુરે મધુકરને પૂછ્યું.

'હા જી.'

'ક્યાં કામ કર્યું છે ?'

'કૉલેજમાં એક પણ સંસ્થા એવી ન હતી કે જેમાં મેં સેક્રેટરી તરીકે કામ ન કર્યું હોય.'

'અરે... પણ... એ કામ જુદું અને મારું કામ જુદું.'

'એ હું જાણું છું, સાહેબ ! પરંતુ કૉલેજમાં રહ્યે રહ્યે કંઈક પ્રોફેસરના ખાનગી મંત્રી તરીકે કામ કરેલું છે... મારું લખાણ આપને પસંદ આવશે... મને કામ સોંપી જુઓ.' મધુકરે કહ્યું.

'કયું કામ સોંપીશું તમને ?' કહી રાવબહાદુરે બાજુએ જોયું તો યશોદાબહેન ઝડપથી આવતાં દેખાયાં. આવતાં બરોબર તેમણે કહ્યું :

'હવે ક્યારે પરવારવું છે ?'

'હું તૈયાર જ છું... આ ભાઈને સેક્રેટરી તરીકે નાણી જોવા છે... શું નામ તમારું ?' રાવબહાદુરે પૂછ્યું.

'મારું નામ મધુકર, સાહેબ.... હું ઈચ્છું કે આપ મને આપની જીવનનોંધથી શરૂઆત કરવા દો. હું નમૂનો ઘડી આપું.' મધુકરે મિષ્ટતાથી કહ્યું.

'હા હા; તમે એનાથી જ શરૂઆત કરો... ક્યારે કરશો ?'

'હમણાં જ. આપને એકબે કલાકમાં જ તૈયાર કરી બતાવું... માહિતી તો મળી રહેશે.' મધુકર બોલ્યો.

'હા, એ બરાબર... પણ તમે જમી લ્યો અમારી સાથે. હું જમતે જમતે તમને મારી હકીકત કહીશ.' રાવબહાદુરે કહ્યું.

'હું જમીને જ આવ્યો છું... આપની થોડી હકીકત હું જાણું છું...'

'અને બીજી... પેલા કબાટમાં માનપત્રો પડ્યાં છે એમાંથી મેળવી શકાશે...માહિતી મળે એટલે જોડેના ખંડમાં બેસી લખવાનું શરૂ કરી દેજો.' કહી થોડી નોંધ, માનપત્રોવાળું કબાટ અને લેખનવ્યવસાયનો ખંડ બતાવી રાવબહાદુર પોતાનાં પત્ની સાથે જમવા ગયા.

મધુકર જમ્યો ન હતો. પરંતુ એને ઈચ્છા અને આશા હતી કે જ્યોત્સ્ના તેને મળશે, અને જ્યોત્સ્ના પાસેથી ચા-નાસ્તો માગી લેવાશે. ઉપરાંત રાવબહાદુર અને તેમનાં પત્નીને જીતી લેવાનો મધુકરને જે મોકો મળ્યો હતો, એમાં જરાય ગફલત કરવાની તેની ઈચ્છા ન હતી. ઝડપથી તેણે નોંધ જોઈ લીધી, માનપત્રો જોઈ લીધાં ને લેખનખંડમાં બેસી સ્વચ્છ, સારા અને દમામદાર અક્ષરો વડે રાવબહાદુરના જીવનની રેખાઓ તેણે દોરવા માંડી. માનવીની ઘણી ઘણી રેખાઓ કલ્પિત હોય છે; જૂની રેખાઓ ભૂંસાઈ ગયા પછીથી એ ઉપસાવી કાઢેલી હોય છે; અને એમાં ચાલુ પરિસ્થિતિના જ રંગમાંથી રેખાઓ દોરવાની હોય છે. એ કલા મધુકરને સારી રીતે આવડી હોય એમ લાગ્યું. વયે પહોંચેલા માનવીનું બાલપણ એ માનવી પણ ભૂલી ગયેલો હોય છે, એટલે આજની મોટાઈનાં લક્ષણો બાળપણથી જ દેખાઈ આવતાં હતાં એમ લખવામાં રેખાચિત્ર દોરનારને માનવીનું બાળપણ જરાય રોકે એમ હોતું નથી. પત્ની જરાય ઉપયોગી કે દેખાવડાં ન હોય છતાં કોઈ પતિની મગદૂર નથી કે પત્નીના ઉપયોગીપણા

કે સૌન્દર્ય ઉપરના અનુકૂળ વિવેચનમાં તે ભૂલ કાઢી શકે. મોટો માણસ સાહસ કર્યા વગર ન રહે, પરોપકાર કર્યા વગર ન રહે, દેશભક્તિ કર્યા વગર ન જ રહે. એવા પ્રસંગો કલ્પનાથી ઊભા કરવામાં આવ્યા હોય તોય એ જૂઠા છે એમ કહેવાની હિંમત કોઈ પણ કરી શકે નહિ - રેખાચિત્રનો વિષય બનનાર માનવી પણ હિંમત કરી શકે નહિ !

મધુકરે છટાબંધ પોતાનું લખાણ લખવા માંડ્યું. ચારે બાજુની દુનિયાને જાણે તે વીસરી ગયો હોય એવા ધ્યાનથી એકચિત્તે તે લખી રહ્યો હતો. છેલ્લું પાનું અને છેલ્લો અક્ષર લખી તેના ઉપર બ્લોટિંગ પૅડ દાબી તેણે પેનને બાજુએ મૂકી અને જરા સુસ્તાવાનો પ્રયત્ન કર્યો અને ક્યારનીયે ખબર પડી હતી કે રાવબહાદુર છેલ્લી દસ મિનિટથી ધીમે ધીમે આવી મધુકરની પાછળ ઊભા રહી એકધ્યાનથી લખતા મધુકરને જોઈ રહ્યા હતા. છતાં દસે મિનિટ તેણે સ્વસ્થતા ધારણ કરી રાવબહાદુર જાણે આવ્યા જ ન હોય એવો દેખાવ કરી લેખનકાર્ય ચાલુ રાખ્યું.

કામ પૂરું થતાં તેણે પાછળ જોયું અને રાવબહાદુરની આંખનો સંતોષ વાંચતા બરોબર તે ઊભો થયો. ખુરશી ઉપરથી ખસી જઈ તેણે કહ્યું :

'રાવબહાદુરસાહેબ ! નોંધ પૂરી કરી રહ્યો છું.... જરા વાર થઈ, નહિ ?'

'વાર ? જરાય નહિ. મારે તમને શાબાશી આપવી જોઈએ. હું ક્યારનો ઊભો છું તેનો તમને ખ્યાલ ન આવ્યો એવી તો તમારી એકાગ્રતા હતી. હું બહુ રાજી થયો.'

'હું વાંચી બતાવું, સાહેબ ? અગર બહેનને અથવા બાઈસાહેબને બોલાવવાં છે ?'

'ખાસ જરૂર નથી. તમારી નિમણૂક થઈ ગઈ તમે માની લેજો.. ટાઈપ કરતાં શીખી લેજો... ટાઈપ કરાવી હવે મને સાંજના પાંચ પછી મળજો.'

'તો હું રજા લઉં.'

'હા; કાલે પેલા ભાઈ આવ્યા હતા... શું નામ ? સુરેન્દ્ર ! હા. એમણે તમારે માટે સાચું જ કહ્યું હતું.'

'મારે માટે ?... સુરેન્દ્રે શું કહ્યું હતું ?'

'કે તમે સેક્રેટરી તરીકે ઘણા દક્ષ નીવડશો... જ્યોત્સ્નાની રૂબરૂમાં એમણે તમારી ભલામણ કરી હતી.'

'જ્યોત્સ્નાબહેનની રૂબરૂમાં ? એ સુરેન્દ્ર અહીં ક્યાંથી ?'

'કેમ ? તમને ખબર નથી ? બહેનને અભ્યાસમાં એ મદદ આપવાના છે.'

'બહેનને મદદની જરૂર નથી, સાહેબ !...હું જરા એમને મળી શકું ?'

'હા હા, કેમ નહિ !... એ તો કહે છે કે તમે બધાં મિત્રો છો !'

'હા જી. માટે જ મળવું છે.'

'વારુ, તમે મારા સેક્રેટરી છો એમ અત્યારથી જ માનીને ચાલશો.' કહી રાવબહાદુર આરામ લેવા માટે ગયા.

મધુકરે જ્યોત્સ્નાને મળવા કહેણ મોકલાવ્યું, પરંતુ જ્યોત્સ્નાને અત્યારે મધુકરને મળવાની ફુરસદ ન હતી.

'એમ ?' કહી મધુકર સાંજે પાછો આવવા માટે રાવબહાદુરનું મકાન છોડી ચાલ્યો ગયો.

# ૮

## સ્ત્રીના શિકાર

ઘેર જઈ તેણે માતાને શુભ સમાચાર આપ્યા કે તેની નિમણૂક સારી જગાએ, સારા પગારે થઈ ચૂકી છે, અને બે વર્ષમાં તે પોતાનાં માતાપિતાને મોટરકારમાં ફરવાની સગવડ જરૂર કરી આપશે. ભારતીય યૌવનની બે મોહિની : એક નટી અને બીજી મોટરકાર. રાહ જોઈ રહેલી ચિંતાતુર માતાને સ્વાભાવિક રીતે જ હર્ષ થયો. પિતા તો પોતાને કામે ચાલ્યા ગયા હતા. માતાએ સારા સમાચારના બદલા તરીકે પુત્રને મિષ્ટાન્ન ખવરાવ્યું અને પુત્રે જમીને આરામ લેતે લેતે અનેક સૃષ્ટિઓ રચી, તોડી અને ફરી રચી.

એને એક વસ્તુ ખૂંચી... બહુ જ ખૂંચી. સુરેન્દ્રની ભલામણે તેની નિમણૂક થઈ હતી એ ભાવ તેના હૃદયને બહુ વાગ્યો. એને કોઈનો ઉપકાર ઉઠાવવામાં વાંધો નહોતો; નિમણૂક કરાવીને સુરેન્દ્ર પોતાની નાલાયકી સમજી એ બંગલામાંથી દૂર ગયો હોત તો અત્યારે તેને ઘેર જઈ મધુકર તેનો આભાર માનત. પરંતુ મધુકરને સેક્રેટરીમાં ઠેસવી દઈને એ પોતે જ્યોત્સ્નાનો અંગત શિક્ષક બની ગયો હતો ! એકની એક ધનિક પુત્રીનું સાંનિધ્ય સ્વાભાવિક રીતે જ સુરેન્દ્રને વધુ લાભ અપાવે ! અંગત શિક્ષક પોતાના સેક્રેટરી-મંત્રી કરતાં વધારે જ લાભ પામે !

આમ મિત્ર ઉપર ઉપકાર કર્યાનો દેખાવ કરી સુરેન્દ્ર મધુકર કરતાં વધારે જગાએ ઠસી ગયો... અને નિકટતાનાં પરિણામો સહજ કલ્પી શકાય એવાં હતાં ! મધુકરને જ્યોત્સ્નાથી અલગ રાખ્યાનો લાભ મેળવી સુરેન્દ્રનાં સેક્રેટરી તરીકે વખાણ કરવામાં પરોપકારની છાપ પણ ઉપજાવી! સુરેન્દ્ર પણ સુંદર લખાણો લખી શકતો હતો; મહેનતુ હતો. શા માટે એણે એ જગા ન સ્વીકારી ? એકાએક તેના મનમાં એક વિચાર શૂળની માફક ભોંકાયો :

'મને બાળવા કે બનાવવા આ સુરેન્દ્રની તરકીબ હોય તો ?'

મધુકરને સુખમય નોકરી મળવાના કારણે ઠીક નિદ્રા આવવી જોઈતી હતી... તે આવવાની શરૂઆત થતી હતી.

એવામાં આ વિચાર તેના હૃદયમાં ભોંકાયો અને તેની નિદ્રા ઊડી ગઈ. આગળ આવવાની તમન્ના, ધનલોભ અને સ્ત્રીલાલસા સામાન્ય ક્રમમાં પણ જાદુ નિહાળવા પ્રેરાય છે. અને જ્યાં કાંઈ પણ ઉદ્દેશ ન હોય ત્યાં આંટીઘૂંટીનું કારખાનું ઊભું કરે છે. મધુકર જેને આજ દિન સુધી કશા હિસાબમાં લેખતો નહિ, એ સુરેન્દ્ર આજ તેને નોકરી અપાવતો હતો. અને જેની મૈત્રીમાંથી વધતા જતા સંબંધમાં તે પરદેશની મુસાફરી અને લાભ-કારક પ્રેમની સંભાવના નિહાળી રહ્યો હતો એ જ્યોત્સ્નાનું સાંનિધ્ય પણ સુરેન્દ્ર મેળવી ચૂક્યો હતો !... મધુકર નહિ !

એકમાર્ગી દેખાતો સુરેન્દ્ર, નિરુપદ્રવી દેખાતો સુરેન્દ્ર ધાર્યા કરતાં વધારે ઊંડો અને ફૂટ નીકળ્યો ! પરંતુ મધુકરની ઊંડાઈ છેક ઓછી તો હતી જ નહિ. યુવાન મિત્રોને, સાથે કે પાછળ ભણતી યુવતીઓને શિક્ષકો તથા પ્રોફેસરોને ભોળવવાની જ્યારે જ્યારે એને જરૂર પડી હતી ત્યારે ત્યારે એણે સફળતાપૂર્વક પોતાની છટા અને બાહોશીનો ઉપયોગ કર્યો હતો. શ્રીલતા નામની ચબરાક યુવતીના પિતા છેલ્લી ઘડીએ શ્રીલતાની સાથે તેને યુરોપ મોકલવાની તૈયારીમાં નિષ્ફળ નીવડ્યા ન હોત તો એ ક્યારનો યુરોપમાં ફરી વળ્યો હોત... અને શ્રીલતાને અંતે છોડી દીધી હોત... કે જે થાત તે ખરું ! જ્યોત્સ્નાના પિતા શ્રીલતાના પિતા કરતાં ઘણા વધારે સમૃદ્ધ હતા, અને મધુકરના મિત્રવર્તુલમાં જ્યોત્સ્ના આવી ચૂકી હતી એટલે શ્રીલતાને ખસતી કરવાનું વલણ પણ મધુકરે ક્યારનુંયે ધારણ કર્યું હતું !

વીર પુરુષે જે સાધન મળે એ સાધન દ્વારા યુદ્ધ ખેલવાનું રહ્યું. જ્યોત્સ્ના નહિ તો જ્યોત્સ્નાનાં માતાપિતાનું સાંનિધ્ય તેને મળ્યું હતું. એ પણ એક અસરકારક સાધન કહેવાય. એનો ઉપયોગ કરીને એ સુરેન્દ્રને માત કેમ ન કરી શકે ? રાવબહાદુર ઉપર છાપ તો એણે ઘણી સરસ પાડી હતી... અને જોકે જ્યોત્સ્નાએ આજ તેને મળવાની ના પાડી હતી એ સાચું... છતાં એના અત્યારના સંજોગમાં એની મના કેટલી લાંબી ચાલી શકે એ પ્રશ્ન જ હતો. આજ સવારે ભલે એણે ના કહી; આજ સાંજે પિતાના સેક્રેટરીને મળ્યા વગર તેને ન જ ચાલે એવો સંજોગ ઊભો કરતાં એને નહિ આવડે એમ તો હતું જ નહિ. મધુકર પથારીમાં બેઠો થઈ ગયો. તેનાથી મનમાં બોલાઈ ગયું :

'ઠીક... હવે હું છું અને સુરેન્દ્ર છે ! એવામાં જ ધીમે ધીમે ખખડાટ થાય નહિ, એ ઢબે તેની માતાએ તેના સૂવાના ખંડનું બારણું ખોલ્યું અને પુત્રને પથારીમાં બેઠેલો જોયો.

'તું જાગે છે શું, મધુકર ?' માએ પૂછ્યું.

'હા મા ! ક્યારનો.' મધુકરે જવાબ આપ્યો.

'તું આરામ લેવા ગયો ત્યારના એક ભાઈ આવીને બેઠા છે.'

'કોણ છે ? સુરેન્દ્ર તો નહિ ને ?'

'ના, ના. સુરેન્દ્રને તો હું ક્યાં નથી ઓળખતી ?'

'તો એમને પાંચેક મિનિટમાં અહીં જ મોકલી દે ને ?... કોણ છે એ સમજાયું નહિ.'

'વારુ', કહી માતા ખંડ બહાર નીકળી ગઈ. મધુકરે ઘરમાં પણ ગૌરવ વધે એવો ઝડપી પોશાક પહેરી લીધો અને એક મોટું પુસ્તક હાથમાં લેઈ આગંતુકની રાહ જોતો બેઠો. આખા ઘરમાં મધુકરનો જ ખંડ સુશોભિત હતો. છાપ પાડવાના અનેક માર્ગોનાં મોટાં પુસ્તકો હાથમાં રાખી ભવ્ય અભ્યાસ કરવાનો ડોળ પણ એક માર્ગ બની રહે છે. વિદ્યા પણ ઘણાની લાજ રાખી માનવીના દંભને પોષે છે ખરી.

આગંતુક પધાર્યા. તેમણે ઘરની અને આ દંભની સફાઈનો તફાવત એકદમ સમજી લીધો અને કહ્યું :

'જય જય ! મધુકરભાઈ.'

હજી હમણાં જ વિદ્યાર્થી અવસ્થામાં આળોટી ચૂકેલા મધુકરને મધુકરભાઈ તરીકેનું કદી સંબોધન થયું ન હતું. એને એ સંબોધનથી આશ્ચર્ય પણ થયું અને સાથે સાથે પોતાની મહત્તાનો પણ એને ખ્યાલ આવ્યો.

'હા, આવો. જય જય ! બેસો.' મધુકરે વગર ઊઠ્યે જ આગંતુકને પોતાની સામેની ખુરશી ઉપર બેસવા કહ્યું. આવનારનો દેખાવ ઊભા થઈને આવકાર આપવા સરખો તેને લાગ્યો નહિ.

આગંતુકે બેસી ખંડ ઉપર દૃષ્ટિ ફેરવી કહ્યું :

'સરસ ગોઠવણ છે, ભાઈ ! અભ્યાસનો બહુ શોખ લાગે છે !'

'ઠીક, સાધારણ. આજના યુગમાં અભ્યાસ વગર કેમ ચાલે ?'

'બહુ સાચું કહ્યું, મધુકરભાઈ ! મારે અને આપને ઠીક ફાવશે. હું પણ એક અદનો અભ્યાસી છું.'

'કહો, કેમ આવવું થયું ? હું શું કરી શકું આપને માટે ?' મધુકરે અંગ્રેજી વાક્યરચનાને ગુજરાતીમાં ઉતારી.

'એક જ વાત આપ મારે માટે કરી શકો એમ છો. મારું હસ્તલિખિત પુસ્તક રાવબહાદુરને ત્યાં મૂક્યું છે. એનું અર્પણ મારે રાવબહાદુરને કરવું છે. અર્પણને લાયક એ પુસ્તક છે એમ આપ મત આપો એટલી જ વિનંતી!'

આવેલા ગૃહસ્થે કહ્યું.

'આપ લેખક છો ?'

'હા જી.'

'શું નામ આપનું ?'

'મારું નામ તો... આમ... તદ્દન સાદું છે... ભલાભાઈ મારું નામ...'

'એને "ભુલાભાઈ"માં ફેરવી નાખો. તુરત આગળ આવી જશો.'

'આમ તો હું આગળ આવેલો જ છું... "પદ્મરાગ"ના તખલ્લુસથી હું જાણીતો છું. એ નામે ઘણા લેખો લખું છું... અને એ નામે અસ્વીકાર પામતો લેખક હું "યોગિની" કે "કિશોરી" એવાં નામે પણ કદી કદી પસાર કરાવી લઉં છું.'

'એમ ?... વારુ, આપનું પુસ્તક હું જોઈ જઈશ...'

'અને રાવબહાદુર મને અર્પણના બદલામાં જે રકમ આપશે તેટલામાં હું આપને ભાગ આપીશ.' ધીમે રહીને ભલાભાઈ ઉર્ફે પદ્મપરાગે ચારેપાસ નજર નાખી મધુકરને કહ્યું, અને મધુકરના ઉપર એ બોલની શી અસર થાય છે એ જોવા મધુકરના મુખ ઉપર તેમણે તીક્ષ્ણ નજર ફેરવી.

મધુકર જરા ચમક્યો ખરો, પરંતુ આવી માનસિક ચમક મુખ ઉપર જરાય ન દેખાય એવી એણે કેળવણી લીધેલી હતી. મોટા માણસના સેક્રેટરી બનવામાં આવા અણધાર્યા લાભ, અને તે પણ આર્થિક લાભ, આમ આપોઆપ આવી પડતા હશે એનો ચમકાવનારો પ્રથમ ખ્યાલ મધુકરને થયો. લાગણી દબાવી તેણે કહ્યું :

'જુઓ, ભલાભાઈ ! ધનિક લેખકોને ઉત્તેજન આપે એમાં હું માનું છું... પરંતુ આપનું પુસ્તક મેં હજી જોયું નથી...'

'આપ જરા નિરાંતે જોશો તો આપને ખાતરી થશે કે એ પુસ્તક ખાસ ઉત્તેજનને યોગ્ય છે... અને કાંઈ ન સમજાય અને મારી જરૂર પડે તો મને બોલાવી સાથે રાખી વાંચવાની તકલીફ આપ લેશો એમ કહેવા માટે હું આવ્યો છું.'

'જરૂર નથી, ભલાભાઈ ! આપનું કામ એ સેક્રેટરી તરીકેનું મારું પહેલું જ કામ માની હું ઝડપથી કરીશ... બીજું કાંઈ ?'

'આપનો આભાર હું નહિ ભૂલું... કાલે આ વખતે આપને હું મળી જાઉં ?'

'ભલે.' મધુકરે કહ્યું અને નમસ્કાર કરી ભલાભાઈ મધુકરથી છૂટા પડ્યા.

મધુકરે સિસોટીમાં સરસ ઢાળવાળું ગીત ગાતે ગાતે ઘડિયાળમાં નજર નાખી કપડાં પહેરવા માંડ્યાં. માને ચા બનાવવાનો હુકમ કર્યો અને જોકે પાંચ વાગવાને વાર હતી છતાં રાવબહાદુરને બંગલે વહેલા પહોંચી જવાનો વિચાર કર્યો. શા માટે નહિ ? લેખકે ભલાભાઈનું પુસ્તક રાવબહાદુરના લેખનખંડમાં જ મૂક્યું હતું. ત્યાં જઈ પુસ્તક વહેલું વાંચી રાવબહાદુર ઉપર વધારે છાપ પાડવાની સગવડ એમાંથી ઊભી થાય એમ હતું.

અને જ્યોત્સ્નાએ સવારે મળવાની તેને કેમ ના પાડી હતી એની સ્પષ્ટતા પણ મેળવી લેવાય !

ચા પીતે પીતે માતાને રાજી કરી મધુકર રાવબહાદુરને બંગલે જવા નીકળ્યો. નિયમિતપણું સહુ માલિકોને ગમે. નિયમિતપણાને સ્પષ્ટ કરતા બે માર્ગ : એક વહેલાં જઈને અને બીજો મોડાં પાડીને. વહેલાં થઈને નિયમિતપણું તોડનાર નોકર હોય તો તે પોતાની તરફેણમાં વાતાવરણ ઊભું કરે છે.

મધુકર પાંચને બદલે ચાર વાગ્યે રાવબહાદુરને બંગલે પહોંચી ગયો. એક ભણેલોગણેલો મોટો નોકર - સાહેબની પાયરીનો - ઘરમાં આવ્યો હતો એની આખા ઘરમાં ખબર પડી ગઈ હતી. મુલાકાતના ખંડને ઉઘાડી લેખનખંડમાં નાના નોકરોએ મધુકરનો પ્રવેશ કરાવ્યો. ધનવાનો બપોરે જરા આરામ કરે છે. આરામ પછી ચા પીએ છે અને પાંચેક વાગ્યે સાંજનો તેમનો દિવસ ઊગે છે. મધુકરે બેસીને ભલાભાઈ લેખકના પુસ્તકને ઊથલાવ્યું. બેચાર અંગત નહિ એવા કાગળો જોઈ તેના જવાબો પણ તૈયાર કરી નાખ્યા અને પાંચને ટકોરે રાવબહાદુર તથા તેમનાં પત્ની ખંડમાં આવ્યાં ત્યારે મધુકર સમજપૂર્વક તલ્લીન બનીને ભલાભાઈ ઉર્ફે પદ્મરાગ લેખકનાં પુસ્તકના છેલ્લા પાન ઉપર નજર નાખી રહ્યો હતો.

'ઓહો ! તમે આવી પહોંચ્યા છો ?' રાવબહાદુરે વખાણની લઢણથી પૂછ્યું.

'જી.'

'ક્યારના આવ્યા છો ?'

'કલાક થયો.'

'એમ ? અત્યારના જુવાનોમાં નિયમિતપણું બહુ દેખાતું નથીઃ તમે અપવાદ લાગો છો.'

રાવબહાદુર ઉપર ફરી ચોટ વાગી અને મધુકરે ધારેલી અસર

ઉપજાવી. પછી તો રાવબહાદુરની જીવનરેખા મોકલવાની તજવીજ થઈ. કાગળોના જવાબ પણ ઝડપથી પસંદ કરાવાયા અને પાપપુણ્યસાગરના પુસ્તકની પણ ભલામણ થઈ - જે ભલામણને અંગે પાંચસોને બદલે હજાર રૂપિયા છપામણી અર્થે લેખકને આપવા રાવબહાદુર રાજી થયા.

અને સંધ્યાકાળ થયો. રાવબહાદુરે તેને જવાની રજા આપી. જતાં જતાં ઘરની અંદર જઈ જ્યોત્સ્નાને મળવાની ઈચ્છા સહ મધુકરે ખંડનું દ્વાર ખોલ્યું અને બહાર નીકળવાને રસ્તે જ એણે પોતાની સામે જ્યોત્સ્ના અને સુરેન્દ્રને સાથે સાથે આવતાં દીઠાં. મધુકરની આંખ ફરી ગઈ. છતાં હસતું મુખ રાખી તેણે જ્યોત્સ્નાને નમસ્કાર કર્યા.

'હલો ! તું છે કે ?... ઠીક છે ત્યારે ! સુરેન્દ્ર અને તું બન્ને મળી ગયાં.' મધુકરે સુરેન્દ્ર નામ ઉપર ભાર મૂકી કહ્યું.

'બાય બાય ! બંને સાથે જઈ શકો છો.' કહી ઝડપથી જ્યોત્સ્ના પાછી ફરી અદૃશ્ય થઈ ગઈ.

સુરેન્દ્રે સાહજિક રીતે કહ્યું : 'મધુકર ! તને રાવબહાદુર પાસે ઠીક ફાવશે.'

'અને તમે જ્યોત્સ્ના પાસે ! નહિ ?' કહી કટાક્ષભર્યું સ્મિત મધુકરે કર્યું.

સુરેન્દ્ર જરા ચમક્યો. તેની આંખ સહજ સ્થિર બની અને તેણે કહ્યું:

'મધુકર ! આપણે પારકા ઘરમાં છીએ. બાગબગીચાની અગર રસ્તાની સાર્વજનિક જીભ અહીં ન વપરાય.'

'એમ કે ? તારી શિખામણ માટે જરૂર પડશે હું ઉપકાર માનીશ... પણ તું જરાય મનમાં માનતો નહિ કે હું તારી મહેરબાની ઉપર જીવું છું.'

'મધુકર ! મિત્રો વચ્ચે મહેરબાની કેવી ?'

'તને મેં ક્યારે કહ્યું હતું કે તારે અહીં મારી ભલામણ કરવી ?'

'તેં વારંવાર નોકરીની ઈચ્છા મારી આગળ બતાવી છે.'

'હું તો અહીંની નોકરીની વાત કરું છું... આ બંગલામાં તારી મહેરબાની મારે ન જોઈએ.'

'એમાં તને મારી મહેરબાની લાગતી હોય તો હજી આ જગા તું છોડી શકે છે. રાવબહાદુરને બીજા સેક્રેટરી મળી રહેશે. હું તને આગ્રહ નહિ કરું.'

મધુકરની આંખમાં ખૂનભરી તલવાર ચમકી રહી. તેણે ધીમેથી - અત્યંત ધીમેથી પરંતુ ઝેરભરી વાણીમાં કહ્યું :

'હું આ જગા છોડું ? પહેલાં આ ઘરને અને જ્યોત્સ્નાને તારાથી

છોડાવીશ... પછી જ જરૂર પડ્યે આ જગા છોડીશ.'

સુરેન્દ્ર સહજ હસ્યો અને બોલ્યો :

'તારા માનસની મને સમજ પડતી નથી.'

'શાની પડે ? તારે શિક્ષક બની જ્યોત્સ્નાની અંગત બાજુએ રહેવું છે... અને મને...'

શબ્દો અસ્પષ્ટ બની ગયા અને બન્ને મિત્રો પગથિયાં ઊતરી અંધકારમાં અદૃશ્ય થયા.

જ્યોત્સ્ના એક વિશાળ થાંભલાની આડે ઊભી રહી અદૃશ્ય બની બંને મિત્રોની વાત સાંભળી રહી હતી. એણે પાછાં પગલાં ભર્યાં. અને મનમાં વિચાર રમી રહ્યો : મધુકર એમ જ માને છે કે સ્ત્રીઓ એનો શિકાર થવા સર્જાઈ છે !

૯

## વેડફાતું વચન

જેમ જેમ મધુકર વિચારતો ગયો તેમ તેમ એને લાગતું જ ગયું કે સુરેન્દ્રે એને આભારમાં ડુબાવવા અને એમ કરીને એના અને જ્યોત્સ્નાના માર્ગમાંથી મધુકરને ખસેડવા માટે જ તેની યોજના કરી હતી. ચમક વગરના યુવકો ઘણી વાર ધનિક અને ગર્વિષ્ઠ યુવતીઓનું વધારે ધ્યાન ખેંચે છે. સુરેન્દ્ર જેવા યુવકમાં રસિકતા કે આકર્ષણ કાંઈ જ ન હતાં, છતાં ઘણી વાર આકર્ષણનો અભાવ સંયમને નામે યુવતીઓ ઉપર જાદુ કરે છે. કેટલાય સમયથી મધુકરને શંકા પડી હતી કે જ્યોત્સ્ના સુરેન્દ્ર તરફ ખેંચાતી જાય છે. જ્યોત્સ્નાના શિક્ષક તરીકે પોતાની ગોઠવણ કરી લેઈ મધુકરને સેક્રેટરીપદનો ટુકડો સુરેન્દ્રે ફેંક્યો એટલે એની શંકા નિશ્ચય બની ગઈ. અને મધુકરે જાણ્યું કે સુરેન્દ્રને એક ભલાભોળા મિત્ર કરતાં કુટિલ હરીફ તરીકે ઓળખવો એ જ વધારે સાચું અને સલામત ગણાય.

સદ્ભાગ્યે એક જ વસ્તુસ્થિતિ તેના લાભમાં કામ કરી રહી હતી : જ્યોત્સ્નાનાં માતાપિતાનો કબજો તેનો હતો ! અને અવરજવરની સુરેન્દ્ર કરતાં પણ વધારે મોટી શક્યતા મધુકરને પ્રાપ્ત થઈ હતી. એ લાભનો ઉપયોગ સુરેન્દ્રનો પગ એ ઘરમાંથી ટાળવા માટે જરૂર થઈ શકે એમ હતું. સુરેન્દ્ર જરા ઘરમાંથી ખસે એટલે જ્યોત્સ્નાને ખેંચવામાં મધુકરને કશીયે વાર લાગે એમ ન હતું.

માત્ર... બે મુશ્કેલીઓ તેને દેખાઈ. લાડમાં ઊછરેલી જ્યોત્સ્ના આગ્રહ કરી સુરેન્દ્રને પકડી રાખે તો એનાં માતાપિતા એની મરજી વિરુદ્ધ કાંઈ પણ કરે નહિ. માતાપિતાનું વાત્સલ્ય એકની એક દીકરી ઉપર અઢળક હતું.

અને બીજી અનિશ્ચિતતા શ્રીલતાની ગણાય. એ છોકરી મજબૂત મનની, દૃઢનિશ્ચયી અને અત્યંત ઊર્મિલ હતી. એને જતી કરવી એ કઠણ પ્રશ્ન બની જાય. છતાં એને જેમ જેમ જતી કરવામાં આવશે તેમ તેમ એ સમજી શકશે અને મધુકર તથા જ્યોત્સ્નાનો સંબંધ વધતાં તે જરૂર મધુકરને વચન-બંધનમાંથી મુક્ત કરી દેશે. અને વચન તો... માણસના

હૃદય પ્રમાણે ફરે પણ ખરું ! હૃદયપરિવર્તન એ કાંઈ સદાય પાપ ગણાય નહિ.

રાવબહાદુરના ઘરમાંથી સંધ્યાકાળે નીકળતાં નીકળતાં મધુકરે સુરેન્દ્રને ધમકી આપી હતી. જેનો શરૂઆતનો ભાગ જ્યોત્સ્નાએ પણ છુપાઈને સાંભળ્યો હતો. સુરેન્દ્રને ધમકીની જરૂર ન હતી. ચબરાકીમાં ચઢિયાતો મધુકર સુરેન્દ્ર કરતાં શારીરિક શક્તિમાં વધારે બળવાન હોય એમ સુરેન્દ્ર તો માનતો જ ન હતો; પરંતુ મધુકર સુધ્ધાં માનતો ન હતો. કસરત, સંયમ, ગરીબી અને ખડતલપણામાં શ્રદ્ધા રાખતો સુરેન્દ્ર પોતાના દેહને ખૂબ મજબૂત બનાવી શક્યો હતો. અને મધુકર પણ સહુને સર-સાઈમાં સારો દેખાવ માટે થોડી કસરત અને વધારે ભાગે સફાઈદાર અંગ્રેજી રમત રમતો હતો ખરો; છતાં તેની મોજશોખની ટેવ અને મોટાઈનો પ્રેમ તેના દેહને સુરેન્દ્ર જેવી સુઘડતા આપી શક્યાં નહિ. ધમકી સાંભળી તેની ફરજ સહજ હસી સુરેન્દ્ર તેને મૂકી બીજે રસ્તે ચાલ્યો ગયો હતો. અને જતાં જતાં કહેતો ગયો હતો :

'તારી યોજનામાં મારી સંમતિ છે. તારી ધમકી સાચી પડશે એ દિવસે હું બહુ રાજી થઈશ.'

'સાચું કહે છે ?' મધુકરે પૂછ્યું.

'તું જાણે છે, હું બનતાં સુધી જૂઠું બોલતો નથી.'

'તો તારી સચ્ચાઈની વાત હું કહું જ્યોત્સ્નાને ?'

'હા; શા માટે નહિ ? જોકે મેં ક્યારનીય એ વાત જ્યોત્સ્નાને જણાવી દીધી છે.' એટલું કહી સુરેન્દ્ર મધુકરથી છૂટો પડ્યો અને પોતાના ઘર તરફ આગળ વધી રહ્યો. શ્રીલતાને ખસેડી નાખવાની વિચારશ્રેણી આગળ લંબાય તે પહેલાં જ તેને જાણે ભાસ થયો કે રાત્રિના દીપકપ્રકાશમાં શ્રીલતા જ સામેથી આવતી હતી. મધુકર સહજ ચમક્યો, અને ઝડપથી તેણે પાસેની ગલીમાં થઈને બીજો માર્ગ ગ્રહણ કર્યો. એ માર્ગ સહજ લાંબો હતો અને તેને એ પણ ભાસ થયો કે શ્રીલતાએ તેને જોયો હતો અને કદાચ તેને 'હલ્લો, મધુકર !' જેવી કંઈક બૂમ પણ પાડી હતી, પરંતુ એણે જાણે કાંઈ જોયું ન હોય અને સાંભળ્યું ન હોય એવો દેખાવ કરી આડે રસ્તે ગુમ થઈ જવામાં સલામતી શોધી. અને શ્રીલતાથી બચીને સહેજ લાંબે રસ્તે પોતાને ઘેર પહોંચ્યો.

ઘેર પહોંચ્યો ત્યારે તેનાં માતાપિતા ઘેર જ બેઠાં હતાં. મધુકરની ઉડાઉ રીતભાત પિતાને પસંદ ન હતી એટલે પિતા તો તેની સાથે બહુ વાતચીત પણ કરતા નહિ. જોકે તેને સારી નોકરી મળવાથી તેઓ રાજી થયા

હતા. છતાં તેમણે પોતાનો આનંદ ખાસ વ્યક્ત કર્યો ન હતો. પુત્રે કહેલી નોકરીની હકીકતો તેમણે એકબે વાક્યમાં જ સત્કાર કર્યો :

'સારું થયું તું નોકરીએ લાગ્યો તે. મહિને દિવસે પગારમાંથી તું શું બચાવે છે એ હું જાણીશ ત્યારે તને મુબારકબાદી આપીશ.'

એટલે એ પિતાની સાથે એને બહુ વાત કરવાની તો હતી જ નહિ. પરંતુ માતા તેનાથી બહુ રાજી રહેતી એટલે આવતાં બરોબર તેણે કહ્યું :

'જો, મા ! આટલું મોડું થાય છે. રાવબહાદુર અને તેમનાં પત્ની મને જલદી છોડતાં જ નથી.'

'સારું થયું, સારાં માણસોનો સંગ ફળદાયક હોય છે. ભલે મોડું થાય; પણ એમને નારાજ ન કરતો.'

'મારે લીધે તને જમવામાં વાર થાય છે, નહિ ? મને તો યશોદાબહેને એમને ઘેર જ જમી લેવાનું કહ્યું.' મધુકરે પોતાનું મહત્ત્વ વધાર્યું.

'તો હવે જા, ઉતાવળ કર. કોઈ બહેન તારી રાહ જુએ છે, તારા ખંડમાં... ક્યાંથી આવાં લફરા લઈ આવે છે તું ? માએ છેલ્લું વાક્ય બહુ ધીરે રહીને અને સહજ હસીને કહ્યું.

'કોણ આવ્યું છે, મા ?' મધુકરે પૂછ્યું.

'નામ કહ્યું નહિ, પણ તને મળવા માટે બેસવાની હઠ લીધી. બાકી મેં તો કાલ સવારે આવવાનું કહ્યું હતું.'

મધુકર પોતાના ખંડમાં ગયો અને સફાઈદાર વસ્ત્રોમાં સજ્જ થઈને બેઠેલી શ્રીલતાને જોઈ તે સહજ આશ્ચર્ય પામ્યો. આશ્ચર્યમાં જ તેણે પૂછ્યું:

'શ્રીલતા ! તું ક્યાંથી ? બહુ દિવસે ? અને આમ અચાનક ?'

'તું મળે નહિ એટલે દિવસો બહુ જ થાય. અને રસ્તામાં મારી સાથે તને બોલવું ગમે નહિ એટલે મને એમ લાગ્યું કે હું તારે ઘેર આવીને જ તને મળું.' શ્રીલતાએ કહ્યું.

'શી વાત કરે છે તું, શ્રીલતા ? તું રસ્તામાં મળે અને હું તારી સાથે ન બોલું ?' સામે આરામથી બેસવાનો ડોળ કરી મધુકર બોલ્યો.

'હા. રસ્તામાં મેં તને જોયો; તેં મને જોઈ; મેં તને બૂમ પણ પાડી. પરંતુ તું જુદે જ રસ્તે સંતાઈ ગયો. ખરું કે નહિ ?' શ્રીલતાએ મધુકરની સામે જોઈને કહ્યું.

'હું તને જોઉં અને તને મળ્યા વગર જાઉં એ કદી બને ખરું ?'

'હા, આજે બન્યું. અને હમણાં એવું, એવું બનતું જાય છે કે તને મળવું એ મને ઠીક લાગ્યું.'

'એવું શું બનતું જાય છે ? ભણેલી છોકરીઓ પણ વહેમી બને તો દુનિયામાં રહેવાશે કેમ ? જો, હું તો આ બધી વસ્તુઓ લેવા સારું ગયો હતો અને તું જાણે છે કે જે રસ્તે હું આજે ગયો તે જ રસ્તે આ બધી વસ્તુઓ સારી મળે છે.' કહી તેણે બેસતી વખતે મૂકેલાં કેટલાંક પડીકાં તરફ આંગળી દેખાડી.

'એ તું જાણે. મને તો જે લાગ્યું તે હું કહું છું. અને મને અગર કોઈને પણ તારી રીતભાત એવી જ લાગે એમાં નવાઈ નથી.'

'શાની નવાઈ નથી ?'

'એક અગર બીજે બહાને તું જ્યોત્સ્નાને શોધતો જાય છે, એ જોયા પછી તારા વર્તનની નવાઈ ન જ લાગે.'

'શ્રીલતા ! શાને વહેમાય છે ?' મધુકરે જાણે પોતાને ઘણી લાગણી થઈ હોય એવી ઢબે કહ્યું.

'હું તો કાંઈ વહેમાતી નથી. પણ હવે આજથી તને ચેતવણી આપતી જાઉ છું કે જ્યોત્સ્ના કદી તને પરણે નહિ - તું માથું કૂટીને મરી જાય તોપણ એટલું - ધ્યાનમાં રાખજે.'

'ચાલ, આપણે હવે વાત બદલી નાખીએ. મારાં માબાપ જૂના વિચારનાં છે.'

'તે હું તારા જૂના વિચારનાં માબાપને બધું કહેતી જાઉ ?'

'શું ?'

'કે તેં મને લગ્ન કરવાનું વચન આપ્યું હતું ?'

'શ્રીલતા, માફ કર ! આવી વાત હમણાં મારાં માબાપને કરીશ જ નહિ. મારું ઘર તું જુએ છે. હું તને સારા ઘરમાં - તારે લાયક ઘરમાં રાખી શકું નહિ ત્યાં સુધી લગ્નનો વિચાર મને શરમ ઉપજાવે છે... કદાચ એને લીધે જ હું તને નહિ મળતો હોઉ એમ કેમ ધારતી નથી ?'

'વારુ, મધુકર ! હું તને તક આપતી જાઉ છું... પરંતુ વચનભંગ ન થાય તે જોજે... નહિ તો મારે કળ બળ કરીને વચન પળાવવું પડશે. વચનો વેડફવા માટે ન જ હોય.' કહી શ્રીલતા ઊભી થઈ.

'અરે, અરે !... એમ શું ? ડિયર શ્રીલતા !... જવું છે, એમ ?... હું મૂકી જાઉ ?' કહી શ્રીલતાને વાંસે હાથ મૂકી ખંડના બારણા તરફ મધુકરે તને સાથ આપ્યો. પ્રેમ હોય તોય અને પ્રેમ ન હોય તોય સ્ત્રીપુરુષના પરસ્પર સ્પર્શ આજની દુનિયામાં સોંઘા બનતા જાય છે.

એકાએક મધુકરે પોતાનો હાથ શ્રીલતાને ખભેથી લઈ લીધો. બારણામાં જ મધુકરનાં માતુશ્રી પુત્રને બોલાવવા અને યુવતી સાથેની એકાંત વાતનો અંત લાવવા માટે આવતાં હતાં. હજી ઘરનાં વડીલો દેખતાં પ્રેમઅભિનય કરવાની કક્ષાએ મધુકર પહોંચ્યો ન હતો, અને શ્રીલતા હજી તો પરાઈ છોકરી હતી.

પરંતુ માતાની ચકોર આંખે એ દૃશ્ય અદીઠ તો ન જ રહ્યું. શ્રીલતા અને મધુકર ઘરની બહાર આવ્યાં અને રાત્રિ હોવાથી મધુકરે ફક્ત પૂછ્યું:

'શ્રીલતા ! હું મૂકી જાઉ તને ?'

'ના; હું એકલી જઈશ.' કહી શ્રીલતા મધુકર સામે જોયા વગર ચાલી ગઈ.

મધુકર ઘરમાં આવ્યો એટલે માતાએ પૂછ્યું :

'કોણ હતી એ છોકરી ?'

'છે એક છોકરી. ભણી રહેવા આવી છે. ભણવામાં મારી મદદ માગે છે... ઠીકઠીક પૈસો છે... રાવબહાદુરને ત્યાં દાખલ થયો ન હોત તો મારે એને શીખવવા જવું પડત.'

'પરણેલી છે એ છોકરી ?'

'ના, મા !'

'તે આમ એકલી એકલી રાત્રે રખડ્યા કરે છે ?'

'હજી તો નવ જ વાગ્યા છે, મા ! અહીંથી હજી એ સિનેમા જોવા પણ જાય... અત્યારની ભણેલી છોકરીઓ ભારે હિંમતવાળી ! કોઈથી પણ ડરે નહિ.'

'એ તો મને લાગ્યું જ. તેં ખભે હાથ મૂક્યો તોય એને કાંઈ લાગ્યું નહિ... ચિબાવલી કહીંની !' માતાએ પોતાની દૃષ્ટિ અને અણગમાની સચોટતા દર્શાવ્યાં.

'બા ! દુનિયા એટલી ઝડપથી આગળ વધે છે કે...'

'એ જે થતું હોય તે. આપણે એ ઝડપે જવાની જરૂર નથી.' ઓછું ભણેલી માતાએ આચારવિચારની ઝડપી પ્રગતિ વિશે પોતાનો અભિપ્રાય દર્શાવ્યો. ભણેલી સુધરેલી કહેવાતી માતાઓ પણ પોતાના પુત્રનો નીતિમાર્ગ કડક આંખે જુએ છે. મધુકરની માતા સુધરેલાં કહેવાય એટલું ભણ્યાં ન હતાં.

'અને જો ! પસંદગીની વહુ લાવે તોય આપણા ઘરમાં સમાય એવી

આવજે." વધારામાં માતાએ કહ્યું.

"જરા કમાવા તો દે... પછી આ બધી વાત છે ને ?' મધુકરે માને મુદત આપી.

'આવું પૂછવું અત્યારનાં છોકરાછોકરીનું !... અને આ તો, બાપ ! શી જબરી છોકરી હતી !... કહ્યું કે મધુકર નથી, તોય એ તો બેઠી જ... આટલી સાથે... કહે કે મળીને જ જવું છે !... શી સાડી ઉરાડતી ચાલે છે ! એની સાડીઓ સહ આપણા ઘરમાં ન માય, દીકરા !' માતાએ બહુ જ સ્પષ્ટતા કરી આપી... પુત્રે આપેલી અસ્પષ્ટ ખાતરીને ગણકાર્યા વગર.

પરંતુ પુત્રે માતાને બાંયધરી આપી :

"મા ! હું તને ખાતરી આપું છું. પરણીશ તોય આ છોકરીને તો નહિ જ. પછી કાંઈ ?

પુત્રના લગ્નની વાત માતાઓને તો બહુ જ ગમે છે. મના કરીને પણ પુત્રના લગ્નની કલ્પનામાં માતા રાચે છે. પોતાના ઘરમાં કેવી કન્યા શોભે, કન્યાને પોતે કેવી કેળવણી આપી ઘરરખુ બનાવશે, ધર્મકાર્ય અને સ્વચ્છતાના પાઠો સાસુ તરીકે કેવી ઢબે પઢાવશે, અને બાળઉછેર માટે અણઆવડતવાળી વહુને સાસુ કેમ માર્ગદર્શન કરશે, એ સંબંધી રસભરી ચિતાર પુત્રને જમાડતાં માતાએ કરી. લગ્ન સાથે લગ્નના અનિવાર્ય પરિણામ સરખા સંતાનને પણ યાદ કરી રહેલી માતાની વાતચીત નીતિપ્રેરક ગણી શકાય કે કેમ એ વિચાર કરતા મધુકરે ક્યારનોયે અંતિમ નિશ્ચય નીતિના સ્વરૂપ વિશે કરી જ લીધેલો હતો. નીતિ એટલે ? સફળતા અપાવે એ માર્ગ તે નીતિ ! તત્કાલીન સંજોગોનો ઝડપી અને લાભકારક ઉકેલ આપે એનું નામ નીતિ !

અને કોઈ નિર્બળ ક્ષણે શ્રીલતાની ચમકથી મોહ પામી તેને પ્રેમનું, લગ્નનું અને સહચારનું વચન આપી ચૂકેલો મધુકર તે ક્ષણની ધૂનમાં વચનને દૃઢ કરવા એક સુંદર વીંટી પણ પહેરાવી ચૂક્યો હતો !

હવે એ કાર્યમાં ભૂલ લાગી ! અને શ્રીલતા મધુકરને ભૂલનો ભોગ બનાવે એવી ચીવટાઈવાળી પણ હતી !

સૂતે સૂતે એણે અનેક યોજનાઓ ઘડી. એકે યોજના માફક આવી નહિ. શ્રીલતા એ યોજનાઓમાં ક્યાં તડ પાડી દે એ કહેવાય એમ ન હતું.

અંતે એણે નિશ્ચય કર્યો–

સુરેન્દ્રને દૂર કરવો, જ્યોત્સ્નાથી !

રાવબહાદુરના દિલનો ઝડપી કબજો લેવો !

અને સુરેન્દ્રથી દૂર થયેલી જ્યોત્સ્નાને હાથ કરવી !

મધુકર સરખા સર્વગુણસંપન્ન યુવકને એ બહુ મુશ્કેલ ન કહેવાય.

પછી તો... સહજ... શ્રીલતા આપોઆપ ખરી પડશે... મધુકરના જીવનમાંથી.

## ૧૦

## ચાર આંખ

જ્યોત્સ્નાને મેળવવાનો એક સફળ માર્ગ જડતાં મધુકરને નિદ્રા આવી. રાવબહાદુર અને તેમનાં પત્નીનું મન મનાવવું મધુકરને બહુ મુશ્કેલ ન લાગ્યું. તેમની પાસે ધન હતું, વૈભવ હતો, શોખ હતો, ચાલી શકે એવા સંસ્કાર હતા ને ઠીકઠીક માનપ્રતિષ્ઠા પણ હતાં. હવે બીજું કાંઈ મેળવવાનું રહ્યું ન હોવાથી, હતી એના કરતાં વધારે કીર્તિ મળે એવી રાવબહાદુરને સ્વાભાવિક રીતે જ ઇચ્છા થાય. મબલખ સાધનોનો માલિક કાં તો ગુનાઈત વિલાસ તરફ વળે અગર કીર્તિ પાછળ ફરે. જોકે મોટે ભાગે બન્ને પાછળ એ ફરી શકે એમ હોય છે.

અને રાવબહાદુરે સુખ પણ શોધ્યું અને કીર્તિ પણ શોધી. એ બન્ને તેમને મળ્યાં, પરંતુ મળે એટલાથી સંતુષ્ટ રહે એનું નામ માનવી નહિ. રાવબહાદુર ગિરિજાપ્રસાદનું કુટુંબ પિતૃપક્ષે ગામડાના એક ઘસાઈ ગયેલા જમીનદારનું હતું. પરંતુ એક મિત્રની સોબતમાં તેઓ ભણ્યા અને આગળ પણ વધ્યા. એમના જ ગામડાનો રહીશ મિત્ર પણ ઘસાઈ ગયેલી જમીનદારીનો જ વારસ હતો. એનું નામ હતું કનકપ્રસાદ. ગિરિજાપ્રસાદ અને કનકપ્રસાદ બંને ગમે તેમ કરી ગામડાની બહાર નીકળી સાથે ભણવા માટે શહેરમાં ગયા. ભણતે ભણતે બંનેને રાષ્ટ્રવાદની ઝપટ લાગી ચૂકી. પરંતુ ગિરિજાપ્રસાદને લાગ્યું કે કમાણી વધારી પૈસો ભેગો કર્યા પછી જ રાષ્ટ્રને અસરકારક સહાય આપી શકાય. જ્યારે કનકપ્રસાદે વિચાર્યું કે ધનની લગની લાગતાં રાષ્ટ્રભક્તિ જીવનમાં ગૌણ સ્થાને બેસી જવાનો પૂર્ણ સંભવ મનાય. આ મતભેદમાંથી બંને મિત્રોના માર્ગ અને જીવન જુદાં પડી ગયાં. કનકપ્રસાદને ચાહવા લાગેલી એક રૂપાળી યુવતી કનકના ભયંકર ભાવિનો વિચાર કરી, ડહાપણ વાપરી કનક પાસેથી ખસી ગઈ અને ગિરિજાપ્રસાદને પરણી. જ્યારે રાષ્ટ્રભક્તિની ઘેલછાને સ્વીકારી લીધેલી એક યુવતીએ માતાપિતાની મરજી વિરુદ્ધ કનક સરસા અસ્થિર જીવન ગુજારતા યુવક સાથે લગ્ન કરી લીધાં.

એ વાત હવે બહુ જૂની થઈ ગઈ ને લગભગ ભુલાઈ પણ ગઈ.

ગિરિજાપ્રસાદનો ભાગ્યસિતારો વધારે અને વધારે તેજથી ચમકવા લાગ્યો અને કનક તો દેશસેવાની ધૂનમાં કૈંક કાવતરામાં સંડોવાઈ કેદમાં ગયો, અને કેદમાં ન હોય તો ત્યારે ભૂગર્ભમાં અદૃશ્ય થતો ગયો. એની પત્ની અને એનો એક પુત્ર કદી કદી ગિરિજાપ્રસાદને મળતાં; પરંતુ ધીમે ધીમે એ સંબંધ પણ ઘસાઈ ગયો. કનકની પત્નીને કે પુત્રને સઘન બનતા જતા ગિરિજાપ્રસાદને આર્થિક કે સામાજિક સહાયની બહુ ગરજ હોય એમ લાગ્યું નહિ. મોટા બનતા જતા માનવીના નાનપણના મિત્રો ભુલાઈ જ જાય છે - ભુલાવા માટે જ સર્જાયા હોય છે. ભૂલવાપાત્ર માનવીઓ ભુલાઈ જાય અને ઊંચે ચડવાપાત્ર માનવીઓ ઊંચે ચડે એ વિશ્વક્રમ અનુસાર ગિરિજાપ્રસાદ ઊંચે ચડતા ગયા અને મિત્ર કનક અને તેનું કુટુંબ ધીમે ધીમે વિસરાઈ ગયું. વર્ષો સુધી 'પરસ્પર ન મળવાને કારણે ઓળખાણ ન જ રહે એ સમજી શકાય એમ હતું. કદી સ્મરણમાં કનક ધસી આવતો, પરંતુ તે ઝડપથી પાછો નીકળી જતો. ગિરિજાપ્રસાદ ધનિક બન્યા, બંગલો અને કારના માલિક બન્યા, અંગ્રેજી અમલમાં રાવબહાદુર બન્યા, અને દેશ-સેવકોને મદદ કરવાની આછીપાતળી શંકા તેમના ઉપર આવી ન હોત તો તેઓ 'સર' પણ બન્યા હોત.

આમ તેઓ સર્વાંશે સુખી હતા. માત્ર તેમને એક જ દુઃખ હતું. રાવબહાદુરને પુત્ર ન હતો; એક પુત્રી હતી. પરંતુ તેમણે અને તેમનાં પત્નીએ થોડા સમય પુત્રહીનતાનું દુઃખ અનુભવી અંતે પુત્રીમાં જ પરમ સુખ માની લીધું હતું. પુત્રી દેખાવે ઘણી સારી હતી; ભણવામાં પણ એની પ્રગતિ સંતોષકારક હતી; સહજ અતડી રહેતી હોવાથી મિત્રો અને બહેનપણીઓના અતિ સહવાસથી તે દૂર રહેતી, અને તેને લીધે અનેક પ્રસંગો, કુથલીઓ અને આક્ષેપોથી હજી તેનું નામ અળગું રહ્યું હતું. પુત્ર-પુત્રીનાં લગ્ન એ માબાપની દખલનો વિષય ભલે ન બને, માબાપની સત્તાના વર્તુલમાં એ ભલે ન આવે, છતાં માબાપની કાળજી અને ચિંતાનો પણ એ વિષય ન બને એમ માનવું એ માબાપના વાત્સલ્યની કિંમત ન સમજવા સરખું છે. રાવબહાદુરને અને યશોદાને જ્યોત્સ્ના માટે યોગ્ય વર શોધવાનું મન થાય એ સ્વાભાવિક હતું. પરંતુ હજી સુધી તેમને નજરમાં એવો કોઈ યુવક આવ્યો લાગ્યો ન હતો, અને જ્યોત્સ્ના તો જાણે પ્રેમ સરખી દુનિયા છે જ નહિ એવો ભાસ આપી માતાપિતાના સ્વાસ્થ્યને ધક્કો આપતી જ નહિ - જોકે વયે આવતાં પુત્રપુત્રી પ્રેમદુનિયાને ન ઓળખે એવાં ભોળાં હોય છે એમ માનનાર માતાપિતા ભુલભુલામણીમાં જ રમે છે !

એકાએક વિચિત્ર ઢબે આ નાનકડા સુખી કુટુંબમાં બે યુવકોએ

પ્રવેશ કર્યો : સુરેન્દ્ર અને મધુકરે. જ્યોત્સ્નાની ઈચ્છા એકલા સુરેન્દ્રના જ પ્રવેશ પૂરતી મર્યાદિત હતી. પરંતુ સુરેન્દ્રે જે મધુકરને આ કુટુંબમાં સ્થાન અપાવ્યું. જે સ્થાને મધુકર હતો એ સ્થાન માટે એ કેટલો સુયોગ્ય હતો એ મધુકરે જોતજોતામાં પુરવાર કરી આપ્યું. રાવબહાદુર અને યશોદા બંને તેનાથી સતત પ્રસન્ન રહેતાં અને વાજબી સમય કરતાં પણ વધારે સમય સુધી તેને રોકી રાખી કદી કદી જમવામાં પણ સાથે રાખી તેના ઉપરના વધતા જતા સદ્ભાવની પ્રતીતિ આપતાં હતાં. એ સદ્ભાવ સતત વધતો રહે એ માટેના રસ્તા પણ ચબરાક મધુકરને ઝડપથી જડી આવતા હતા.

મધુકરના આવ્યા પછી રાવબહાદુરની 'ઑફિસ રૂમ' - લેખનખંડ વધારે જીવંત બન્યો હતો. અને રાવબહાદુર ત્યાં વધારે સમય ગાળતા. એક દિવસ પોતાના નામનો મહિમા સાંભળવાના શોખમાં બેઠેલા રાવબહાદુરની સામે મધુકરે વર્તમાનપત્રોની થોડીક કાપલીઓ મૂકી દીધી. રાવબહાદુરે પૂછ્યું :

'શું લાવ્યા, મધુકર ?'

'આપની છબીઓ ! આજનાં બધાં જ પત્રોમાં એ આવી છે.' મધુકર કાપલીઓ છૂટી પાડતાં કહેતો.

'એમ ? જોઉં !' કહી રાજી થતા રાવબહાદુર બહુ જ ઉત્સાહપૂર્વક એકએક છબી જોઈ રહેતા, જોકે પોતાને પોતાનું મુખ વારંવાર જોવું ગમતું નથી એમ સહુ કોઈ કહ્યા કરે છે ખરાં !

વર્તમાનપત્રોમાં આવતી છબીઓ ભાગ્યે જ આકર્ષક હોય છે. એનાં બે મુખ્ય કારણો : એક તો છબી પ્રસિદ્ધ કરાવનારનું મુખ સદા સર્વદા આકર્ષક હોતું નથી. પોતાની અંગત આંખ સિવાય બીજાની આંખે પણ રૂપાળી લાગે એવી સોમાંથી બે વ્યક્તિઓ પણ ભાગ્યે જ નીકળી આવે - પુરુષોમાં જ નહિ, સ્ત્રીઓમાં પણ ! એટલે સો છબીઓમાંથી એક જ મુખ છબીમાં જોવું ગમે એવું હોય છે. બીજું કારણ એ વર્તમાનપત્રોના મોટા ભાગને છબીઓ સારી ઊતરે એના કરતાં બીજાં વધારે મહત્ત્વનાં કામો કરવાનાં હોય છે. રાવબહાદુરની બધી જ છબીઓ સારી ન હતી એમ જોનારને ભલે લાગે, પરંતુ રાવબહાદુરને એવું ખાસ લાગ્યું નહિ. તેમણે પોતાની છબીઓ ત્રણ વાર જોઈ અને અંતે મધુકરને તેમણે કહ્યું પણ ખરુંઃ

'આ છબીઓ યશોદાને બતાવજો.'

'બતાવી દીધી, સાહેબ !' મધુકરે ત્વરાથી ઉત્તર આપી પોતાની બાહોશીની એક વધારે છાપ પાડી. ચબરાક માનસ જોતજોતામાં સમજી જાય છે કે મોટા માણસોની કૃપા મેળવવાનો માર્ગ મોટા માણસોના જનાન-

ખાનામાં થઈને જ લંબાય છે.

'જ્યોત્સ્નાને બતાવી ?'

'બતાવીશ... આપની આજ્ઞા હશે તો.'

'એમાં આજ્ઞા શી ? એને જરૂર ગમશે.' રાવબહાદુરે કહ્યું.

'હમણાં વાંચે છે વધારે... બારણાંયે બંધ રાખીને. સુરેન્દ્ર સિવાય કોઈ પાસે જાય એ હમણાં, આ પરીક્ષાવાંચનના દિવસોમાં એ પસંદ ન કરે એ સ્વાભાવિક છે. એમની ફુરસદ જોઈ હું બતાવીશ.'

'તમે જાઓ એમાં હરકત નથી. અને તમે તો એના મિત્ર પણ છો.' પોતાને કોઈના પણ ઉપર વહેમ નથી એવી પ્રગતિશીલતાની છાપ પાડવાના ઘણા માણસોને હોંશ છે.

મધુકરે જ્યોત્સ્નાનાં માબાપની આમ પ્રસન્નતા પણ મેળવવા માંડી; સાથે જ્યોત્સ્ના અને સુરેન્દ્રનો સંબંધ તોડવાનો મોરચો પણ શરૂ કરી દીધો.

કોઈ દિવસ એકાદ મહત્ત્વના વર્તમાનપત્રને રાવબહાદુર સામે મૂકી મધુકર કહેતો :

'આપના આખા વ્યાખ્યાનને વર્તમાનપત્રોએ આજે ઉતાર્યું છે.'

વર્તમાનપત્રોને એટએટલી વિવિધતા સંઘરવાની હોય છે કે ભાષણકારોનાં આખાં ભાષણો તેઓ ભાગ્યે જ રજૂ કરી શકે. આખું વ્યાખ્યાન વર્તમાનપત્રોમાં કોઈનું આવે તો જાણી લેવું કે એ કોઈ પ્રધાનનું ભાષણ હશે અગર જાહેરખબરના ભાવ આપી પોતાની વાણીને કિંમતી બનાવનાર કોઈ ધનિકનું ભાષણ હશે.

'એમ ? જોઉં !' રાવબહાદુર રાજી થઈને પત્ર હાથમાં લેતા.

'એટલું જ નહિ... આપના વ્યાખ્યાન ઉપર તો અગ્રલેખ પણ આવ્યો છે.' મધુકરે કહ્યું.

વાણીના ધોધમાર ઉપયોગમાં અગ્રલેખ માગે એવું ભાગ્યે જ ઉચ્ચારણ થતું હોય છે. પરંતુ અગ્રલેખ પણ વર્તમાનપત્રનો મહત્ત્વનો ભાગ ગણાય. કદી કદી કોઈના ઉચ્ચારણને મહાવાક્ય માની એના ઉપર અગ્રલેખરૂપી મીમાંસા અધિપતિઓને લખવી પણ પડે છે. અગ્રલેખ માગે એવો ઉચ્ચાર બહુ થોડાનો જ હોય છે, અને એ મહત્ત્વ જેને મળે તેણે પોતાના આકાશમાં સોનાનો સૂરજ ઊગ્યો એમ જ માનવું જોઈએ. રાવબહાદુરે આજ એમ માની લીધું.

નામના મેળવવી, કીર્તિ મેળવવી, લોકોની દૃષ્ટિ સમક્ષ આવ્યા કરવું અને લોકોની જીભે ચઢી રમતું એ જૂના યુગ જેવું આજ મુશ્કેલ નથી. જૂના

યુગમાં કીર્તિ મળે કોઈ વીરને, સંતને, સતીને કે દાનેશ્વરીને. આજ કીર્તિ મેળવવા કોઈએ વીર બની માથું કપાવવાની જરૂર નથી, સંત બની સ્વાર્થત્યાગ કરવાની જરૂર નથી, સતી બની ચિતા ઉપર ચઢવાની જરૂર નથી. ધન તો એક પાસ એટલું ઊભરાવી શકાય છે કે કંજૂસમાં કંજૂસ માનવી પણ આજ દાનેશ્વરી સહેલાઈથી બની શકે એમ છે. એને ધન વૈભવનો જરાય ત્યાગ કરવાની જરૂર નથી. ધન જ એને વીર, સંત, સતિયો અને દાનેશ્વરી બનાવી શકે એમ છે.

કીર્તિશોખીનોને કીર્તિનો પ્રકાશ બહુ સ્થાનેથી મળી શકે એમ છે. સભાઓ અને સમાજો જોઈએ એટલા પ્રમાણમાં સ્થપાય છે, ઉથાપાય છે અને નવા સર્જાય છે. પ્રત્યેક સભાને શોભાવવા માટે પ્રમુખ તો જોઈએ જ. એ સનાતન કીર્તિસ્થાન ઉપર બિરાજી કાંઈ પણ કર્યા વગર એકાદ ભાષણ કે આછુંપાતળું દાન કરીને કીર્તિ મેળવી શકાય છે. લગભગ બધી જ સભાઓ અને બધાય સમાજના ઉદ્દેશો તો સેવાના જ હોય છે - જેમાં જાત પહેલાં સેવાનો મુદ્રાલેખ આપતી ભપકાદાર રોટરી ક્લબ હમણાં હમણાં સમાજોનો મુગટમણિ પણ બની રહી છે. સેવા શી થઈ છે એ તો ઊજળાવાજળા ચા-ખાણમાં મશગૂલ રહી કદી કૃપા કરી ભાષણો સાંભળતા રોટેરિયન બંધુઓ જાણે ! પરંતુ જાત પહેલાં સેવા -'Service before self' સરખો મુદ્રાલેખ પણ આપવો એ નાની સેવા ન જ કહેવાય! રાવબહાદુરને ધાર્યા કરતાં વધારે કીર્તિ મળવા લાગી અને મધુકરની સહાય મળતાં સભાઓના પ્રમુખપદ, વક્તાપણું, મુલાકાત, અભિપ્રાય અને વર્તમાનપત્રોની જાહેરાત વડે કોઈ પણ કીર્તિવાંછુને સંતોષ થાય એટલી કીર્તિ રાવબહાદુરને મળવી શરૂ થઈ ગઈ.

રાવબહાદુરને તો કીર્તિ મળે એ સમજી શકાય પરંતુ મધુકરની દક્ષતા યશોદાબહેનને પણ કીર્તિના તેજવર્તુલમાં લાવી શકી. મુલાકાતો પણ વધી પડી, અને બપોરના ચારના ટકોરા થાય એટલે મધુકર આરામ લેતાં યશોદાબહેન પણ ખબર લાવે :

'હવે સ્ત્રીમંડળના સભ્યો આપની મુલાકાતે આવવા જોઈએ.'

'ક્યાં આ જંજાળ તમે ઊભી કરી, મધુકર !' યશોદાબહેન અણગમો બતાવી કહેતાં. જોકે મુલાકાતે આવનારી સ્ત્રીઓની રાહ જોતાં ખરાં !

'મોટાઈની પણ કિંમત આપવી પડે, યશોદાબહેન !'

'આપણે નથી મોટાં થવું.' યશોદાબહેન કહેતાં. મોટાઈ પ્રાપ્ત કરનારને મોટાઈ ગમતી નથી એમ કહેવું ઠીક ઠીક સહેલું અને સોહામણું છે.

પરંતુ યશોદાબહેન કરે પણ શું ! એમને માથે લોકો મોટાઈ ફેંકી જતાં હોય ત્યાં તેમનો ઈલાજ પણ શો ?

ચારેક સુખી, શરીરે ઠીકઠીક પુષ્ટ અને અઠવાડિયે એક વાર સમાજમાં મળી ભાષણ કરી અગર સાંભળી - અને તે નહિ તો ગેરહાજર બહેનોની ગુપ્ત વાત કરી સંતુષ્ટ રહેતાં સમાજસેવી સન્નારીઓ યશોદાબહેનની મુલાકાતે આવી જ ચઢતાં અને શીવણવર્ગની સ્થાપના, પાપડની પરીક્ષા, સુવાવડમાં મજૂર સ્ત્રીઓને મળવી જોઈતી રજા, બાળસંમેલનની તારીખ અને ઊંધિયા-પાર્ટીનું સ્થળ તથા પ્રમુખસ્થાન જેવા મહત્ત્વના પ્રશ્નોનો નિર્ણય યશોદાબહેનની સલાહ અનુસાર લેવાતો પણ ખરો.

નવાઈની વાત તો એ હતી કે હવે રાવબહાદુર તથા યશોદાબહેન બન્ને વ્યાખ્યાનો પણ કરી શકતાં ! આજના યુગમાં જેને બોલતાં ન આવડે એ બાજુએ રહી જાય છે... ને એક વાર હિંમત કરનારને સમજાય છે કે વ્યાસપીઠ ઉપર ચઢી ભાષણ કરવું એના જેવી સહેલી કળા બીજી એક નથી... મનમાં ચાલતી ઘટમાળ જીભે ઉતારવી અને જીભે ચઢેલો લવારો વ્યાસપીઠે ચડાવવો એનું નામ ભાષણ !

આ કાર્યક્રમ મધુકરના આવ્યા પછી નિત્યનો બની ગયો હતો, અને સાંજની બગીચાની ફેરણી પણ આવશ્યક બની રહી હતી. બહુ મુલાકાતો પછી ઊપજતો કંટાળો નિવારવા રાવબહાદુર અને યશોદાબહેન મધુકરને કારમાં સાથે લઈ ફરવા જતાં. હમણાંની જ્યોત્સ્ના તેમની સાથે ફરવા ન જતાં ઘેર બેસી રહી અભ્યાસમાં જ પરોવાયેલી રહેતી. કોઈ કોઈ વાર માતા પોતે જાતે જઈને અગર મધુકરને મોકલી પુત્રીને સાથ આપવા કહાવતી, પરંતુ જ્યોત્સ્ના મોટે ભાગે ના પાડતી, એકલી બેસી વાંચતી અગર લાંબા સમય સુધી સુરેન્દ્ર પાસે બેસી પુસ્તકો ઉથામતી.

જ્યોત્સ્નાનો અભ્યાસખંડ પણ અત્યંત સુંદર હતો. સફાઈભરી બિછાયત, પુસ્તકો અને વસ્તુઓની સુશોભિત ગોઠવણી, છબીઓની પસંદગી, ફૂલદાની અને ધૂપ, જરૂર પૂરતી ઠંડક અને આંખને વાગે નહિ એવું અજવાળું જ્યોત્સ્નાના અભ્યાસખંડને આદર્શ નિવાસ બનાવી દેતાં હતાં. ખંડની ખુલ્લી જમીન ઉપર સુંદર ફૂલપાથર્યો બગીચો વિસ્તરી રહ્યો હતો. ખંડના સૌંદર્યથી આંખ જરા કંટાળે તો બહાર નિહાળે, અને બહારની લીલોતરી તથા પુષ્પોની રંગીન જ્યોત એ કંટાળેલી આંખને જુદું જ સૌંદર્ય બતાવે !

એકનું એક સૌંદર્ય પણ કંટાળો ઉપજાવતું જ હશે, નહિ ?

તે સિવાય સાધનસંપન્ન માનવી આટઆટલા સૌંદર્યને, શોભાને પોતાની આસપાસ કેમ ખડકતાં હશે ? અને કદાચ સૌંદર્યની અતિશયતા સૌંદર્યને, પણ કદરૂપું બનાવી દેતી હશે ખરી ? નહિ તો જ્યોત્સ્નાના ખંડને દિપાવે એવા મધુકરને સ્થાને વસ્ત્રસૌંદર્યનો વિરાગી સુરેન્દ્ર શા માટે ત્યાં બેઠેલો હોવો જોઈએ ?

એક સીધી ખુરશી ઉપર અત્યારે સુરેન્દ્ર બેઠો હતો અને એક પુસ્તકમાંથી જ્યોત્સાનાને નોંધ લખાવતો હતો. જ્યોત્સ્ના આરામખુરશી ઉપર સામે બેઠી હતી અને બન્નેની વચમાં એક નાની ટીપોઈ પડી હતી. સુરેન્દ્રની આંખ પુસ્તકમાં હતી છતાં એણે જોયું તો જ્યોત્સ્ના પગ સહજ હલાવી રહી હતી. સુરેન્દ્રે પુસ્તકમાંથી આંખ ઊંચકી સીધું જોયું તો જ્યોત્સ્ના નોંધ લખતી બંધ પડી હતી, અને નોંધપુસ્તકને બાજુએ મૂકી માથાની વેણીનું એક ફૂલ તોડી ટીપોઈ ઉપર મૂકી રહી હતી. બહુ વાંચીને કંટાળતી જ્યોત્સ્ના અભ્યાસ બંધ રખાવવા આવાં આવાં ચિહ્નોનો ઉપયોગ કરતી. સુરેન્દ્ર સમજ્યો અને જ્યોત્સ્નાને તેણે પૂછ્યું :

'આગળ વાંચવું નથી, જ્યોત્સ્ના ?'

'ના.' જ્યોત્સ્નાએ જવાબ આપ્યો.'

'હવે થોડો જ ભાગ વાંચવાનો રહ્યો છે. જરા વારમાં પુસ્તક પૂરું થઈ જશે.'

'વાંચવા માટે પુસ્તક સિવાય બીજું કંઈ જ સર્જાયું નહિ હોય, સુરેન્દ્ર?' જ્યોત્સ્નાએ પૂછ્યું.

'શા માટે નહિ ? કલાકારો રંગરેષાને વાંચે, પ્રકૃતિપ્રેમીઓ વૃક્ષપુષ્પને વાંચે, કવિઓ માનવ ઊર્મિઓને વાંચે અને ફિલસૂફો સમાજઘટનાને વાંચે. જેવી જેની આંખ.' સુરેન્દ્રે એક શિક્ષકની અદાથી સમજૂત આપી.'

'તને આંખ છે ખરી, સુરેન્દ્ર ?' જરા રહી જ્યોત્સ્નાએ પૂછ્યું.

'હા, પુસ્તક વાંચવા પૂરતી - અહીંને માટે...' સુરેન્દ્રે જવાબ આપ્યો.

'એટલે... તને એક જ આંખ છે... જે પુસ્તક જ વાંચી જાણે છે.' જ્યોત્સ્નાએ કહ્યું.

'મને બે આંખો છે, જ્યોત્સ્ના... અને તે બહુ બહુ દૂર સુધી જોઈ શકે છે.' સુરેન્દ્રે વિસ્તારથી જવાબ આપ્યો.

'એમ જ હોય તો તને ઈશ્વરે ચાર આંખ આપવી જોઈતી હતી.'

'કેમ એમ ? સહુ માનવીથી જુદી જ રચના ? મારે માટે ?'

'તારે માટે ખાસ રચના જરૂરી છે. તારી બે આંખો તો સાથે ઊઘડે

અને જુએ; પરંતુ બીજી બે આંખો એટલા માટે કે તારી બે આંખને ક્યારે શું જોવું તે શીખવે !' જ્યોત્સ્નાએ કહ્યું.

સુરેન્દ્રના હાથમાંથી મોટું પુસ્તક હતું. જ્યોત્સ્નાની વાત સાંભળી એ પુસ્તક સુરેન્દ્રના હાથમાં પડી ગયું.

'તારે હાથ પણ ચાર જોઈએ એમ લાગે છે !' હસીને જ્યોત્સ્નાએ કહ્યું. જ્યોત્સ્ના - ભાગ્યે જ હસતી જ્યોત્સ્ના - હમણાંની હસતી થઈ હતી.

## ૧૧

## ચાર આંખો

હાથમાંથી પુસ્તક પડી જાય એટલો કંપ પુરુષના હૃદયની કોઈ ઉષ્માને ઓળખાવે ખરો. સુરેન્દ્રના હૃદયમાં ક્યો ભાવ જાગ્યો હશે ?... જેણે એનાં મજબૂત આંગળાંને હલાવી નાખ્યાં ? પ્રેમ ન હતો ? ભય હતો ? જ્યોત્સ્નાનો ?

'સરસ સૂચન ! આંખ પણ ચાર અને હાથ પણ ચાર ! એકાદ ચિત્ર કાઢી જોજે - ઘણાં ઠઠ્ઠાચિત્રમાં કામ લાગશે.' સુરેન્દ્રે પુસ્તક પડી ગયાનો પ્રસંગ સાચવી લેવા હસીને કહ્યું.

'ચિત્ર તો કોણ જાણે !... પરંતુ કહે તો તારી છબી પાડી લઉં.' જ્યોત્સ્નાએ કહ્યું અને તે ઊઠીને ઊભી થઈ - જાણે કબાટમાંથી 'કૅમેરા' કાઢવા જતી હતી.

'તો... જ્યોત્સ્ના ! વાંચવાની તારી ઈચ્છા નથી.... હું હવે જાઉં !'

'જજે. જવાય છે હવે... જરા બેસ.' કહી જ્યોત્સ્ના ખરેખર એક સુંદર કબાટ પાસે ગઈ અને કૅમેરાને બદલે એક સુંદર સીસામાંથી 'ટમાટા'નો વિશિષ્ટ સ્વાદવાળો 'સૂપ' એક પ્યાલીમાં કાઢી લેઈ આવી અને એ સુરેન્દ્રની સામે મૂકી તેણે કહ્યું :

'લે, આટલું પી જા. કેવો નબળો પડી ગયો છે તું ? દોરવા લાયક !'

સુરેન્દ્રે જરા વ્યગ્રતા અનુભવી કહ્યું :

'તું જાણે છે. જ્યોત્સ્ના ! કે હું કાંઈ જ પીતો નથી. ગળી ચીજ તો નહિ જ. અને...'

'અને બને કાંઈ નહિ, આટલું ચાખી જજો' કહી જ્યોત્સ્નાએ પ્યાલી ઉઠાવી બળજબરીથી સુરેન્દ્રના હાથમાં મૂકી દીધી અને પોતે પણ એક પ્યાલી ભરી સીસા સાથે આવી સુરેન્દ્રની સામે બેસી 'સૂપ' ચાખવા લાગી.

સુરેન્દ્ર પ્યાલી હાથમાં લઈ જરા વાર બેસી રહ્યો. જ્યોત્સ્ના એને વાંકી આંખે જોયા કરતી હતી. એણે બેસી રહેલા સુરેન્દ્રના પગને પોતાનો પગ સહજ અડકાડી કહ્યું :

'હવે જાગી જા. આ ગળી ચીજ નથી. નથી એ શરબત કે નથી એ

આસવ. ચોખ્ખા ટમાટાનો રસ છે - ગળ્યો નહિ... ખારો ખાટો... પીવા માંડ.'

સુરેન્દ્રે આકાશમાં સ્થિર કરેલી દૃષ્ટિ ફેરવી જ્યોત્સ્ના ઉપર સ્થિર કરી અને કહ્યું :

'જ્યોત્સ્ના ! કાંઈ ભૂલ તો થતી નથી ને ?'

'જરા નવીનતાને ઓળખતો થા હવે. મારા ઉપર વિશ્વાસ રાખ. હું સાચું જ કહું છું, એ ટોમેટો સૂપ જ છે.'

'એ તો હું જાણું છું.' કહી સુરેન્દ્રે પણ પ્યાલીમાંથી નાનકડો ઘૂંટડો લીધો.

'ત્યારે તું બીજી કયી વાત કરે છે ?' જ્યોત્સ્નાએ પૂછ્યું.

'મારે સ્પષ્ટતા કરવી પડશે ?'

'હાસ્તો, તે સિવાય મારી ભૂલ સમજી શકાય કેમ ?'

'તો હું એમ કહું છું...'

'કહે તો ખરો ? અટકી કેમ જાય છે ?' અટકી ગયેલા સુરેન્દ્રની વાણીને વળ આપતાં જ્યોત્સ્ના બોલી.

'ખોટું ન લગાડીશ... પણ હું એમ પૂછું છું... તારું હૃદય તો... કાંઈ ભૂલ નથી કરતું ને ?' સહજ અચકાતે અચકાતે સુરેન્દ્રે પૂછ્યું.

જ્યોત્સ્ના એકાએક ઊભી થઈ ગઈ, અડધો રસ - પીધેલી પ્યાલી એણે ટીપોઈ ઉપર મૂકી દીધી અને સુરેન્દ્ર સામે જોઈ ઠપકો આપતાં તેણે કહ્યું :

'તને જોઈ કોઈનાં હૃદય વાંચતાં આવડ્યાં હોત તો...'

'તો શું થાત ?'

'તું તારી આસપાસ વૃન્દાવન રચી શક્યો હોત !' જ્યોત્સ્ના બોલી અને સુરેન્દ્રની સામેથી એણે દૃષ્ટિ ખસેડી લીધી. સુરેન્દ્ર પણ દૃષ્ટિ ફેરવી રહ્યો હતો. થોડી ક્ષણ એને પણ શો જવાબ આપવો તેની સમજ પડી નહિ. પછી જવાબ આપતાં સુરેન્દ્રે કહ્યું :

વૃન્દાવન કોણ રચી શકે એ તું જાણે છે, જ્યોત્સ્ના ?'

'મેં તો તારું નામ દીધું... તને એ નામ ન ગમતું હોય તો બીજું નામ દે... માત્ર મધુકરને સંભારીશ નહિ.'

'વૃન્દાવનની રચના તો મધુકરે નહિ, હુંયે નહિ અને કોઈએ કરી શકે નહિ. એ કરી શકે માત્ર કૃષ્ણ... બાલબ્રહ્મચારી... યોગેશ્વર.'

'તું કૃષ્ણ છે કે નહિ એની મને ખબર નથી... ઘણું કરીને તું નથી જ.'

જ્યોત્સ્ના હસતે હસતે બોલી.

'ખરું ને ? મારી મર્યાદાઓ જોતી ચાલ.'

'બીજી તો કયી મર્યાદા ? તું કૃષ્ણ ભલે ન હોઉં પણ તું... બાલ-બ્રહ્મચારી તો જરૂર છે... યોગેશ્વર નહિ તો યોગી તું જરૂર છે.'

'તને જે લાગે તે ખરું. છતાં... મારા વૃન્દાવનમાં દૂધદહીંની મટુકીઓ અને ગોરસ નથી, સહુની છત્રછાયા બને એવો ગિરિરાજ ગોવર્ધન નથી, રાસની રમઝટ નથી, કૃષ્ણની બંસરી નથી... સમજી, જ્યોત્સ્ના ?'

'તો તારા વૃન્દાવનમાં છે શું ?'

'મારા વૃન્દાવનમાં તો ગરીબી છે, આંસુ છે, ભૂખ છે, નિશ્વાસ છે, કરાલ રુદન છે.' સુરેન્દ્ર જરા જુસ્સાથી બોલી ઊઠ્યો અને પછી ઊભો થયો. જ્યોત્સ્ના પણ સાથે જ ઊભી થઈ અને એણે પૂછ્યું :

'સુરેન્દ્ર ! મને બતાવીશ તારું એ વૃન્દાવન ? મારે એ બધુંય જોવું છે અને સાંભળવું છે.' જ્યોત્સ્નાએ પણ ઊભા થઈ કહ્યું.

સુરેન્દ્રના મુખ ઉપર અશ્રદ્ધા, અવિશ્વાસ અને અણભરોંસો સ્પષ્ટ તરી આવ્યાં. એણે કહ્યું :

'જ્યોત્સ્ના ! માફ કરજે... પણ તને હું બતાવીશ તોય એ વૃન્દાવન તને ભાગ્યે જ દેખાય. તારી દુનિયા જ જુદી છે.'

'ભલે જુદી રહી, તું એ બંને દુનિયા જોઈ શકે તો હું કેમ ન જોઈ શકું ? મારે પણ આંખ નથી શું ?'

'હવે... હું તને કહી શકું કે એ દુનિયા જોવા માટે ચાર આંખની જરૂર છે ?' સહજ હસીને સુરેન્દ્રે જ્યોત્સ્નાના શબ્દો જ એને પાછા આપ્યા.

'થઈ જશે ચાર આંખ. બે મારી તો છે જ; તારી બે આંખ મને જરા ઉછીની આપજે.' જ્યોત્સ્નાએ પણ સામે હસીને કહ્યું.

'કોઈની ઉછીની આંખે એ ન દેખાય, જ્યોત્સ્ના !'

'તોય હું આવીશ તારી સાથે. મારે એ દુનિયા જરૂર જોવી છે.'

'મારી સાથે ? ઘેલી ! હું તો પગે ચાલતો માણસ !'

'પગ તો મારેયે છે... અને હુંયે ચાલું છું પગથી જ. ચાલ, હું તને મૂકી જાઉં... જ્યાં જવું હોય ત્યાં...' કહી પ્યાલી બાજુએ મૂકી જ્યોત્સ્ના સુરેન્દ્ર સાથે જવા તૈયાર થઈ. ધનિકોનાં ગૃહવસ્ત્રો જ એવાં હોય છે કે જે ગરીબોનાં લગ્નવસ્ત્રો કરતાં વધારે સારાં હોય. આમ નિત્ય તો એક કલાકે તૈયાર થનાર જ્યોત્સ્નાને અત્યારે તૈયાર થવાની જરૂર જ લાગી નહિ. દિવસનો

ત્રીજો પ્રહર વીતી ગયો હતો. સુરેન્દ્રની જરાય ઈચ્છા ન હતી કે જ્યોત્સ્ના એની સાથે આવે. અને એની આંખમાં એ નામરજી સ્પષ્ટ દેખાઈ આવી.

'મારા ઘરની હદ સુધી તો મને આવવા દઈશ ને ?' હસીને જ્યોત્સ્નાએ પૂછ્યું, અને બન્ને જણ અભ્યાસખંડમાંથી બહાર આવ્યાં.

એકાએક સામે મધુકર ઊભેલો દેખાયો. જાણે આશ્ચર્ય પામ્યો હોય એમ એણે પૂછ્યું :

'ક્યાં જાઓ છો બન્ને જણ ?'

'મધુકર ! તું કેમ મારા ઉપર હમણાંનો પહેરો રાખે છે ?' જ્યોત્સ્નાએ અણગમતું હસીને પૂછ્યું.

'પહેરો ? તારા ઉપર ?... તું સુરેન્દ્ર સિવાય કોઈને તારા ખંડમાં આવવા જ ક્યાં દે છે ?'

'આ તું અત્યારે જ આવી શક્યો ને ? કોણે તને રોક્યો ? બોલ, કેમ આવવું થયું... મારે જરા કામ છે...'

'રાવબહાદુરે આ બધી છબીઓ અને લેખ તારે માટે મોકલ્યાં છે... મારે તને બતાવવાં પડશે. મધુકરે કહ્યું.

'મૂકી જા. હું આવીને જોઈ લઈશ.'

'પણ... તારે તો અમારી બધાંની સાથે આવવાનું છે... એ કહેવા મને મોકલ્યો છે.'

'આજ નહિ.'

'મારે સુરેન્દ્રની સાથે જવું છે.'

'ક્યાં ?'

'એ ન પૂછે તો નહિ ચાલે ?'

'મારે રાવબહાદુરને કહેવું પડશે ને ? યશોદાબહેન પણ તારી રાહ જુએ છે.'

'કહેજે ને કે મારી કાર લેઈ હું ફરવા નીકળી ગઈ છું.'

'પણ તું તો સુરેન્દ્ર સાથે જાય છે ને ?'

'સાચું કહું ?.... માને કે પિતાજીને ન કહેતો... પણ હું જાઉં છું તો સુરેન્દ્રની સાથે જ.' કહી મધુકરને મૂકી જ્યોત્સ્ના આગળ ચાલી. સુરેન્દ્ર બન્નેને એકલા મૂકી ક્યારનો ધીમે પગે આગળ વધી રહ્યો હતો, તેને જ્યોત્સ્નાએ પકડી પાડ્યો; અને જ્યોત્સ્નાએ પોતાની કાર કઢાવી તેમાં બેસી સુરેન્દ્રને સાથે બેસાડ્યો, શૉફરની એને જરૂર ન હતી. ધનિક માતાપિતાની પુત્રીઓને કાર ચલાવતાં આવડવું જ જોઈએ.

બંનેને સાથે જતાં નિહાળી રહેલા મધુકરને દૂર ઊભેલો જોઈ તેને હાથ હલાવી 'આવજો'નો હાથ ઈશારો કરી જ્યોત્સ્નાએ 'કાર' ઝડપથી બહાર લીધી.

'કહે, ક્યી બાજુએ તારું વૃન્દાવન આવે છે ?'

'આમ તો... એ ચારેપાસ ફેલાયેલું છે, જ્યોત્સ્ના !' સુરેન્દ્રે કહ્યું.

'મારા ઘરમાં પણ ?'

'હા... કદાચ કોઈ દિવસ તને દેખાય પણ ખરું.'

'તો... કાર પાછી લઉ ?'

'ના. હવે આગળ જ લે... હું ક્યાં માર્ગ બદલવો એ તને બતાવીશ.'

જ્યોત્સ્નાએ કાર આગળ લીધી. લોકોની અવરજવર ચાલુ જ હતી. રસ્તામાં કોઈ વિશેષ પ્રસંગ બનતો દેખાયો નહિ. રસ્તાની બંને બાજુએ મોટાં મોટાં મકાનો હતાં, અને રસ્તાની માફક વસ્તીથી પણ ભરચક લાગતાં હતાં.

'સુરેન્દ્ર ! તારું વૃન્દાવન કેટલે દૂર છે ?' જ્યોત્સ્નાએ પૂછ્યું.

'એ તો બધે જ વ્યાપક છે.... તારા બંગલાથી જ શરૂ થઈ ગયું છે.' સુરેન્દ્રે કહ્યું.

'મને કાંઈ દેખાયું નહિ !'

'પેલી ચાર આંખોની વાત મેં કરી હતી ને !... એ જોવા ચાર આંખની જરૂર છે.'

'તારી અને મારી બંનેની આંખોએ બબ્બે ચશ્માં ચડાવીએ તોય આ રસ્તે તું કહે છે એવો નિશ્વાસ અને એનું રુદન મને દેખાયાં નહિ... જો.. પેલા કેવા હસતા હસતા બે જણ ચાલે છે ?'

'પરંતુ જ્યોત્સ્ના ! તેં જોયું નહિ કે તારી "કાર"ને ભટકાતાં સહજમાં રહી ગયેલા પેલા વૃદ્ધે આપણી બાજુ કેવી આંખ કરી તે ?'

'લોકોને "રોડ સેન્સ" જ ક્યાં છે !' જ્યોત્સ્નાએ કહ્યું.

'રોડ સેન્સ પગે ચાલનારને જોઈએ કે કાર ચલાવનારને ?'

'બન્નેને જોઈએ... રસ્તો બન્નેનો છે.'

'કારમાં બેસનાર એમ જ માને છે કે રસ્તાનો માલિક એ જ છે.'

'ખોટી ઊર્મિલતાને બહેકાવવાથી લોકોમાં વધારે સમાનતા આવે ખરી ?'

'જ્યોત્સ્ના ! એક વાર તું પગે ચાલી જો.. પછી તારી ખાતરી થશે કે કારમાં બેસી ફરનારને તું કેટકેટલા શાપ આપે છે !... જો, પેલી બિચારી

બાઈનો આખો ટોપલો પડી વેરાઈ ગયો... તારી કારમાં કચરાવવાના ભયથી... કાં તો સહુને કાર મળે કે કાં સહુ પગે ચાલે. એ બે જ ભૂમિકામાં નિશ્વાસ કે શાપ ન હોય.' સુરેન્દ્રે લાંબું વ્યાખ્યાન કર્યું જેનો કેટલોક ભાગ કાર ચલાવવામાં મશગૂલ બનેલી જ્યોત્સ્નાએ ધ્યાનથી સાંભળ્યો નહિ હોય.

થોડી વાર વગર બોલ્યે બન્ને જણ આગળ વધ્યાં. સુરેન્દ્રે એક આડો રસ્તો બતાવી કાર ત્યાં લેવરાવી. કાર એક ડૉક્ટરના દવાખાના આગળ ઊભી રાખી.

## ૧૨

## વૃન્દાવન

ગાડી ઊભી રખાવી સુરેન્દ્ર નીચે ઊતરવા ગયો. જ્યોત્સ્નાએ તેને પૂછ્યું :

'ક્યાં જાય છે ?'

'આ ડૉક્ટરને ત્યાં.'

'કેમ ?'

'હવે ધ્યાન રાખજે. તું દેખી શકે એવું મારું વૃન્દાવન અહીંથી શરૂ થાય છે.'

'મને ન સમજાયું, તારે તારી તબિયત બતાવવી છે ? તું કહે તો અમારા સુપ્રસિદ્ધ કુટુંબ ડૉક્ટર પાસે હું તને લેઈ જાઉં.'

'મારી તબિયત તદ્દન સારી છે. હું આવીને તને વિગત કહું છું. જરા વાર થાય તો હરકત નથી ને ?'

'ના, રાત્રિના દસ વાગ્ય સુધી કશી હરકત નથી... અને મારી પાસે એક સુંદર પુસ્તક પણ છે. તું આવીશ ત્યાં સુધી હું વાંચ્યા કરીશ.' જ્યોત્સ્નાએ કહ્યું.

'કયું પુસ્તક છે ?'

'હમણાં જ યુરોપ-અમેરિકાના પ્રવાસે જઈ આવેલા એક લેખકે ચમકાવતી નવલકથા લખી છે... એ જોઈ જાઉં છું.'

'શું નામ ?'

'પ્રેમનો દેહ કે દેહનો પ્રેમ ?'

'જરા' લાંબું નામ છે.'

'પણ સરસ છે - સ્પષ્ટ છે - પ્રમાણિક છે.'

'જાતીય પ્રસંગોની ઉત્તેજક પરંપરા એમાં જરૂર હશે... વારુ. હું ઉતાવળે આવું છું.'

'જાતીય પ્રસંગો શું એ તું જાણે છે ખરો ?'

'આપણે પછી એ વિશે વાત કરીએ.' કહી સુરેન્દ્ર ઝડપથી ડૉક્ટરના

દવાખાનામાં ગયો. સદ્‌ભાગ્યે પા કલાકમાં તે પાછો આવી શક્યો. તેના હાથમાં દવાની શીશી હતી, તે તેણે કારમાં મૂકવા માંડી. એને ભય લાગ્યો કે માનવીના દેહને સુધારનારી આ દવા કારના દેહને ડાઘા પાડે એવો સંભવ છે. વાંચનમાં મશગૂલ બનેલી જ્યોત્સ્નાએ શીશી માટે કારમાં સ્થાન શોધતા સુરેન્દ્રને કહ્યું :

'તું બેસી જા એક વાર, અને હું બતાવું શીશી ક્યાં મૂકવી તે.'

'હજી બીજી પાંચ મિનિટ મને આપ.'

'વારુ. શીશી મને સોંપ.'

'એમાં દેહ છે... પ્રેમ નથી.'

'જે હશે તે. તારી શીશી સલામત રાખીશ. વિશ્વાસ મૂક મારા ઉપર.' જ્યોત્સ્નાએ કહ્યું અને સહજ હસતો સુરેન્દ્ર ક્યાંક ચાલ્યો ગયો. પાંચેક મિનિટમાં તે આવ્યો અને તેના હાથમાં છ મોસંબી હતી... માનવજાતના મોટા ભાગ જેવી... ચીમળાયલી... કરચલી પડેલી !

'આવા ફળ આવે છે ?' સાથે બેસી જતા સુરેન્દ્રને જ્યોત્સ્નાએ પૂછ્યું.

'આવાંયે મળે છે એ ઈશ્વરનો આભાર !' સુરેન્દ્રે કહ્યું અને જ્યોત્સ્નાએ કાર ચલાવી.

'માની તબિયત સારી નથી ?' જ્યોત્સ્નાએ કાર ચલાવતાં પૂછ્યું. એ જાણતી હતી કે સુરેન્દ્રની સંભાળ માટે એક મા હતાં.

'એ તો ઠીક છે... પણ મારા વૃન્દાવનમાંની એક મા માટે હું આ દવા અને ફળ લઈ જાઉં છું... હવે એ વૃન્દાવન આવી પહોંચ્યું છે.'

'આ વૃન્દાવન ?'

'હા. આ જ મારું ભયંકર વૃન્દાવન. મેં કહ્યું હતું એ બધું જ તને અહીં દેખાશે. બીશ તો નહિ ને ?'

'બીશ તોય હું આવીશ.'

'તો અહીં જ કારને રોકી લે. બેસીશ કારમાં ?... કે જોડે આવીશ ?'

'કારમાંથી તારું વૃન્દાવન દેખાશે ખરું ?'

'ના, જરાય નહિ.'

'તો હું તારી સાથમાં જ છું... પગે ચાલીને.' જ્યોત્સ્નાએ કહ્યું અને બંને જણ કારમાંથી ઊતર્યાં.

મહોલ્લામાં કાર જઈ શકે એમ હતું નહિ. કારમાંથી ઊતરી અંદર મેલાં ઝૂંપડાં અને ઝૂંપડાં કરતાં પણ વધારે મેલી ચાલોમાં જવાનું હતું. ઊતરતા બરોબર એક બાજુએથી ઝડપી કાર જતી બન્ને જણે જોઈ. એ

કારમાં રાવબહાદુર, યશોદા અને મધુકર બેઠેલાં દેખાયાં. કારની ઝડપ ઘણા ઘણા ભ્રમ ઉપજાવે છે. જ્યોત્સ્નાની તો ખાતરી જ હતી કે એ ત્રણે જણ મધુકરની સલાહ અનુસાર જ્યોત્સ્નાની કાર પાછળ જ આવી રહ્યાં હશે ! સુરેન્દ્રે ન કારને ઓળખી ન બેસનારને.

એક ઝૂંપડીનો ઝાંપો સુરેન્દ્રે ખોલી નાખ્યો. ઝૂંપડીમાં ઠીકઠીક અંધારું પણ હતું. વસ્તુઓ વ્યવસ્થિત તો હોય જ શાની ? એક તૂટેલો ખાટલો ઊભો કરી મૂક્યો હતો; એના ઉપર એક ચીંથરાની ગોદડી લટકાવી રાખી હતી. જમીન ઉપર એક ગોદડી પાથરી તેના ઉપર એક વૃદ્ધા સૂતી હતી; વૃદ્ધાએ એવી જ એક ગોદડી ઓઢી હતી. ઝાંપો ઊઘડતા બરોબર વૃદ્ધાએ આંખો ઉઘાડી. પ્રકાશ આછો થતો જતો હતો. એમાં આકૃતિ શોધવા મથતી વૃદ્ધાએ પૂછ્યું :

'કોણ હશે ?'

'એ તો હું છું, મા !'

'સુરેન્દર છે ?'

'હા મા ! ઓળખ્યો મને ?'

'તને ના ઓળખું ?... મને જીવતી રાખી એને ?'

'હું દવા લાવ્યો છું... પી લેશો ?'

'આજ તાવ નથી.... કાલ પણ ન હતો.... શું કરવા લાવ્યો ?'

'ડૉક્ટરે કહ્યું છે કે બે દિવસ વધારે દવા લો.'

'દીકરા ! હવે ન લાવીશ.'

'કેમ ?'

'મારી તો ખપ વગરની જિંદગી... બધાંયને ભાર રૂપ. હવે મને જિવાડીને કરશો શું ?'

'અરે મા ! તમે છો તો દીકરો રાત્રે ઘેર આવે છે...'

'ભલા ભગવાન ! મોહ છૂટતો નથી. ભારણ રૂપ તો છું જ, પણ કોણ જાણે કેમ, હજી... દીકરા ! આ તારી સાથે કોણ છે ?'

'છે કોઈ, મા ! મોટાં માણસ છે.'

'દીકરા ! પરણ્યો કે શું ? ભગવાન તમને સદાય સુખી રાખે ! જોડું...'

'મા ! એવું કાંઈ નથી.'

'આ હસે છે ને બહેન ?' વૃદ્ધાએ કહ્યું. વૃદ્ધાની કલ્પના ખરેખર જ્યોત્સ્નાને હસાવી રહી હતી. એ વાંચતી હતી એ નવલકથાનું મધ્યબિંદુ સ્ત્રીપુરુષના સનાતન આકર્ષણ ઉપર જ રચાયું હતું. વૃદ્ધાવસ્થા પણ એ

આકર્ષણ કલ્પનાને જતી કરી શકતી નથી !

'એ તો હશે જ ને ? એમની દુનિયામાં આપણાથી ન જવાય અને આપણી દુનિયામાં એમનાથી ન અવાય.'

'તે તું કાંઈ ખોટો છું, દીકરા ?'

સુરેન્દ્રે દવા પાતે પાતે વૃદ્ધાને સમજાવ્યું કે એ તો એક ધનિક પુરુષનાં દીકરી હતાં. કૉલેજમાં સહજ પરિચય થયો. કાર તેમની જતી હતી એટલે તેમણે કૃપા કરી સુરેન્દ્રને કારમાં બેસાડ્યો હતો.

મોસંબીમાંથી ત્રણ મોસંબીનો રસ પણ સુરેન્દ્રે કાઢ્યો અને દૂર મૂકેલા એક ચાના પ્યાલામાં ભરીને પાયો.

એથી આગળ વધી સુરેન્દ્રે વૃદ્ધાની પથારી સાફ કરી તેને સુવાડી અને થોડી વાતચીત કરી ઝૂંપડીમાંથી જવાની તૈયારી કરી. જ્યોત્સ્ના સમજી શકી : આ વૃદ્ધાની સેવા સુરેન્દ્ર ઘણુંખરું બજાવતો હોવો જોઈએ.

જતે જતે વૃદ્ધાએ સુરેન્દ્રને પાસે બોલાવી કહ્યું પણ ખરું :

'દીકરા ! લક્ષ્મી ચાંદલો કરવા આવે તો ના ન પાડતો !'

'મા ! લક્ષ્મીને બેસાડવા મારા ઘરમાં જગા પણ નથી.'

'ભૂંડા ? તને શી ખબર કે લક્ષ્મી અને લલના તો ધારે ત્યાં પોતાની જગા કરી લે !' કહી વૃદ્ધાએ આરામ લેવા આંખ મીંચી. બંને જણ ઝૂંપડીની બહાર નીકળ્યાં.

જ્યોત્સ્નાએ વૃદ્ધા તથા સુરેન્દ્ર વચ્ચેની શબ્દોશબ્દ વાતચીત સાંભળી હતી. બહાર નીકળી જ્યોત્સ્નાએ હસીને સુરેન્દ્રને કહ્યું :

'સુરેન્દ્ર તારા વૃન્દાવનમાં હજી લગ્નનો શોખ છે ખરો !'

'બીજા વૃન્દાવનમાં તો લગ્નનો શોખ પણ ઘટી જાય છે ! લગ્ન તો મર્યાદા ખરી ને ?' સહજ કરડાકીથી સુરેન્દ્રે કહ્યું.

'એટલે ? જાતીય આકર્ષણ બધે જ ખરું ને ?' જ્યોત્સ્ના બોલી.

'આ સૃષ્ટિમાં હજી લગ્નની મર્યાદામાં આકર્ષણને લવાય છે... બીજી ... આપણી... ભણેલાં અને સંસ્કારી જૂથની સૃષ્ટિમાં તો આકર્ષણને લગ્નની પણ મર્યાદા રહેતી નથી.' સુરેન્દ્રે કહ્યું.

'તું શું કહેવા માગે છે એથી ?'

'કાંઈ જ નહિ, જ્યોત્સ્ના ! હું તો બે સૃષ્ટિનાં વલણને વિચારી રહ્યો છું.'

'લગ્ન આવશ્યક છે ખરું ?'

'મને નથી લાગતું.... પણ આ વાત જાહેરમાં કરવી એ જોખમ ભરેલું

છે... આપણે આ ચાલીમાં પ્રવેશ કરવાનો છે હજી.'

ઓરડીઓની હારમાળા સરખી એક ચાલી સામે જ હતી. એમાં સ્વચ્છતાનું નામનિશાન ન હતું. છતાં સેંકડો માનવીઓ સહકુટુંબ એક એક ઓરડીમાં નિવાસ કરી રહ્યાં હતાં. એમાંની એક ખોલીમાં પ્રવેશ કરી જ્યોત્સ્ના અને સુરેન્દ્રે એક અંધ મધ્યવયી પુરુષનો મેળાપ કર્યો. સુરેન્દ્રનો કંઠ એ પરખી જ ગયો હતો. એ અંધ પુરુષની પાસે આવી ઘણુંખરું સુરેન્દ્ર કાંઈ અને કાંઈ વાંચન કરતો હતો, પુસ્તકનું કે વર્તમાનપત્રનું. આંખ ગુમાવનારની બીજી બધી ઈંદ્રિયો જીવંત બની રહે છે. સુરેન્દ્ર એકલો આજ ન હતો એવો ભાસ ક્યારનોયે મધ્યવયી અંધ પુરુષને થયો હતો ખરો. વાંચનના શોખીન એ માનવીએ મધ્યવય આવતા પહેલાં તો પોતાની આંખ અને નોકરી બંને ખોયાં. આજનો સમાજ કાંઈ સદાવ્રત નથી કે જે અંધોનું મફત પાલનપોષણ કરે ! એના જીવનમાં અંધકાર આવી સામે ઊભો. નોકરી માટે અયોગ્ય બનેલી આંખના ધારણ કરનાર એ પુરુષની પત્ની દુ:ખ ભોગવતી ગુજરી ગઈ, બે બાળકો પણ મૃત્યુશરણ થયાં, અને એક જીવંત રહેલા પુત્રે ભણતર છોડી એક કારખાનામાં મજૂરી સ્વીકારી અને એમાંથી પિતાપુત્રનું પોષણ અગર અર્ધપોષણ થતું. સુરેન્દ્ર ઘણુંખરું એકાદ કલાક અહીં આવી આ વાંચનશોખીન પુરુષને વર્તમાનપત્ર વંચાવી જતો હતો. આજ વર્તમાનપત્ર કાઢ્યું અને જયપ્રસાદે સુરેન્દ્રને પૂછ્યું :

'એકલા નથી, ભાઈ ! ખરું ?'

એ અંધનું નામ જયપ્રસાદ હતું. સરસ નામ સાથે ચાલીમાં રહેવું એ વિચિત્ર જરૂર લાગે. છતાં નામ અને સંજોગનો મેળ આ દુનિયામાં હોતો નથી.

'ના જી.'

'કોણ છે સાથમાં ?'

'એક કૉલેજ-મિત્ર છે.'

'બહેન લાગે છે.'

'હા જી.' કહી સુરેન્દ્રે વર્તમાનપત્રનું વાચન શરૂ કરી દીધું. આખા ચોવીસે કલાકના બનાવોની હકીકત વાંચીને અંધ જયપ્રસાદનું મન બહુ પ્રફુલ્લ થયું. જગતના ક્રમમાં આપણાથી જરાય ફેરફાર થાય એમ ન હોવા છતાં જગતપ્રસંગોનું વાચન એ આપણું નિત્ય વ્યસન બની ગયું હોય છે. સુરેન્દ્રે વિકસિત અને સંસ્કારી જગતના છેલ્લા સમાચાર વાંચ્યા :

'ઍટમ બૉમ્બનો છેલ્લો અખતરો...' અને બારણા ઉપર ટકોરા

વાગ્યા. બારણું બંધ તો હતું જ નહિ. બારણું ઉઘાડી એક થાકેલો યુવક અંદર આવ્યો. સંધ્યાકાળ સ્થાપન થઈ ચૂક્યો હતો. અને જયપ્રસાદે પૂછ્યું:

'ભાઈ ! આવ્યો ?' જયપ્રસાદના કંઠમાં વાત્સલ્ય હાલી રહ્યું હતું. જ્યોત્સ્નાએ જરા નવાઈ અનુભવી. આવી ઝૂંપડીઓ ને ચાલોમાં પ્રેમ અને વાત્સલ્ય વિકસી શકે ખરાં ?

યુવકે જવાબ આપ્યો :

'હા જી. હું જાણતો હતો કે સુરેન્દ્રભાઈ આવીને કાંઈ વાંચતા જ હશે. હું તો સવારનો જાઉં છું તે અત્યારે થાકીને આવું છું...' કહી એ યુવકે સુરેન્દ્રની સાથે સ્થાન લીધું. અંધ જયપ્રસાદથી બોલાઈ ગયું :

'મારી જિંદગી ટકી રહી છે આ સુરેન્દ્રના વાંચન વડે. સુરેન્દ્રનું ભલું થાઓ. એનું ભલું ન થાય તો માનજો કે વિશ્વમાં પ્રભુ નથી.'

જ્યોત્સ્ના સુરેન્દ્ર સામે જોઈ રહી. આ વૃન્દાવન ન હતું - પરંતુ દોજખને પણ વૃન્દાવનમાં ફેરવી નાખવા મથતા એક યોગીની પ્રયોગ-શાળા હતી !

આ યોગીના હૃદયમાં તો જરૂર વૃન્દાવન વિકસ્યું હતું !

# ૧૩

# વૃન્દાવનની કુંજગલી

જયપ્રસાદે આ સ્થળને શોભે નહિ એવા સંસ્કારોભર્યા ઉચ્ચારોથી
કેટલીક વાતચીત કરી. આંખે ન દેખતા માનવીઓને પણ સ્ત્રીપુરુષના
સંબંધમાં રસભરી જિજ્ઞાસા ઊભી થયા વિના રહેતી નથી. વર્તમાનપત્રો
વંચાઈ ગયાં હતાં. જયપ્રસાદનો પુત્ર પણ દિવસભરનું કામ કરી આવી
ગયો હતો. જયપ્રસાદે સહજ પૂછ્યું :

'સુરેન્દ્રભાઈ ! તમે તો કાંઈ લેતા નથી. પરંતુ તમારી સાથે આવેલાં
બહેનને હું ચા આપી શકું ?'

'ના જી. આપ જરાયે તસ્દી ન લેશો.' જ્યોત્સ્નાએ પોતે જ જવાબ
આપ્યો.

'એમ કેમ બહેન ? ચા તમે પણ પીતાં નથી શું ?'

'એવું નથી. ચા તો હું પીઉં છું પરંતુ તે ઘર બહાર નહિ.' જ્યોત્સ્નાએ
કહ્યું.

'એમ ?... વાત સાચી. અમારા ગરીબ ઘરની ચા...'

જયપ્રસાદને બોલતા અટકાવી દઈ તેમનું વાક્ય પૂરું કરવા ન દેતાં
જ્યોત્સ્નાએ કહ્યું :

'નહિ જી, એમ નથી. જરૂર ચા પીશ, આપને ત્યાં.'

અને થાકેલા યુવાને ચાની તૈયારી કરવા માંડી. ઘરમાં - એટલે
નાનકડી ચાલની ઓરડીમાં બે જ પ્યાલારકાબી હતાં. મિલની મજૂરીએ
જતો આ સંસ્કારી પુરુષનો પુત્ર ઉતાવળમાં બંને પ્યાલા ધોયા વગર મૂકીને
ચાલ્યો ગયો હતો. તે તેણે અત્યારે ધોયા એ જ્યોત્સ્નાએ જોયું. સુરેન્દ્ર
ઊઠીને તેને સહાય કરવા માંડી. મહેલમાં નિવાસ કરતી જ્યોત્સ્નાને
ઘણીયે ઈચ્છા થઈ કે તે તેની સ્વાભાવિક સ્ત્રીદક્ષતા વડે અણઘડ યુવાનોને
ચા કરી આપે. પરંતુ મોટા ઓરડાઓ, મોટી છતો અને મોટી બારીઓથી
ટેવાયેલી જ્યોત્સ્નાને આટલી નાનકડી ઓરડીમાં કેમ ઊભાં થવું અને કેમ
બેસવું એની જ પૂરી સમજ પડી નહિ; એટલે તે બેસી જ રહી. ચા
તૈયાર થતાં યુવાને એક પ્યાલો જ્યોત્સ્નાની સામે મૂક્યો અને બીજો પ્યાલો

પોતાના પિતાની સામે મૂકી આંખ રહિત જયપ્રસાદને તેણે પાવા માંડ્યો. જ્યોત્સ્નાના પ્યાલાને દાંડી હતી, જ્યારે જયપ્રસાદવાળો પ્યાલો દાંડી વગરનો હતો એ પણ જ્યોત્સ્નાએ નિહાળી લીધું. ચાનો સ્વાદ જ્યોત્સ્નાને સારો લાગ્યો કે નહિ એનું તેને ભાન રહ્યું નહિ. ખુલ્લી દેખાતી ગરીબીમાં એક પુત્ર પિતાને કેટલી કાળજી અને કેટલા ભાવથી કેટલી અગવડ વેઠીને ચા પાઈ રહ્યો હતો, એ દૃશ્ય જ્યોત્સ્નાના હૃદયમાં ચોંટી ગયું. પરસ્પર આભાર માની જ્યોત્સ્ના અને સુરેન્દ્ર જયપ્રસાદની ઓરડીમાંથી બહાર નીકળ્યાં. જયપ્રસાદના પુત્રે તો ક્યારનું જોઈ લીધું હતું કે એક અત્યંત ધનિક યુવતી તેની ઓરડીમાં આવી હતી; અને તે ખરેખર કેટલી ધનિક હશે તેનો ખ્યાલ તો બારીએથી તેણે જ્યોત્સ્નાને મોટરકારમાં બેસતી જોઈ ત્યારે સ્પષ્ટ થયો. ગાડી ચાલતાં જ્યોત્સ્નાએ પૂછ્યું :

'તે તું, સુરેન્દ્ર ! તારી સંધ્યાકાળ આમ જ ગાળે છે શું ?'

'કેમ એમ પૂછ્યું ! આ બધી તો મારા વૃન્દાવનની કુંજગલીઓ છે. તેં તો બે જ જોઈ. કૃષ્ણ સરખો હું અવતારી પુરુષ નથી, એટલે વૃન્દાવનની બધી જ કુંજગલીમાં હું જિંદગીભર પણ ફરી શકું એમ નથી.' સુરેન્દ્રે કહ્યું.

'આ જયપ્રસાદ કોણ ?'

'એ જયપ્રસાદ એટલે... જેમની આંખ જીવતી રહી હોત તો આજ મહેલોમાં ફરતા હોત એવા એક કમનસીબ સંસ્કારી સજ્જન. આઈ. સી. એસ.ની પરીક્ષા માટે વિલાયત જવાની તૈયારી કરી રહેલા એ ગૃહસ્થની આંખે દગો દીધો, અને આજ તેં જોઈ એવી ઓરડીમાં નિવાસ કરે છે.'

'તે આવી આંખવિહીન દશામાં પરણ્યા કેમ ?'

'એ પરણ્યા પછી એમની આંખ ગઈ. તેમનાં માબાપે ધાર્યું કે વિલાયત જતા પુત્રની સલામતી પરણીને જવામાં જ છે. પત્ની તો ગુજરી ગયાં; આટલો પુત્ર છે તો તેમની સંભાળ લે છે.'

'પુત્ર શું કરે છે ?'

'મિલમાં મજૂરી. સવારે જાય છે... પિતાને માટે આછુંપાતળું જમવાનું બનાવીને. હવે અત્યારે આવીને તે સંપૂર્ણ જમણ તૈયાર કરશે અને પિતાને જમાડશે.'

'આટલી મહેનત કરીને પાછી એને રસોઈ કરવી પડશે ?...જમણમાં શું શું બનાવશે ?'

'તેં દાંડી ભાંગેલા પ્યાલા તો જોયા; એ ઉપરથી તું સમજી લે કે

જમણમાં શું શું બનાવશે. જમવાનું આમંત્રણ મને તો ઘણી વાર આપે છે... કહે તો તને અપાવું.' કહી સુરેન્દ્ર જરા હસ્યો.

સહજ સંધ્યાકાળનો અંધકાર વધવા માંડ્યો હતો. અનિયમિત રસ્તામાં થઈને જ્યોત્સ્નાની કાર એક બીજા જ ઝૂંપડાના સમૂહ પાસે આવી. ઝૂંપડાની આસપાસ જમીન તો ખુલી હતી અને સુંદર ચોગાન પણ ત્યાં બની શકે એમ હતું. પરંતુ એ સ્થળે ગંદકીનો પાર ન હતો. દૂર તૂટેલી ચકલીવાળા નળમાંથી પાણી પડ્યા કરતું હતું અને આસપાસ રેલાયા કરતું હતું. પાણી આમ તો સ્વચ્છ કરનારું દ્રવ્ય ગણાય. છતાં સ્વચ્છ કરનારું દ્રવ્ય પણ અણઆવડતથી કેટલી અસ્વચ્છતા વધારી દે છે તેનો અહીં પ્રત્યક્ષ પુરાવો મળતો હતો. એકાદ બે વૃક્ષ ઉપર સંધ્યાકાળે સૂવાની તૈયારી કરતા કાગડા, કાબરો, ચકલીઓ ઊડાઊડ કરી કલબલાટ કરતાં કરતાં પોતાનું સ્થાન શોધ્યે જતાં હતાં. ખોરાકની શોધમાં સંખ્યાબંધ કૂતરાં અનિશ્ચિત દોડાદોડી પણ કરી રહ્યાં હતાં; કેટલાંક ભસી અને રડી પણ રહ્યાં હતાં, અને કેટલાંક બાદશાહી અદાથી આસપાસ ચાલતા તુચ્છ વ્યવહારને નિહાળી રહ્યાં હતાં. પરંતુ તે સર્વ દૃશ્યને ભુલાવતું એક ટોળું ઝૂંપડાની બાજુમાં જામ્યું હતું તે તરફ સુરેન્દ્રે જ્યોત્સ્નાની કારને દોરી. ટોળામાં સ્ત્રીઓ અને પુરુષો બંને હતાં, જેમાંનો મોટો ભાગ અર્ધવસ્ત્રથી જ ઢાંકેલો હોય એમ લાગતું હતું. નવસ્ત્રાં બાળકો આસપાસ દોડતાં પણ હતાં અને જેમનાથી ટોળામાં ઘુસાય તે ઘૂસતાં પણ હતાં. ચિત્રકારો પોતાનાં ચિત્રો માટે નવસ્ત્રા દેહના નમૂના પૈસા આપીને શોધે છે. આ કંગાલિયત ભર્યા સ્થળે ચિત્રકારો માગે એ ઢબના નમૂના મેળવી શકે એમ હતું. કોઈના પગ, કોઈના પીઠ, કોઈના હાથ અને કોઈની છાતી ચિત્રકારને જરૂર નમૂના પૂરા પાડે. ધનિકોના શયનખંડ, મિલનખંડ કે પુસ્તક ખંડોમાં દેખાતાં સૌષ્ઠવ-ભર્યાં, વસ્ત્રહીન અંગવાળાં ચિત્રોની રચના આવા સ્થાનેથી જ મળતી હોય એ સહજ છે. ટોળાની પાછળ સહજ દૂર ગાડી ઊભી રાખી સુરેન્દ્ર અને જ્યોત્સ્ના નીચે ઊતરી ગયાં.

'જ્યોત્સ્ના ! અહીં કંઈ તોફાન હોય એમ લાગે છે. તું કારમાં ન બેસી રહે ?' સુરેન્દ્રે કહ્યું.

'અને તને હું તોફાનમાં એકલો જવા દઉં, નહિ ? મારે પણ તોફાન જોવું છે.' જ્યોત્સ્નાએ કહ્યું.

'જ્યોત્સ્ના ! એ પ્રદર્શન નથી કે શોખથી જોઈ શકાય. એ તોફાન તો આપણને પણ વીંટળાઈ વળે !'

'ભલે, પણ હું તારી સાથે જ આવીશ. તમે પુરુષોએ સ્ત્રીઓને એવી

સુંવાળી કરી મૂકી છે કે...'

અને સુરેન્દ્ર તથા જ્યોત્સ્ના બન્ને ટોળામાં ઘૂસ્યાં. ટોળાએ બન્નેને માર્ગ પણ કરી આપ્યો. અને જ્યોત્સ્ના નિહાળી શકે કે આસપાસ વીંટળાયલા ટોળાની વચ્ચે બે ગુંડાઓ જબરદસ્ત લાકડીઓ લઈને ઊભા છે અને તેમાંનો એક ગુંડો એક ગરીબ, સુકાયલા, દરિદ્રી પુરુષને બોચીએથી ઝાલી ઊભો રહ્યો છે. જોતજોતામાં એ ગુંડાએ બોચીએથી પકડેલા માણસને ધક્કો મારી નીચે પછાડ્યો અને તેના દેહ ઉપર જરાય દયા વગર જોરભેર લાત મારી. એ ગરીબ માણસ ગોઠીમડું ખાઈ ગયો. તેના વાળ લાંબા હતા; એ લાંબા વાળ પકડી એ ગુંડાએ કહ્યું :

'કેમ, અંગૂઠો પાડી આપે છે કે નહિ ? આજ હવે તને જીવતો મૂકવાનો નથી... જો તેં ના પાડી છે તો !'

આટલું મોટું ટોળું હતું છતાં એ ટોળાનાં સર્વ સ્ત્રીપુરુષો સમસમીને શાંત ઊભાં રહ્યાં હતાં.. માર ખાતા પુરુષને બચાવવાની કોઈનામાં હિંમત હોય કે કોઈનામાં વૃત્તિ હોય એવું દેખાયું નહિ. જુલમગારના જુલમને સહુ કોઈ ભયપૂર્વક નિહાળી રહ્યું હતું.

એકાએક કોઈ રૂપાળી, પરંતુ ગરીબી સ્પષ્ટ કરતાં વસ્ત્ર ધારણ કરેલી એક મજૂર-સ્ત્રી ટોળાની બહાર નીકળી આવી. તેના મુખ ઉપર ભયભીતપણું વાંચી શકાય એટલું સ્પષ્ટ પુરાયલું હતું. પુરુષને ગુંડાઓ મારી નાખશે એવો ભય તેણે નિહાળ્યો, અને ગુંડાના હાથમાં નિર્બળતાપૂર્વક ધ્રૂજી રહેલા એ ગરીબ પુરુષનો હાથ પકડી તે આખા ટોળા તરફ લાચારીથી નજર ફેરવી ગઈ. ગરીબ મજૂરે એ સ્ત્રીમાં પોતાની આંખને ઠારતી, રૂપાળી અને વહાલી પત્ની નિહાળી - જેને પરણવા માટે તેણે પૂર્વજીવનમાં ઘણી મહેનત વેઠી હતી. એ મજૂરે પોતાની પત્ની તરફ જોયું એમ બંને ગુંડાઓએ પણ તેની પત્ની તરફ ભુખાળવી નજર નાખી; ને એમાંના એકે મજૂરને ફરી ઝંઝેડી પૂછ્યું :

'કેમ ? હજી જવાબ નથી આપવો કે ? આટલો માર તારે માટે બસ લાગતો નથી, ખરું ?'

'પણ... ભાઈ ! એવું ચોટલાખત તો કેમ થાય મારાથી ?' ગભરાતે ગભરાતે પેલા મજૂરે વિનંતી કરી. પરંતુ લેણદાર ગુંડાઓ વિનંતીની સીમા ઓળંગી ગયા હતા; તેમને વિનંતી અસર કરે એમ હતું જ નહિ. તેમને અસર કરતી હતી પેલી મજૂરણની દેહયષ્ટિ ! ગુંડાએ હાથથી ફરી એક ઝાપટ લગાવી અને કહ્યું :

'ખત કરવું નથી અને પૈસા પણ આપવા નથી ખરું ને ?'

પૈસા તો કેટલાય આપ્યા, બાપુજી ! પણ હજી ક્યાં દેવાનો પાર આવે છે.'

'એ દેવાનો પાર તો તારી અને તારી બૈરીની જિંદગી સુધી આવવાનો જ નથી. બોલ, પૈસા આપે છે ? કે ખત ઉપર અંગૂઠો કરી આપે છે... નહિ તો..' એટલું બોલતામાં વધારે બળથી મજૂરને ભોંય ઉપર પટકવાની ગુંડાએ તૈયારી કરી અને સુરેન્દ્ર ટોળામાંથી બહાર કૂદી પડ્યો તથા બળપૂર્વક ગુંડાનો હાથ ખસેડી નાખી મજૂરને ગુંડાની પકડમાંથી છૂટો કર્યો.

બન્નેને છૂટા પાડતે પાડતે સુરેન્દ્રે કહ્યું :

'ચાલ, આઘો ખસ. એને અડક્યો છે તો યાદ રાખજે.'

બન્ને ગુંડા જરા ઝાંખા પડ્યા. એક ગુંડો સહજ ખસ્યો, પરંતુ બીજા ગુંડાએ ત્યાં ને ત્યાં ઊભા રહી સુરેન્દ્રની સામે ખૂનભરી આંખો કરી કહ્યું :

'પાછો તું આવ્યો ?'

'હા. અને તમને બન્નેને અહીંથી ખસેડીને જ હું ખસીશ.'

આવેશમાં આવીને એક ગુંડાએ કમરેથી છરો કાઢવાનો પ્રયત્ન કર્યો. પરંતુ એ પ્રયત્ન તેણે અધૂરો જ રાખ્યો અને કહ્યું :

'તારા મનથી તું તને બહુ જોરદાર માને છે, ખરું ? યાદ રાખ એકાદવાર તારું ખૂન થવાનું છે.'

'જ્યોત્સ્ના ક્યારની ગભરાઈ ઊઠી હતી. તેના જીવનમાં આ દૃશ્ય તદ્દન નવું હતું. આવું ગરીબ સ્થળ, આવી ગરીબ વસ્તી, આવો ઝઘડો અને આવી સહેલાઈથી થતી મારફાડ અને ખૂની વાત તેની કલ્પના બહારનું જ દૃશ્ય હતું. તેણે વચ્ચે આવી એકાએક ગુંડાને પૂછ્યું :

'પણ, ભાઈ ! તમારી વાત શી છે ? પૈસા જોઈએ, એ જ ને ?'

ગુંડાએ અચાનક ટોળા બહાર આવેલી સભ્ય અને સુવસ્ત્રસજ્જ યુવતી જોઈ. સુવસ્ત્ર કે નિર્વસ્ત્ર કોઈ પણ યુવતીને જોતાં ગુંડાગીરીની આંખ ચમકી ઊઠે છે. સભ્યતાની ત્રણ મર્યાદા : વાણી, આંખ અને વર્તનને શિષ્ટતાની બહાર જવા ન દેવાં. ત્રણેમાંથી એકે મર્યાદા ન પાળનાર ઝડપથી ગુંડાગીરીની દુનિયામાં પ્રવેશે છે. અજાણી રૂપાળી યુવતીને નિહાળી ગુંડાએ ટટાર બની જવાબ આપ્યો :

'હા, હા, આપેલા પૈસા જોઈએ છે, મફતના નહિ !'

'અને પૈસા ન મળે તો એની બૈરી....' બીજા ગુંડાએ પહેલા ગુંડાની પૂર્તિમાં કહ્યું.

'કેટલા પૈસા જોઈએ ?' એકાએક જ્યોત્સ્નાએ પૂછ્યું

'સાતસો રૂપિયા.' એક ગુંડાએ કહ્યું.

'એટલા રૂપિયા તો અત્યારે અમારી પાસે ન હોય. કહો તો આ મારી બે બંગડીઓ કાઢી આપું, અને એના પૈસા માંડી વાળી બન્નેને જતાં કરો.' એટલું કહી જ્યોત્સ્નાએ પોતાની હીરાજડિત બંગડીઓ કાઢી ગુંડાઓ સામે ધરી. આપત્તિમાં ન પડવાની સુરેન્દ્રે જ્યોત્સ્નાને સલાહ આપે તે પહેલાં તો જ્યોત્સ્નાએ એ બંગડીઓ કાઢી ગુંડાઓ સામે ધરી દીધી હતી. આખું ટોળું અત્યારે જીવનભરમાં કદી ન જોયેલું દૃશ્ય જોતું હતું. ટોળામાંના ઘણાય ગરીબ માણસો આ અનુભવમાંથી પસાર થઈ ચૂક્યા હતા. સહુ કોઈ જાણતા હતા કે ગરીબની સૃષ્ટિમાં પૈસા ન અપાય તો ચોટલાખત કરી આપવું પડે.

# ૧૪

## ખતપત્ર

હીરાજડિત સુવર્ણ બંગડીઓ નિહાળી ગુંડાઓની આંખ ચમકી ઊઠી. સાચુંખોટું ઝવેરાત તથા સોનુંરૂપું ગુંડાઓ પારખી શકે એમ હતું. સુરેન્દ્ર તરફ તેમણે નજર નાખી. જ્યોત્સ્નાને ગુંડાઓની આંખ ઉપરથી લાગ્યું કે તેમને મન સુરેન્દ્ર એક ગણતરીલાયક વ્યક્તિ હોવો જોઈએ. છરો કાઢવાનો પ્રયત્ન કર્યો છતાં એ પ્રયત્નને અધૂરા રાખનાર ગુંડાઓમાં સુરેન્દ્રના બળની કિંમત થતી હોવી જોઈએ, નહિ તો છરો ખેંચનાર ગુંડાને છરો ભોંકી દેતાં જરાયે વાર લાગે નહિ. એ છરાની બીકથી જ જ્યોત્સ્નાએ ઝડપથી પોતાની બંગડીઓ કાઢી આખા પ્રશ્નનો ઉકેલ લાવવાની યોજના કરી હતી. એટલે જ્યોત્સ્નાની એક ખાતરી તો થઈ જ કે સુરેન્દ્રની હાજરી આ સ્થળે અસરકારક નીવડી હતી.

ગુંડાએ એકાએક કહ્યું :

'પણ આ તમારું ઘરેણું લઈને હું શું કરું ?'

'કેમ, એમ ? તમારે રોકડા પૈસા જોઈતા હોય તો આ રહ્યું મારું સરનામું; કાલે આવીને પૈસા લઈ જજો.' જ્યોત્સ્નાએ એને સમજાય એ રીતે આ પ્રશ્નનો નિકાલ લાવવા પ્રયત્ન કર્યો.

'તમારા જેવા લોકોનો ભાગ્યે જ વિશ્વાસ થાય ! અહીં મને બંગડી આપી તમે પોલીસને ખબર આપો એટલે અમારે નવું ધાંધળ !'

'પણ મને તમારું નામ કે રહેઠાણ કંઈ જ ખબર નથી. પછી પોલીસને હું ક્યાંથી ખબર આપીશ ?' જ્યોત્સ્નાએ કહ્યું.

'આ સુરેન્દ્ર છે ને એને અમારાં નામ અને રહેઠાણ એ બન્નેની ખબર છે.' એક ગુંડાએ કહ્યું.

'તે તમે એમ માનો છો કે હું તમને ચોટલાખત કરવા દઈશ... આ ગરીબ લોકોને માર મારવા દઈને ? સાચા પૈસા તમારે મેળવવા હોય તો આ ઘરેણાં લઈને મારી પાસે જ આવજો. ત્યાં સુધી હું તમને અડચણ પણ નહિ કરું અને પોલીસને ખબર પણ નહિ કરું... તમે જાણો છો કે હું પોલીસને ભાગ્યે જ તમારી ખબર આપું છું.' સુરેન્દ્રે કહ્યું.

ક્ષણ, બે ક્ષણ ગુંડાઓએ અરસપરસ સામે જોયું અને કંઈક સંતલસ આંખની ભાષામાં કરી લીધી. આ દરમિયાન ગુંડાઓએ પકડેલો પુરુષ અને તેને માટે હોડમાં મંગાતી તેની પત્ની બન્ને ગુંડાઓના હાથમાંથી છૂટાં પડી સુરેન્દ્રની બાજુમાં આવી ઊભાં રહ્યાં હતાં. એકાએક ગુંડાએ કહ્યું:

'બહુ સારું. બંગડીઓ પાસે રાખીએ છીએ. મંગાને અત્યારે તો જતો કરીએ છીએ, પણ કાલે રોકડી રકમ ન મળી... તો આખો આ વાસ ક્યારે ભડકે બળશે કહેવાય નહિ... આ ભાઈ ગમે એટલાં ફાંફાં મારશે તોય.' કહી ગુંડાએ સુરેન્દ્ર સામે જોયું અને ત્યાંથી ચાલવા માંડ્યું. તેમને સંભળાય એ રીતે સુરેન્દ્રે કહ્યું :

'જગપત ! પૈસા પણ જે વાજબી હશે તે મળશે ભૂલતો નહિ.'

તેને સાંભળ્યો ન સાંભળ્યો કરી ગુંડાઓ મેદાન છોડી ચાલ્યા ગયા. મારવા લીધેલો મંગો અને તેની પત્ની બંને જ્યોત્સ્ના અને સુરેન્દ્રને પગે પડ્યાં. મંગાએ તો કહ્યું પણ ખરું :

'ભાઈ ! તમે વખતસર આવી ન પહોંચ્યા હોત તો આજ અમારો મરો જ હતો.'

'શું મંગા ! તુંયે વાત કરે છે ? આટઆટલા ટોળામાં તમે ભેગા થાઓ છો અને બે જ ગુંડા તમને મારી જાય છે ? તમારે શરમાવું જોઈએ.' સુરેન્દ્રે કહ્યું. અને તેણે આગળ ચાલવા માંડ્યું.

'શું કરીએ, બાપુજી ? અમને ગરીબીએ મારી મૂકેલા છે. નહિ તો મગદૂર છે...' મંગાએ કહ્યું; અને ટોળામાં વાતોચીતો ચાલી અને ઘોંઘાટ વધી ગયો. સુરેન્દ્રને તો લોકો ઓળખતા હોય એમ લાગ્યું; પણ સુરેન્દ્ર સાથે આવેલી જ્યોત્સ્નાનો શ્રીમંતાઈભર્યો પહેરવેશ અને તેનું ઉદાર વર્તન સહુની વાતચીતનો વિષય બની ગયાં. એ રહેઠાણનાં છોકરાં તો એકાએક દોડીને જ્યોત્સ્નાની કારની આગળ પાછળ વીંટળાઈ વળ્યાં અને કલબલાટ કરવા મંડી ગયાં અને સુરેન્દ્ર અને જ્યોત્સ્ના બંને ઝડપથી ગાડીમાં બેસી ગયાં અને જ્યોત્સ્નાએ કારને ઝડપથી આગળ લીધી. ટોળું સહજ દૂર થયું અને મેદાનનું સહજ એકાંત મળ્યું એટલે જ્યોત્સ્નાએ પૂછ્યું :

'સુરેન્દ્ર ! ચોટલાખત એટલે શું ?'

'કહીશ કોઈ દિવસ' સુરેન્દ્રે વાત ટાળવા માટે ટૂંકો જવાબ આપ્યો.

'એવાં ખત કાયદેસર ગણાય ખરાં ?' જ્યોત્સ્ના એનો અર્થ ન સમજી હોય એમ લાગ્યું નહિ.

'ના પરંતુ આપણા કાયદા ઘડનારાઓએ એટલા કાયદા ઘડ્યા છે કે

આપણાથી કાંઈ પણ કાયદેસર થઈ શકતું નથી.'

'પેલાં બે જણ પતિપત્ની હતાં ?'

'હા. જો એવા બહુ સંસ્કારી શબ્દો એમને માટે વાપરીએ તો.'

'પતિથી દેવાના પૈસા ન અપાય તો પત્ની લેણદારને સોંપવી પડે એનું નામ ચોટલાખત ને ?' જ્યોત્સ્નાએ પૂછ્યું.

'જ્યોત્સ્ના ! તું હવે એ વિચારમાંથી બીજા વિચારમાં આવ.' સુરેન્દ્રે સલાહ આપી.

'આવું કદી આપણે ત્યાં ઈતિહાસમાં બન્યું છે ખરું ?'

'હા. હરિશ્ચન્દ્રે તારામતીને વેચી હતી, પાંડવો દ્રૌપદીને હોડમાં મૂકી હારી ગયા હતા...'

'પણ પરિણામે તો મહાભારત રચાયું ને ?'

'એવાં તો કંઈક મહાભારતો આપણા જીવનમાં રચાયે જાય છે. સત્યનો જય થતો નથી અને પાપનો ક્ષય થતો નથી. એ મહાભારતને આપણે ભૂલી જઈએ. અને તું એ વાત ભૂલી જઈ મને મારે ઘેર ઉતારી દે અને બંગલે ચાલી જા. તારી રાહ જોવાતી હશે.' સુરેન્દ્રે કહ્યું.

'હરકત નહિ, પરંતુ સુરેન્દ્ર ! તને આ લોકો બધા ઓળખતા લાગ્યા.'

'હા. હું આ "સોસાયટી" માં જ ફરું છું. કહેવાતી ઉચ્ચ "સોસાયટી" મને ગમતી નથી અને ફાવતી નથી.'

'કારણ ?'

'એ ઉચ્ચ "સોસાયટી" - એ ઉપલો થર આ નીચલા થર સર્જે છે અને તેમના થરમાં સ્મશાન ઉપજાવી પોતાની આસપાસ બંગલાઓ, મહેલો અને બાગબગીચાઓ રચે છે.'

'હું પણ એમ જ રહું છું !'

'હવે આ વાત આપણે બાજુએ મૂકીએ. મારું ઘર પણ આવી ગયું છે અને હવે મારી જોડે આવવાનો તું આગ્રહ ન કરીશ.'

'મારી તો ઈચ્છા છે કે હું તને ક્ષણભર પણ એકલો ન મૂકું અને તું જ્યાં જાય ત્યાં હું તારી સાથે જ રહું.' જ્યોત્સ્નાએ કહ્યું.

સુરેન્દ્ર આછું હસ્યો અને કાંઈ પણ જવાબ આપ્યા સિવાય બેસી રહ્યો. ગાડી જોતજોતામાં સુરેન્દ્રના ઘર પાસે આવી ગઈ. સુરેન્દ્ર ત્યાં ઊતરી પડ્યો. અંધારું થઈ ગયું હતું, દીવા ચારે બાજુએ ચમક ચમક થતા હતા અને જ્યોત્સ્ના પણ પ્રકાશમાં પોતાને બંગલે આવી ગઈ. માતાપિતાએ તેને સહજ ટોકી પણ ખરી કે આજ તે જરા મોડી થઈ હતી. સામાન્ય શિષ્ટતા

માગે છે કે રાતના સ્ત્રીપુરુષોએ જેમ બને તેમ બહાર ઓછું ફરવું - સ્ત્રીઓએ તો ખાસ કરીને નહિ જ. પરંતુ એ જૂની શિષ્ટતા ઘણી ઘસાઈ ગઈ છે અને નવીન ભણતરે, નાટકસિનેમાએ, હવા ખાવાની નવી આરોગ્યપદ્ધતિએ અને વધતી જતી સ્વતંત્ર ભાવનાએ રાત્રે ફરવા ન જવાની રૂઢિને છિન્નભિન્ન કરી નાખવા માંડી છે.

એમાં રાવબહાદુરનો તેમ જ યશોદાબહેનનો છેક ફાળો ન હતો એમ કહી શકાય નહિ. તેમના યૌવનકાળે તેઓ પણ સંધ્યાકાળે અને રાત્રિએ ઠીકઠીક ફરતાં હતાં, પરંતુ એક પેઢી બીજી પેઢીના બંડનો વિચાર કરતાં પોતાનાં બંડ સઘળાં ભૂલી જાય છે.

અલબત્ત, લાડકી દીકરીને તેઓ વધારે કહી શકતાં જ નહિ, અને જમવા માટે તેની રાહ જોઈને જ તેઓ બેસી રહ્યાં હતાં. એટલે તેમનું વાત્સલ્ય જ્યોત્સ્નાના અનેક દોષને માફ કરી શકે એવું હતું. અને આજ સુધી જ્યોત્સ્નાનું વર્તન પણ એવું હતું કે તેના વર્તનમાં માતાપિતાને કદી દોષ લાગ્યો જ ન હતો. જ્યોત્સ્નાને મોડું આવવાનું હોય ત્યારે તે સ્પષ્ટ કહીને જતી અને પોતાને ક્યાં જવું છે એ સ્થળ બતાવીને જતી હતી. આજ એ બન્ને મર્યાદાઓ સચવાઈ નહિ એટલા પૂરતો જ માતાપિતાએ જ્યોત્સ્નાના વિલંબ માટે ઉલ્લેખ કર્યો.

જ્યોત્સ્ના સમજી તો ખરી, પરંતુ તેને પોતાનો બચાવ કરવાની ઈચ્છા ન હતી અને જરૂર પણ ન હતી. તેના મગજમાં તેણે આજની સાંજે જોયેલાં દૃશ્યો રમી રહ્યાં હતાં. રાત્રે સ્વપ્નમાં પણ તે વારંવાર કઢંગાં દૃશ્યોનાં સ્વપ્ન નિહાળતી હતી. પ્રભાત થયું, તે જાગી, તેણે વર્તમાનપત્રો વાંચ્યાં, ચા પીધી, માતાપિતા સાથે વાતચીત કરી, વાંચ્યું, જમી, છતાં હજી તેના હૃદયમાંથી ગઈ રાતનાં દૃશ્યોની છાપ ખસતી ન હતી. ત્રીજા પહોરે તેવા વાંચનને માટે સુરેન્દ્ર આવ્યો ત્યારે પણ જ્યોત્સ્ના ચોપડીમાં નજર નાખવા છતાં ચોટલાખતમાં સપડાઈ જતી ગરીબ પત્નીનું જ દૃશ્ય જોતી હતી. તે વખતે તેને એક ભયંકર વિચાર પણ આવ્યો :

'પતિને બચાવવા માટે એ પત્નીએ પોતાની જાતને વેચવાનું કબૂલ કર્યું હોત તો ?'

એને ક્યાંથી ખબર પડે કે પતિને જ નહિ પરંતુ માતાપિતાને તેમ જ સંતાનોને ગરીબીના ઘામાંથી બચાવવા કેટલીયે સ્ત્રીઓ પોતાની જાતને વેચાતી આપવા તૈયાર થાય છે !

સુરેન્દ્રને તે આમ તો દરરોજ આવકાર આપતી. આજ સુરેન્દ્રને 'આવો' કે 'આવ' પણ ન કહ્યું. જ્યોત્સ્નાનું મુખ ગંભીર હતું. સુરેન્દ્રે તેને

પૂછ્યું :

'કેમ જ્યોત્સ્ના ! શા વિચારમાં છે ?'

હવે જ્યોત્સ્ના વિચારમાંથી જાગી અને સુરેન્દ્રનું આગમન તેને સ્વપ્ન નહિ પણ સત્ય લાગ્યું.

'હા. સુરેન્દ્ર ! હું વિચારમાં જ હતી... ગઈ કાલના. આવ, બેસ.'

'જ્યોત્સ્ના ! એ જ મારું વૃંદાવન - કાલે તેં જોયું તે.' બેસતે બેસતે સુરેન્દ્રે જવાબ આપ્યો.

'આખું વૃંદાવન જોયું નહિ, ટુકડા જ જોયા, માત્ર ડોકિયું જ કર્યું !' જ્યોત્સ્નાએ ગંભીરતાપૂર્વક કહ્યું.

છતાં એટલામાં તારી ખાતરી તો થઈ જ હશે કે તારા જેવી નિર્દોષ, નિષ્પાપ, સુખનાં સ્વપ્ન જોતી યુવતીએ મારા એ જીવનથી - મારા એ વૃંદાવનથી દૂર દૂર રહેવું જોઈએ.

'મને તો એમાં વધારે રસ પડ્યો, સુરેન્દ્ર !' જ્યોત્સ્નાએ કહ્યું.

'જ્યોત્સ્ના ! એમાં રસ પડ્યો હોય તો એને એક વાર્તાની માફક વાંચી દૂર ફેંકી દે.' સુરેન્દ્રે જરા વધારે ગાંભીર્યથી કહ્યું.

'હું તો એવી વાર્તાઓને મારા તકિયા નીચે મૂકી રાખું છું. મને બહુ ગમી એ વાર્તા.'

'ગમવાનો એ પ્રશ્ન નથી, જ્યોત્સ્ના ! એમાં ભયંકર જોખમનો પ્રશ્ન છે.'

'ત્યારે તો એ વાર્તા કહેનારના જીવનને પણ મારે વધારે સ્પર્શ કરવો જોઈએ.. કાંઈ નહિ તો એ વાર્તા કહેનારની સંભાળ રાખવા.' જ્યોત્સ્નાએ સહજ હસીને કહ્યું.

'હું તો વાર્તા કહેતો નથી, વાર્તા દેખાડું છે. તને મારા કરતાં વધારે સરસ રીતે વાર્તા કહે એવો મિત્ર બતાવું !'

'હા; જાણી લઉં તો ખરી !'

'મારા કરતાં મધુકર તને વધારે સરસ વાર્તા કહેશે.' બહુ જ સંભાળપૂર્વક શબ્દ તોળીને સુરેન્દ્રે કહ્યું. પરંતુ એના જવાબમાં જ્યોત્સ્નાએ એક મક્કમ અને ઝડપી ધમકી આપી :

'સુરેન્દ્ર ! ચૂપ રહે.'

અને એકાએક બંનેની દૃષ્ટિ સામે મધુકર આવીને ઊભો રહેલો જણાયો.

# ૧૫

## કોણ જીત્યું ?

જ્યોત્સ્નાએ ચુપ રહેવાની સુરેન્દ્રને કરેલી આજ્ઞા મધુકરે લગભગ સાંભળી લીધી હતી. અને સુરેન્દ્ર સામે જ્યોત્સ્નાએ માંડેલી રીસભરી આંખ હજી રીસના એક વિભાગને જાળવી રહી હતી એ તો મધુકરે પણ જોયું. એને માત્ર એ ખબર ન પડી કે એ આજ્ઞા અને એ રીસનું કારણ મધુકર પોતે જ હતો. મધુકરનું નામ પણ તેને આટલું અણગમતું બની ગયું હશે એની સુરેન્દ્રને ખબર ન હતી; મધુકરને તો ન જ હોય. એટલે પાછલી વાત ન સાંભળનાર મધુકરને તો લાગ્યું જ કે એને ગમતો ઝઘડો જ્યોત્સ્ના અને સુરેન્દ્ર વચ્ચે શરૂ થઈ ચૂક્યો !

જરા મોટાઈ દર્શાવી મધુકરે પૂછ્યું :

'કેમ ? શું થયું ? શાનો ઝઘડો છે ?'

'કાંઈ નહિ, મધુકર ! એ મારી અને સુરેન્દ્ર વચ્ચેની વાત છે.' જ્યોત્સ્નાએ જવાબ આપ્યો.

'તેની હરકત નહિ, પણ મારે સ્પષ્ટતાપૂર્વક કહેવું જોઈએ કે સુરેન્દ્રે એનું વર્તન વધારે સારું રાખવું પડશે - જો એને અહીં ચાલુ રહેવું હોય તો !' મધુકરે જરા ગંભીરતાપૂર્વક કહ્યું.

'મધુકર ! તું મને વર્તન વિશે શિખામણ આપે છે ?' સુરેન્દ્રે જરા હસતાં હસતાં પૂછ્યું.

'હું ન આપું તો જ્યોત્સ્ના આપે ! તને ચૂપ રહેવાની સૂચના કરવી પડે એટલું બસ નથી ?' મધુકરે પણ હસતાં હસતાં કહ્યું.

'મધુકર ! સુરેન્દ્રને કાંઈ પણ કહેવાનો અધિકાર મારી પાસે રહેવા દે. મેં શા માટે એને ચૂપ રહેવા કહ્યું હતું તેનો તને સ્વપ્ને પણ ખ્યાલ આવે એમ નથી.' જ્યોત્સ્નાએ કહ્યું.

'મને ખ્યાલ આવી ગયો છે... અને એનો પુરાવો હું હમણાં જ આપું છું... જરા ઝડપથી ચાલ.' મધુકરે કહ્યું.

'કેમ ?'

'તને બોલાવે છે... બંને ! તારાં માતા અને પિતા.'

'મારે હજી વાંચવું છે... સુરેન્દ્ર સાથે.' જ્યોત્સ્નાએ જવાબ આપ્યો.

'પછી વંચાશે. હમણાં જરૂરી કામ છે.'

'કામ હોય તો તું કર. પિતાજીનો તું સેક્રેટરી છે. હું હમણાં નથી આવતી.'

'મારી ઈચ્છા ન હતી કે હું તને કામનું સ્વરૂપ કહી બતાવું. પરંતુ જ્યારે તું ફરજ પાડે છે ત્યારે મારે કહેવું જોઈએ કે...'

'શા માટે અટકે છે ? કહી નાખ.'

'કોઈ ગુંડા જેવા બે માણસો આવ્યા છે... તારી જ બંગડીઓ લઈને... એમને પતાવી તું પાછી અહીં આવજે.' મધુકરે એક વિજયી દૃષ્ટિ સુરેન્દ્ર સામે ફેંકી કહ્યું.

સુરેન્દ્ર સમજી ગયો. જ્યોત્સ્ના પણ સમજી ગઈ કે ગઈ કાલ થયેલા તોફાનમાં મુખ્ય ભાગ ભજવનાર ગુંડાઓ આવી ચૂક્યા છે ! એ તત્કાલ ઊઠી અને ઊભી થઈ. સુરેન્દ્રે પૂછ્યું :

'મધુકર ! હું પણ ત્યાં આવું તો ?'

'તને બોલાવ્યો નથી એટલે હું શું કહું ?... હું તો નોકર છું ને ? ચિઠ્ઠીનો ચાકર.' જ્યોત્સ્નાના બોલનો જવાબ આ ઢબે મધુકરે સુરેન્દ્રને આપ્યો.

'આ બાબતમાં જેટલું હું જાણું છું એટલું જ્યોત્સ્ના જાણતી નથી.' સુરેન્દ્રે દલીલ કરી.

'તે હશે; હું પૂછી જોઈ તને બોલાવવા મોકલું.' કહી મધુકર બહાર નીકળ્યો. જ્યોત્સ્ના પણ મધુકર સાથે જ ચાલી ગઈ. સુરેન્દ્ર ચણચણતે દિલે ત્યાં બેસી રહ્યો. શા માટે એણે જ્યોત્સ્નાને પોતાની સાથે ગઈ કાલે આવવા દીધી ? આગ્રહ જ્યોત્સ્નાનો જ હતો છતાં એ આગ્રહને વશ તે શા માટે થયો ? કોઈ પણ માતાપિતા પોતાની પુત્રીના શિક્ષકને ગરીબ તથા ગલીચ વાતાવરણમાં પોતાની પુત્રીને સાથે લેઈ જવાની સંમતિ ન જ આપે. સુરેન્દ્રને લાગ્યું કે તેણે એક ભૂલ કરી હતી.

પરંતુ... જ્યોત્સ્ના તો હજીયે તેની સાથે ફરી આવવા માટે તૈયાર હતી ! એની ના પાડી એથી તો એ ગુસ્સે થઈ ગઈ... નહિ, નહિ ! ગુસ્સે થઈ હતી મધુકરના નામથી ! મધુકર પ્રત્યે જ્યોત્સ્નાને એક પ્રકારનો અભાવ હતો. અને જ્યોત્સ્ના તરફ ખેંચાતી જતી મધુકરની વૃત્તિને સુરેન્દ્ર ઓળખી શક્યો હતો. શ્રીલતાની સાથે પ્રેમ કરતો મધુકર પાછો જ્યોત્સ્ના તરફ ઢળતો હતો એ સુરેન્દ્રને જરાય ગમતું નહિ. પતંગિયા-વૃત્તિનો એને ભારે વિરોધ હતો. પરંતુ જે જીવનકાર્ય સુરેન્દ્રે પોતાને માટે નક્કી કર્યું હતું

તેમાં પ્રેમને જરાય સ્થાન ન હતું. આ પ્રસંગ સુરેન્દ્રને પ્રેમની ઘાંટીમાંથી કદાચ ઉગારી પણ લે... જો તેને મધુકર આ ઘરમાંથી દૂર કરાવી શકે તો ! જ્યોત્સ્ના સરખી ધનિક માતાપિતાની પુત્રીના પ્રેમને ઝીલવાનું સુરેન્દ્રને માટે શક્ય ન હતું.

સુરેન્દ્રને વિચાર કરતો એકલો છોડી ગયેલાં મધુકરને જ્યોત્સ્ના જેવાં રાવબહાદુરના દીવાનખાનામાં આવ્યાં તેવું જ્યોત્સ્નાએ જોઈ લીધું કે ખંડનું વાતાવરણ અત્યંત તંગ બની રહ્યું હતું. રાવબહાદુર ગિરિજાપ્રસાદ અને તેમનાં પત્ની યશોદા બંનેના મુખ ઉપર એક પ્રકારનો ગુસ્સો હતો. બે હીરાજડિત બંગડીઓ નાના મેજ ઉપર તેમની સામે જ પડી હતી - જે જ્યોત્સ્નાએ ગઈ કાલે બંને ગુંડાઓને આપી હતી. બંને ગુંડાઓ બાજુ ઉપર અદબ વાળી કડક મુખ કરી ઊભા હતા. જ્યોત્સ્ના સમજી ગઈ કે આવું વાતાવરણ એના જ કાર્યે ઊભું કરેલું છે. માતાપિતાના માનસને ધક્કો આપી રહેલી પુત્રી એક ક્ષણભર મૂંઝવાઈ; પરંતુ પોતાની મૂંઝવણને બીજી ક્ષણે સ્મિતમાં ફેરવી અને અંદર જતાં બરોબર કહ્યું :

'તમે તો પેલા... કાલે મળ્યા હતા એ ભાઈઓ, નહિ ?... જેમને મેં બંગડી આપી હતી તે ! ખરું ને ?'

'હા જી.' એક ગુંડાએ જવાબ આપ્યો.

પૈસા એમાંથી પૂરા ન પડ્યા ?' રાવબહાદુરે પૂછ્યું.

'બંગડીઓ વધારે કિંમતી છે... એમ જ ને ?' જ્યોત્સ્નાએ પૂછ્યું.

'જી... આપને પેલા ગરીબોની દયા આવતી હોય તો...' એક ગુંડાએ જવાબ આપ્યો.

'ચાલો, હું તમને તમારા પૈસા આપી દઉં.' કહી જ્યોત્સ્નાએ ખંડમાંથી ગુંડાઓને બહાર લેઈ જવાનો અભિનય કર્યો. પરંતુ તેને રોકી રાવબહાદુરે કહ્યું :

'જ્યોત્સ્ના ! તારે જવાની જરૂર નથી. કેટલા પૈસા માગો છો ?'

'થયા છે તો... સાતસો... એક વરસ થયું આપ્યે.' ગુંડાએ કહ્યું.

'મૂળ કેટલા આપેલા ?' જ્યોત્સ્નાએ પૂછ્યું.

'આપેલા તો પચાસ... પણ...'

'પચાસમાંથી સાતસો કેમ થયા ?' રાવબહાદુરે પૂછ્યું.

'દર મહિને પચાસ પચાસ વધ્યા... કાંઈ ન આપ્યું તેથી.' અને વર્ષ વીત્યે દંડના બીજા સો... એમ કરીને સાતસો થયા.' ગુંડાએ હિસાબ બતાવ્યો.

'આ ખરો હિસાબ !' રાવબહાદુરથી બોલાઈ ગયું.

'આપને જે ઠીક લાગે તે આપો.'

'મધુકર ! આપી દો સાતસોય રૂપિયા.' રાવબહાદુરે કહ્યું.

'નહિ સાહેબ ! સો આપશો તો બસ છે.' બીજા ગુંડાએ કહ્યું.

'કેમ એમ ?' જ્યોત્સ્ના બોલી.

'અમારી શરત છે સુરેન્દ્રની સાથે... પેલા કાલે તમારી સાથે હતા ને, તેમની જોડે.'

સુરેન્દ્રના નામ સાથે રાવબહાદુરનાં ભવાં ચઢ્યાં. યશોદાબહેને અર્થભરી આંખે મધુકર સામે જોયું. મધુકરે પણ આશ્ચર્ય અને અણગમા-દર્શક અભિનય કર્યો.

'વારુ. એ જે માગે તે આપી દો.' ગિરિજાપ્રસાદે કહ્યું.

'પરંતુ... તમને અહીં આવતા પહેલાં સુરેન્દ્રે મળવાનું કહ્યું હતું ને ?' જ્યોત્સ્નાએ પૂછ્યું.

'હા જી. અમે ગયા હતા.... બે વાર. પરંતુ એ ભાઈ મળ્યા નહિ... અને અહીં આવ્યા છે એવી ખબર પડી... એટલે અમે અહીં આવ્યા...'

'મધુકર ! એ જે હોય તે. સો રૂપરડીનો જ સવાલ છે ને ? આપી દો. અને પંચાત ચુકાવો. રાવબહાદુરે વાત બંધ રાખવા કહ્યું.

મધુકરે બન્ને ગુંડાઓને ઈશારત કરી પોતાની સાથે આવવા જણાવ્યું. જતે જતે તેણે યશોદાબહેનની જરા તીખાશભરી વાણી સાંભળી.

'પણ જ્યોત્સ્ના ! તારે આ બધી પંચાત શી ?'

'તે... મારા દેખતાં હું એક સ્ત્રીની જાતને વેચવા દઉં, એમ ?' જ્યોત્સ્નાએ પણ જરા તીખાશથી જવાબ આપ્યો.

મધુકર અને ગુંડાઓ બહાર નીકળતે નીકળતે આટલી મા-દીકરીની વાતચીત સાંભળી ગયા. પરંતુ કદી ન બોલતી જ્યોત્સ્ના આજે આટલો સામો જવાબ આપી રહી હતી એ વાત માતાને જરા ચોંકાવનારી લાગી. એથી એ વધારે ચોંકાવનારી વાત તો એ હતી કે કાંઈ ન સમજતી મનાતી પુત્રી સ્ત્રીજાતના વેચાણ જેવી સજ્જનસમાજમાં કદી ન ઉચ્ચારી શકાય એવી હકીકત કહી રહી હતી. આવો વિચાર પણ આવા સભ્ય ગૃહમાં ઊછરેલી પુત્રીના મનમાં આવે એ વસ્તુ અસહ્ય હતી; એનું ઉચ્ચારણ તો અસભ્યતાની હદ ઓળંગવા સરખું લાગ્યું. કમકમી ખાઈને યશોદાબહેને પુત્રીને કહ્યું :

'તું બોલીશ નહિ, જ્યોત્સ્ના ! આવું આવું. સારા કુટુંબમાં તો એવી

વાત પણ ન થાય... લાજી મરાય, બાપ !'

જ્યોત્સ્ના કોણ જાણે કેમ, આજે જવાબ આપવા તત્પર બની રહી હતી ! સ્ત્રી અને પુરુષ વચ્ચે જાતીય સંબંધ હોઈ શકે એવી કલ્પના આછી સરખી પણ વ્યક્ત કરવી એ ગૃહસ્થ-ઘરમાં ન જ શોભે. એ જ ગૃહમાં એથી આગળ વધી સ્ત્રીવેચાણ જેવી ફાટેલી વાત કરવી એ તો અસભ્યતાની પરાકાષ્ઠા ! ઉપરાંત આવી વાત યુવાન પુત્રી માતા સામે કરે અને એ વાતને વધારે, એ તો તદ્દન અસહ્ય પરિસ્થિતિ ! વધારામાં માતાની શિખામણનો એણે આ ઉત્તર આપ્યો :

'મા ! જેની વાત પણ ન થાય એ બનવા દેવાય ખરું ?...'

રાવબહાદુર એકાએક ઊભા થઈ ગયા. યશોદાબહેનનો તો પુત્રીની વાતચીત આગળ વધતી એકદમ અટકી જવી જ જોઈએ એવો ગંભીર નિશ્ચય કરી ઊભા થયેલા રાવબહાદુરે એકાએક કહ્યું :

'ચાલ જ્યોત્સ્ના ! આપણે બેડમિન્ટન રમીએ... બહુ દિવસથી તું મારી સાથે રમી નથી.. જો, તૈયાર કર... અમે આવીએ છીએ.'

જ્યોત્સ્ના ઊભી થઈ. સુરેન્દ્ર એના ખંડમાં જ્યોત્સ્નાની રાહ જોતો બેઠો હતો એનું જ્યોત્સ્નાને ભાન હતું. એનું નામ દઈને જવામાં માતાપિતાની વૃત્તિ વધારે દૂભવવા જેવું થશે એમ તેને લાગ્યું. એને ગમ્યું તો નહિ, છતાં બેડમિન્ટનની રમત માટેની તૈયારી કરવા એ ખંડની બહાર નીકળી હતી.

યશોદાબહેને નીતિમય જીવનની અતિશયતામાં ફરી કમકમી ખાધી. તેમનો હાથ ઝાલી તેમને ઊભાં કરતાં રાવબહાદુરે કહ્યું :

'હજી દુનિયાનો એને અનુભવ નથી... પોતાની મેળે જ ઠેકાણે આવશે.'

'એનું ભણતર હવે બંધ કરો, હોં ! નહિ તો વાત હાથથી જશે.' જીવનમરણનો પ્રશ્ન હોય એવા ગાંભીર્યથી એમણે પુત્રીની ચિંતા વ્યક્ત કરી.

રાવબહાદુર પોતે પણ જરા ચિંતામગ્ન બન્યા હતા. પરંતુ એક પુરુષ તરીકે હિંમત રાખી હસી, તેમણે યશોદાબહેનને બેડમિન્ટનની રમત તરફ દોર્યાં.

ધનિકોની રમત સુલભ અને સરળ બનાવવા માટે જોઈએ એટલા નોકરો હોય છે. નોકરોએ ક્યારનીયે એ રમત માટેની તૈયારી કરી રાખી હતી. જ્યોત્સ્નાએ આવી રૅકેટ તથા ફૂલ તપાસ્યાં; રાવબહાદુર તથા

યશોદાબહેન પણ ધીમે ધીમે આવી પહોંચ્યાં, અને ગુંડાઓને વિદાય આપી પાછો વળેલો મધુકર પણ ત્યાં આવી ગયો. રાવબહાદુરની સાથે એ ઘણી વાર જુદી જુદી રમતો રમતો. એની રમત ઠીકઠીક હતી; વયે પહોંચેલા રાવબહાદુરને ફાવે એટલી આવડત મધુકરમાં હતી. પરંતુ એની આવડત કરતાંય એની રમત સંબંધી વાત એટલી રંગીન બનતી કે મધુકર બેડ-મિન્ટનની રમતમાં વિશ્વ વિજયી યોદ્ધો હોય એવી છાપ પાડતો હતો.

રાવબહાદુર અને જ્યોત્સ્ના તથા યશોદાબહેન અને મધુકર એમ ભિલ્લુ બનીને રમત રમી રહ્યાં હતાં. ભિલ્લુ શબ્દ દેશી રમતનો હોવાથી એને અંગ્રેજી રમત સાથે લાગુ કરી શકાય નહિ, એટલે રમનાર યુગલને આપણે 'પાર્ટનર' કહેવાં જોઈએ. જ્યોત્સ્ના પણ સરસ રમત રમતી હતી એટલે મધુકર તથા જ્યોત્સ્નાની વચ્ચે ફૂલની ફેંકાફેંકી રસભરી બની રહેતી હતી. થોડી વાર રમત ચાલી; પરંતુ મોટા માણસોએ જલદી થાકી જવું જોઈએ એ ધોરણે યશોદાએ કહ્યું :

'હવે થાક શરૂ થયો. આટલો દાવ રમીને બસ કરીએ. જ્યોત્સ્ના ! ચાલ. પછી આપણે જરા ફરવા નીકળીએ.'

'પણ મા ! મારા ખંડમાં શિક્ષક બેસી રહ્યા છે ને ?' જ્યોત્સ્નાએ જવાબમાં શિક્ષણ સંબંધી ચિંતા વ્યક્ત કરી.

'એની ચિંતા શી ? એ નોકર છે. એનો વખત થશે એટલે એ જશે.' મધુકરે પોતાના મારેલા મહેણાનો જ્યોત્સ્નાને જવાબ આપ્યો. જ્યોત્સ્નાની આંખ જરા ફરી ગઈ. એટલામાં જ સુરેન્દ્ર બગીચાને કિનારે થઈને જતો દેખાયો. એટલે મધુકરે ફરી કહ્યું :

'લો, આ તમારા શિક્ષક તો જાય છે જ.... હું કહી દઉં.... અરે... સુરેન્દ્ર ! તું જઈ શકે છે.' સુરેન્દ્ર સાંભળે એમ રમતે રમતે મોટે સ્વરે મધુકરે સુરેન્દ્રને આજ્ઞા આપી દીધી. જ્યોત્સ્નાનાં માતાપિતાની ઈચ્છા એ જાણી ગયો હોવાથી માતાપિતાએ આપવાની આજ્ઞા તેણે જ આપી.

સુરેન્દ્રે ચાલતી રમત તરફ જોયું, અને કાંઈ પણ બોલ્યા વગર કે સલામ-નમસ્કાર કર્યા વગર તે ચાલતો હતો તેમ ચાલ્યો ગયો.

'હં.. ગુનામાં આવ્યો છે એટલે એનાથી જવાબ પણ અપાતો નથી.' મધુકરે કહ્યું. રમતાં રમતાં કેટલીક વાતચીત થઈ શકે છે. એ બોલની અંદર મધુકરે પોતાનું સ્મિત ઉમેર્યું અને જ્યોત્સ્નાની સામે પણ જોયું.

'સુરેન્દ્રની વાત તું કરે છે ?' જ્યોત્સ્નાએ પણ રમતે રમતે પૂછ્યું.

'હા.'

'કયા ગુનામાં એ વળી આવ્યો છે ?'

'કેમ ? પેલા ગુંડાઓને ગયે હજી બહુ વાર થઈ નથી.'

'એટલે ? તારો મિત્ર સુરેન્દ્ર ગુંડો છે, એમ ?'

'નહિ હોય તો હવે થશે એમ લાગે છે.'

'શા ઉપરથી ?'

'જ્યોત્સ્ના ! તને ગુંડાઓનાં તોફાનો થતાં હોય ત્યાં લેઈ જનાર શિક્ષક માટે શું કહેવું ?' મધુકરે કહ્યું. લાગ મળ્યો જાણી માતાએ પણ મધુકરના વાક્યમાં પોતાનો મત ઉમેર્યો :

'એવી શોબત શા કામની ?

અને જ્યોત્સ્નાના હસ્તે બેડમિન્ટનના ફૂલને એક જબરજસ્ત ફટકો માર્યો. એ ફટકો એવા બળથી વાગ્યો કે મધુકરનું રૅકેટ એને રોકવા અશક્ત નીવડ્યું અને ફૂલ અત્યંત જોરદાર પ્રહારની માફક મધુકરના મુખ ઉપર વાગ્યું. રમતનાં ફૂલ પણ કદી ઘા સરખાં વાગે છે. મધુકરની ભમ્મર ઉપર ચોંટેલા એ ફૂલે મધુકરના શરીરને અવનવી ગતિ આપી. તેનું રૅકેટ પડી ગયું, તેની આંખ સહજ ફૂટતી બચી ગઈ અને મધુકર ભમ્મર ઉપર બંને હાથ દબાવીને ઊભો રહ્યો.

દાવનો એ છેલ્લો ફટકો હતો. એ છેલ્લો ફટકો વિજયી ફટકો હતો.

'મા, હું જીતી !' કહી જ્યોત્સ્ના ત્યાંથી દોડી ગઈ.

## ૧૬

# ફૂલમાં કંટક

છેલ્લો પ્રસંગ બની ગયા પછી, હમણાંના રાવબહાદુર તથા યશોદાબહેન ખસૂસ ફરવા જતાં હતાં અને સાથે જ્યોત્સ્ના અને મધુકરને લઈ જતાં હતાં. સંધ્યાકાળે જ્યોત્સ્ના વાંચી લેતી અને સુરેન્દ્ર સાથેનો તેનો અભ્યાસ પૂરો ન થયો હોય તોપણ તે મુલતવી રખાવી જ્યોત્સ્નાને આગ્રહપૂર્વક પોતાની સાથે જ ફરવા લઈ જવાનો શિરસ્તો તેમણે પાડ્યો હતો. શરૂઆતમાં કોઈક વાર મધુકર સાથે આવતો અને કોઈ વાર નહિ; પરંતુ એક અઠવાડિયામાં તો જ્યોત્સ્નાની સાથે મધુકર ફરવા આવે એવો આગ્રહ રાવબહાદુરે રાખ્યો અને રાવબહાદુરના આગ્રહ કરતાં પણ તેમની પત્ની યશોદાબહેન એ આગ્રહને ચીવટાઈપૂર્વક વળગી રહેલાં લાગ્યાં.

એ નિયમ પ્રમાણે રોજની માફક જાહેર બગીચામાં રાવબહાદુરની કાર આવીને ઊભી રહી. જ્યોત્સ્ના, મધુકર, રાવબહાદુર અને યશોદા ચારેય જણ કારમાંથી ઊતર્યાં અને સહજ ટહેલવા લાગ્યાં. વિશાળ બગીચામાં અનેક એકાંત સ્થળો હતાં, એટલે જુગાર રમવાથી માંડી પ્રેમ કરવા સુધીની ક્રિયાઓ માટે બગીચાના એકાંતમાં તક મળતી હતી. સહજ ફરતાં રાવબહાદુરે એક એકાંત બેઠક જોઈ અને યશોદાબહેને પણ ઈચ્છ્યું કે તેઓ વધારે ફરવાને બદલે એ બેઠક ઉપર પોતાના પતિની સાથે બેસી જાય. મધુકર અને જ્યોત્સ્નાને યશોદાબહેને કહ્યું પણ ખરું :

'અમે તો હવે અહીં બેસીશું. તમારે છોકરાંને ફરવું હોય તો ભલે ઘડીક ફરી લો; હજી અજવાળું છે.' એમ કહી બેઠક ઉપર યશોદાબહેન બેસી ગયાં, અને વયના વધારા સાથે પત્નીના પડછાયા રૂપ બની જતા અનેક પતિઓની માફક રાવબહાદુર ગિરિજાપ્રસાદ પણ પત્ની સાથે પત્નીને અડકીને બેસી ગયા.

માતાએ ફરવાની આજ્ઞા આપી હોવાથી જ્યોત્સ્ના ઝડપથી ફરવા માટે ચાલી નીકળી અને મધુકરને સાથે આવવાનો ઈશારો પણ ન કર્યો. એટલે જ્યોત્સ્ના ગયા પછી મધુકર તેની પાછળ ધીમે ધીમે આગળ વધ્યો. યશોદાબહેને પતિને કહ્યું :

'જોયું ? બંને કેવાં સમજુ છે તે ?'

'શા ઉપરથી કહ્યું ?' રાવબહાદુરે પૂછ્યું.

'આપણે આ બંનેને ભેગાં ફરવાની આટલી તક આપીએ છીએ તોય બંને છોકરાં આપણી કેવી માઝા રાખે છે ?'

'એમ ? મને તો લાગ્યું કે જ્યોત્સ્નાને મધુકરની કંઈ પરવા નહિ હોય.'

'અરે તમે શું જાણો છો, આજનાં છોકરાંને ? દેખાવ તો ગમે તેવો કરે. છતાં... માણસ જાત છે...ભણેલાંગણેલાં અને સંસ્કારી છે. મારી આંખે તો જ્યોત્સ્ના અને મધુકરની જોડી ઠીક ખૂંપી ગઈ છે.' યશોદાબહેને કહ્યું.

'પરંતુ સાંભળ્યા પ્રમાણે મધુકરના બાપની સ્થિતિ બહુ સાધારણ છે.'

'પરંતુ આપણે મધુકરને જોવો છે કે મધુકરના બાપને ? અને આપણી આસપાસ એવો કયો છોકરો દેખાય છે જે મધુકર કરતાં રૂપે, રંગે અને ભણતરે વધારે સારો હોય ?' યશોદાબહેને કહ્યું.

'હા, એ વાત ધ્યાનમાં લેવા જેવી છે. અને આપણો પૈસો, આપણો વૈભવ અને આપણી સંપત્તિ બધું જ્યોત્સ્નાનાં જ છે ને ?... પણ જ્યોત્સ્નાનો સ્પષ્ટ મત આપણે જાણવો પડશે ને ?'

'એ તો જાણેલો જ છે. જરા વધારે ભેગાં ફરશે એટલે અરસપરસ માયા થઈ જશે.' યશોદાબહેને કહ્યું. ઘણી બાબતમાં વય વધતાં પત્નીની રબરછાપ બની જતા રાવબહાદુરે સહજ આસપાસ જોયું અને કહ્યું.

'હા. એ પણ ખરું, યશોદા ! આપણે નાનપણમાં જરા ભેગાં મળ્યાં તો આટલી માયા થઈ ગઈ... હમણાં જ તેં મને પરણતા પહેલાં લખેલો પત્ર મારા વાંચવામાં આવ્યો.' કહી રાવબહાદુરે પોતાની જુગજૂની છતાં નવી લાગતી સ્નેહસૃષ્ટિ ઊભી કરી.

પાસે બેઠેલાં યશોદાબહેન જરા શરમાઈને રાવબહાદુરને વધારે સ્પષ્ટતાથી અડક્યાં અને છણકાઈને તેમણે જવાબ પણ આપ્યો :

'શું તમેય નાનપણની વાત કરો છો ? કોઈ સાંભળે તો લાજી મરીએ!'

રાવબહાદુર અને યશોદાની આ વાત કોઈએ સાંભળી નહિ. વયે પહોંચેલાં પતિ-પત્ની અને પ્રેમીઓ પ્રેમવાર્તા બિલકુલ કરતાં જ નથી એમ માનવાની ભૂલ રખે કોઈ કરે. એટલું સાચું કે તેમનું અનુભવી જીવન તેમની પ્રેમવાર્તા કોઈને સાંભળવા દેતું નથી.

એટલામાં જ બેત્રણ પુરુષો અને બેત્રણ સ્ત્રીઓ હસતાં હસતાં

રાવબહાદુરની બેઠક આગળથી પસાર થયાં. ફરવા નીકળેલાં સ્ત્રીપુરુષને મુક્ત હાસ્ય હસવાનો અધિકાર છે. હસતાં સ્ત્રીપુરુષોએ હસતે હસતે રાવબહાદુર અને યશોદાબહેન તરફ દૂરથી નજર પણ નાખી. કોઈની દૃષ્ટિ પડે ત્યારે એકદમ યોગાભ્યાસમાં લીન હોઈએ એવું મુખ કેમ કરી દેવું તેની આવડત અનુભવી પ્રગલ્ભ સ્ત્રીપુરુષોમાં હોય છે ખરી; અને તેથી જ, કદાચ, આપણા રસમીમાંસકોએ પ્રૌઢાઓ અને પ્રગલ્ભાઓને પણ નાયિકાભેદમાં સ્થાન આપ્યું હશે ! પુરુષને તો વયનો ભેદ લાગતો નહિ જ હોય એ જાણીને જ નાયકભેદમાં વયની નહિ પણ ગુણની જ આવશ્યકતા રાખી છે ! પ્રૌઢ પુરુષો પ્રૌઢાઓની માફક પ્રેમ કરી પણ શકે છે અને પ્રેમ છુપાવી પણ શકે છે !

પરંતુ રાવબહાદુર બેઠા હતા એ એકાંત ખૂણો એ એકલું એકાંત બગીચામાં ન હતું. બગીચાના બીજા ભાગમાં લોકો ફરતાં હરતાં, હસતાં અને બાળકો રમતાં દેખાતાં હતાં. બાળકોની ચીસો અને હસાહસ સંભળાય છતાં કોઈની નજર ન પડે એટલે દૂર બગીચાના એક એકાંત તરફ જ્યોત્સ્ના ચાલી જતી હતી. તેને આસપાસ નજર કરવાની જાણે જરૂર ન હોય તેમ તે નીચું જોઈને આગળ વધતી હતી. એની પાછળ પાછળ મધુકર આવતો હતો. તેણે ઝડપ વધારીને જ્યોત્સ્નાનું સાન્નિધ્ય મેળવ્યું, છતાં જાણે જ્યોત્સ્ના કંઈ જાણતી ન હોય તેમ આગળ પાછળ જોયા વગર પગલાં માંડ્યે જતી હતી. મધુકરને લાગ્યું પણ ખરું કે તે જ્યોત્સ્ના સમજી શકે એટલો નજીક તો આવી ચૂક્યો હતો છતાં જ્યોત્સ્નાએ મધુકરની હાજરીને નકારવાની વૃત્તિ ચાલુ રાખી, ત્યારે મધુકરથી એક આછી સુંવાળી, મીઠી બૂમ પડાઈ ગઈ : 'જ્યોત્સ્ના !'

હવે જ્યોત્સ્ના ઊભી રહી અને તેની ગતિમાં અણગમતું વિઘ્ન આવ્યું હોય તેમ પાછળ ફરી તેણે નજર કરી. આજ એ જાણતી જ હતી કે મધુકર તેની પાછળ પાછળ આવ્યા વિના રહેશે નહિ. આજે જ પહેલો દિવસ હતો કે જ્યારે માતાપિતાએ બગીચામાં ફરવાનું કાર્ય જ્યોત્સ્નાને અને મધુકરને સ્વતંત્ર રીતે સોંપી દીધું હતું. એની પાછળ રહેલો માતાપિતાનો ભાવ તે છેક ન સમજે એમ ન હતું; અને મધુકરને તો દોઢબે વર્ષથી એ એટલી સારી રીતે ઓળખી ગઈ હતી કે તે તેને એકાંતમાં શોધતા ન આવ્યો હોત તો જ્યોત્સ્નાને નવાઈ લાગત.

જ્યોત્સ્નાએ ઊભા રહી પાછળ ફરી જોયું, એટલે હતી તે ઝડપ વધારી મધુકર પાસે આવી ગયો અને તેણે કહ્યું :

'કેમ, જ્યોત્સ્ના ! એકલી જ ચાલી આવી ?'

'તું જાણે જ છે કે મને એકાંત જ પ્રિય છે.' એટલું કહીને જ્યોત્સ્નાએ આગળ ચાલવા માંડ્યું, જાણે મધુકરના સાથને તે ઈચ્છતી ન હોય.

'તને શું પ્રિય છે અને શું નથી તેની તું યાદી કર અને તેમાં મારું સ્થાન નક્કી કર.' મધુકરે ચબરાકી બતાવી જવાબ આપ્યો અને તેની સાથે સાથે, લગભગ પાસે ચાલવા માંડ્યું. યુવાનો અને યૌવનાઓની મૈત્રી પરસ્પરનો સ્પર્શ ન થાય એવા જૂના વહેમને આજ સ્વીકારતી નથી. પતિપત્ની ન હોય એવાં મિત્રો પણ સાથે ચાલતાં ધાર્યા અણધાર્યા સ્પર્શને જરાય લેખવતાં નથી. મધુકર જ્યોત્સ્નાનો સ્પર્શ થઈ શકે એટલો પાસે ચાલતો હતો.

'મેં તારું સ્થાન નક્કી નહિ કર્યું હોય એમ તું માને છે ?' જ્યોત્સ્નાએ તેની સામે જોયા વગર કહ્યું અને ડગલાં ભરવાં ચાલુ રાખ્યાં.

'જો ને, જ્યોત્સ્ના ! તેં આજ સુધી મારું જે સ્થાન રાખ્યું હોય તે ખરું. સમય અને સંજોગ બદલાતાં સ્થાનની યાદીમાં ફેરફાર પણ કરવો પડે છે એ મારે તને કહેવું પડશે ?' મધુકરે કહ્યું.

'મારું મગજ શ્રીલતા જેવું તીવ્ર નથી. ઘણી વાતોમાં સ્પષ્ટ કહ્યા વગર મને સમજ પડતી નથી. તું જોતો નથી, એટલા માટે કૉલેજના અભ્યાસમાં મારે સુરેન્દ્રનું શિક્ષણ લેવું પડે છે તે ?'

'શ્રીલતાનું નામ ન દઈશ !' કહી મધુકરે એકાએક જ્યોત્સ્નાનો હાથ પકડી લીધો. પરંતુ જ્યોત્સ્નાએ એ હાથને બળપૂર્વક ખસેડી નાખ્યો અને સાડી સંકોરી તે એકાએક મધુકરની સામે ઊભી રહી. જ્યોત્સ્ના કાંઈ પણ કહે તે પહેલાં મધુકરે જ તેને કહ્યું :

'હું તારો હાથ પકડું છું તે તને નથી ગમતું ?'

'ના, અને તે તું જાણે છે. મેં હજી "શેકહૅન્ડ"ને પણ ઉત્તેજન આપ્યું નથી.' જ્યોત્સ્નાએ સહજ કડકાઈથી કહ્યું.

'એમ ? હું તારો હાથ પકડું તે તને નથી ગમતું ?... તો તું મારો હાથ પકડી લે.' ચબરાકીથી મુશ્કેલ પરિસ્થિતિ ટાળવા તેણે બાજી પલટી સામો જ્યોત્સ્નાનો હાથ માગ્યો. કેટલાક ચબરાક યુવાનોના મનમાં એવો ખ્યાલ વિકસેલો હોય છે કે તેઓ પોતાને સ્ત્રીદુનિયાના ચક્રવર્તી તરીકે જ ગણે છે, ને તેમના દિગ્વિજયનો સ્વીકાર યુવતીઓ કરે છે પણ ખરી. મધુકર આવો એક સ્ત્રીવિજયી ચક્રવર્તી હતો; નિદાન એની માન્યતા તો એવી હતી જ. અને આવી ચબરાકી એ આવા યુવકોનું મહાશસ્ત્ર હોય છે. પરંતુ જ્યોત્સ્નામાં તેણે પોતાના દિગ્વિજયનો અસ્વીકાર નિહાળ્યો. જ્યોત્સ્નાએ તેને જવાબ આપ્યો :

'ગમે તે પુરુષનો, ગમે ત્યારે હાથ પકડવો... એ રીત મને ગમતી નથી.'

'રાવબહાદુરે અને યશોદાબહેને આપણને સાથે ફરવાની છૂટ આપી એનો અર્થ તું સમજે છે ?' મધુકરે કહ્યું.

'એનો અર્થ એટલો જ કે એ તને સારો માણસ માને છે.' જ્યોત્સ્નાએ કહ્યું.

'એટલે તારી સાથે ફરવાની મારામાં પાત્રતા છે એટલું તો તારાં માતાપિતાના મનમાં નક્કી થઈ ગયું, ખરું જ ને ?'

'હા; અને એ માન્યતા સાચી પાડવી એ તારા હાથમાં છે.'

'જે હાથને તું તરછોડી કાઢે છે... જ્યોત્સ્ના ! હવે સમજ કે મને તારી સાથે આવવા દેવામાં તારાં માતાપિતાનો કયો ગૂઢ ઉદ્દેશ રહેલો હશે તે.'

'મને ગમે ત્યાં સુધી તું મારી સાથે ફરે એ ઉદ્દેશ; બીજું શું ?'

'એથી વધારે બીજું કાંઈ જ નહિ ?' મધુકરે આશ્ચર્ય દર્શાવતાં પૂછ્યું.

'એથી વધારે તું જાણતો હોય તો કહે.' જ્યોત્સ્નાએ વાત ટૂંકાવવા કહ્યું.

'એનો અર્થ તને ગમે એવો છે. તારાં માતાપિતા ઈચ્છે છે કે તું જલદી યોગ્ય યુવાનને પરણી જા.' યોગ્ય શબ્દો ઉપર યોગ્ય ભાર મૂકી મધુકરે કહ્યું.

'દીકરીનાં માબાપની એ સતત ઈચ્છા હોય છે.' જાણે એ અર્થમાં કંઈ મહત્ત્વ ન હોય એમ જ્યોત્સ્નાએ જવાબ આપ્યો.

'અને તે કોની સાથે તે કહું ?' ઊર્મિલતા દર્શાવી મધુકરે કહ્યું.

'જરૂર.' જ્યોત્સ્ના નમ્ર બનતી લાગી.

પોતાનો હુમલો આ મોરચે સફળ થશે એમ ધારી જરા નાટકી ઢબે જ્યોત્સ્નાનો હાથ ખેંચી, પકડી, હલાવી મધુકરે કહ્યું :

'તો હાથ મિલાવ, જ્યોત્સ્ના ! તારાં માબાપ ઈચ્છે છે કે તારાં લગ્ન મારી સાથે થાય.'

જ્યોત્સ્ના મધુકરના હાથમાં હાથ રહેવા દઈ જરા હસી અને મધુકરની પાછળ નજર નાખી તેણે હસતે હસતે કહ્યું :

'હલો, શ્રીલતા ! તું ક્યાંથી ?'

## ૧૭

## વીંટીનો ઘા

મધુકર સહજ ચમક્યાં. ફૂલમાં કાંટો ક્યાંથી ? પરંતુ એક ક્ષણ માટે તેને એમ લાગ્યું કે તેના અને શ્રીલતાના સ્નેહસંબંધનો આ ઢબે ઉલ્લેખ કરી જ્યોત્સ્ના તેને ચીડવવા માગે છે; અને પ્રેમીને ચીડવવામાં પણ પ્રેમપ્રદર્શન જ રહેલું છે એમ મધુકર સરખા અનુભવી પ્રેમીને લાગે એમાં નવાઈ પણ નહિ.

વળી જ્યોત્સ્નાએ પોતાનો હાથ ખેંચી પણ લીધો ન હતો. જો શ્રીલતા ખરેખર આવી હોત તો તેણે પોતાનો હાથ જરૂર પાછો ખેંચી લીધો હોત ! પ્રેમતુમાખીમાં મધુકરે પાછળ જોયું જ નહિ; જ્યોત્સ્નાનો હાથ પકડી રાખ્યો, અને જ્યોત્સ્નાએ પણ પોતાનો હાથ તેના હાથમાં રહેવા દીધો ! પરંતુ શ્રીલતાને સંબોધીને જ્યોત્સ્નાએ વાત લંબાવી ત્યારે મધુકર ખરેખર ચમકી ઊઠ્યો.

'જો ને, આ મધુકર, શ્રીલતા ! હું કદી કોઈ પુરુષની સાથે શેકહૅન્ડ કરતી નથી તોય મધુકરે મારો હાથ ક્યારનોય પકડી રાખ્યો છે. હવે તું એને હાથફેર કરાવ ને જરા ? મધુકરને તો તારોય હાથ સરખો છે અને મારો હાથ પણ સરખો છે !'

જ્યોત્સ્ના હસતે હસતે બોલી, અને તેનો હાથછૂટો થયો એટલે શ્રીલતા અને મધુકરને એકલાં છોડી જ્યોત્સ્ના ઝડપથી બગીચામાં બીજે સ્થળે ખસી ગઈ. મધુકરે સહજ પાછળ જોયું તો ખરેખર શ્રીલતા આવીને ઊભેલી જ દેખાઈ ! મધુકરે જ્યોત્સ્નાનો પકડેલો હાથ તેણે જરૂર જોયો હોવો જોઈએ. એને જ્યોત્સ્નાએ શ્રીલતાને કરેલું સંબોધન એ મધુકરને ચીડવવાનો જ્યોત્સ્નાનો પ્રેમપ્રયોગ નહિ પરંતુ સત્ય વસ્તુસ્થિતિ હતી, એમ પણ હવે મધુકરને લાગ્યું. શ્રીલતાનું મુખ પણ કોઈ પ્રેમઘેલી પ્રિયતમાનું મુખ ન હતું. પરંતુ ગાંભીર્યમાંથી વધતા જતા ક્રોધનું નિરૂપણ કરતું મુખ હતું, એમ પણ મધુકરને લાગ્યું. ક્ષણ બે ક્ષણ, મધુકરે મૂંઝવણ અનુભવી ખરી. એ મૂંઝવણમાં તેણે પોતાની બે હથેલીઓ સહેજ ભેગી કરી મસળી, મસ્તકના પાછલા ભાગ ઉપર ડાબો હાથ ફેરવ્યો અને એકાએક

મૂંઝવણ ઉપર વિજય મેળવી, મુખ ઉપર સ્મિત લાવી, જાણે કંઈ બન્યું જ ન હોય એમ મધુર કંઠે તેણે કહ્યું :

'શ્રીલતા ! તું ?'

'હા, મધુકર ! હું જ શ્રીલતા.' જરા ગંભીરતાથી શ્રીલતાએ કહ્યું. યુવતીઓનાં રૂપાળાં મુખ પણ કદી કદી ભયાનક બની જતાં હશે ખરાં !

'બહુ દિવસે મળી.' મધુકરે કહ્યું.

'તું હવે મોટો માણસ બની ગયો. તને અકસ્માત સિવાય કેમ મળી શકાય ?'

એકાએક મધુકરે શ્રીલતાને ખભે હાથ મૂક્યો, અને અત્યંત ભાવપૂર્વક તેણે કહ્યું :

'એમ નહિ, શ્રીલતા ! તને ખબર નથી કે મારી નોકરી કેટલી કઠણ અને કડક છે. કેવા માણસો પાસે રહી મારે...'

'તારી નોકરી કેટલી કડક અને કઠણ છે એ તો હું ક્યારની જાણું છું; કેવાં માણસોની તું નોકરી કરે છે એ પણ જાણું છું.'

'હું સાચું કહું છું; તારા સમ !'

'એ સત્ય મને અહીં જ જણાયું. પાંચેક મિનિટ થઈ હશે.' કહી શ્રીલતાએ પોતાને ખભેથી મધુકરનો હાથ ખસેડી નાખ્યો.

'અરે... શ્રીલતા ! મારી ગૂંચવણની તો તું વાત જ જવા દે. એ જ્યોત્સ્નાનું લફરું મારે ગળે વળગ્યું છે; એ કેમ, ક્યાં અને કેવી રીતે, એનું વર્ણન કરવું પણ મને ગમતું નથી. રોજ એને અને એનાં માબાપને લઈ મારે ફરવા નીકળવાનું... અને મને શી ખબર કે આ મીંઢી જ્યોત્સ્ના મને આમ વળગશે અને મને આટલું પજવશે ? ચાલ, ત્યારે હું હવે જાઉં... ફરી જરૂર મળીશું... રાવબહાદુર મારી રાહ જોતા હશે... પાછા બૂમ પાડશે... The old fool !' કહી મધુકરે ચાલવા માટે પગ ઉપાડ્યો, પરંતુ શ્રીલતાએ તેને ઊભો રાખ્યો.

'મધુકર ! ઊભો રહે. રાવબહાદુર તો તારી રાહ જોતા હશે, અને ભલે આજ એ બૂમ પાડે. પરંતુ તારા કહેવા પ્રમાણે હું તારી રોજ રાહ જોઉં છું, તેનું શું ?'

'શ્રીલતા ! તું બહુ ડાહી છોકરી છે. આપણે કાલે આ વખતે જ મળીએ તો ? જરૂર...'

'આ કેટલામી કાલ છે તે તેં ગણી છે ખરી ?'

'Don't be silly, શ્રીલતા ! હું કાલે જ તને મારી પરિસ્થિતિ

લંબાણથી સમજાવીશ. એટલે તું જરૂર મારી દયા ખાઈશ. ચાલ ત્યારે, સાહેબજી ! તારી દયાની મને ઘણી જરૂર છે.'

'રોજ શેકહૅન્ડ કરતો તે આજે શેકહૅન્ડ તો કર ? અને પછી જા. મારે તારી સાથે શેકહૅન્ડ કરવી છે.' શ્રીલતાએ કહ્યું અને તેણે પોતાનો હાથ શેકહૅન્ડ કરવા માટે લંબાવ્યો. જરા કચવાતા મને મધુકરે પણ પોતાનો હાથ લંબાવ્યો. પણ શ્રીલતા મધુકરનો લંબાવેલો હાથ પકડી તેની સામું જ જોઈ ઊભી રહી. મધુકરે પોતાનો હાથ ખસેડવા પ્રયત્ન કર્યો, પરંતુ શ્રીલતાએ બળપૂર્વક હાથ પકડી રાખી તેને રોક્યો. અત્યંત ત્વરા ઈચ્છતા મધુકરે શ્રીલતાને જરા અકળાઈને કહ્યું :

'કહે, કહે, શ્રીલતા ! જલદી કહે; શું કહેવું છે ?'

કહેવાની વાત તો બહુ લાંબી છે, એ હું પછી કહીશ.' શ્રીલતાએ કહ્યું.

'તો મારો હાથ કેમ પકડી રાખ્યો છે ? હવે મને જવા દે ને ! પેલાં ડોસાં બૂમ મારશે.' મધુકરે કહ્યું. આજના યુવાનોને પોતાનાથી સહેજ મોટી ઉંમરવાળાં સહુ કોઈ ડોસાં જ લાગે છે.

'મારા મનમાં કે મારા હાથની આ વીંટી તને સહજ વાગશે ખરી !'

'વીંટી તે વાગે, ઘેલી !'

'વાગે નહિ પરંતુ વીંટી પોતાની યાદ તો જરૂર આપે - વીંટી જેને પહેરાવી હોય તે ભલે યાદ ન આવે તોય !'

'શ્રીલતા ! કાંઈ ભૂલ થાય છે !'

'મારી ભૂલ થતી હોય તો મને દેખાડ. હું તો તેં કહ્યું છે ત્યારથી, રોજ અહીં આવી તારી રાહ જોઉં છું. પણ તું બીજે ફરતો હોય છે છતાં અહીં આવતો નથી.'

'એનું કારણ હું તને સમજાવીશ. મારે કબૂલ કરવું જોઈએ કે મારી કાંઈ ભૂલ થઈ છે તો ખરી - તારી દૃષ્ટિએ. એ બદલ હું તારી માફી માગું છું. જોકે શ્રીલતા ! હું તો છું તેનો તે જ છું.' કહી શ્રીલતાનો હાથ પકડી, ઘૂંટણીએ બેસી તે શ્રીલતા સામે જોઈ રહ્યો. પાવરધા પ્રેમીઓ એમ જ માને છે કે તેમની આંખમાં અંજનના ભંડાર ભર્યા છે, જે વડે તેઓ ગમે તે યુવતીને આંજી નાંખે. શ્રીલતા અત્યારે અંજાઈ હોય એમ લાગ્યું નહિ. એણે તો જરા કડકાઈથી કહ્યું :

'મધુકર ! નાટક ન કરીશ; નાટકની જરૂર નથી.'

'હું માફી માગું છું, એ તને નાટક લાગે છે ? એકદમ ઊભા થઈ મધુકરે વાણીમાં જરા વિષ લાવી કહ્યું.

'મને જે લાગતું હોય તે ખરું, પણ આજની આપણી મુલાકાતમાં હું તને યાદ રાખવા જેવી એક વાત કહી દઉં.' શ્રીલતા બોલી.

'કાલ ઉપર ન રાખે ?'

'ના; અબઘડી જ કહેવું છે.'

'તો કહી નાખ ને જલદી, Dear!'

'તો સાંભળી લે. સ્ત્રીઓનાં હૃદય એ રમવાનાં, રમીને ભાંગવાનાં અને ભાંગીને તોડીફોડી ફેંકી દેવાનાં રમકડાં નથી !' શ્રીલતાએ જરા ભાર દઈને મધુકરને કહ્યું.

'આ બધું તું મને - મધુકરને સંભળાવે છે, શ્રીલતા ? વારુ બીજું કાંઈ?'

'મેં કહ્યું તે યાદ નહિ રાખે તો બીજું ઘણું ઘણું યાદ રાખવું પડશે.... અને મધુકર ! કાલથી હું તારી રાહ જોવા માટે આવનાર નથી. આજ આટલું બસ છે. હવે તું જઈ શકે છે, જ્યાં જવું હોય ત્યાં. રાવબહાદુર પાસે જા, કે જ્યોત્સ્ના પાસે જા.' કહી શ્રીલતા પોતે જ ત્યાંથી જલદી પગલાં ભરતી ચાલી ગઈ. એક ક્ષણભર મધુકર ઊભો રહ્યો. એકાએક તેણે પોતાની હથેલીમાં બીજા હાથની મુઠ્ઠી પછાડી કાંઈ નિશ્ચય કર્યો હોય એવો દેખાવ કર્યો અને વિજયી ગતિથી તેણે ડગલાં ભર્યાં. જોતજોતામાં તે રાવબહાદુર અને યશોદાબહેન બેઠાં હતાં ત્યાં આવી પહોંચ્યો. જ્યોત્સ્ના પણ ત્યાં જ બેઠી હતી. મધુકરના આવતાં બરાબર જ્યોત્સ્નાએ સ્મિત કર્યું અને પૂછ્યું:

'શ્રીલતાએ તને બહુ વાર રોક્યો નહિ ?'

'શ્રીલતા કોણ ?' યશોદાબહેને એકાએક પૂછ્યું.

'મારી એક બહેનપણી છે. કોઈક કોઈક વાર આવે છે આપણે ત્યાં. તને યાદ નહિ હોય, મા !' જ્યોત્સ્નાએ કહ્યું.

'શું ભણે છે, એ ?' રાવબહાદુરે પૂછ્યું. મધુકરનું કોઈ સ્ત્રીમિત્ર હોય એ રાવબહાદુરને પણ ગમ્યું નહિ. લગ્નબજારમાં પુરુષોના ભણતરની સાથે સ્ત્રીઓના ભણતરની પણ કિંમત સરખાવા લાગી છે.

'એ મારી સાથે જ ભણે છે, અને કદાચ... મધુકર સાથે એ પરણી પણ જશે એમ સંભળાય છે.' કહી જ્યોત્સ્ના જરા હસી. લગ્ન અને પ્રેમ વિશે વાત થતી હોય ત્યાં એક ક્ષણ પણ ઊભી ન રહેનારી જ્યોત્સ્ના અત્યારે વાચાળ શા માટે બન્યે જતી હતી તેની મધુકરને સમજણ પડી નહિ. તેણે મૂંઝાઈને કહ્યું :

'શું તમેયે, જ્યોત્સ્નાગૌરી ! મારી મશ્કરી કરો છો ?'

'મશ્કરી ? હું કરું છું ? મેં તો ચોક્કસ સાંભળ્યું હતું અને હું માનું છું

કે એમ જ થવાનું છે !' જ્યોત્સ્નાએ કહ્યું.

'જ્યોત્સ્નાગૌરી ! મને માફ કરો. આજનાં ભણતાં યુવકયુવતીઓને સહુ કોઈ જાણે છે. કોઈ દિવસ સહજ અભ્યાસની વાત કરતાં અમે ઊભાં હોઈશું ત્યારથી મિત્રોએ મશ્કરી શરૂ કરી છે, ને એમાં જ્યોત્સ્નાબહેન પણ સામેલ છે. લગ્ન પહેલાં તો મારે કમાવું છે, વિલાયત જવું છે, દેશને ઉપયોગી થઈ પડવું છે, પછી લગ્નનો વિચાર. આજ તો એનું સ્વપ્ન પણ નથી !' કહી મધુકરે જ્યોત્સ્નાનાં માતાપિતા આગળ પોતાની વિશુદ્ધ જીવનકક્ષા સ્પષ્ટ કરી.

અંધારું થઈ જવા આવ્યું હતું. અંધારામાં બેસવાની ખાસ જરૂરતવાળાં પ્રેમીઓ સિવાય ફરવા આવેલાં માનવીઓ ધીમે ધીમે વિખરાતાં હતાં. રાવબહાદુરે અને યશોદાબહેને હવે પાછા જવાની તૈયારી કરી. જ્યોત્સ્નાએ ઊઠતાં ઊઠતાં કહ્યું :

'મા ! આજે એક બહુ સરસ અંગ્રેજી ચિત્ર આવ્યું છે. આપણે બધાંય જોવા જઈશું ?'

'તમારાં અંગ્રેજી ચિત્રોમાં તો મને કાંઈ સમજ પડતી નથી. આમ તો હવે હું "ટાઈમ્સ" પણ વાંચું છું. પરંતુ આ તમારાં અંગ્રેજી ચિત્રોમાં પાત્રો શું બોલે છે એ સમજાતું નથી. જવું હોય તો તમે બે જણ જઈ આવો. કેમ ખરું ને ?' કહી યશોદાબહેને પોતાના પતિની સંમતિ માગી ઘણી પત્નીઓ આજ્ઞાધારકપણું સાબિત કરી પોતાનું મનધાર્યું કરે છે; અને સંમતિ આપી ઘણા પતિ સ્ત્રીજાતિ પ્રત્યેની ઉદારવૃત્તિ અનુભવ્યાનો સંતોષ લે છે. રાવબહાદુરે મધુકર અને જ્યોત્સ્નાને એકલાં ચિત્રપટ જોવા જવા સંમતિ આપી. બહુ વિચારપૂર્વક, મધુકર સરખો આકર્ષક યુવક જ્યોત્સ્ના સિવાયની બીજી યુવતી સાથે ફરતો હતો એવા જ્યોત્સ્નાના કથને ઊભી કરેલી ચિંતાનો ઉકેલ માતાપિતાને મન એક જ હોઈ શકે : જ્યોત્સ્ના અને મધુકર વધારે સાથે રહે... વધારે એકાંતમાં !

લગ્નનો પ્રશ્ન સીધાસાદા માનવીઓને પણ રાજકારણમાં રીઢા બનેલા કાવતરાખોર મુત્સદ્દીઓ બનાવી દે છે.

## ૧૮

## ચિત્રપટ

ધનિકોને વાહનની હરકત કદી પડતી નથી. રાવબહાદુર અને યશોદાબહેન તો પોતાની કારમાં ખુશ થઈને ચાલ્યાં ગયાં. તેમને ગમતા યુવાનની સાથે તેમની પુત્રી એકલી ફરે તેમાં તેમને કાંઈ હરકત લાગી નહિ. અને જ્યોત્સ્નાએ બગીચા બહાર જઈ ટૅક્સી કરી લેવાની ખાતરી આપી હતી. અને અનેક ટૅક્સીઓ ભાડે કરી શકે એટલા રૂપિયા જ્યોત્સ્નાની રૂપાળી હાથથેલીમાં રહેતા હતા એમ જાણનાર રાવબહાદુર અને યશોદાબહેને આજ હિંમત કરી જ્યોત્સ્નાને મધુકર સાથે એકલી રહેવા દીધી. પ્રેમમાં જ નહિ, લગ્નમાં પણ, એકાન્ત મહત્ત્વનો ભાગ ભજવે છે.

બગીચાની બહાર નીકળતાં અત્યંત આનંદ અનુભવતા મધુકર સાથે જ્યોત્સ્ના કંઈ વાત કરશે એમ માની મધુકરે કાંઈ પણ વાત શરૂ કરી નહિ. પરંતુ જ્યોત્સ્નાએ કશી વાત કરી નહિ એટલે અંતે તેનાથી રહેવાયું નહિ. મધુકરે પૂછ્યું :

'જ્યોત્સ્ના ! આજે ક્યાંથી મારા ઉપર કૃપા કરી ?'

'શાની કૃપા ?' જ્યોત્સ્નાએ પૂછ્યું.

'મારી સાથે એકલા ફરવાની અને સાથે ચિત્ર જોવાની.'

'આપણે ક્યાં એકલાં જઈએ છીએ ? અને... જો ને, આપણી આસપાસ અને આગળ પાછળ આપણા જેવાં જ કેટલાંય માણસ આવતાં જતાં હોય છે; પછી એકલાં શાનાં ?'

'એ તો બધાં સમજીને આપણાથી દૂર રહે છે - જેમ આપણે સહુથી દૂર રહીએ છીએ તેમ. અને થિયેટરમાં તો આપણે એકલાં જ હોઈશું ને ?'

'સેંકડો માણસો જોવા આવશે તેમાં આપણે એકલાં ક્યાંથી ?'

'આપણે એવી ખુરશીઓ પસંદ કરીશું કે જ્યાં ચારેપાસ દસ દસ ખુરશીઓ ખાલી હોય.'

'કેમ એમ ?' જ્યોત્સ્નાએ પૂછ્યું.

'મારે આજે તારી પાસે મારું હૃદય ખોલવું છે.'

'હૃદય ખોલવા જેવું એકાંત થિયેટરમાં મળે એમ હું માનતી નથી.'

'તો પછી આપણે એકાદ રેસ્ટોરાં શોધીશું. અજંતા, કિન્નરી કે આમ્રપાલી એ ત્રણમાંથી એકાદ રેસ્ટોરાંમાં આપણે માગીશું એટલું એકાંત આપણને મળશે... અને તારી એમ ઈચ્છા હોય કે આપણે ચિત્રપટમાં ન જઈએ અને ટૅક્સીમાં લાંબે ફરવા જઈએ તો તેમ પણ બને એવું છે. મને શહેર આસપાસનાં ઘણાં એકાંત સ્થળોની માહિતી છે.' મધુકરે કહ્યું.

'એની મને ખાતરી જ છે. પરંતુ આજે તું માગે છે એવું એકાંત મને અગર તને મળે એવું લાગતું નથી.'

'નવાઈ જેવું ! ન મળવાનું કાંઈ કારણ ?'

'હા. આપણે ચિત્રપટ જોવા સુરેન્દ્ર વગર ઓછાં જઈશું ?'

'ટૅક્સીમાં જતે જતે આપણે સુરેન્દ્રને ઉપાડી લઈએ છીએ.'

મધુકર જ્યોત્સ્નાનું આ વાક્ય સાંભળી ચમક્યો. એકાંતની આટલી આશા આપી જ્યોત્સ્ના પાછી સુરેન્દ્રને શોધવા જાય છે ?

'સુરેન્દ્રને લઈ જવો હોય તો પછી મારી જરૂર નથી. હું ચાલ્યો જાઉં.' મધુકરે જરા ખોટું લગાડી કહ્યું.

'અરે, ચાલ તો ખરો ! મારે ખાસ કામ છે. એક ચિત્ર જોવું છે, જેમાં તારી અને સુરેન્દ્રની એમ બેની સલાહ લેવી છે.'

કહી બગીચાની બહાર નીકળતાં બરોબર જ્યોત્સ્નાએ એક ટૅક્સી બોલાવી અને મધુકરના વિરોધને ગણકાર્યા વગર તેને ગાડીમાં બેસાડી દીધો અને પોતે પણ સાથે બેસી ગઈ. મધુકર જરૂર મૂંઝવણ અનુભવી રહ્યો. જ્યોત્સ્ના મધુકર સાથે એકાંત ગાળવાની ઈચ્છા રાખતી હતી એ તેની કલ્પના ભ્રમ પુરવાર થઈ. જ્યોત્સ્નાને ચિત્ર તો જોવું છે પણ એને ચિત્રની બાબતમાં કાંઈ સલાહ લેવી છે, અને એ સલાહ મધુકરની એકલાની નહિ પરંતુ સુરેન્દ્રની પણ સાથે સાથે લેવાની છે ! અને તે સાથે ચિત્ર જોઈને ! જ્યોત્સ્નાનો શો વિચાર હશે ? જ્યોત્સ્નાને સુરેન્દ્ર સાથે જ એકાંત જોઈતું હોત તો તે જોઈએ એટલું મેળવી શકી હોત, અત્યારે પણ. તો પછી તે મધુકર સાથે શા માટે આવી ? ઘણી વાર આપણી ઈચ્છા પ્રમાણે જ દુનિયા ઘડાતી હોય એવું આપણને દેખાયા કરે છે. ચિત્ર જોઈને મધુકરની અને સુરેન્દ્રની પરીક્ષા કરવાનો તો જ્યોત્સ્નાનો હેતુ નહિ હોય? એમ હોય તો ચિત્રના નાજુક પ્રસંગોની સમજ સુરેન્દ્ર કરતાં મધુકરને પોતાને વધારે પડે એ સંભવિત હતું. જડ સુરેન્દ્ર ભાગ્યે જ ચિત્ર જોતો, અને ઘણીય વાર તો ચિત્રની નાજુક ખૂબીઓ તેને સમજાતી પણ નહિ.

'ચિત્રની બાબતમાં તું સુરેન્દ્રની સલાહ લેશે ?' મધુકરે એકાએક ટૅક્સીમાં પૂછ્યું અને જ્યોત્સ્નાની પાસે વધારે ખસીને બેઠો.

'હા.' જ્યોત્સ્નાએ કહ્યું.

'અરે, પણ એ તો ચિત્ર જોતો જ નથી... બને ત્યાં સુધી. એ શી સલાહ આપશે ?'

'કોઈ વાર એનાં સૂચનો સરસ હોય છે.'

'પરંતુ એ ઘેર મળશે ખરો ? તું જાણે છે કે એ તો દિવસે દિવસે સામ્યવાદ તરફ ઢળતો જાય છે, અને આપણે ન ઈચ્છીએ એવાં સ્થળે રખડ્યા કરે છે.'

'એનું ઘર પાસે જ આવ્યું છે. આપણે જોઈ લઈએ. હશે અને આવશે તો ઠીક; નહિ તો આપણે બન્ને મળી ચિત્ર જોઈશું.' આટલું કહી જ્યોત્સ્નાએ ટૅક્સીને અટકાવી. સુરેન્દ્રનું નાનકડું મકાન આવી ગયું હતું. જ્યોત્સ્નાએ અને મધુકરે ગાડીમાંથી ઊતરી સુરેન્દ્રના નાનકડા ઘરમાં પ્રવેશ કર્યો. સુરેન્દ્ર એકાએક બારણાં પાસે આવીને ઊભો રહ્યો અને તેણે પૂછ્યું :

'ઓહો, તમે બે જણ ક્યાંથી ? પધારો.'

'અમારે પધારવું નથી. અમારે તને સાથે લઈ જવો છે.' જ્યોત્સ્નાએ કહ્યું.

'ક્યાં ? અત્યારે જ ?' સુરેન્દ્રે જરા ચમકીને પૂછ્યું.

'હા, અત્યારે જ. એક સરસ ચિત્રપટ આવ્યું છે તે જોવા માટે તને અને મધુકરને લઈ જવા છે. જલદી ચાલ; વધારે વખત રહ્યો નથી.' જ્યોત્સ્નાએ કહ્યું.

'ચિત્રપટ જોવા... મને લઈ જવો છે ? હું તો બને ત્યાં સુધી ચિત્ર જોતો જ નથી.'

'તોપણ મારે તને લઈ જવો છે.' જ્યોત્સ્નાએ કહ્યું.

'જ્યોત્સ્ના ! બીજો કોઈ દિવસ રાખ, હું જરૂર આવીશ. પરંતુ આજે... તો હું એવો ગૂંચવાઈ ગયો છું કે મારાથી ન જ અવાય.' સુરેન્દ્રે કહ્યું.

'કાંઈ ઊથલપાથલ કરવાની સભા મળવાની હશે, સુરેન્દ્ર ! મેં તને એક કરતાં વધારે વાર ચેતવણી આપી છે કે જો તું તારો સામ્યવાદ મૂકી નહિ દે તો તું તારી નોકરી ગુમાવીશ.' મધુકરે જરા ધમકી આપી.

સુરેન્દ્રે હસીને તેને જવાબ આપ્યો :

'મધુકર ! સામ્યવાદ કે કોઈ પણ વાદ મારી નોકરી જાય કે રહે એના

ઉપર તો આધાર ન જ રાખે. અને ઊથલપાથલ તો સામ્યવાદ નહિ કરે તો બીજા કોઈ કરશે. એટલે મારા વાદને તો તું આગળ કરીશ જ નહિ. પરંતુ અત્યારે તો હું ન આવી શકું એવી સ્થિતિ છે.'

'અમે બન્ને લેવા આવીએ તોય તમારી ના જ હોય !' જ્યોત્સ્નાએ જરા રીસ ચડાવી કહ્યું.

'મારે થોડું અગત્યનું કામ છે... એ પૂરું થશે તો હું જરૂર તને થિયેટર ઉપર મળીશ.' સુરેન્દ્રે કહ્યું.

'પરંતુ અમારી સાથે તો તું ન જ આવે, ખરું ને ?' જ્યોત્સ્ના બોલી.

'જ્યોત્સ્ના ! મને આજ માફ કર.' સુરેન્દ્રે કહ્યું.

'તો હું અને મધુકર બન્ને જઈએ છીએ... ચાલ મધુકર !' કહી જ્યોત્સ્નાએ આગ્રહનો અંત આણ્યો અને પાછા ફરી ચાલવા માંડ્યું.

સુરેન્દ્ર જ્યોત્સ્નાને જરા જોઈ રહ્યો... એ મધુકરે પણ પાછળ ફરી જોયું... અને તેની આંખો હસી રહી... જાણે તેણે સુરેન્દ્ર ઉપર વિજય મેળવ્યો ન હોય !

આવજો કહેવાની રાહ જોયા વગર સુરેન્દ્ર પાસેથી ચાલી ગયેલી જ્યોત્સ્ના અને મધુકર નાટ્યગૃહ પાસે આવી ઊતર્યાં.

આવતા બરોબર જ્યોત્સ્નાએ બે ટિકિટો ખરીદ કરી અને બે એકાંત ખુરશીઓ ઉપર આવી બન્ને જણ બેઠાં. તેમના બેસંતા બરોબર જ ગૃહમાં અંધકાર ફેલાયો અને પડદા ઉપરના પ્રકાશમાં ચિત્ર, ચિત્રના લેખક, ચિત્રના સર્જક, ચિત્રના દિગ્દર્શક, ચિત્રના ચિત્રકાર, વસ્ત્રકાર, નાયક, નાયિકા, સંગીતદિગ્દર્શક, પ્રત્યેકના મદદનીશ અને એવાં પાર વગરનાં નામોની પરંપરા ધ્રૂજવા લાગી.

'આ ચિત્ર જોવાનું તેં કેમ પસંદ કર્યું ?' મધુકરે બહુ જ ધીમેથી પૂછ્યું. સિનેમાગૃહમાં પાસે બેઠેલા પ્રેક્ષકોને હરકત ન થાય એમ વાત કરવાની છૂટ છે.

'મારે આ ઢબનું એક ગુજરાતી નાટ્ય કરવું છે.' જ્યોત્સ્નાએ જવાબ આપ્યો.

'તારે ? શા માટે ?'

'નગર અને ગ્રામજીવનના તફાવતો આ ચિત્રમાં બહુ જ સુંદર રીતે આપ્યા છે. નગરનિવાસી ધનિક યુવાન એક ભણેલી શહેરી યુવતીને મૂકી ગ્રામયુવતીને કેમ પરણે છે, એનો બહુ રમૂજી પ્રયોગ આ ચિત્રમાં છે. તું પણ ધ્યાન રાખજે... આપણે આપણા નાટકમાં શું શું કરી શકીએ તે બદલ.'

જ્યોત્સ્નાએ ધીમે ધીમે મધુકરને કહ્યું.

ચિત્ર ચાલુ જ હતું. જ્યોત્સ્ના તે રસપૂર્વક જોતી હતી, પરંતુ મધુકરને ચિત્ર કરતાં જ્યોત્સ્નામાં વધારે રસ હતો. સુરેન્દ્ર સાથમાં ન હતો એ એક મોટી રાહત હતી. જ્યોત્સ્નાનાં માતાપિતા ઉપર તો મધુકર સરસ છાપ પાડી શક્યો હતો; એટલી સરસ કે તેની સાથે જ્યોત્સ્નાને એકલી મોકલવાને તેઓ તત્પર થયાં હતાં ! જ્યોત્સ્ના પણ છેક અસ્પૃશ્ય બની રહી ન હતી. બગીચામાં તેનો હાથ પકડ્યો ત્યારે જ્યોત્સ્નાએ ખાસ વાંધો લીધો ન હતો, અને પેલી શ્રીલતા વચ્ચે આવી ચડી ન હોત તો જ્યોત્સ્નાને તે તત્કાળ - તે જ ક્ષણે - જીતી શક્યો હોત. સુરેન્દ્ર સાથે ન આવ્યો ત્યારે પણ તેણે સુરેન્દ્રને આગ્રહ ન કરતાં મધુકર સાથે ચિત્ર જોવાનું પસંદ કર્યું. આ ચિત્ર પ્રસંગે જ વિજય મેળવવો ? કે જરા લંબાણભરી વ્યૂહરચના કરવી ?

'જો, જો, મધુકર !... શો સરસ અભિનય !' કહી જ્યોત્સ્નાએ ચિત્રપટ ઉપર ચાલતા એક પ્રસંગ તરફ મધુકરનું ધ્યાન ખેંચ્યું.

મધુકરનું ધ્યાન ચિત્ર ઉપર હતું જ નહિ. યોગી, વેદાન્તી અને ભક્ત જેમ સંસારના કાર્યમાં રત રહેતો જણાય છતાં એનો માનસિક સંપર્ક એના ઈષ્ટ સાથે જ હોય, તેમ મધુકરની આંખ ચિત્ર સામે ફરતી હોવા છતાં એનું માનસ જ્યોત્સ્ના સાથે જ જોડાયલું હતું.

'હા, ઘણો સરસ અભિનય.' મધુકરે એકાએક કહ્યું.

'તારું ચિત્ત આજે આ ચિત્રમાં નથી લાગતું.' જ્યોત્સ્નાએ કહ્યું.

'સાચું કહું ?... મારું ચિત્ત આજ ક્યાં છે તે ?'

'હું જાણું છું ક્યાં છે તે !'

'તો તું જ કહે.'

'શ્રીલતામાં... વળી બીજે ક્યાં ?

'તારી ભૂલ થાય છે, જ્યોત્સ્ના !'

'કેમ ? તારી અને શ્રીલતાની વચ્ચેના પ્રેમની હકીકત તો જગજાહેર થઈ ચૂકી છે... ક્યારનીયે.'

'એ સત્ય નથી.'

'તો પછી તારું ચિત્ત ક્યાં છે ?'

'કહું ? તારામાં.'

'જા જા, ઘેલી વાત ન કરીશ. કેટલી સ્ત્રીઓમાં તારે તારું ચિત્ત રોકવું છે ?'

'એકમાં જ... અને તે તારામાં.'

'ચાલ... એ વાત ફરી કરીશું... હમણાં આ ચિત્ર ઉપર ધ્યાન આપ.' કહેતાં બરોબર ચિત્રનો પ્રથમાંક બંધ થયો. અને અંધકાર ભર્યું... અનેક ભાવ ઉપજાવતું ચિત્રગૃહ ઝળાંઝળાં થઈ રહ્યું.

મધુકરે ચારેપાસ સ્મિતભરી નજર નાખી.

મધુકરને ઘણી છોકરીઓ ઓળખતી હતી. એના તરફ અનેક રૂમાલો ફરફર્યા. મધુકરે ચારેપાસ નમન તથા સ્મિત પણ સારા પ્રમાણમાં ફેંક્યાં.

'મધુકર ! તારી વિજયપતાકાઓ બહુ ઊડે છે !' જ્યોત્સ્નાએ સહજ હસીને કહ્યું.

'હું કહીશ.. મારી વિજયપતાકા સાચી ઊડશે ત્યારે.' મધુકરે કહ્યું. અને થોડી વારમાં ચિત્રનો બીજો અંક શરૂ થયો.

## ૧૯

# રોમાંચની લાલસા

પ્રજાના પોશાક, પ્રજાની રીતભાત અને પ્રજાની નીતિ ચિત્રપટ દ્વારા હવે નવેસર સર્જાતી જાય છે. પ્રજાનો પ્રેમ પણ ચિત્રપટ ઘડે છે એ પ્રેમીઓ તો ભૂલી ન જ શકે... અને હવે કોઈ પણ વ્યક્તિ ન ભૂલી શકે. 'ચિત્રપટ જોવા અમે નથી જતા.' એવો નીતિ-ઘમંડ સેવનાર ભલે એમ માને કે તેઓ ચિત્ર ન જોઈને નીતિનું મહારક્ષણ કરે છે ! ચિત્ર જોનાર ચિત્રપટમાંથી એટલાં બધાં પ્રેમચિત્રો લાવી જીવનમાં ગોઠવી દે છે કે ચિત્ર ન જોનાર એ ન જુએ તેથી નવીન પ્રેમને જરાય હરકત આવતી નથી.

ચિત્રમાં એક સ્થાને પ્રેમી યુગલનું દીર્ઘ ચુંબન દૃશ્યમાન થયું. છેલ્લાં વર્ગના અસંસ્કારી પ્રેક્ષકોમાંથી બુચકારા થતા સંભળાયા ! એથી વધારે ઊંચા વર્ગમાં 'આહા !' જેવા ઉદ્‌ગારો સંભળાયા ! સર્વોચ્ચ વર્ગમાં પુરુષોએ અનિમેષ દૃષ્ટિએ ચુંબન ઉપર ત્રાટક કર્યું; અને અંધારું વ્યાપક હોવાથી સ્ત્રીઓએ પણ મુખ સહજ નીચું નમાવી આંખની કીકી ઊંચકી એ દૃશ્ય જોઈ લીધું ખરું ! નામાંકિત નટ અને નામાંકિત નટીએ પ્રેમનું બહુ જ પ્રત્યક્ષ શિક્ષણ પ્રેક્ષકોને આપ્યું ! કામશાસ્ત્ર શીખવા હવે વાત્સ્યાયન સૂત્રો વાંચવાની જરૂર નથી; ચલચિત્રો - અને તે પૂર્વનાં અને પશ્ચિમનાં ચલચિત્રો - એ શિક્ષણ પ્રત્યક્ષ આપી શકે એમ છે !

મધુકરનો હાથ જ્યોત્સ્નાના હાથને શોધી રહ્યા હોય એવો જ્યોત્સ્નાને ભાસ થયો. એટલામાં જ આખા નાટ્યગૃહ ઉપર અજવાળું છવાયું. અંધારામાં થતાં આચરણોથી જુદાં આચરણો પ્રકાશ માગે છે એ સ્પષ્ટ થયું. છતાં સહુના મુખ ઉપર પ્રસન્નતા વ્યાપક હતી. દીર્ઘ ચુંબનક્રિયા ઉપર પડતો પડદો પ્રસન્નતા વેર્યા વગર ન જ રહે. મધુકર સામે વળી રૂમાલો ઊડવા લાગ્યા. જ્યોત્સ્નાએ તેમાંથી કેટલાંક યુગલોનાં ઓળખાણ પૂછ્યાં.

'મધુકર ! પેલા હસતું મુખ રાખી બેઠેલા વૃદ્ધ કોણ છે ?'

'વૃદ્ધ ? એ તો મોટા ધનાઢ્ય પુરુષ છે... નાટક-સિનેમાના શોખીન!' મધુકરે કહ્યું. ધનાઢ્યો કદી વૃદ્ધ થતા જ નથી.

'અને પેલા છટાથી બેઠા છે એ કોણ ?... વય છુપાવવા મથતા એ

પ્રૌઢ પુરુષ ?'

'એ તો "દંભી સમાજ"ના તંત્રી... કાતિલ લેખિનીવાળા.'

'પરંતુ એ બંને પત્નીઓને લઈ આવાં ચિત્રો કેમ જુએ છે ?'

'એ એમની પત્નીઓ નહિ... મિત્રો છે... સ્ત્રીમિત્રો... જોજે કંઈ ભૂલ કરતી.'

'જેમ હું અને તું મિત્ર છીએ તેમ... નહિ ?' જ્યોત્સ્નાએ સહજ પૂછ્યું.

'લગભગ એમ જ.'

'પરંતુ આજની મૈત્રીમાં ભૂલ પણ ઘણી પડી જાય. સ્ત્રીઓ પુરુષોની સાથે ફરતી થાય એટલે સમજ ન પડે કે કોણ મિત્ર અને કોણ પતિપત્ની.'

'એમાં શું ? એ ઉકેલ તો તરત થઈ જાય... પૂછપરછ કરતાં...'

'તેં પછી નોંધ કરી રાખી છે ને ?'

'શાની ?'

'કયાં કયાં દૃશ્યો આપણી નાટ્યરચનામાં ઉપયોગી થાય તેની.'

'છેલ્લું દૃશ્ય તો ન જ નોંધું ને ?' સહજ હસીને મધુકરે પૂછ્યું.

'એ કયું દૃશ્ય ?'

'કેમ.... જેના ઉપર પછી અજવાળું પડ્યું તે....'

'અં હં... એ ન નોંધીશ... હજી આપણે ત્યાં વાર છે... પરંતુ આ બધાં તારાં પરિચિત હોય તેમને કહી દેજે કે આપણે એક સરસ નાટક ભજવવું છે.'

'વારુ.... હું કહી આવું.' એટલું બોલી મધુકર બેચાર સ્ત્રીમિત્રોને મળી આવ્યો. આવતાં આવતાં ચિત્રપટનો બીજો આરામ પૂરો થયો. એકાએક અંધકાર ફેલાઈ ગયો. જ્યોત્સ્નાના હાથને અટકી સ્પર્શને ઈશારે મધુકર પાછો પોતાના સ્થાને આવી બેસી ગયો, અને છેલ્લો દૃશ્યવિભાગ શરૂ થયો. ચિત્ર ઘણું વખણાયલું હતું - ન વખણાયલું ચિત્ર જ ક્યું છે ? નટ-નટી દેવ-દેવી કરતાં પણ વધારે પૂજનીય બન્યાં હતાં - જોકે હમણાં જ એ નટ તથા નટીએ પોતાનાં પત્ની ને પતિને છૂટાછેડા આપ્યાના રસભર્યા સમાચાર વિશ્વભરના તેમના ભક્તોએ વાંચ્યા હતા ! આ યુગ નટ-નટીનો [illegible]યુગ છે. ચિત્રપટ ઉપર તેઓ ભવ્ય ઊર્મિ-અભિનય કરી શકે છે - જેના [illegible]નક ચોટદાર પ્રસંગોમાં નટીના અંગેઅંગનું સૌંદર્ય પ્રકટ થાય એવી ઢબની પ્રેમયાતના, વિલાપ, ચુંબન અને વસ્ત્રોથી ન ઢંકાતા યૌવનને દૃશ્યમાન કરતાં પ્રસાધન સ્નાનાદિ કાર્યપ્રસંગો વધારેમાં વધારે ચોટદાર બની રહે છે.

ચિત્ર પૂરું પણ થયું. મધુકરે આપેલા સહાયભૂત હાથનો ટેકો ન લેતાં જ્યોત્સ્નાએ બહાર નીકળતાં પૂછ્યું :

'મધુકર ! તને આ ચિત્ર ગમ્યું ?'

'સરસ ! ઉચ્ચવર્ગીય ચિત્ર છે... આંતરરાષ્ટ્રીય હરીફાઈમાં આ ચિત્રને ત્રીજું ઈનામ મળ્યું હતું.' મધુકરે પોતાનું જ્ઞાન પ્રદર્શિત કર્યું. ઘણાં ચિત્રોને આવાં એક અગર બીજાં ઈનામો મળેલાં હોય જ ! અને ન મળ્યાં હોય તોય કોણ એની તપાસ કરવાની તસ્દી લેઈ ઈનામની હકીકત ખોટી છે એમ ઠરાવી શકે ?'

'પેલી ગામડાની યુવતીને પેલો શહેરી ધનિક કારમાં ઉપાડી લઈ ગયો એ તો ઠીક; નાટક ત્યાં અટક્યું... પરંતુ એ પછીના જીવનને ચર્ચનારું ચિત્ર ન નીકળી શકે ?' જ્યોત્સ્નાએ પૂછ્યું.

'પછી તો Romance હૃદયકંપ ક્યાં રહે ? એ તો સામાન્ય રોજિંદું લગ્નજીવન બની જાય.'

'એટલે લગ્નજીવન સામાન્ય હોય ખરું ? રોજિંદા જીવનમાં સાચી મોજ ન આવે... એમ ને ? રોમાન્સ - કંપ - ની મર્યાદા લગ્ન આગળ અટકી જાય, નહિ ?'

'હું અને તું એનો અનુભવ લઈએ તો સાચી વાત સમજાય.' જરા ઝીણી આંખ કરી મધુકરે પૂછ્યું.

'શાનો અનુભવ ? કંપનો ? કે લગ્નનો ?' જ્યોત્સ્નાએ ધીમે રહીને પૂછ્યું.

'બંનેનો... મને લાગે છે કે તારી સાથેના લગ્નમાં પણ કંપ - Romance ઘણાં વર્ષો લગી ચાલે !' મધુકરે જ્યોત્સ્નાની વિશિષ્ટતા જ્યોત્સ્નાને જ સમજાવી.

'પરંતુ એ કંપ પુરુષને રહે કે સ્ત્રીને ?'

'બંનેને ! કલાપી યાદ કર : સરખાં બને બંને જરા !' ધીમેથી હસતે હસતે મધુકરે કહ્યું, અને જ્યોત્સ્નાના હાથમાં પોતાનો હાથ મેળવવા યત્ન કર્યો.

'તને લાગે છે કે સુરેન્દ્ર આ ચિત્ર જોવામાં હોય ખરો ?' એકાએક વાત બદલી નાખી જ્યોત્સ્નાએ પૂછ્યું.

'તારી આ સુરેન્દ્રભ્રમણા ઓછી થાય તો વધારે સારું નહિ ? આવ્યો હોત તો આપણી સાથે જ હોત ને ?' મધુકરે કહ્યું.

'મને એમ લાગ્યું કે મેં એને કાંઈક જોયો... ભ્રમણા પણ હોય.'

'જ્યોત્સ્ના ! એ ભ્રમણા તું છોડી દે એમાં કોઈને લાભ નથી. ન એને કે ન તને.'

'છોડેલી જ છે ને ? સુરેન્દ્રને ક્યાં તારી કે મારી પરવા છે ?'

'તું માને છે એટલો સુરેન્દ્ર બેપરવા નથી, હોં...'

'એમ ? શા ઉપરથી તું કહે છે ?'

'એના તરફ જે સૂચનાઓ ફેંકાય છે, એ જોતાં એણે ક્યારનું ખસી જવું જોઈતું હતું... તારા ઘરમાંથી.'

'આ આપણું નાટ્ય થઈ જાય પછી એને છૂટો કરીએ... એ પણ ઘણું કહે છે છૂટા થવા માટે.'

'નાટકમાં એની શી જરૂર છે ? એ તો અતિચોખલિયો...' વાત કરતાં.... ધીમે ધીમે ચારે બાજુનાં ઘોંઘાટમાં સમાઈ જતી વાતચીત કરતાં બંને જણ બહાર આવી રહ્યાં અને સિનેમાગૃહની આગળ કાંઈ ધાંધલ ઊભું થયું. લોકો ભેગા થઈ ગયા, બૂમાબૂમ થઈ રહી અને નિષ્ક્રિય ટોળાં જામી ગયાં.

'જો પેલો સુરેન્દ્ર ! બાજુ ઉપર રહ્યો છે તે !' જ્યોત્સ્નાએ આંગળી વડે બતાવ્યો.

'એનું જ કાંઈ તોફાન હશે.' મધુકરે કહ્યું.

'શા ઉપરથી ?'

'તેમ ન હોય તો એ અહીં શાનો હોય ?... અને એ સુરેન્દ્ર જ છે ખરેખર !'

સુરેન્દ્ર ખરેખર ટોળા વચ્ચે એક બાજુ ઉપર સ્વસ્થતાથી ઊભો હતો, અને મધુકરની એક પરિચિત યુવતીમિત્ર મીનાક્ષી તેની પાસે થરથરતી ઊભી હતી. સખીઓનાં ટોળામાં મસ્ત હાસ્યથી આગળ તરી આવતી મીનાક્ષીને બહાર નીકળતા બરોબર એકાએક માણસોએ ઊંચકી એક કારમાં બેસાડી દીધી, અને ઘણી હોહા થવા છતાં કોઈએ તેને છોડાવવાની હિંમત ન કરતાં કારના એન્જિને પોતાનું કાર્ય શરૂ કર્યું. પરંતુ એન્જિન ચાલવા છતાં કાર આગળ ચાલી નહિ, એટલે કારની આસપાસ લોકો વીંટાઈ વળ્યા. ડ્રાઈવરે બળ કર્યું, પરંતુ ગાડી ચાલી જ નહિ, એટલે એણે ઊતરી ગાડીનાં પૈડાં તપાસ્યાં અને પૈડાંમાંની હવા નીકળી ગઈ હોવાથી બેઠેલાં પૈડાં જોઈ ડ્રાઈવર કાંઈ ઈશારત કરી ટોળામાં અદૃશ્ય થઈ ગયો. મીનાક્ષીને પકડી કારમાં બેઠેલા ત્રણે જણ આ જોઈ એકાએક ઊતરી ટોળામાં જ અદૃશ્ય થઈ ગયા અને બીકથી ધ્રૂજી ઊઠેલી મીનાક્ષી પાસે જ

ઊભેલા સુરેન્દ્રે તેને કહ્યું :

'મીનાક્ષી ! બહાર ચાલી આવી; કશી હરકત નથી.'

મીનાક્ષી બહાર ચાલી આવી, પરંતુ હજી તેને ભય ઘટ્યો ન હતો. શું ? કેમ થયું ? શા માટે થયું ? એનો ખ્યાલ મીનાક્ષીને પણ આવ્યો ન હતો તેમ ટોળાને પણ આવ્યો ન હતો. માત્ર મીનાક્ષીને બધા વચ્ચેથી ઊંચકી તેને કારમાં ઘસડી બળપૂર્વક બેસાડી દીધી હતી, અને કાર ન ચાલવાથી તેને બેસાડનાર આ ટોળામાંથી ભાગી ગયા હતા, એટલું જ સહુ કોઈ સમજી શક્યા.

મીનાક્ષી વધારે ભયની આગાહીથી હજી થરથર કંપતી હતી. ગુનેગારો ભાગી ગયા પછી મહાબહાદુર બનતા ટોળાએ હવે શૌર્ય દાખવવા માંડ્યું : 'પકડો બદમાશોને !'

'ક્યાં ભાગી ગયા હરામખોરો ?'

'બોલાવો પોલીસને !'

'આમ દુનિયા કેમ ચાલશે ?'

'સરકાર શું કરે છે ?'

'બધાય અમલદારો મફતના પગાર ખાય છે !' આવા આવા ઉદ્‌ગારો દ્વારા વીરત્વ પ્રદર્શન કરી રહેલા ટોળામાં બેત્રણ પોલીસના માણસો પણ આવી ચૂક્યા અને ચારેપાસ વિજયી મુખમુદ્રા કરી સહુને વેરવાનો પ્રયત્ન કરવા લાગ્યા. સહેજ સહેજ ધાંધળ, ધોલઝાપટ કે ઝપાઝપીથી કાંઈ ભારે ગુનો બનતો નથી; અને ફરિયાદી તેમ જ આરોપી બંનેને એકએક બબ્બે તમાચ મારી અનેક ફરિયાદોનો નિવેડો કરનાર અનુભવી પોલીસના માણસોએ લોકોને વેરી નાખવા માંડ્યા. એકબે કાયદાબાજ ટોળાબંધુઓએ જરા પોલીસની પણ ખબર લેવા માંડી.

'અરે શું જમાદાર !... આટલી વસ્તી વચ્ચેથી છોકરીઓને ગુંડાઓ ઉપાડી જાય એ કેવું ?'

'એ છોકરી પણ સંતલસમાં નહિ હોય એમ શા ઉપરથી ?' પોલીસે કહ્યું. પોલીસની દુનિયામાં ગુના રહિત પ્રાણી કોઈ જ નથી... અને એ વાત છેક ખોટી પણ ન કહેવાય !

'અરે, પણ પૂછો તો ખરા ?' બીજા કાયદાબાજે આજ્ઞા આપી.

'કેમ બાઈ ! શું થયું ? શાનું બધું ધાંધળ કરો છો ?' પોલીસે મીનાક્ષી તરફ વળી પૂછ્યું. જેને લેઈને ધાંધળ થયું હોય એ પણ ધાંધળ કરનાર તરીકે જ સાહજિક રીતે ગણાય. મીનાક્ષીને પોલીસે પૂછેલો પ્રશ્ન મિથ્યા ન હતો.

'કાંઈ નહિ, જમાદાર ! બધાંને ખસેડો એટલે બસ. બીજું કાંઈ ધાંધળ થયું નથી.' સુરેન્દ્રે કહ્યું. પોલીસ અને કાયદાની ચુંગાલ ચોરાશી લાખ યોનીની ભવાટવીનું ભ્રમણ બની રહે છે એમ જાણતા સુરેન્દ્રે પોલીસને જવાબ આપ્યો. મીનાક્ષી હજી જવાબ આપવા જેવી સ્વસ્થતા પ્રાપ્ત કરી શકી ન હતી.

'તે... તમે મિસ્ટર ! આ છોકરીને ભગાડી જતા હતા શું ?' પોલીસે સભ્ય પ્રશ્ન પૂછ્યો.

સુરેન્દ્રના મુખ ઉપર સહેજ હાસ્ય ફરક્યું. મીનાક્ષીથી રહેવાયું નહિ. એણે જ પોલીસને જવાબ આપ્યો :

'એ ન હોત તો હું બચત જ નહિ. શાના એને ધમકાવો છો ?'

'અરે બહેન ! એવા બચાવનારા કૈંક આવે છે ! જોજો.. એના ફંદામાં પાછાં ફસાઓ નહિ... ભાગો બધા અહીંથી. તમાશો છે કે શું ?... હટો... હટાઓ...' કહી ભેગા થયેલા લોકોને પોલીસે વેરી નાખવા માંડ્યા. વધારે કુતૂહલ ન સંતોષાય એવું લાગવાથી લોકો પણ ખસતા થઈ ગયા.

'શું થયું આ બધું, મધુકર ?' જ્યોત્સ્નાએ ટોળામાંથી ખસ્યા વગર પૂછ્યું.

'સુરેન્દ્ર જ્યાં હોય ત્યાં કાંઈનું કાંઈ તોફાન હોય જ... અને પેલી મીનાક્ષી... એવી ચિબાવલી અને ચોટડું છે કે... એનો ફજેતો કાંઈ અને કાંઈ હોવાનો જ... જવા દે બધાને... ચાલ હવે મોડું થશે...' મધુકરે વ્યવહારુ સલાહ આપી.

'નહિ નહિ એમ કેમ ભાગી જવાય ? સુરેન્દ્ર અને મીનાક્ષી બન્ને મારાં અને તારાં પરિચિત છે. પૂછીએ તો ખરાં... કાંઈ મદદ કરવા જેવું હોય તો!' કહી જ્યોત્સ્નાએ મધુકરને અનિચ્છાએ આગળ ઘસડ્યો. એટલામાં મીનાક્ષીની ભાગી ગયેલી રૂપાળી બહેનપણીઓ તેની પાસે આવી પહોંચી અને મીનાક્ષીને આશ્વાસન આપવા લાગી :

'બહુ સારું થયું, બહેન ! કારનાં પૈડાં ચાલ્યાં નહિ તે ! કોણ જાણે શુંનું શું થઈ જાત નહિ તો !' એક બહેનપણીએ કહ્યું.

'હવે બાપ ! આમ એકલા કદી ન આવવું ! એકાદ છોકરો તો સાથમાં રાખવો જ.' બીજી બહેનપણીએ પુરુષાર્થી ભવિષ્ય ભાખ્યું.

'એમ ગભરાશો તો... સ્ત્રીસ્વાતંત્ર્યની તો રોજ વાતો કરો છો !' નાનામાં નાની બહેનપણીએ જરા જુસ્સો જાળવી રાખ્યો - જોકે મીનાક્ષીને ઉપાડી જતી જોતાં તેણે જ પહેલી ભયબૂમ પાડી હતી.

'હવે મીનાક્ષી ! ઘેર ચાલવું છે ને ? કહે તો પોલીસની મદદ લેઈએ.' ચોથી બહેનપણીએ ઘેર જવાની ઉતાવળ કરી. પાંચછ બહેનપણીઓ આજનું સરસ ગણાતું ચિત્ર જોવા ખાસ ભેગી થઈને આવી હતી. એ બધી ભણેલી લલનાઓ સ્ત્રીસ્વાતંત્ર્યના વિચારો અને આચારોમાં ખાસ આગળ પડતી ગણાતી હતી. સુરેન્દ્ર, મધુકર, જ્યોત્સ્ના એ સર્વનો તેમને પરિચય હતો. મીનાક્ષીએ કહ્યું :

'હું તો સુરેન્દ્રની સાથે જઈશ.'

'બધાં જ ચાલો ને, સાથે જ ? મધુકર ! ત્રણેક ટૅક્સીઓ લાવે ને.' જ્યોત્સ્નાએ વચમાં આવી કહ્યું. એ પૈસાદાર છોકરીને પૈસાનો કાંઈ હિસાબ ન હતો.

ટોળું વીખરાઈ ગયું હતું. કાર એમ ને એમ ખસ્યા વગર પડી રહી હતી. પોલીસે લાંબી પંચાયત કરી નહિ.

'આપણે ચાલતાં ચાલતાં લેઈ લેઈએ.' મધુકરને જ્યોત્સ્નાની આજ્ઞા બહુ ગમી નહિ એટલે એણે રસ્તો કાઢ્યો.

'સુરેન્દ્ર ! તું મારી સાથે જ ચાલ.' મીનાક્ષીએ કહ્યું અને સહુએ ચાલવા માંડ્યું.

ટૅક્સી ઝડપથી મળી નહિ. સુરેન્દ્ર પણ ધીમે ધીમે યુવતીટોળાની પાછળ ચાલવા લાગ્યો. મધુકરે તેનો સાથ કર્યો અને જરા રહી કહ્યું :

'જોયું, સુરેન્દ્ર ?'

'શું ?'

'સ્ત્રી એટલે... એટલે... રમવાનું રમકડું...'

'તારે મન એમ હશે.'

'તો તું શું ધારે છે ?'

'હું કાંઈ જ ધારી શકતો નથી. આખો સ્ત્રીપ્રદેશ મને અગમ્ય છે... મારી માતાથી શરૂ કરી મીનાક્ષી સુધીનો.' સુરેન્દ્રે જવાબ આપ્યો.

'પણ આ બધું બન્યું શું ?' આગળ ટોળામાંથી એક યુવતીએ પૂછ્યું.

'સુરેન્દ્ર ! જરા આગળ તો આવ ? આ બધાં પૂછે છે કે શું બન્યું ?' મીનાક્ષીએ સુરેન્દ્રને આગળ બોલાવી લીધો. મીનાક્ષીનો ગભરાટ ઘટી ગયો હતો; હવે તેની જૂની લઢણ તેણે પાછી મેળવી લીધી હતી. મીનાક્ષી બહુ લાડીને બોલતી; હસતી પણ ઝટપટ; અને તેની વાતચીતનો લહેકો પણ આકર્ષક હતો.

સુરેન્દ્ર આગળ આવ્યો ખરો, પરંતુ વાત ઉપાડવાની કે વધારવાની

તેની ઇચ્છા ન હોય એમ તે બોલ્યા વગર જ ચાલતો હતો !

'કેમ કાંઈ બોલ્યો નહિ, સુરેન્દ્ર ?' લળીને ડોકું ઢાળી મીનાક્ષીએ પૂછ્યું.

'તું જ કહે ને ?'

'ના ભાઈ !... મારું તો કાળજું હાલી જાય છે. એ વાત સંભારતાં... હું કાંઈ ન કરું...' મીનાક્ષીએ વધારે પડતો સ્ત્રીભાવ દર્શાવ્યો. અને કોઈ રોમાંચક કથાની નાયિકા પોતે હોય એમ પોતાની કથા સાંભળવા તેણે આતુર મન કર્યું.

## ૨૦

# રૂપ અને હૃદય

સુરેન્દ્ર અને મીનાક્ષી બન્નેએ મળીને ટૂંકી વાત કહી દીધી. મીનાક્ષી બહાર નીકળી ત્યારે ત્રણ જબરજસ્ત ગુંડાઓએ આવી તેને ઘેરી લીધી. તેની બહેનપણીઓએ સહજ બૂમ તો પાડી. પરંતુ ઘોંઘાટમાં અને લોકોની જવરઅવરમાં કાંઈ સમજાયું નહિ. ઘેરી લીધેલી મીનાક્ષીને વીજળીની ઝડપે ગુંડાઓએ ઉપાડી લીધી અને પાસેની જ એક કારમાં બળપૂર્વક બેસાડી દીધી. ગભરાઈ ગયેલી મીનાક્ષીથી એક ઉદ્ગાર પણ કાઢી શકાયો નહિ.

કારની એક બાજુએ સુરેન્દ્ર ઊભો હતો. એણે ગુંડાઓને ટોક્યા :

'ક્યાં એને ઊંચકી જાઓ છો ?'

'ફાવે ત્યાં !' કહી એક ગુંડાએ પોતાની આંખ ચમકાવી.

'લેઈ જાઓ જોઈએ... કેમ લેઈ જવાય છે એ હું જોઉં છું.' કહી સુરેન્દ્ર ત્યાં જ ઊભો રહ્યો અને કારનું એન્જિન ધબક્યું.

પરંતુ કાર આગળ ચાલે ત્યારે ને ? એક જણે ઊતરી પૈડાં જોયાં. પૈંડામાં હવા ન જોઈ એટલે સુરેન્દ્ર હસ્યો. અને હસતો મૂકી બાવરી મીનાક્ષીને ગાડીમાં જ રહેવા દઈ ત્રણ ગુંડા અને ચોથો શૉફર ટોળામાં ભળી અદૃશ્ય થઈ ગયા.

'ગાડીનાં પૈડાં કેમ ન ચાલ્યાં ?' એક બહેનપણીએ પૂછ્યું.

'કદાચ ને સુરેન્દ્રે એ પૈડાંને નિરુપયોગી બનાવ્યાં હોય.' મીનાક્ષીએ કહ્યું.

અને એ જ વાત સાચી હતી. ચિત્ર અંદર ચાલતું હતું ત્યારે જ સુરેન્દ્રે જોયું કે મીનાક્ષીને બતાવતા એક યુવાને ત્રણ માણસોને અંદર બેસાડી પોતે ત્યાંથી રવાનગી લીધી હતી. સુરેન્દ્રે બહાર આવી સગવડબંધ ઊભેલી એક ગાડીને ઓળખી લીધી અને એનો ડ્રાઈવર આમતેમ ફરતો હતો ત્યારે તેણે બે પૈડાંને કોરી કારની ગતિને નિરર્થક બનાવી દીધી હતી.

'પણ સુરેન્દ્ર ! તને આ બધી ખબર ક્યાંથી પડી ગઈ ?' એક યુવતીએ પૂછ્યું.

'સુરેન્દ્ર હમણાંનો ગુંડાઓની સૃષ્ટિમાં ફરે છે.' મધુકરે સહજ હસીને કહ્યું.

'હાય હાય, બાપ ! એમ ? સુરેન્દ્ર ! તું ગુંડાઓમાં ફરે છે ?' બીજી યુવતીએ જરા ગભરાટભર્યું આશ્ચર્ય બતાવ્યું.

'અરે, જોતજોતામાં એ જુગારીઓનો આગેવાન બની જશે.' મધુકરે મશ્કરી કરી.

'પણ અહીં તો એણે મીનાક્ષીને ગુંડાઓથી બચાવી. એ કેમ બન્યું ?' જ્યોત્સ્નાએ પૂછ્યું.

'મારા કરતાં મીનાક્ષી એ વધારે સારી રીતે કહી શકશે.' સુરેન્દ્રે કહ્યું.

'વાહ ! મને વળી શી ખબર કે મને ગુંડાઓ ઊંચકી જવાના છે ?' મીનાક્ષીએ કહ્યું. કેટલીક યુવતીઓનાં માનસ પોતાની આસપાસ કાંઈ અને કાંઈ અદ્ભુત પ્રસંગ બન્યા કરે એમાં જ પ્રસન્ન રહે છે. યુવકો સાથે એ હસીને, લળીને, લાડીને બોલે છે; તેમનો સાથ સેવે છે, તેમની ભેટ સ્વીકાર્યે જાય છે; એક કરતાં વધારે યુવકો તેની સાથે પ્રેમ કરતાં હોય એમાં પોતાનાં રૂપ અને માનસનો વિજય માની લે છે; પત્રવ્યવહાર કરે છે, પત્રમાં પ્રેમની કલ્પના ઊભી થાય એવાં સૂચનો પણ કરે છે, અને પ્રેમીઓની એક સાતતાળી ઉપજાવે છે, ભણવાને નામે મોજ કરતા, એક જ વર્ગમાં ત્રણ ત્રણ વર્ષની ઓછામાં ઓછી આસાએશ લેતા અને અંતે ભણવાનું છોડી પિતાના પૈસાથી ધંધાની વ્યવસ્થા કરતા નીતીન નામે યુવક સાથે મીનાક્ષીએ બહુ હરવાફરવા માંડ્યું, તેની ભેટ એ સ્વીકારતી ચાલી અને અંતે છણકાઈ રિસાઈ નીતીનને એક વખત તમાચો પણ લગાવી કાઢ્યો - નીતીનના પૌરુષને પડકાર કરીને !

ત્યારથી નીતીને મીનાક્ષી ઉપર વેર લેવાનો નિશ્ચય કર્યો. નીતીન અને મીનાક્ષી વચ્ચે પ્રેમ હતો કે ન હતો એ પ્રશ્નનું નિરાકરણ બધા મિત્રો કરે તે પહેલાં તો લટકભરી મીનાક્ષીએ નીતીનની હળવી નીતિ ઓળખી લીધી. એક વાર મધુકર પ્રત્યે આકર્ષાયેલી મીનાક્ષી મધુકર કરતાં નીતીન ઉપર વધારે પ્રેમ ઢોળવા માંડ્યો. પરંતુ નીતીનને પ્રેમ-શુદ્ધ પ્રેમ જોઈતો હતો, પ્રેમના વળગણ સરખું લગ્ન નહિ. એ સૂચનનો જવાબ મીનાક્ષીએ ધોલથી આપ્યો અને ધનિક નીતીન વેર લેવા તલપી રહ્યો. સ્ત્રી ઉપર પુરુષને વેર લેવું એનો અર્થ મર્યાદિત બની રહે છે. સ્ત્રીને નિઃસહાય સ્થિતિમાં મૂકી તેને લજ્જિત બનાવવી એ એની મોટામાં મોટી મોજ અને મોટામાં મોટી મરદાઈ ! પુરુષ પોતાની જાતને પૂછતો નથી કે સ્ત્રીની લાજ લૂંટવામાં પુરુષની પણ લાજ લૂંટાય છે કે નહિ ! શા માટે એકલી સ્ત્રીની

લજ્જાને જ લૂંટાયલી કલ્પવી ?... કે પછી પુરુષે લૂંટાવા માટે પોતાની લજ્જા પણ પોતાની પાસે રાખી નથી ?

નીતીને ત્યારથી મીનાક્ષી ઉપર નજર રાખવા માંડી - વેર લેવા માટે. એ ધનિક હતો એટલે એને ધન વેરવામાં જરા હરકત આવે એમ ન હતું. ધનને માટે માનવજાત અનેક પાપ કરી રહી છે... એ પાપ બહાર દેખાતાં હોય કે ન દેખાતાં હોય તોય. ખુલ્લાં પાપ કરનાર ગુંડાઓ પણ ધનિકોને મળી આવે એમ છે, કારણ છૂપાં પાપ કરનાર ધનવાનોને ભાડુતી ખુલ્લા પાપીઓની ઠીક ઠીક જરૂર પડે છે. નીતીને ગુંડાઓ મેળવ્યા; અને મીનાક્ષી ફરવા જતી હોય, સિનેમા જોવા જતી હોય, સભામાં જતી હોય ત્યાંથી તેને ઊંચકી લાવી નીતીન પાસે મૂકી દેવાની ક્રિયા આજના મોટરકારના યુગમાં ગુંડાઓને બહુ જોખમભરેલી ન જ લાગે એ સ્વાભાવિક હતું.

નીતીને એક વખત બેત્રણ મિત્રોના દેખતાં મીનાક્ષીને ધમકી પણ આપી હતી :

'મીનાક્ષી ! ભર રસ્તામાંથી હું તને ઉઠાવી ન જાઉં તો... જોજે !'

મીનાક્ષીને આમાં કાંઈ ભય લાગ્યો નહિ. અર્ધ મિત્ર, અર્ધ પ્રેમી, અને દૂર ફેંકાયેલો પુરુષ ધમકી આપે એ માત્ર શબ્દની જ હોય એમ માની મિનાક્ષીએ તેનો એ પ્રસંગે ફરી તિરસ્કાર કરી અંગૂઠો બતાવ્યો હતો. સુરેન્દ્રને કાને એ વાત આવી; અને તેના વૃન્દાવનના ભ્રમણમાં તેને ખબર પડી કે આજ ચિત્રગૃહમાંથી એક યુવતીને ઉઠાવી લાવવાના પ્રયોગમાં સારી રકમ વેરાવાની છે ! એટલે એણે નીતીનના કાર્યને પારખી લીધું, ને ઝડપથી ઘેર જઈ એ ચિત્રગૃહ પાસે આવી ગયો - જે ચિત્રગૃહમાં કેટલીક મિત્રયુવતીઓ ગઈ હતી અને જ્યોત્સ્ના તથા મધુકર સાથે જવાનું તેને આમંત્રણ પણ મળ્યું હતું. એ ચિત્રગૃહમાં તો ગયો, પરંતુ કોઈની સાથે નહિ છુપાઈને ગયો... કદાચ એક ક્ષણ માટે તેને લાગ્યું પણ ખરું કે જ્યોત્સ્નાએ તેને જોયો અને ઓળખ્યો પણ હતો - જોકે બીજી કોઈએ નહિ ! એણે એ પણ જોયું કે નીતીને આવીને મીનાક્ષીને છાની રીતે ઓળખાવી દીધી હતી અને એની સાથમાં આવેલાં ગુંડાઓની 'કાર' અપહરણના કાર્ય માટે તૈયાર જ હતી. કાંઈ પણ વધારે ધાંધળ કર્યા વગર એણે કારનાં પૈડાં બગાડી મૂકી ગુંડાઓની યોજનાને નિષ્ફળ બનાવી દીધી. મીનાક્ષીએ જ્યારે કહ્યું કે ગુંડા તેને ઉપાડી જવાના હતા એની ખબર તેને ન હતી, ત્યારે સુરેન્દ્રે માત્ર એટલું જ કહ્યું :

'તને નીતીનની ધમકી યાદ છે ને ?'

સહુ કોઈ એકાએક ચમક્યાં. નીતીન સરખો ભણેલો લહેરી યુવક

મૈત્રીને જોખમાવી મીનાક્ષીનું આવું અપહરણ કરે ખરો ?

'શું તુંયે, સુરેન્દ્ર ! બકે છે ? નીતીનનું નામ શા માટે વચ્ચે લાવે છે ?' મધુકરે ઠપકો આપ્યો.

'હું જાણું છું માટે એનું નામ વચ્ચે લાવું છું... માત્ર હું જ નહિ, પરંતુ મીનાક્ષી પણ એ જાણે છે !' સુરેન્દ્રે કહ્યું.

'મારા મનમાં કે એવી ધમકી નીતીને મને રમતમાં જ આપી હશે...' મીનાક્ષી જરા છંછેડાઈ બોલી.

'તું તારી મેળે જ સમજી લે ! નીતીને તને ધમકી આપી હતી, એ જ ધમકી આજે ખરી પડી હતી.' સુરેન્દ્રે કહ્યું.

'તારી ભૂલ થાય છે, સુરેન્દ્ર ! તારી જડતાએ અને ગુંડાઓ સાથે નીતીનને જોડવા પ્રેર્યો છે... બાકી... ગુંડાઓ તો ગમે તેને ઉપાડી જાત... મીનાક્ષી ઉપર હાથ કર્યો એ તો માત્ર અકસ્માત...' મધુકરે કહ્યું.

'મધુકરના કથનથી સ્ત્રીમંડળનો મોટો ભાગ સંતુષ્ટ થયો ! ગુંડા ઉપાડી જાય એવું રૂપ તો પ્રત્યેક યુવતીનું હતું જ ! મીનાક્ષી કાંઈ એના રૂપને માટે જ ઊંચકાઈ હતી એવું ધારતી હોય તો તેની ભૂલ ગણાય ! મીનાક્ષીનો પ્રસંગ માત્ર અકસ્માત હતો.

'જો, મધુકર ! હું જાણતો ન હોઉં એ કદી કહેતો જ નથી. નીતીન ગુંડાઓ અને મીનાક્ષીની રાહ જોતો ક્યાં બેઠો છે તે પણ, કહે તો હું સહુને બતાવું.' સુરેન્દ્રે કહ્યું.

'તું છે જ વહેમી, સુરેન્દ્ર ! તને ગમ્મત અને ગુના વચ્ચેનો ભેદ સમજાય એમ છે જ નહિ.' મધુકરે કહ્યું.

ધનવાનોની ગમ્મત એટલે જ ગુનો !... અને મીનાક્ષી ! જરા આવા પ્રેમપોચટ ચિત્રો જોવાનું ઘટાડી નાખ, અને કોઈ સખ્ત મહેનતનું કામ માથે લે...' સુરેન્દ્રે કહ્યું.

'અને નહિ તો ?' મધુકરે પૂછ્યું.

પોતાને ઉઠાવી જાય એવાં લક્ષણો આપણી બહેનોમાં વધી જશે.' સુરેન્દ્રે કહ્યું.

'એમાં તારું શું ગયું ?' મધુકરે કહ્યું.

'એ હું હમણાં નહિ કહું. તારામાં કોઈ યુવતીને ઉઠાવી જવાની હિંમત આવશે ત્યારે હું તારા પ્રશ્નનો જવાબ આપીશ.' સુરેન્દ્રે કહ્યું અને એણે યુવતીઓના ટોળાને જવા દઈ બીજો માર્ગ લેવાં માંડ્યો.

'તું ક્યાં જાય છે. સુરેન્દ્ર ?' જ્યોત્સ્નાએ પૂછ્યું અને હસીને સુરેન્દ્રે

જવાબ આપ્યો :

'મારા વૃન્દાવનમાં.'

અને તે અંધકારમાં અદૃશ્ય થઈ ગયો.

'સાંભળ્યું એ ક્યાં જાય છે તે ?' એક યુવતીએ કહ્યું. નૂતન યુગને પણ વૃન્દાવનની ભાવના ગમે છે ખરી.

'બે મિત્રોના ઝઘડામાં સુરેન્દ્રને વચ્ચે પડવાનો શો અધિકાર ?' મધુકરે સુરેન્દ્રની કિંમત આંકવા માંડી.

'એટલે ? મીનાક્ષીને મરજી વિરુદ્ધ નીતીન ઊંચકી જાય છતાં સુરેન્દ્ર કાંઈ કહેવું કરવું નહિ, એમ ?' જ્યોત્સ્નાએ પૂછ્યું.

'તું સમજ બરાબર, જ્યોત્સ્ના ! સુરેન્દ્ર જાણતો હતો કે મીનાક્ષી અને નીતીન મિત્રો છે.' મધુકર બોલ્યો.

'એટલે પુરુષમિત્ર સ્ત્રીમિત્રને ફાવે તે રીતે ઊંચકી જાય, એમ ?' એક યુવતીએ પ્રશ્ન કર્યો.

'એક મિત્ર બીજા મિત્રને ક્વચિત્ ચમકાવે એમાં શું મહાઅનર્થ થઈ ગયો ? રસ્તે ચાલતા કોઈ મિત્ર મારી આંખ મીંચે... એમાં ચમકાવવા સિવાય અને પછી હસવા સિવાય બીજો શો હેતુ હોય ? હું તો મીનાક્ષી-નીતીનના આ પ્રસંગને મહત્ત્વ આપી જ શકતો નથી... બંને ગઈ કાલ સુધી તો હાથમાં હાથ નાખીને ફરતાં હતાં !' મધુકરે કહ્યું.

'ગઈ કાલ સુધી નહિ... એક મહિનાથી તો હું એની સાથે બોલી પણ નથી.' મીનાક્ષીએ કહ્યું.

'માટે જ... કદાચ તને ખૂબ બોલવાની તક મળે માટે જ નીતીને આ ગમ્મત ગોઠવી હોય... નાહક સુરેન્દ્ર ગમ્મતો બગાડે છે... જ્યાં અને ત્યાં...'

ટૅક્સી જોવામાં આવી. બે ટૅક્સી જ્યોત્સ્નાએ લેઈ લીધી. સ્ત્રીમિત્રોને પોતપોતાને ઘેર ઉતારી દીધી અને મીનાક્ષીને પણ છેલ્લે છેલ્લે તેને ઘેર ઉતારી. મીનાક્ષીની લટક અત્યારે ઓછી થઈ ગઈ હતી એની મધુકરે નોંધ પણ લીધી. હજી મીનાક્ષીના હૃદયમાંથી ભય પૂર્ણપણે ગયો ન હતો. જેમ જેમ તેણે નીતીનનો મધુકર દ્વારા થતો બચાવ સાંભળ્યો તેમ તેમ તેને પોતાને માટે તથા પોતાના મિત્રોને માટે ગમે એવા વિચારો આવવા લાગ્યા. એણે ઘર આગળ કોઈને કશી જ વાત કરી નહિ. આજની યુવતીઓ સિનેમા-નાટકમાં જાય ત્યાંથી જરા વહેલી મોડી આવે, અને યુવકમિત્રો તેને ઘર સુધી વળાવી જાય, એમાં નૂતન ઢબનાં માતાપિતા બહુ વાંધો લેતાં નથી.

અને કદાચ વાંધો લે તો પુત્રીઓ બહુ સાંભળતી પણ નથી ! નૂતન નારીમાં ઠીક આત્મવિશ્વાસ આવતો જાય છે - જોકે અત્યારે તો મીનાક્ષી જરા મૂંઝવાઈ ગઈ હતી. એના સતત હાસ્ય અને હાસ્યમય જીવનમાં એને તાંડવના ભણકાર સંભળાયા ખરા - આજ !

સહુને પોતપોતાને ઘેર મૂક્યા પછી જ્યોત્સ્નાની સાથે ઘર સુધી આવવાનો મધુકરે આગ્રહ પકડ્યો.

'મારે જરૂર બિલકુલ નથી... હું ચાલી જઈશ એકલી ઘેર.' જ્યોત્સ્નાએ કહ્યું.

'ના, ના. મારે બીજું કાંઈ કામ પણ નથી.... અને મીનાક્ષીનો પ્રસંગ બન્યા પછી હું તને એકલી ન જ જવા દઉં.' મધુકરે કહ્યું.

'ભલે, સાથે ચાલ. અને પાછો એ જ ટૅક્સીમાં વળી જજે. હજી તને વિશ્વાસ નથી કે સ્ત્રીઓ સ્વરક્ષણ કરી શકે એમ છે ?' જ્યોત્સ્નાએ કહ્યું. કાર ચાલવા માંડી અને ફરી મધુકર માગતો હતો એવું જ્યોત્સ્ના સાથેનું એકાંત તેને મળ્યું.

'રક્ષણનું કાર્ય પુરુષો કરતા જ આવ્યા છે; અને તે ચાલ્યા જ કરવાનું.' હસીને મધુકરે કહ્યું.

'સ્ત્રીઓ પોતાને માત્ર રૂપાળી બનાવવાનો ભગીરથ પ્રયત્ન છોડી દે તો એમના રક્ષણનો પ્રશ્ન ઊભો જ ન થાય.' જ્યોત્સ્નાએ કહ્યું.

'જ્યોત્સ્ના ! જીવન એટલે જ સૌન્દર્યશોધ..... અને સૌન્દર્ય-ઉપભોગ... નહિ ?'

'શી સમજ પડે ? કોઈ વાર સૌન્દર્ય ગમે છે, કોઈ વાર સત્ય પણ ગમે છે, કોઈ વાર સ્વાતંત્ર્ય પણ ગમે છે.'

'જે વખતે જે ગમે એ લેઈ લેવું અને ભોગવવું...'

'કેમ બને એ ?... જોને, મીનાક્ષી તથા નીતીન એક વાર કેવાં ભેગાં ફરતાં હતાં ! એ ઝઘડશે અને નીતીન એને ઊંચકી જવા મથશે એવી શંકા પણ કોઈને ઊપજે ખરી ?' જ્યોત્સ્ના બોલી.

'એમાં દોષ મીનાક્ષીનો જ છે.'

'કેવી રીતે ?'

'પ્રેમની - લગ્નની મીનાક્ષીએ નીતીનને આશા કેમ આપી ?'

'મીનાક્ષી એની બિલકુલ ના પાડે છે.'

'આટઆટલું સાથે ફરવું, હસવું, રમવું, સાથે ચિત્રો જોવાં, ભેટ લેવી, અને છતાં એને કહેવું કે એમાં આશા અપાઈ ન હતી, એ કેવું કહેવાય ?'

'એટલે તમે પુરુષો એમ જ માનો છો કે સ્ત્રીઓ તમારી સાથે સહજ હસે, વાત કરે, સાથે ફરે એટલે તેમણે તમને પ્રેમ આપી દેવો જ જોઈએ... ખરું ?' જરા ઉગ્રતાથી જ્યોત્સ્નાએ કહ્યું.

'એમ છેક નહિ... પણ... સામાન્ય સમજવાળો પુરુષ જ્યાં પ્રેમ દેખાય એવાં સ્ત્રીઆચરણ નિહાળે, ત્યાં પ્રેમનો સાક્ષાત્કાર તો માગે જ ને?'

'તારી ફિલસૂફી બહુ સ્પષ્ટ લાગે છે.'

'હું તો બહુ જ સ્પષ્ટતાપૂર્વક આખા પ્રશ્નને સમજી ચૂક્યો છું.'

'એ તારી ફિલસૂફીમાંથી તો આખો સ્ત્રીવર્ગ ગણિકાવર્ગમાં ફેરવાઈ જશે.'

'તે તું એમ માને છે કે સ્ત્રીઓમાં સામાન્યતઃ એ વૃત્તિ હોતી નથી ?'

'હું નથી માનતી કે સ્ત્રીઓનો મોટો ભાગ કિંમત લેઈને જાત વેચવા તૈયાર હોય !'

'પેલો આગળ બેઠેલો શૉફર આપણી વાત સાંભળશે... કિંમત કિંમતના સ્વરૂપમાં ભલે ફેર હોય... પણ તને આવી સ્પષ્ટ વાત કરવાની ટેવ સુરેન્દ્રના પરિચયમાંથી પડી લાગે છે.'

'એમ શા ઉપરથી ?'

'પહેલાં તું કદી આટલું બધું બોલતી નહિ.'

'હજી પણ બહુ બોલવું મને ગમતું નથી જ.'

'છતાં તું કેટલું બોલી એ ધ્યાનમાં રાખ... અને... પહેલાં તો... આપણે મિત્રોમાં પ્રેમની કે લગ્નની આછી - સૂચક વાત થતી તોયે તું કાંઈ સમજતી નહિ... હવે તું ન બોલાય એવી વાત કર્યે જાય છે.'

'દુનિયામાં જે બનતું હોય એની વાત ન કરવી એ દંભ છે, ઢોંગ છે....'

'તને આ બધું સુરેન્દ્રે શીખવ્યું ખરું ?... તે તને અભ્યાસમાં રોકે છે કે આવી અધકચરી અસભ્ય વાતોમાં ? મીનાક્ષી તેમ જ નીતીનનું દૃષ્ટાંત તું ધ્યાનમાં રાખજે.'

'એટલે ? મને ન સમજાયું.'

'સુરેન્દ્ર દેખાય છે એટલો ચોખ્ખો નથી.'

'એમ ? સાચું કહે છે તું ?' વાતનો ઝોક ફેરવી જ્યોત્સ્નાએ પૂછ્યું.

'મને મારા એક મિત્ર વિરુદ્ધ કાંઈ પણ કહેવાનો ત્યારે જ અધિકાર મળે કે જ્યારે હું સત્ય હકીકત જાણતો જ હોઉં.'

'પરંતુ એ તું મને કેમ કહેવા માગે છે ?'

'કારણ મને તારામાં ઘણો જ રસ છે... સ્વાર્થ છે... લાગણી છે...'

'તને કયી કયી છોકરીઓમાં રસ છે ?... અને નથી ?'

'મશ્કરી ન કર, જ્યોત્સ્ના ! હું બહુ ગંભીરતાથી વાત કરું છું.'

'એ હું જાણું છું. તું ગુજરાતનો બર્ટ્રાન્ડ રસેલ બનવાનો છે.'

'એ તો મહાન ફિલસૂફ... યુરોપનો મહાગુરુ... હજી જીવે છે...'

'અને પ્રેમપ્રયોગ કર્યે જ જાય છે !' હસીને જ્યોત્સ્નાએ કહ્યું.

'એટલે ?'

'સ્ત્રીઓને પરણે છે અને થોડે વર્ષે છૂટાછેટા આપી નવો લગ્નપ્રયોગ આદરે છે, વૃદ્ધ વયે પણ. યુરોપનો એ મહાગુરુ એશિયામાંયે પહોંચવા લાગ્યો... શું ?'

'નૂતન યુગ અનેક પ્રેમપ્રયોગો માગે છે, એમ શું તને નથી લાગતું ?'

'પણ તું તો ગુરુ કરતાં પણ આગળ વધ્યો.'

'તું સ્પષ્ટ વાત કર, જ્યોત્સના ! મેં એવું શું કર્યું કે...'

'બર્ટ્રાન્ડ રસેલ તો લગ્નપ્રયોગ કરે છે. તું વળી લગ્ન પહેલાં જ પ્રેમયોગ કરે છે.'

'જ્યોત્સ્ના ! એ જુઠાણું સુરેન્દ્રે જ ફેલાવ્યું છે... મારી વિરુદ્ધ.'

'સુરેન્દ્રને તો તારી વાત કરવાની પણ ફુરસદ મળતી નથી; પરંતુ અમારી આંખો મીંચાયલી રહેતી નથી...'

'શું તારી આંખે જોયું ?'

'એ યશોધરાને પૂછીએ...મીનાક્ષીને પૂછીએ...શ્રીલતાને પૂછીએ.. જેમને જેમને આશા આપી તું છોડતો ચાલ્યો છે તેમને સહુને પૂછીએ. સામો પ્રેમ ન આપે એ સ્ત્રીને તો ઊંચકી જવાય... ગુંડાઓ રોકીને; પણ સામો પ્રેમ ન આપે એ પુરુષને શી શિક્ષા થાય તે તું કહી શકશે ? મીનાક્ષી પણ એક વાર તારા રૂપમાં...!'

'જ્યોત્સ્ના ! તું મને અન્યાય કરે છે. મને પૂરો સાંભળી લે... પછી...'

'હવે ફરી કોઈ બીજી વાર હું તને સાંભળીશ. મારું ઘર આવી ગયું. ગુડ નાઈટ... આપણે ફરી તો મળીશું જ.' કહી બંગલામાં આવી અટકેલી ગાડીમાંથી જ્યોત્સ્ના ઊતરી ગઈ અને મધુકરને એકલો છોડી એને પાછા ઘેર જવાની સગવડ આપતી ગઈ.

મધુકરના હૃદયમાં પાછા જતે જતે અનેક વિચારો ઉદ્દભવ્યો.

## ૨૧

# પ્રેમના વ્યૂહ

અનેક વિચારોમાંથી મધુકરનો એક નિશ્ચય દૃઢ થયો : સુરેન્દ્રે એના માર્ગમાંથી દૂર થવું જોઈએ ! જ્યોત્સ્નાને સુરેન્દ્રનો મોહ હતો એ મધુકર સ્પષ્ટ જોઈ શક્યો. એ મોહની પાછળ સુરેન્દ્રની કેટલીક પરોપકારી દેખાતી પ્રવૃત્તિ કારણરૂપ હતી, ગરીબોની કાળજીનો સુરેન્દ્રનો દેખાવ કારણરૂપ હતો, અને વારંવાર સુરેન્દ્ર દ્વારા આગળ કરવામાં આવતી સેવાભાવના પણ કારણરૂપ હતી. જે જાતે ગરીબ ન હોય એને ગરીબોની સેવામાં કોઈ મહાકાવ્ય દેખાય છે; જેને કોઈનાયે ઉપકારની જરૂર ન હોય એને પરોપકાર એક સાહસ સરખું ગમે છે; જેને કોઈનીયે સેવા કરવી પડતી ન હોય તેને સેવાભાવના એક નવલકથા સરખી મોહક લાગે છે. જ્યોત્સ્ના સુરેન્દ્રને નહિ પરંતુ સુરેન્દ્રની સેવાભાવનાને મોહી પડી હતી એની મધુકરને ખાતરી હતી. રૂપગર્વિતા ભાવગર્વિત પુરુષને નમી પડે છે.

નહિ તો સુરેન્દ્ર કરતાં મધુકર ઓછો દેખાવડો ન હતો. પહેરવા ઓઢવાનું તો સુરેન્દ્રને ભાન જ ન હતું; જ્યારે મધુકરનાં વસ્ત્રો અને મધુકરની ટાપટીપ એ મધુકરનું મુખ્ય આકર્ષણ હતું. બનતાં સુધી યુવક યુવતીને જોઈ રહે; યુવતી યુવકને જોઈ રહે એ લગભગ અશક્ય ગણાય છતાં... મધુકર જાણતો હતો કે સંખ્યાબંધ યુવતીઓ તેને જોઈ રહેતી !... એટલું જ નહિ, પરંતુ એનો પરિચય પણ માગતી હતી. એકલો પરિચય જ નહિ... પરંતુ પ્રેમ પણ ! કેટકેટલી યુવતીઓનાં નામ તે ગણાવી શકે ? ને જ્યોત્સ્નાએ ગણાવ્યાં પણ હતાં... કેટલાંક.

અને આ વિચિત્ર માનવ જગતમાં કેટકેટલી યુવતીઓને પ્રેમ આપવો પડે છે ?... અને કેટકેટલી યુવતીઓ પાસેથી પ્રેમ પાછો ખૂંચવી લેવો પડે છે ? એની છેલ્લી પ્રેમસંમતિ શ્રીલતાની ! સરસ છોકરી ! દેખાવડી ચબરાક, ભણેલી, પરંતુ વધારે જિદ્દી ! વધારે ચોંટે એવી; Possessive વળગે તો છોડે નહિ એવી ! એની સાથે લગ્ન થાય તો કોણ જાણે કેટલોયે જુલમ એ છોકરી કરે ! જેમ જેમ એનો સંબંધ વધતો જાય તેમ તેમ એ જાણે વધારે બંધનો બાંધવા મથતી હોય એમ મધુકરને લાગ્યા કરતું હતું... અને

પ્રેમ, સ્નેહ અને લગ્ન, એ બંધન તો ન જ બની રહેવાં જોઈએ ! વ્યવહાર, વ્યવહારુપણું, સમતુલા હાલી જાય એવી ભાવના માનવીને કેટલો ઘેલો બનાવી મૂકે છે ! જીવન એક સંગ્રામ છે... ભાવનાનું, કલ્પનાનું, ઉડ્ડયન માત્ર નથી. માત્ર ખાલી આકાશમાં ઊડ્યા કરવું એનો અર્થ એ કે આપણે ખોવાઈ જવું ! અને ખોવાઈ જનારની જગતને બહુ જરૂર હોય એમ દેખાતું નથી. જીવન એ જો સંગ્રામ હોય તો એમાં જીત જ મળવી જોઈ. હારનારને જીવન બંદીવાન બનાવી મૂકે છે. જીવનમાં એકલવાયા માનવીએ એવી વ્યૂહરચના કરવી જોઈ કે જેમાં એ જીવે ત્યાં સુધી સતત વિજય મેળવતો જ ચાલે. અને મધુકર જીવનમાં વિજય ઝંખતો હતો.

વિજયપ્રાપ્તિનું મોટામાં મોટું સાધન ધન. એ તેની પાસે હતું જ નહિ. મહામુસીબતે ગરીબ માતાપિતાના પુત્ર તરીકે તેણે ભણતર તો મેળવ્યું હતું; પરંતુ એકલું ભણતર પણ ભાગ્યે જ વિજય અપાવી શકે. એને ઘણીયે ઈચ્છા હતી કે એ વિલાયત-અમેરિકા જાય, સોંઘી ડિગ્રી લેઈ આવે, કોઈ સરસ અમલદાર બની જાય અને જીવનભર સ્વસ્થ, આરામભર્યું અને પ્રેમોત્તેજક જીવન ગાળી શકે. એવું જીવન એ જ વિજયી જીવન. પરંતુ એને માટે એ શક્ય બન્યું નહિ. સામાન્ય સ્થિતિનાં મા-બાપને ઘેર જન્મ લેવાની ભાગ્યે જ કોઈ મૂર્ખ ઈચ્છા કરે. છતાં કુદરતે એને મૂર્ખ બનાવ્યો જ હતો. એમાંથી વિજય મેળવતો મેળવતો એક સફળ સેનાપતિ તરીકે તે જીવન-સંગ્રામ જીતતો જતો હતો.

તેણે ભણતર પ્રાપ્ત કર્યું; લખવાની, બોલવાની, વાતચીતની સરસ લઢણ પણ તેણે હાથ કરી. માગે તે ક્ષણે એ કોઈ સુંદરીને લગ્નમાં પત્ની તરીકે મેળવી શકે એમ હતું. અંતે એક ઉદાર, ભલા, ધનિક અને અનુકૂળ આગેવાનના કુટુંબમાં તેને સ્થાન મળ્યું હતું. જીવનસંગ્રામમાં તેને એક સરસ મોરચો મળી ગયો. એ મોરચો હજી પણ વધારે સરસ બની શકે એમ હતું - જો એ ધનિક કુટુંબની એકની એક પુત્રી જ્યોત્સ્ના તેના ધન-મિલકત સાથે તેની પત્ની બની રહે તો ! સંસાર - સંબંધ - શ્રેણી પણ જીવનસંગ્રામનો એક મહત્ત્વનો ભાગ છે. શ્રીલતા જરૂર દેખાવડી હતી. અને સાથે સાથે જ્યોત્સ્ના પણ એના કરતાં ઓછી દેખાવડી ન હતી. આમે માત્ર રૂપની દૃષ્ટિને તો લગભગ મોટા ભાગની યુવતીઓ રુચે જ. એટલે એમાં બહુ પસંદગીનો પ્રશ્ન રહેતો નથી. શ્રીલતા જેમ ભણેલી અને સંસ્કારી હતી તેમ જ્યોત્સ્ના પણ ભણેલી અને સંસ્કારી હતી જ. શ્રીલતા વધારે ચબરાક ખરી, વધારે છૂટથી હરીફરી શકે એવી ખરી; જ્યોત્સ્ના ઓછાબોલી, સંકોચભરેલી અને વાતચીતની પટાબાજીમાં ભાગ્યે જ ઊતરે એવા

સ્વભાવવાળી હતી. છતાં એ બોલતી ત્યારે શ્રીલતા જેવું જ, મનને ગમી જાય એવું બોલતી. જિદ્દી તો બંને યુવતીઓ ખરી. શ્રીલતાને એ જરાય મળવા ચાહતો ન હતો છતાં ત્યાંથી, અને ગમે ત્યારે, એ મધુકરને પકડી કાઢી એનાં પ્રેમવચન અને એની મુદ્રિકા યાદ આપ્યા જ કરતી હતી ! મધુકરનો અણગમો, મધુકરની અનિચ્છા, મધુકરનો પ્રતીકાર શું શ્રીલતાને નહિ સમજાતો હોય ? ન સમજાતો હોય તો હવે એને સ્પષ્ટ સમજાવવાની જરૂર ખરી કે નહિ ? પ્રેમમાં કે લગ્નમાં કોઈએ પીછો પકડવો ન જ જોઈએ... અને... એ... ગમે કે ન ગમે... આજ સુધીની ભાવનાને કે નીતિને ઘાવ લાગે કે ન વાગે તોય... એ તો સ્પષ્ટ જ કે... પ્રેમને અવધિ છે... પ્રેમ બદલાય છે... એક પ્રેમ બીજા પ્રેમ જેટલો સુખદ કે દુઃખદ નીવડે એટલે એને પલટી નાખવો એ જ સત્ય અને વ્યવહાર છે. કલ્પિત ભાવનાને વળગી રહી એક સૂર સાંભળ્યા કરવો અને દુઃખ ખમ્યા કરવું એમાં પ્રેમને પણ ન્યાય મળતો નથી, એવી પ્રગતિશીલ ફિલસૂફી આજની દુનિયાએ સ્વીકારી લેવાની જરૂર છે જ.

તેની ફિલસૂફી સમજીને જ જ્યોત્સ્નાએ એને બર્ટ્રાન્ડ રસેલની ઉપમા આપી હશે ? પ્રામાણિક પ્રેમપ્રયોગ કરતા એ ફિલસૂફને હસી કાઢતી જ્યોત્સ્ના હવે જેમ બને તેમ જલદી મધુકરના હૃદયને સમજી, પારખી અપનાવી લે એ જ વધારે ઈચ્છનીય. જીવનસંગ્રામની વિજયસીડીનું એ જ હવે મહાસોપાન. એના ઉપર પગ મૂકી દેવાય તો જીવન વિજયી બની રહે!

પરંતુ એ સોપાન ઉપર પગ મૂકવાની હિમ્મત પેલો સુરેન્દ્ર પણ કરી રહ્યો હતો - એની પોતાની ઢબે ! સેવાનો દેખાવ આગળ કરીને ! પ્રેમની પરવા નથી એવો ભ્રમ ઉપજાવીને ! વિજયમાર્ગમાં જે વચ્ચે આવે એ દુશ્મનઃ પછી દુનિયાની દૃષ્ટિએ ભલે એ મિત્ર બની રહ્યો હોય ! સુરેન્દ્ર મિત્ર ખરો; એણે એને રાવબહાદુરની પાસે સેક્રેટરીની જગા અપાવી એ સાચું... પરંતુ એમાં એનો પોતાનો જ સ્વાર્થ નહિ હોય એમ કેમ માની શકાય ? પોતે સેક્રેટરી બનવાને બદલે જ્યોત્સ્નાનો શિક્ષક બની બેઠો, જેથી જ્યોત્સ્ના ઉપર એ પોતાનો જાદુ કરી શકે ! સેક્રેટરી તરીકે તો... કદાચ... રાવબહાદુરને એ પસંદ ન પડ્યો હોત તો એમણે ઝડપથી તેને દૂર કરી દીધો હોત. રાવબહાદુરને લખી આપવામાં વ્યાખ્યાનોમાં ગરીબીને કેમ ગોઠવવી એ સુરેન્દ્રને ન જ આવડે. અત્યંત સુખ ચારેપાસ ખડકાયલું રાખી પરોપકારનું ડિંડિમ વગાડવું હોય તે સુરેન્દ્ર જેવા એકમાર્ગી બોચિયાને કેમ આવડે ? જરૂર એની મર્યાદા રાવબહાદુરે પકડી કાઢી હોત અને એને ક્યારનીયે વિદાયગીરી આપી દીધી હોત !... એ વિચારીને જ એ શિક્ષક

બન્યો ! કોનો ? જ્યોત્સ્નાનો !...

સુરેન્દ્ર ત્યારે ધાર્યા જેટલો એકમાર્ગી ન જ કહેવાય: એને બોચિયું ગણી બાજુએ ફેંકી રાખવાની ભૂલમાં મધુકર સરખો મહારથી પણ ગોથું ખાઈ જાય એ સંભવિત ગણાય. દેખાય છે એવો સુરેન્દ્ર એકમાર્ગી હોત તો એણે પોતાની બાજી આવી કુશળતાથી ગોઠવી જ્યોત્સ્ના ઉપર છાપ પાડવાની સતત મળતી તક આમ ઝડપી લીધી ન હોત. યુવતીઓ ઉપર... કે જગત ઉપર... છાપ પાડવા માટે એકલી છટા જ જોઈએ છે એમ નથી. છટા તો જોઈએ જ; છતાં કેટલાંક માનસ એવાં પણ હોઈ શકે છે કે જેના ઉપર છાપ પાડવા માટે ભાવના, સેવા, ભેખ જેવા મુદ્રાલેખ કપાળે લગાડી ફરવું જોઈએ. સુરેન્દ્રે એ સ્વાંગ ભજવવાં માંડ્યો; અને ઘણી વાર બને છે તેમ એ સ્વાંગ પણ ઘણાની સહાનુભૂતિ જીતી જાય છે. સુરેન્દ્રના એ સ્વાંગ માટે મધુકરે આજ સુધી ખાસ કાંઈ વાંધો ઉઠાવ્યો ન હતો. પરંતુ હવે જ્યારે એ સ્વાંગ હથિયાર બની એની સામે ઊભો રહ્યો હોય ત્યારે એનો પ્રતીકાર કરવો એ જ સાચા લડવૈયાનો ધર્મ બની રહે છે. સુરેન્દ્ર જ્યોત્સ્નાને સેવાના સ્વાંગથી જીતી જાય એ બહુ સોંઘો વિજય ગણાય. અને એમાં મધુકર ભારે પરાજય માને એમાં પણ નવાઈ નહિ. જ્યોત્સ્ના અને તેની મિલકતમાં મધુકરે વિશ્વવિજય નિહાળ્યો. એના વિજયની વચમાં ઊભેલા સુરેન્દ્રને બને એટલી ત્વરાથી દૂર કરવો એ જ હવે એનું ધ્યેય હોઈ શકે !

કમનસીબી એ હતી કે હજી જ્યોત્સ્ના સુરેન્દ્રની મહત્તાને માન આપતી જતી હતી. જ્યોત્સ્નાને મધુકર સાથે ફરવાહરવાની છૂટ હતી; એ છૂટમાં માતાપિતાની સંમતિ હતી; એ છૂટમાં માતાપિતાની સંમતિનો અર્થ સમજી શકાય એવો હતો. બગીચામાં સાથે ફરવું, સિનેમાનાં ચિત્રો સાથે નિહાળવાં, કારમાં એકલાં જવું, એ બધું ધીમે ધીમે શક્ય બનતું જતું હતું. પરંતુ... તે છતાં હજી સુરેન્દ્રનો બચાવ કરવા જ્યોત્સ્ના પ્રવૃત્ત થતી હતી એ આંખ ઉઘાડનારું સત્ય મધુકરથી ભુલાય એમ ન હતું... એ સત્યને મિટાવવા માટે એક જ ઈલાજ : જ્યોત્સ્ના અને સુરેન્દ્ર પરસ્પરથી દૂર થવાં જ જોઈએ...

એક રસ્તો એને મળ્યો જ હતો. સુરેન્દ્રના શિક્ષણમાં જ્યોત્સ્ના અણગમતાં સ્થળોએ જતી હતી અને અણગમતા માણસોના સંસર્ગમાં આવતી હતી, એ વાત તો એનાં માતાપિતાના મન ઉપર મધુકરે ઠસાવી હતી. પરંતુ જ્યોત્સ્ના માતાપિતાની માનીતી દીકરી હતી; સહજ અણગમો બતાવ્યા ઉપરાંત માતાપિતાએ બીજું કાંઈ જ વધારે કર્યું નહિ. છતાં એ માર્ગે સુરેન્દ્ર પ્રત્યેનો માતાપિતાનો વિરોધ વધારી શકાય એમ હતું.

એકાએક તેને બીજો માર્ગ મળી ગયો. સૂતે સૂતે વિચાર કરતો મધુકર નવા માર્ગનો પ્રકાશ પડતાં એકદમ જાગૃત બની બેઠો થઈ ગયો. પયગંબરોને ઈશ્વરી સંદેશા પણ આ જ રીતે મળતા હશે ! શોધકોને સત્ય પણ આમ જ પ્રાપ્ત થતાં હશે ! મધુકરને ખરેખર આનંદ થયો. એને નવો માર્ગ મળ્યો. એ અજમાવવાની વહેલામાં વહેલી તક મધુકરે ઝડપી લેવી જ જોઈએ. એથી સુરેન્દ્ર અને જ્યોત્સ્ના વચ્ચેનો સંબંધ એકાએક અટકી જ જવાનો !

અને છતાં જ્યોત્સ્નાની જીદ ચાલુ રહે તો ?

એ પ્રશ્ન ઊભો થાય ત્યારે એનો ઈલાજ કરવાનો. હમણાં તો પ્રથમ પગલું - એક જ પગલું બસ થઈ જાય ! બંનેને જુદાં પાડવા માટે સફળ પ્રયાસ કરતાં બંનેની પરસ્પર જાગતી સહાનુભૂતિ માટે તક જ ઉત્પન્ન થતી અટકી જાય... અને ઘણા પ્રેમ, ઘણા સ્નેહ, ઘણાં વહાલ પરસ્પરથી દૂર થતાં ઘસાઈ ભૂંસાઈ જાય છે, એ સત્ય મધુકર સરખા વિજયનાદે ચઢેલા યુવાનને ખબર ન હોય એમ તો બને જ નહિ ! જ્યોત્સ્ના અને સુરેન્દ્ર પરસ્પરથી છૂટાં પડશે તો સ્વાભાવિક રીતે બંને એકબીજાંને ભૂલતાં જશે. કદાચ સુરેન્દ્ર નહિ ભૂલે તો તેની હરકત નહિ; એની સેવાભાવનાના ઢોંગને બરાબર જવાબ મળી શકશે. અને જ્યોત્સ્નાની સાથે વધારે સમય મધુકર ગાળતો રહેશે તો જ્યોત્સ્નાના હૃદયમાંથી સુરેન્દ્રની જડને ઉખાડી નાખી શકાશે. એ શક્તિ મધુકરમાં હતી જ.

પયગમ્બરોને ઈશ્વરી સંદેશ મળે એની ખુશાલીમાં આવેલી ઝબકતી જાગૃતિ પછી તેમને સત્ય જડ્યાના આનંદમાં સાચી નિદ્રા પણ આવી જતી હશે. મધુકરને સારી નિદ્રા આવી, અને બીજે દિવસે તેને શુકન પણ સારાં થયાં. રાવબહાદુરને બંગલે પહોંચતાં જ તેને જ્યોત્સ્ના પાસે ઝડપથી જવાનું આમંત્રણ મળ્યું. જ્યોત્સ્નાએ મધુકરને આ ઢબે પહેલી જ વાર બોલાવ્યો હતો. તેને લાગ્યું કે તેની યોજનામાં સફળતાની કડીઓ સંધાવા લાગી છે.

જ્યોત્સ્ના પાસે તે ઝડપથી ગયો.

'હું તારી જ રાહ જોઈ રહી છું, મધુકર !' મધુકરને જોતાં બરાબર જ્યોત્સ્નાએ કહ્યું.

'મારું એવું શું કામ પડ્યું છે ?' મધુકરે પૂછ્યું.

'કેમ, મેં તને કહ્યું હતું ને, કે આપણે એક સરસ નાટક ગોઠવવાનું છે? એમાં મારે તારી મદદ જોઈએ.'

'મેં ના નથી પાડી. તું કહે તે રીતે આપણે નાટકની યોજના કરીએ' મધુકરે કહ્યું. અને જ્યોત્સ્ના તથા મધુકર બંને થોડા સમય સુધી નાટકની યોજના વિચારતાં બેઠાં. ગ્રામજીવન અને શહેરીજીવનના ભેદ બતાવતું એક દૃશ્ય રચવાનું હતું અને તેમાં વસ્તુ, પાત્રો અને સાધનોનો પ્રાથમિક વિચાર બંનેએ મળીને કરી લીધો. પાત્રોમાં શ્રીલતાનું નામ જ્યારે જ્યારે જ્યોત્સ્ના લેતી ત્યારે ત્યારે એક અગર બીજે કારણે મધુકર તેનો વિરોધ કરતો.

'શ્રીલતાને ગ્રામ્ય યુવતી તરીકે આપણે સમજાવીએ તો કેવું ?' જ્યોત્સ્નાએ પૂછ્યું.

'શ્રીલતાને ? ગમે તેવા ગામડિયા વેશમાં પણ શ્રીલતા શહેરી છે એ દેખાઈ આવ્યા વિના રહેવાનું નથી.' મધુકર જવાબ આપતો.

'તો આપણે એને નગરયુવતી તરીકે શણગારીએ.' જ્યોત્સ્નાએ કહ્યું.

'હા, ભાઈ ! તું એને વધારે સમજે.'

'એને શહેરી લલનાનો સ્વાંગ આપીશું તો શ્રીલતા મર્યાદાનું અતિક્રમણ કરશે. આમે તું નથી જોતી કે કેટલો વધારે પડતો દેખાવ કરે છે?'

'મધુકર ! તને એ ક્યાંથી ખબર પડી કે શ્રીલતા વધારે પડતો શહેરીપણાનો દેખાવ કરે છે ?'

'જ્યારથી મેં એને મળવાનું ઘટાડી દીધું ત્યારથી જ હું એની અતિશય શહેરી લટક ઓળખી ગયો છું. નાટકમાં પણ વધારે પડે એવી એની ભભક છે. એની ભભક મને અણગમતી થઈ પડી છે.'

'એ....મ ? તો આ રીતે એને કશો પણ સ્વાંગ નહિ આપી શકાય... ખરું ?' કહી જ્યોત્સ્ના મધુકરની સામે ક્ષણ બે ક્ષણ ધારીને જોઈ રહી. અને પછી બન્નેએ મળીને આખા નાટકની યોજના વિચારી અને નક્કી કરી નાખી.

સુરેન્દ્રને જ્યોત્સ્નાએ બિલકુલ યાદ જ કર્યો નહિ એ મધુકરની આજે પ્રથમ ખુશાલી; ધારીને જ્યોત્સ્નાએ મધુકરની સામે જોયું એ મધુકરની બીજી ખુશાલી; સાંજે સાથે ફરવા આવવાનું આમંત્રણ જ્યોત્સ્નાએ પોતે જ આપ્યું એ એની ત્રીજી ખુશાલી; અને ચોથી ખુશાલી તેને એકબે દિવસમાં મળી જવાની હતી એ ખાતરીએ મધુકરને અત્યંત પ્રફુલ્લિત બનાવ્યો હતો.

## ૨૨

# પ્રેમની સ્પષ્ટતા

મધુકરની બાજી ગોઠવાઈ ગઈ હતી. પ્રભાતનાં પત્રો વંચાઈ રહ્યાં. વ્યવસ્થિત રીતે ચાલતા ધનિકના ઘરમાં અને ધંધામાં ધનિકને બહુ જોવું પડતું નથી. સમય ઘણો ફાજલ રહેતો હોય છતાં ઘણું કામ કરવાનું રહી જતું હોય એવો ભ્રમ સેવનાર મોટા માણસોનું શ્રમજીવન સમય સામે ખાલી બાથોડિયાં મારવા પૂરતું જ ભરેલું હોય છે. પત્રો વંચાઈ ગયાં; આસપાસ પડેલ પુસ્તકોમાંથી કેટલાંક રાવબહાદુરે ઉથલાવ્યાં; કેટલાંકનાં પૂઠાં જોયાં, કેટલાંક પુસ્તકોનાં પહેલાં પાન જોયાં, કેટલાંકનાં છેલ્લાં પાન, કેટલાંક પુસ્તકોનાં ચિત્રો અને કેટલાંકનાં લેખક નામ નિહાળતા હતા એટલામાં ભક્તિમાર્ગનો એક ગ્રંથ વાંચતાં યશોદાબહેને પૂછ્યું :

'આ સામ્યવાદીઓ શું કરતા હશે ?... એમને શું જોઈએ તેની મને જરાય સમજ પડતી નથી.'

નવરાશના ઢગલા ઉપર બેઠેલી ધનિક સ્ત્રીઓ છેક નિરુપયોગી જીવન નથી ગાળતી. કાં તો તેઓ ભરતગૂંથણમાં ગૂંચવાયલી રહે અગર ધર્મગ્રંથોના વાંચનમાં ! એ સિવાયનો આછો રહેલો સમય દવા, ડૉક્ટર અને નિદ્રા લેઈ જાય છે !

પરીક્ષિતને મોક્ષ આપતા ભાગવતના વાંચનમાંથી સામ્યવાદ યશોદાબહેનને કેમ યાદ આવ્યો એ રાવબહાદુરથી સમજાયું નહિ.

'ભાગવત વાંચતાં સામ્યવાદ ક્યાંથી તને જડ્યો ?' રાવબહાદુરે પૂછ્યું.

'આ તો મને યાદ એમ આવ્યું કે... આપણા ઋષિમુનિઓ સંસાર-સુખ ત્યાગીને જતા એમને સામ્યવાદી કહેવાય કે નહિ ?'

'અરે સામ્યવાદીઓ તો બીજાઓની મિલકત લૂંટી લેનારા !'

'એમ ? તે લોકો મિલકત લૂંટી કેમ લેવા દેતા હશે ?'

'મિલકત જેની હોય તે તો કાંઈ બીજાને લૂંટી લેવા ન દે... પણ આ તો એમનો સિદ્ધાંત જ એ કે ધનિકોને લૂંટવા અને ગરીબોમાં જિયાફત ઉડાવવી. ગરીબી ઘટાડવા જેટલી જેમનામાં બુદ્ધિશક્તિ ન હોય તેમને એ

વાદ ગમી ગયો !'

'તે રશિયામાં એમ જ ચાલતું હશે શું ?' યશોદાબહેન ધીમે ધીમે વિદ્વતા તરફ વળતાં જતાં હતાં. મધુકરે રશિયા વિશે કેટલીક હકીકત તેમને કહી હતી.

રશિયામાં તો કોઈને જવા દેતા નથી, ને રશિયા બહાર કોઈને આવવા દેતા નથી ! પણ આ હડતાલો પડે છે, તોફાનો થાય છે, સરઘસો ફરે છે, પથરાં ફેંકાય છે, ધાડો પડે છે, તિજોરીઓ લૂંટાય છે એ બધું સામ્યવાદના પ્રતાપે જ થાય છે.' રાવબહાદુરે સામ્યવાદ વિશે પોતાનું જ્ઞાન પ્રદર્શિત કર્યું.

'આ હડતાલો પડાવવી, તોફાનો કરાવવાં, સરઘસો કાઢવાં, એ તો ગાંધીવાદીઓ પણ કરે છે, નહિ ?'

'આ તમારો મધુકર આવ્યો. એ ઘણું ઘણું વાંચી જાણી લાવે છે. એને પૂછો.' રાવબહાદુરે કહ્યું અને મધુકરે રાવબહાદુરના ખંડમાં પ્રવેશ કર્યો. હમણાંનો મધુકર ઘણો જ માનીતો બની ગયો હતો. સવારમાં આવી છેક રાત્રે એ ઘેર જતો; બન્ને વાર જમતો પણ રાવબહાદુર સાથે. એને લેવા તથા મૂકવા રાવબહાદુરની કાર તેને ઘેર જતી... અને ઘર કરતાં રાવબહાદુરનું સ્થાન વધારે સુખસગવડવાળું હોવાથી વધારે સમય રાવબહાદુરને ત્યાં ગાળવામાં મધુકરને હરકત ન હતી. મધુકરને આખોય દિવસ અહીં જ રહેવાનું હોવાથી બંગલાનો એક સુંદર ખંડ પણ ઈલાયદો કાઢી આપવામાં આવ્યો હતો. ઝડપથી એ ઘરનો માણસ બની જતો હતો.

'મને શું પૂછવાનું છે, યશોદાબહેન ?' મધુકરે પૂછ્યું.

'આ હમણાંની સામ્યવાદની બહુ વાતો હું વર્તમાનપત્રોમાં વાંચું છું અને સાંભળું છું. એ શો વાદ હશે એ હું એમને પૂછતી હતી.' યશોદાએ કહ્યું.

'હા જી. રાવબહાદુરને હમણાં કોઈ વ્યાખ્યાનમાં એની જરૂર પડી હતી. મેં ગ્રન્થો કાઢી ભાષણ પણ તૈયાર કરાવ્યું હતું.' મધુકરે કહ્યું.

'હુંયે તેથી જ પૂછું છું... એ તો કહે છે કે એ ધાડપાડુઓનું મંડળ છે.'

'છેક એમ નહિ... પણ હા, રાજકીય ધાડ પાડવામાં સામ્યવાદને હરકત નહિ.'

'બાપ રે ! એવા લોકો શું ન કરે ?'

'ફેરફાર, ઊથલપાથલ, ક્રાંતિ, બળવો, વિપ્લવ એ એમના સિદ્ધાંતો. શક્તિ હોય ત્યાં સુધી ખુલ્લી ક્રાંતિ અને ન હોય ત્યાં છૂપી ક્રાંતિ !'

સામ્યવાદના સિદ્ધાંત ઉપર મધુકરે પ્રકાશ પાડ્યો.

'કહે છે કે બધા જુવાનિયા જ એમાં પડે છે ?'

'એમ ખરું... કંઈક અંશે... જુવાનોને અસર થાય છે... બધામાંય' પ્રામાણિક દેખાઈ સામ્યવાદ વિરુદ્ધ વાતાવરણ મધુકરે બન્નેના મનમાં ઊભું કરવા માંડ્યું હતું. એની પોતાની યોજનાનો આ એક વિભાગ હતો. મધુકરને પોતાને સામ્યવાદ પ્રત્યે વેર પણ ન હતું અને મૈત્રી પણ ન હતી. જે વાદ તેને જીવનમાં વિજય અપાવે એ વાદ તેનો બની શકતો. અને જાતે બહુશ્રુત તથા વાંચનશોખીન હતો એટલે વાત કરી શકાય એટલું એ ઘણું જાણતો.

'જોજો, ભાઈ ! આપણી આસપાસ કોઈ સામ્યવાદી ભરાઈ ન જાય !' યશોદાબહેને જરા ભયનો દેખાવ કરી કહ્યું અને મધુકરે બહુ સૂચક હાસ્ય કર્યું.

'કેમ હસ્યા, મધુકર ?' રાવબહાદુરે પૂછ્યું.

'કાંઈ નહિ... આ તો યશોદાબહેનનો ભય કેવો સાચો છે એનો ખ્યાલ આવતાં મને જરા હસવું આવ્યું... હવે સામ્યવાદીઓ તો ઘેર ઘેર ભરાઈ ગયેલા છે... આજના સમયમાં.' મધુકરે સ્વસ્થતાથી જવાબ આપ્યો.

'આપણે ત્યાં પણ ત્યારે એમ જ હશે શું ? જ્યોત્સ્નાને તો કાંઈ એવું ભૂત વળગ્યું કર્યું તો નથી ને ?' યશોદાબહેને વધારે ધડકતે હૃદયે પૂછ્યું.

'એ તો સુરેન્દ્ર જાણે. સુરેન્દ્ર એમનો શિક્ષક... એ છે તો મારો મિત્ર પરંતુ જ્યારે તમને સહુને સામ્યવાદનો આવો ભય છે ત્યારે મારે કહેવું જોઈએ કે-'

'કેમ અટકી ગયા ?'

'કાંઈ નહિ. આગળ ઉપર હું કહીશ.'

'ના ના, હમણાં જ કહો. મારા ઘરમાં એવાં તૂત ન ચાલે. કાંઈ હોય તો કહી નાખો. સુરેન્દ્ર માટે તમે શું કહેવા જતા હતા ?'

'આમ તો એ... બહુ સારો યુવાન છે... પણ... ગરીબો માટેની ખોટી લાગણી ઝડપથી માનવીને સામ્યવાદ તરફ ઘસડી જાય છે.' મધુકરે ધીમે ધીમે અચકાતે અચકાતે કહ્યું.

'એ સુરેન્દ્ર સામ્યાવાદી છે ?' રાવબહાદુરે પૂછ્યું.

'ખુલ્લો નહિ હોય... પણ ગરીબી અને સેવાની ધૂનવાળા બધાય લગભગ સામ્યવાદી વલણના તો ખરા જ. પૈસાદારો પ્રત્યે એમને ભારે

દુશ્મનાવટ !' મધુકરે કહ્યું.

'લો ! આપણે કોઈનું શું બગાડીએ છીએ જે આપણા તરફ દુશ્મનાવટ રાખવી પડે ? બાકી આપણે તો પાંચપચાસ આપી છૂટીએ છીએ ગરીબોને !... તોય આપણે દુશ્મન ? એ ખરું !' યશોદાબહેન બોલ્યાં. ગરીબોને ઉદારતાપૂર્વક દાન આપતા ધનિકો ગરીબોને દુશ્મન કેમ લાગે એની યશોદાબહેનને સમજ ન પડી.

'એમ હોય તો... આપણે... સુરેન્દ્રને આપણે ત્યાં ન જ રાખી શકીએ. એ લાલ ઝેર જ્યોત્સ્નાના લોહીમાં ઊતરે તો પછી આફત ને ?' રાવબહાદુરે આવતી આફત ઓળખવા માંડી.

'એ લાલ ઝેર કયું પાછું ?' યશોદાબહેને પૂછ્યું. લોહી લાલ હોય તે સારું; લાલ કંકુ સૌભાગ્યચિહ્ન મનાય પણ સામ્યવાદ પોતે જ લાલ ઝેર તરીકે ગણાયું છે એનું નવું જ્ઞાન યશોદાબહેને હજી હવે મેળવવાનું હતું.

'કોઈની પાસે ખાનગી મિલકત ન હોવી જોઈએ; ન્યાત, જાત કે ધર્મ કોઈએ પાળવાં ન જોઈએ, અને સ્ત્રીપુરુષ વચ્ચે લગ્નસંબંધ હોવો ન જોઈએ - લગભગ વ્યભિચાર કહો ને ! આવા આવા સિદ્ધાંતો સામ્યવાદમાં હોય છે એટલે ઘણા વિચારકો એને લાલ ઝેર તરીકે ઓળખાવે છે.' મધુકરે સામ્યવાદને વધારે સ્પષ્ટતાપૂર્વક ઓળખાવ્યો... તરફેણ કરનારી આંખ જુદી જ હોય છે... અને જેવી આંખ તેવી જીભ.

'હાય હાય, બાપ ! આવું બધું ચાલે છે દુનિયામાં ?... એને લાલ ઝેર પણ શી રીતે કહેવાય ? એ તો કાળું હળાહળ ઝેર ! સુરેન્દ્ર આવા પંથમાં છે ?' યશોદાબહેનની દૃષ્ટિ હજી પંથ, માર્ગ અને ધર્મની સીમા બહાર નીકળી શકતી ન હતી.

'જ્યોત્સાને શિક્ષકની જરૂર હોય તો બીજો શિક્ષક શોધો.' રાવબહાદુરે પણ કહ્યું. પરંતુ મધુકરને પોતાને માટે હજીય વધારે પ્રમાણમાં ઉદારતા અને ગૃહસ્થાઈની છાપ પાડવી હતી... અને સાથે સાથે બન્નેના હૃદયમાં હજી વધારે સ્પષ્ટતાભર્યું સ્થાન લેવું હતું.

'એ તો બની શકશે, યશોદાબહેન ! હમણાં કેટલાય દિવસથી જ્યોત્સ્નાબહેન જ ક્યાં સુરેન્દ્રને મળે છે ?' મધુકરે કહ્યું.

'એટલે ?'

'મને એમ લાગે છે કે... હમણાં હમણાં જ્યારે જ્યારે સુરેન્દ્ર આવે છે ત્યારે જ્યોત્સ્નાબહેન કાં તો ઘરમાં જ ન હોય કે પછી નાટકની તૈયારીમાં રોકાયાં હોય... એટલે હું જોઉં છું કે સુરેન્દ્ર કચવાઈને પાછો જાય છે.' મધુકરે

આનંદપૂર્વક અનુભવેલું જ્યોત્સ્નાનું આ નવું વર્તન કહી સંભળાવ્યું.

'તો પછી સુરેન્દ્ર જતો કેમ નથી ?' માતાએ જરા ઉગ્રતાથી કહ્યું.

'જ્યોત્સ્નાબહેનના આવા ઈશારાથી એ નહિ સમજે તો આપણે એને વધારે સ્પષ્ટતાથી સમજાવીશું... એ આખી વાત મારા ઉપર આપ છોડી દો... આવતે મહિને એ જ્યોત્સ્નાબહેનનો શિક્ષક નહિ હોય.' કહી મધુકર પોતાને કામે ગયો.

મધુકરની બાજીમાં પોબાર પડતા હોય એમ મધુકરને લાગ્યું. સામ્યવાદની ભડક રાવબહાદુરને ઘેર ઉપજાવવામાં મધુકરને સફળતા મળી. સુરેન્દ્ર સામ્યવાદી પક્ષમાં સભ્ય તરીકે જોડાયેલો છે કે કેમ એની ખાતરી કરવાની જરૂર રહેતી જ નથી... માત્ર એનું વલણ સામ્યવાદી છે એમ કહેવું, સામ્યવાદનું ભયંકર ચિત્રણ ચીતરવું ને એનો સ્પર્શસંબંધ અનિષ્ટ છે એવું વાતાવરણ ઉપજાવવું, એ મધુકર સરખા કલાકારને માટે બહુ મુશ્કેલ તો હતું જ નહિ.

હમણાં હમણાં જ્યોત્સ્ના સુરેન્દ્રનું શિક્ષણ અને શિક્ષણના સમયને ટાળતી હોય એમ મધુકરને લાગ્યું... અને સુરેન્દ્રને પણ લાગ્યું. વળી જ્યોત્સ્ના મધુકરને પહેલા કરતાં વધારે પ્રમાણમાં બોલાવતી, વધારે પ્રમાણમાં તેની સાથે વાતચીત કરતી, નાટકની અને બીજા પ્રશ્નોની મધુકર સાથે સહજ વધારે ચર્ચા પણ કરતી અને મધુકરની સાથે ચાહીને ફરવા પણ જતી હતી. જ્યોત્સ્નાના નાનપણમાં માતાપિતાએ પરખી રાખેલા ભાવિ પતિઓ તો અધ્ધર ઊડી ગયા હતા. જ્યોત્સ્નાની મરજી વિરુદ્ધ તેનાં લગ્ન કરવાની વૃત્તિ માતાપિતામાં હતી જ નહિ; જોકે તેનાં યોગ્ય વર સાથે લગ્ન થઈ જાય એવી તીવ્ર ઈચ્છા તેમને રહેતી ખરી ! અકસ્માત તેમના આકાશમાં મધુકર સરખા ચમકતા યુવકનો પ્રવેશ થયો. મધુકરે માતાપિતાને વશ કરી લીધાં અને માતાપિતા એમ પણ ઈચ્છી રહ્યાં કે હવે જ્યોત્સ્નાને પણ મધુકર વશ કરી લે.

પરંતુ, જ્યોત્સ્ના હજી પૂરી ન સમજાય એવી છોકરી હતી. માતાપિતાને તેમ જ મધુકરને ઘડીમાં ખ્યાલ આવતો કે એ મધુકરને જરાય ગણતી નથી, અને બીજી ઘડીએ લાગતું કે તે મધુકર સાથે જરા હસીને બોલે છે ! હસીને બોલવાના પ્રસંગો વધતા જતા હતા એ ચિહ્ન ખરેખર સારું જ ગણાય. કુશળ યોજક તરીકે તેણે પણ જ્યોત્સ્નાના આમંત્રણ સિવાય જ્યોત્સ્ના પાસે ન જવાનો નિયમ લીધો... અને વધારામાં જ્યોત્સ્ના પ્રત્યેના પોતાના પ્રેમને પ્રગટ કરવાનું પણ તેણે ઓછું કરી નાખ્યું... લગભગ બંધ જ કરી દીધું... માત્ર પોતાનો ભાવપ્રેમ જ્યોત્સ્ના તરફ નથી

એમ માનવા જ્યોત્સ્ના પ્રેરાય નહિ એટલી સાવચેતી એણે રાખી ખરી. ધીમે ધીમે જ્યોત્સ્ના તેને વધારે પ્રમાણમાં બોલાવતી થઈ હતી એની પણ નોંધ મધુકરે મનમાં લખી રાખી.

રાવબહાદુર અને યશોદાબહેનને સામ્યવાદ વિષે થોડું જ્ઞાન આપી પોતાને કામે જતા મધુકરને એક નોકરે આવીને ખબર આપી કે જ્યોત્સ્ના તને યાદ કરતી હતી. મોટા માણસો બોલાવે ત્યારે તેઓ કાંતો યાદ કરે અગર સલામ કહાવે ! જ્યોત્સના બોલાવે છતાં મધુકર ન જાય એવી શ્રેષ્ઠત્વભરી પ્રેમભૂમિકાએ પહોંચાય ત્યાં સુધી જ્યોત્સ્નાના બોલને આજ્ઞા માનવાનું ડહાપણ મધુકર વાપરતો હતો. મધુકર પણ તત્કાળ જ્યોત્સ્નાના ખંડમાં ગયો. ત્યાં શ્રીલતાને બેઠેલી જોઈ મધુકર પ્રથમ તો ચમક્યો, પરંતુ જોતજોતામાં સ્વસ્થ બની એણે પૂછ્યું :

'કેમ જ્યોત્સ્ના ! મને કેમ બોલાવ્યો ?'

મધુકરે શ્રીલતા તરફ ન જોયું; અને શ્રીલતા તો મધુકરની સામેથી મુખ ફેરવીને બેઠી જ હતી - તેના આવતા બરોબર.

'આપણું નાટ્યસંમેલન સફળ થાય એમ લાગતું નથી, મધુકર !' જ્યોત્સ્નાએ જવાબમાં કહ્યું.

'તને તો ભારે આશા હતી. શો વાંધો પડ્યો ?' મધુકરે કહ્યું.

'બધા જ વાંધા. શકુન્તલા બનવાની ગૌરીએ હા પાડી, પરંતુ શિશિરને દુષ્યંત બનાવવા માંડ્યો ત્યારે ગૌરીએ ચોખ્ખી ના પાડી. જયા બનવાને નયના તૈયાર થઈ, ત્યારે વિહારી કહે છે કે નયના જયા બનવાની હોય તો એ જયંત નહિ બને... આમ ચાલ્યા જ કરે છે.' જ્યોત્સ્નાએ કહ્યું.

'બીજી ઘણી છોકરીઓ અને છોકરાઓ મળી શકે એમ છે.' મધુકરે કહ્યું.

'તો તું જરા કામમાં જીવ રાખ ને, ભાઈ ! આ ગરબામાં પણ એનું એ જ તોફાન !'

'ગરબા તો આપણે નક્કી કરી નાખ્યા છે ને ?'

'હા. પણ કોણ ઉપાડે અને કોણ ઝીલે એનો મોટો ઝઘડો પડ્યો છે.'

'પણ નંદાબહેનની સુરેશાએ પહેલો ગરબો ઉપાડવો એમ આપણે નક્કી કર્યું હતું.'

'તે હવે સંધ્યાબહેન અને "પાર્ટી" એમાં જોડાવાની ના કહે છે.'

'સંધ્યાને પોતાને ગરબો ઉપાડવો હશે !...'

'એટલું જ નહિ... પણ તે પહેલો જ એમનો ઉપાડેલો ગરબો જોઈએ;

ને તો જ એ આવે: આવી તો શર્ત છે સંધ્યાબહેનની !' જ્યોત્સ્નાએ પોતાની મુશ્કેલી રજૂ કરી.

'પાંચ બાળકોની મા થઈ તોય સંધ્યાને હજી ગરબે ઘૂમવાનું મન ઘટતું નથી. એનો તે કાંઈ અવાજ છે ? એ તો ગાય છે કે ચિચિયારી પાડે છે ?'

'એ જે હોય તે !... ઉપરાંત એમને તો અભિનય સાથે ગરબો યોજવો છે !'

'શું આ બૈરાં ગરબા અંગે ઘેલછાએ ચઢે છે ? થડ જેવું તો શરીર બની ગયું છે અને હજી એને નાચવું છે !' મધુકર બોલ્યો. અણગમતા માણસોને વખોડવામાં પણ ઠીક મઝા આવે છે ! પરંતુ સંધ્યાના દેહની મશ્કરીમાં જ્યોત્સ્નાને રસ હોય એમ લાગ્યું નહિ. સ્ત્રીઓનાં દેહપરિવર્તન અને રૂપપરિવર્તન તો થયા જ કરે છે; ગંભીર સ્ત્રીઓને એમાં હસવું ગમતું નથી.'

'પણ હવે એનો નિકાલ શો લાવવો ?' જ્યોત્સ્નાએ પૂછ્યું.

'આ શ્રીલતા શું કહે છે ? વાતચીતમાં જરા રસ બતાવ્યા વગર મુખ ફેરવી બેઠેલી શ્રીલતાને જરા સારું લગાડવા મધુકરે પૂછ્યું.

'મારું નામ ન લેઈશ, મધુકર ! મારે અને તારે કાંઈ લેવાદેવા નથી.' શ્રીલતાએ છણકાઈને કહ્યું.

'એની સાથે તું પરણે નહિ ત્યાં સુધી એ તારી સાથે બોલવાની નથી!' જ્યોત્સ્નાએ જરા હસી મધુકરને કહ્યું.

'પરણે છે મારો દૈવ !... હવે તો તું એને પરણે તો ખરું !' કહી શ્રીલતા ઊભી થઈ.

'કેમ ? જાય છે ? જરા બેસને ?' જ્યોત્સ્નાએ કહ્યું.

'ના રે ! તમારા બેની વચમાં હું આવવા માગતી નથી... તમારા બેમાંથી કોઈનું લગ્ન થાય તો મને બોલાવજો... હું આવીશ... નાટ્યપ્રયોગમાં તો મધુકરે મને નપાસ કરી... ચાલ... હવે હું જાઉ છું !' કહી શ્રીલતા દમામથી ચાલી ગઈ.

જ્યોત્સ્નાએ જરા સ્મિત કર્યું. મધુકર ક્ષણભર સંકોચ પામ્યો.

# ૨૩

## આશાની મીટ

શ્રીલત્તા ગઈ અને મધુકર જ્યોત્સ્નાની પાસે જઈ ઊભો રહ્યો... શ્રીલતાની છટાને જોતો જોતો.

'શ્રીલતા તારા ઉપર બહુ નારાજ છે, મધુકર !' જ્યોત્સ્નાએ કહ્યું.

'Impossible girl અશક્ય છોકરી ! એની સાથેની મૈત્રી ક્રોઈનીયે લાંબી ન જ ચાલે.' મધુકરે કહ્યું.

'પણ... એ તો હજી તને જ ચાહે છે... તું એને અન્યાય ન કરી બેસે એટલું ધ્યાનમાં રાખજે.'

'જ્યોત્સ્ના ! હજી પણ તું મને આમ કહીશ ? એમાં તો તું મને અન્યાય કરી રહી છું !'

'કેવી રીતે ?'

'મારે હજી સ્પષ્ટતા કરવી પડશે શું ?'

'શાની ?'

'મારા હૃદયની.'

'હૃદય તો શરીરનું એક યંત્ર માત્ર છે; હૃદય ઉપર બહુ ભારે ભરોંસો ન રાખવો.'

'પરંતુ એ મહત્ત્વનું યન્ત્ર છે... એ ન હાલે તો માનવી મરી જાય.'

'તો... એ હૃદય આમ સતત ચાલ્યા જ કરે.... ધડકયા જ કરે.... એમ ? એને બીજું કાંઈ કામ ન સોંપાય ? મેં શ્રીલતાને બહુ સમજાવી કે એણે હવે તને છોડી દેવો !' જ્યોત્સ્ના બોલી.

'જ્યોત્સ્ના ! સાચેસાચ એને ચાહવાનો મેં બહુ પ્રયત્ન કર્યો... પરંતુ પ્રેમને એ કેદખાનું માને છે... હું પ્રેમને મુક્તિનો વ્યવહાર ગણું છું... અને જો, જ્યોત્સ્ના ! મને લાગે છે કે શ્રીલતા આપણી વચ્ચેના આકર્ષણને સમજી ગઈ છે...'

'આપણી વચ્ચે ?...આકર્ષણ ?... મધુકર ! શ્રીલતા ઘણી ભૂંડી છે. એ શું કરે એ કહેવાય નહિ. હું તો એનાથી ચેતતી જ ચાલું છું... પરંતુ તુંયે

ચેતીને ચાલજે.'

'અરે, જા હવે ! એ છોકરી વળી શું કરવાની છે ? બે ધમકીના બોલ બોલશે અને... મને છોડી કોઈ અણધાર્યા પુરુષને પરણી બેસશે.. હું એને બરાબર ઓળખું છું... માટે એને...'

'તું જતી કરે છે !... સુરેન્દ્રને હું પણ જતો કરું તો ?' જરા ગંભીરતાપૂર્વક વિચાર કરી જ્યોત્સ્ના બોલી.

'અને નવાઈ એ લાગે છે કે તેં હજી સુધી એને જતો કર્યો કેમ નથી ! ભાવનાનો ભ્રમ ઊભો કર્યે જીવન ન જિતાય !... તું જો સુરેન્દ્રને આંગળી આપીશ તો તારો પોંચો જરૂર પકડશે... અને તારી આખી મિલકતને... તારા આખા જીવનને એ નષ્ટ કરી નાખશે.' મધુકરે કહ્યું.

'કારણ ?'

'એ સામ્યવાદી છે.'

'સામ્યવાદીની તરફેણમાં તો મેં અને તેં પણ વ્યાખ્યાન આપ્યું હતું ! યાદ છે ?'

'એનાં સારાં તત્ત્વો ભલે આપણે સમજી લઈએ... પરંતુ એમાંથી ઊપસતી અંતિમ સરમુખત્યારી લૂંટારાઓની લૂંટ કરતાં પણ વધારે ભયંકર છે... તું રખડતી બની જઈશ...'

'તને ખબર છે ?... મારી અને મારા દાદાની વચ્ચે પિતાજી કમાયા ન હોત' તો હું અત્યારે પણ રખડતી જ હોત !'

'ફરી રખડતાં થવું હોય તો સુરેન્દ્રને શોધજે.'

'કહે છે કે સુરેન્દ્ર આમ રખડેલ થયો તેનું કારણ એનો પિતા જ હતો! એના દાદાની મિલકત એના પિતાએ ગુમાવી દીધી...'

'અને સુરેન્દ્ર વધારામાં બુદ્ધિ પણ ગુમાવી બેઠો છે !' મધુકરે કહ્યું.

'સુરેન્દ્રને બુદ્ધિ વગરનો કહેવો એ વધારે પડતું નથી, મધુકર ?' જ્યોત્સ્નાએ જરા ગંભીર મુખ કરી કહ્યું.

'સંયોગને, વાતાવરણને, ચાલુ પ્રવાહને જે અનુકૂળ ન થાય એને બુદ્ધિમાન કેમ કહેવાય ?'

'સંયોગને બદલવાની, વાતાવરણને ફેરવવાની, ચાલુ પ્રવાહને બીજે જ વાળવાની જરૂર હોય તો ?'

'પાંચસો કે હજાર વર્ષ સુરેન્દ્ર જીવે તો એ પોતાની શક્તિનો પરચો કદાચ જુએ. બુદ્ધ, ક્રાઈસ્ટ અને ગાંધીની સુરેન્દ્ર વાતો કર્યા કરે છે... વચમાં માર્ક્સને લાવે છે... એમાંથી કોણે સંયોગ બદલ્યા ? કોણે વાતાવરણ

ફેરવ્યું? કોણે પ્રવાહને વાળ્યો ?... પોતાની જિંદગીમાં ?...' જરા અસરકારક છટાથી મધુકર બોલ્યો અને જ્યોત્સ્નાએ 'Hear! Hear!'નો ઉચ્ચાર કરી તાળી પાડી !

મધુકર સહેજ ઝંખવાયો ! જ્યોત્સ્ના જરા હસી અને બોલી :

'આમ જ તું અસરકારક નીવડે છે ! તારી અને તારી જીત વચ્ચે માત્ર પાંચ જ મિનિટનો ગાળો !'

'તું મને હસી શકે છે, જ્યોત્સ્ના ! પરંતુ... ઈતિહાસ જો ! બુદ્ધે કે ક્રાઈસ્ટે કેટલાં વહેણ બદલ્યાં ?... આજ એ બંને જીવતા બની પાછા આવે તો એમની કેટલી મહેનત સફળ થયેલી એ માને ? એક ટકો ?... બે ટકા ? પછી આ જૂઠી ઘટમાળ શી ? સેવાના તુક્કા શા ?... એ બધાય ફુગ્ગા ઊડી ઊડી... સુંદર દેખાઈને... ફટ્ટ ફૂટી જવાના !' મધુકરે વધારે છટા ઉમેરી કહ્યું.

જ્યોત્સ્ના ક્ષણભર મધુકર સામે જોઈ રહી. આ ક્ષણે તેનું મુખ ગંભીર હતું. જરા રહી તેણે કહ્યું :

'તારું કહેવું વિચારવા સરખું ખરું... મધુકર ! તેં સુરેન્દ્ર સાથે આ દલીલ કરી છે ?'

'કંઈક વાર. પરંતુ હવે એ મારી સામેથી નાસતો ફરે છે... થોડા દિવસમાં એ કીડી-મંકોડીને લોટ નાખતો ન બની જાય તો મને કહેજે !'

'મધુકર ! તને એક વચન આપું ?'

'મને ? શું વચન તું આપે છે ?... મારા હૃદયને તેં ઓળખ્યું શું ?'

'હૃદય તો યંત્ર છે ! ઝટ ઓળખાય. હું ક્યારની વિચાર કરી રહી છું, જો સુરેન્દ્ર થોડા દિવસમાં અહીંથી જાય તો ધારી લેજે કે મેં તારી ફિલસૂફી સ્વીકારી લીધી છે... હું કીડીઓને લોટ નાખતી નહિ કરું.'

'શાબાશ !... તું એ જ માર્ગે વહી રહી છો એ હું હવે જોઈ શક્યો છું.'

'શા ઉપરથી ?'

'હમણાંની તું... સુરેન્દ્રને બહુ મળતી લાગતી નથી...'

'સાચું !'

'આજ પણ... એને જતો કરજે... આપણો ફરવાનો ક્રમ બદલાય નહિ !'

'આજ તો એને મળવું જ પડશે... એ ચિઠ્ઠી મૂકી ગયો છે... કદાચ આજ એને છેલ્લી વાત કહી દઈશ... અને પછી એને જતો કરીશ. બસ ?' જ્યોત્સ્નાએ મધુકર સામે આંખ માંડીને કહ્યું.

સ્ત્રી-યુવતી આંખ માંડે ત્યારે આખા વિશ્વની ગહનતા એમાં ઊતરી આવે છે. અને એ ગહનતામાં પુરુષને જે રંગ જોવા હોય તે રંગ પણ ખીલી આવે છે. મધુકરે જ્યોત્સ્નાની આંખ સામે આંખ માંડી પણ ખરી. એને આંખ જ નહિ, પરંતુ જ્યોત્સ્નાનું આખું મુખ ગમ્યું... કે આખો દેહ ? અને સમગ્ર છટા ? મધુકર જીત મેળવ્યે જતો હતો. જ્યોત્સ્નાની આંખમાં માન હતું ? સન્માન હતું ? સત્કાર હતો ? સ્વાગત હતું ? પ્રેમ હતો ?

અને પ્રેમ એટલે ?

એની ચર્ચા નિરર્થક છે. એની સમજનો નકશો દોરાય એમ નથી. પ્રેમનાં પડ કોઈ ઉકેલી શક્યું નથી, ઉકેલવાની જરૂર નથી. એ ઉકેલનાર દોઢડાહ્યાઓને પ્રેમ મળતો હોતો જ નથી... એ પ્રેમના કૂચા ચાવતા હોય છે !

એ પ્રેમ જીવનભર પહોંચે પણ ખરો અને ન પણ પહોંચે. એને માટે ઊંચો જીવ રાખવાની જરૂર નથી. નદીનાં પાણી વહેતાં હોય તેમાં કયી ક્ષણનું પાણી આપણે પીવું એ પ્રશ્ન ઊપજતો જ નથી. નદી વહેતી હોય અને આપણને તૃષા લાગી હોય તો પાણી પી લેવું પછી એ ઘડામાં ઝીલવું. પ્યાલામાં ભરવું કે ખોબે ખોબે પી લેવું, એ સાધનાનો પ્રશ્ન છે !

સાધન મહત્ત્વનું નથી... ઉપભોગ મહત્ત્વનો છે. રાજરાણીના પ્રેમ છપ્પરપલંગ ઉપર થાય; સામાન્ય જનતાના પ્રેમને ભોંય પાથરેલી પથારી બસ છે; અને સાહસિકોના પ્રેમને પથ્થર કે પહાડ પણ વાગતો નથી. મધુકરના મનમાં ક્ષણ બે ક્ષણ આટઆટલા વિચારો આવી ગયા અને યોગ્ય સમયે જ વિજયપ્રહાર કરવામાં માનતા મધુકરે મુખ અને કંઠમાં અદ્ભુત માર્દવ લાવી જ્યોત્સ્નાને કહ્યું :

'જ્યોત્સ્ના ! હું એક અંગત વાત કહું ?'

'જરૂર કહે.'

'ખોટું તો નહિ લગાડે ને ?'

'ખોટું લાગ્યું એમ માની લે... તોય તને મનાવતાં મને આવડશે કે નહિ ? મારી શક્તિમાં વિશ્વાસ રાખ.'

'મનાવવાનું જોખમ વહોરવાની મારી ગુંજાયશ નથી. ખોટું ન લાગે તો જ હું હિંમત કરી શકું એમ છું !'

પૈસા ખૂટ્યા છે ?' સહજ હસી જ્યોત્સ્ના બોલી.

'શું તુંયે, જ્યોત્સ્ના ! બનાવે છે ? આ ક્ષણ જરા ગંભીર બનવાની છે.'

'હું પ્રત્યેક ક્ષણે ગંભીર જ રહું છું... કહે, શી અંગત વાત છે ? પ્રેમમાં

તો નથી પડ્યો ને ?'

'એ જ અંગત વાત... તેં સમજી લીધું એટલે મારે કહેવું ન પડ્યું.'

'પણ એમાં તેં મને નવી વાત શી કહી ? સહુ યુવાનો અને યુવતીઓનું એ આદ્ય લક્ષણ ગણાય.'

'યુવતીઓને સંભારી તું મારો માર્ગ સરલ કરી રહી છો, જ્યોત્સ્ના !'

'એમ કેમ ?'

'કારણ કે.. એ યુવતી..'

'ને હું ઓળખું છું નહિ ?' અચકાતા મધુકરના વાક્યને અધવચથી પકડી જ્યોત્સ્ના બોલી.

'એકલું ઓળખે જ એમ નહિ...'

'ત્યારે ?'

'એ તું જ છો !' મધુકરે બળપૂર્વક કહ્યું.

'મને ન સમજાયું... એ તો મેં કહ્યું જ ને યુવક અને યુવતી સહુ પ્રેમમાં હોય જ. તું કોની સાથે પ્રેમમાં છે ?' જ્યોત્સ્નાએ પૂછ્યું.

'જ્યોત્સ્ના ! હજી તું સમજી શકી નથી કે... અંતે મારી જીભે તારે વાત સાંભળવી છે ?' મધુકરે મુખ ઉપર પ્રેમની છાયા લાવી કહ્યું.

'એ વળી વધારે સારું. તારી અંગત વાત તું સ્પષ્ટતાથી કહે.. બીજું કોણ એટલી સારી રીતે કહી શકે ?' જ્યોત્સ્નાએ જવાબ આપ્યો.

'બીજું કોઈ છે તે મારા કરતાં વધારે સારી રીતે એ વાત કહી શકે.' કહી આંખમાં પ્રેમ નચાવી સહજ હસી મધુકર બોલ્યો.

'તો હું તેને પૂછી જોઉં. શું એનું નામ ?' જ્યોત્સ્નાએ મુખ ઉપર ભયંકર ભોળપણ લાવી કહ્યું.

'એનું નામ ?... કહું એનું નામ ?... બહુ જ સરસ નામ છે, માધુર્યભર્યું.' પ્રેમરમત ચાલુ રાખી મધુકરે કહ્યું.

'આમ દીર્ઘસૂત્રી ન થા. પ્રેમીઓ વધારે સ્પષ્ટ હોય છે, વધારે ઝડપી હોય છે. તારા પ્રેમની હકીકત કહે, અને તે તારા કરતાં પણ વધારે સારી રીતે કહે. એવું બીજું કોણ છે ?' જ્યોત્સ્નાએ પૂછ્યું અને તેણે દેહને સહજ સંકોચ્યો.

'એ જાણકારનું નામ જ્યોત્સ્ના છે.' કહી મધુકર ફરીને જ્યોત્સ્નાની સામે આંખ માંડી રહ્યો.

'મારી વાત કરે છે ? હું તારા પ્રેમની વાત જાણું છું ? તું શ્રીલતાને

ચાહતો હતો અને હવે તેને નથી ચાહતો એટલી જ વાત હું જાણું છું. એથી આગળની વાત તો મને ખબર નથી. તું કોને ચાહે છે ? ક્યી યુવતીને ? કહી દે મને; બને તો હું ઉપયોગી થઈ પડું.' જ્યોત્સ્નાએ કહ્યું.

'જેને હું ચાહું છું એનું નામ પણ જ્યોત્સ્ના જ છે; અને એ વાત જાણે છે એનું નામ... પણ જ્યોત્સ્ના જ છે... અને એ બંને એ તું જ જ્યોત્સ્ના ! તને જોયા પછી તને વધારે વધારે જોયા પછી હું આખા જગતને ભૂલી ગયો છું.' મધુકરે પ્રેમીને પ્રેમ લાગે ને અપ્રેમી જોનારને અતિશય દેહ - લાલચુડામણું લાગે એવી ઢબે કહ્યું.

એક ક્ષણભર આખા ઓરડામાં વીજળી ચમકી હોય એમ મધુકરને લાગ્યું. જ્યોત્સ્નાની આંખનું તેજ જાણે વીજળી બની ગયું ન હોય ? વીજળી પણ તોરણમાળા બની શકે; નહિ ? સ્વાગતને માટે સતત ધીમા, ઠંડા મેઘધનુષ્યની તોરણમાળા જ જોઈએ એમ કાંઈ કહી શકાય નહિ. વીજળી પણ તોરણમાળા જ નહિ, પરંતુ વરમાળા સુધ્ધાં બની રહે. જેટલો એનો ઝબકાર એટલો જ પ્રેમ સાચો !

જ્યોત્સ્નાની આંખચમક જરા ઠંડી પડી. વાતચીત દરમિયાન જ્યોત્સ્નાના મસ્તક ઉપરની સાડી ખભા ઉપર આવીને વેરાઈ પડી હતી. વસ્ત્રભાન ભૂલવાની નવીન સ્ત્રીકલા સાડીનો છેડો ક્યાં સુધી ઊતરી જાય છે તેનું અભાન રાખવામાં સમાયેલી છે... કદાચ ખભેથી અર્ધવક્ષે પણ એ છેડો ઊતરી પડે ! એ છેડો હજી પણ નીચે ઊતરી પડે એવો સંભવ વિચારી રહેલા મધુકરે જોયું કે જ્યોત્સ્ના સાડીનો છેડો ઊંચકી માથે ઓઢી રહી છે. એ પણ સુંદર હાવભાવ ગણાય... કવિતાપ્રેરક. એમાં મર્યાદાશીલ હકાર પણ સમાયો હોય ! અને જ્યોત્સ્ના એની મર્યાદા માટે તો ખરેખર પ્રસિદ્ધ જ હતી ! અત્યારનું આછું વક્ષસૂચન એ જ્યોત્સ્નાની પહેલી જ અમર્યાદા કહી શકાય - મધુકરને ગમતી અમર્યાદા કદાચ મધુકર માટે જ રચાઈ હોય!

'મધુકર ! તેં મને આ પહેલી વાર વાત કહી કે બીજી વાર ?' જ્યોત્સ્નાએ પૂછ્યું.

'કોણ જાણે ! મને તો લાગ્યા કરે છે કે હું ક્ષણે ક્ષણે તને આ વાત કહી રહ્યો છું. હવે કહેવાનું તારે છે.'

'મધુકર ! હું કહીશ... હવે પછી. તને મારા ઉપર પ્રેમ છે એ હું જોઈ શકી છું. હવે જવાબ જ આપવો બાકી છે ને ?... મારે ?' જ્યોત્સ્નાએ કહ્યું.

'હકારને હોઠે ઊતરવા દે એટલે હું જાઉં.' મધુકરે કહ્યું.

'મધુકર ! તું જા. તારા પ્રશ્નનો જવાબ... તારા પ્રેમનો જવાબ... તને તારા કે મારા લગ્નમાં જરૂર મળી જશે.' કહી જ્યોત્સ્ના ઊભી થઈ. વસ્ત્રને તેણે વધુ સંકોચ આપ્યો અને મધુકર સામેથી આંખ ખસેડી તેણે સામે પડેલા એક ફૂલને ઊંચકી ઉછાળવા માંડ્યું.

મધુકરને લાગ્યું કે આ ક્ષણે જ તેણે જ્યોત્સ્નાનો હાથ પકડી લેવો જોઈએ.

## ૨૪

# રાજકુમારીની વાર્તા

પરંતુ કોણ જાણે કેમ મધુકરે જ્યોત્સ્નાનો સ્પર્શ કરવાનો વિચાર એકાએક માંડી વાળ્યો; જોકે તેને એમ લાગ્યું ખરું કે તેના સરખા પ્રેમીઓ અહીં જ્યોત્સ્નાનો સ્પર્શ ન કરવામાં ભૂલ કરી ખરી ! કદાચ એ ભૂલ ન પણ હોય. સંયમ અને સંકોચ કદી પ્રેમની પવનપાવડી પણ બની શકે ! થોડીક ક્ષણો બાદ જ્યોત્સ્નાએ પાછળ જોયું. તે જાણતી જ હતી કે મધુકર તેની પાછળ ઊભો છે, છતાં તેણે પ્રશ્ન કર્યો :

'હજી તું અહીં છે શું મધુકર ?'

'હા, તું આજ્ઞા ન આપે ત્યાં સુધી મારાથી કેમ જવાય ?' મધુકરે હસીને કહ્યું.

'તો આપ પધારી શકો છો હવે.' જ્યોત્સ્નાએ સામેથી હસીને કહ્યું.

'પરંતુ ફરી પાછા ફરવાની આશાએ હું જાઉં છું.'

' "કંઈ લાખો નિરાશામાં અમર આશા છુપાઈ છે." હું જાણું છું તું પાછો આવ્યા વિના રહેવાનો નથી... અને તું નહિ આવે તો હું તને જરૂર બોલાવીશ. બસ ?' જ્યોત્સ્નાએ સુપ્રસિદ્ધ ગઝલની સાથે પોતાનો જવાબ આપ્યો, અને મધુકર બારણા બહાર નીકળી ગયો. ત્યાંથી પણ તેણે પાછળ ફરી જ્યોત્સ્ના તરફ એક સ્મિત ફેંક્યું અને જ્યોત્સ્નાએ જ પોતાના ખંડનું બારણું બંધ કર્યું.

જ્યોત્સ્ના એકલી પડી અને તેણે પોતાના મેજ ઉપર એક નાનકડી પડેલી ચિઠ્ઠી જોઈ. સુરેન્દ્રના એ અક્ષર હતા. ચિઠ્ઠી વાંચી અને જ્યોત્સ્ના સહજ હસી. એ ચિઠ્ઠી એણે આજ બીજી વાર વાંચી શું ?... હવે એ ચિઠ્ઠી વાંચીને એણે ફાડી નાખી. તે પુસ્તક લઈ વાંચવા બેઠી. પુસ્તકને એણે વાંચતાં વાંચતાં પાછું ફેંકી દીધું, અને તેણે કોઈ નકશો જોવા માંડ્યો. પછી તો જમવાનો સમય થયો. કૉલેજમાં એ જઈ આવી અને બપોર વીતતાં તે પાછી આવી પોતાના ખંડમાં બેસી ગઈ. તેણે પોતાની ઘડિયાળ સામે થોડી વારે જોયું અને તે એકાએક ઊભી થઈ. પછી અભ્યાસખંડમાં આયના સામે ઊભો રહી તેણે પોતાના વાળ સમાર્યા, આછું આછું ગીત ગાયું અને ગીત

ગાતે ગાતે આયના સામે જોઈને નવું વસ્ત્ર પણ ધારણ કરવા માંડ્યું. આયનામાં પુરુષના દેહ પુરુષને સુંદર લાગે તો પછી આયનામાં સ્ત્રીને પોતાનો દેહ સુંદર લાગે એમાં નવાઈ નથી ! સામાન્યતઃ એમ મનાતું કે જ્યોત્સ્નાને પોતાના સૌંદર્યનું પૂરું ભાન નથી; પરંતુ સૌંદર્યના ભાન વગરની કોઈ સ્ત્રી જન્મી જ નથી. ત્વચા, મુખ, આંખ અને વસ્ત્રમાં કોઈ પણ પ્રકારનું રંગપ્રમાણ બંધ બેસતું આવે છે કે નહિ તે જોવામાં મશગૂલ રહેલી જ્યોત્સ્નાએ વસ્ત્રની પસંદગીમાં વાર કરવા માંડી. એક વસ્ત્ર નાપસંદ કરી બીજું લીધું અને બીજું નાપસંદ કરીને ત્રીજું લીધું. ધનિકતાને અને ધનિકતાના સ્ત્રીવિભાગને કપડાંની કદી ખોટ પડતી નથી.. જોકે તેમને... તો કપડાંના દુષ્કાળનો ભાસ ચારે બાજુએ લાગ્યા જ કરે છે ! ત્રીજું, વસ્ત્ર જ્યોત્સ્નાને ગમ્યું લાગ્યું. વસ્ત્રને વીંટાળતાં વીંટાળતાં તેણે વસ્ત્રને પોતાના હાથ સાથે, બંગડીના રંગ સાથે, કાનના લોલક-રત્ન સાથે અને અંતે લલાટ અને વાળ સાથે રંગ મેળવણીની દૃષ્ટિએ સરખાવી જોયું અને તેની ઘડિયાળમાં ચાર ટકોરા વાગ્યા. એકાએક તેણે પાછળ જોયું. પાછળ બારણું ખાલી બંધ હતું. એટલી જ જાણે ખાતરી કરવી હોય તેમ તેણે સહજ ગાતે ગાતે પોતાની એક સુંદર સાડી ઓઢવા માંડી. અને ઓઢવામાં અત્યાર સુધી શિથિલતા હતી તે દૂર કરી. પરંતુ તે વસ્ત્ર પહેરી રહી નહિ અને બારણા પર ટકોરા પડ્યા. જ્યોત્સ્નાએ વસ્ત્ર પહેરવામાં વધારે ઝડપ કરી; છતાં તે વસ્ત્રને પૂરું ગોઠવી શકી નહિ. બીજી વાર ટકોરા પડ્યા અને જ્યોત્સ્નાએ કહ્યું :

'બારણું ખુલ્લું છે; આવો જે હો તે.'

આયનામાંથી જ્યોત્સ્ના જોઈ શકી કે સુરેન્દ્ર બારણામાંથી પ્રવેશ કરતો હતો. દેહ ઉપર વસ્ત્ર વીંટતી વનિતાઓને નિહાળી સજ્જનો આડા ફરી જાય છે અને અર્ધ સજ્જનો આડા ફર્યા છતાં આંખને ખૂણે વસ્ત્ર તથા વનિતા બંને દેખાય એમ કીકીને ગોઠવે છે. સુરેન્દ્રે સંપૂર્ણ આંખ ફેરવી લીધી અને જ્યોત્સ્ના તરફ પીઠ ફેરવીને એક પુસ્તક જોવા માંડ્યું. વસ્ત્ર પૂરેપૂરું ગોઠવતે ગોઠવતે તેના ભણી ફર્યા વગર જ જ્યોત્સ્નાએ કહ્યું :

'બહુ દિવસે દેખાયો, સુરેન્દ્ર !' કહી હજી પણ વસ્ત્રને ગોઠવતી સુરેન્દ્ર તરફ તે આવી. એક ખુરશી પર બેઠી અને પાછું કહ્યું :

'બિરાજો, મહાશય ! આટલે દિવસે આવ્યા ખરા !'

સુરેન્દ્ર સામી ખુરશી ઉપર બેઠો અને જ્યોત્સ્ના સામે જોયા વગર જ તેણે જવાબ આપ્યો - સહજ અટકી અટકીને :

'હું તો... ઠર્યા પ્રમાણે... અઠવાડિયે ત્રણ દિવસ આવી જાઉં છું.'

'પછી ?' જ્યોત્સ્નાએ પૂછ્યું.

'પછી શું ? પછી તું મળે જ નહિ, એટલે આ ચિઠ્ઠી લખીને હું જરા વહેલો આવ્યો. તને કાંઈ હરકત તો નથી ને ?'

'હરકત હોય તોયે શું ! તું હવે આવ્યો જ છો, એટલે ? પણ જો, સુરેન્દ્ર! જરા મારી સામે જો... હાં, એમ... હું હમણાં તો ઘણુંખરું પાંચ વાગ્યાથી મધુકર સાથે ફરવા જાઉં છું.' કહી જ્યોત્સ્નાએ સુરેન્દ્ર તરફ જોવાનું ચાલુ રાખ્યું.

'હં... સારું...' સુરેન્દ્રે જવાબમાં કહ્યું, અને આંખ ફેરવી લીધી.

'પણ હું ક્યાં ક્યાં એની સાથે જાઉં છું એની તને ખબર છે ? ક્લબમાં, સિનેમામાં, હૉટેલમાં, કોઈ મિત્રને ત્યાં અગર બાગમાં... મધુકર જ્યાં લઈ જાય ત્યાં હું જાઉં છું.'

'ઘણું સારું. તારે આ રીતે ફરવાની સહેજે જરૂર જ હતી. અને ખાસ કરીને તું જે દુનિયામાં રહે છે; તેમાં તો બહુ જ જરૂરી.' સુરેન્દ્રે મુખ ઉપર કોઈ પણ મનોભાવ વ્યક્ત કર્યા સિવાય કહ્યું.

'ફરવું એ જરૂરી ખરું. પરંતુ મારો અભ્યાસ એ પણ જરૂરી ખરો ને?'

'તારો અભ્યાસ તો સારો ચાલે છે; તારા પ્રોફેસર તારાથી રાજી છે.' સુરેન્દ્રે કહ્યું.

'પરંતુ તું ક્યાં રાજી છે... મારા અભ્યાસથી ?' જ્યોત્સ્નાએ સહજ તીખાશથી કહ્યું.

'જ્યોત્સ્ના ! અભ્યાસમાં તને કદી મારી જરૂર હતી જ નહિ. એ મેં તને પહેલેથી જ કહ્યું હતું, અને કહેતો જ આવ્યો છું; અને અત્યારે પણ કહું છું કે મારા વગર પણ તારો અભ્યાસ સારો ચાલે છે.' સુરેન્દ્રે જવાબ આપ્યો.

'હું તને સમજી શકતી નથી, કે તું મને સમજી શકતો નથી ? ખામી તારામાં છે કે મારામાં ?' જ્યોત્સ્નાએ પૂછ્યું.

'ખામી મારામાં જ છે એમ માની લેજે. મને સમજવો એ બહુ અઘરું કામ નથી.' સુરેન્દ્રે જરા સ્મિત કરી કહ્યું.

'હું અને તું બંને જવલ્લે જ હસીએ છીએ. તને આ ક્ષણ સ્મિત કરવા સરખા લાગતી હોય તો તું જાણે, પરંતુ હું મધુકર સાથે હરવાફરવા જાઉં છું એ તો તેં સાંભળી લીધું ને ?'

'હા, અને નોંધી પણ લીધું.'

'સુરેન્દ્ર ! તારામાં અદેખાઈ નહિ હોય એ હું જાણું છું.... મને એ ગમ્યું જરૂર... પણ તારામાં જરાય અભિમાન છે ખરું ?'

'શાનું અભિમાન ?'

'રૂપનું, ભણતરનું, શક્તિનું, ભાવનાનું... અને તારા પૌરુષનું... કશાનુંય અભિમાન છે ખરું ?'

'તારે શું કહેવરાવવું છે ?'

'કે તારામાં અભિમાન છે.'

'અને હું એમ ન કહું તો ?'

'તો... હું... તને થોડું અભિમાન ઉછીનું આપીશ.'

'જ્યોત્સ્ના ! મારું પોતાનું અભિમાન ઘસાઈ ઘસાઈને ઊડી ગયું છે. તું ઉછીનું અભિમાન આપીશ તેયે ઘસાઈને ઊડી જશે તો ?'

'મારી પાસે અખૂટ અભિમાન છે... અભિમાનનો ભંડાર ભર્યો છે... ખૂટે ત્યારે હું તને આપ્યે જઈશ; માગી લેજે...મારી સાથે રહેવું હોય તો...'

'હું કાંઈ પણ માગતો આવીશ તે ક્ષણે તારા મહેલના દરવાજા આપોઆપ મારી સામે બંધ થઈ જશે.'

'તું મારી પાસે અભિમાન માગીશ તોપણ ? એ કાંઈ કિંમતી વસ્તુ નથી...' જ્યોત્સ્ના બોલી.

'હા, કાંઈ પણ માગવું એટલે જીવ વગરનું ખોખું મેળવવું... માગ્યે અભિમાન પણ તું મને નહિ આપે !' સુરેન્દ્રે જવાબ આપ્યો.

'એમ ? તને એ બીક લાગે છે !... વારુ !... તને વધારે પિછાનવો જોઈતો હતો... કહે.. મારા દરવાજામાંથી બહાર નીકળી હું તને અભિમાન આપવા તારે ત્યાં આવું તો ?... તારે માગવાપણું રહેશે જ નહિ...'

સુરેન્દ્ર થોડી ક્ષણ જ્યોત્સ્ના સામે જોઈ રહ્યો; જ્યોત્સ્ના પણ તેની સામે જ જોઈ રહી હતી. બંનેની આંખમાં ક્ષણભર કોઈ પ્રેમની જ્વાલા ઝબકી રહી હતી. સુરેન્દ્રે આંખ ખસેડી લીધી, માથા ઉપર પોતાનો હાથ ફેરવ્યો, અને બંને હાથ ભેગા કરી સહજ મસળ્યા.... જાણે વસ્તુને હાથમાંથી એ ખંખેરી નાખી સાફ કરતો હોય તેમ.

'તું કાંઈ સમજ્યો ?... કે વધારે સમજણ આપું ?' સુરેન્દ્રની શાન્તિ અસહ્ય થઈ પડતાં જ્યોત્સ્નાએ પૂછ્યું.

'એટલે... મારામાં અભિમાન તો નથી જ... સાથે સમજ પણ આછી છે, ખરું જ્યોત્સ્ના ?' સહજ હસીને સુરેન્દ્રે પૂછ્યું.

'તારામાં અભિમાન નથી એમ તું કહે છે... તારામાં અભિમાન કરતાં પણ અક્કલ ઓછી છે એમ હું કહું છું... સાચું એ તો ભાવિ કહેશે.. પણ.. સાંભળ, એક નાની સરખી વાર્તા હું તને કહું.' જ્યોત્સ્ના બોલી.

'વાંચવું નથી ?... પાછો તારે મધુકર સાથે ફરવા જવાનો સમય થશે.'

'ભલે થાય... મધુકર આવશે તો એ પણ મારી વાર્તા સાંભળશે.. હવે તારી સાથે વાંચવું તો છે જ નહિ... માત્ર તારી સાથે એક જ કામ રહ્યું છે... તને એક વાર્તા કહેવાનું !'

'કહે. ભલે ! હું સાંભળીશ...'

'અને સમજીશ એમ કહે.'

'હા; સમજીશ.'

'જો.. એક લાંબી વાર્તા માંડું... સાંભળ... એક હતો રાજકુમાર; એને ચાહતી હતી એક રાજકુમારી...'

'હં... પછી ?' વાર્તા ખૂબ ધ્યાનપૂર્વક સાંભળવાનો ડોળ કરી સુરેન્દ્રે કહ્યું.

'વચમાં આવ્યો એક લૂંટારો...'

'હં.'

'એ લૂંટારાને જોઈએ રાજકુમારીનાં ઘરેણાં, લૂગડાં, મિલકત અને રાજ્ય... કારણ રાજ્યની વારસ પણ હતી એ રાજકુમારી....'

'પછી ?'

'એ લૂંટારામાં ઠીક ઠીક અક્કલ હતી... એણે જોયું કે રાજકુમારીને ઉપાડી જવામાં જ એને બધું મળે એમ હતું. એણે રાજકુમારીને ઉપાડી જવા માંડી...'

'હં... પણ એ સામી ન થઈ ?'

'એ વાર્તા હજી આગળ આવશે... સાંભળ તો ખરો !... એ લૂંટારાને લૂંટનો માર્ગ ચીંધનાર જ પેલો રાજકુમાર, જેને રાજકુમારી ચાહી રહી હતી તે જ.'

'સરસ વાર્તા છે. રોમાંચભરી ! પછી ?' સુરેન્દ્રે કહ્યું.

'પછી તો... લૂંટારાએ રાજકુમારીને ઊંચકવા માંડી... ઊંચકી પણ ખરી... એને ઊંચકીને ચાલવા પણ માંડ્યું...'

'એમ ?'

'અરે, સાંભળ તો ખરો ! રાજકુમાર જાણે છે કે રાજકુમારી એને ચાહે છે... રાજકુમાર જુએ છે કે લૂંટારો તેને ઊંચકી જાય છે... હવે રાજકુમારી પૂછે છે કે રાજકુમારને આંખ છે કે નહિ ?... રાજકુમાર કહે છે કે એને પોતાને આંખ છે... છતાં એ લૂંટારાની સામે થતો નથી... રાજકુમારીની

બૂમ તે સાંભળે છે છતાં...' જ્યોત્સ્નાએ અસરકારક ઢબે વાર્તા કહી.

'પછી ?' નિષ્ક્રિય ઢબે સુરેન્દ્રે પૂછ્યું.

'પછી પછવાડું અને આગળ ભીંત !... નથી કહેવી મારે વાર્તા આગળ ! જાણી જોઈને જે વાતોની કહેણી બગાડે એને વાર્તા શી કહેવી ?' કહી જ્યોત્સ્ના જરા મુખ ફેરવી બેઠી.

સુરેન્દ્ર પણ થોડી ક્ષણ શાંત બેઠો અને અંતે એણે એક નિઃશ્વાસ સહ કહ્યું :

'જ્યોત્સ્ના ! તારા જીવનમાં રાજ્ય, રાજકુમાર કે રાજકુમારી છે જ નહિ.'

'તે તેં જ્યોતિષીને પૂછ્યું હશે, ખરું ?'

'માનવ વિશ્વમાં જ્યોતિ જ ક્યાં છે તે હું પાછો જ્યોતિષને પૂછવા જાઉં ? વાર્તા આગળ લંબાવવી હોય તો હવે એમ કહે...જે રાજકુમાર આમ જોવા છતાં નિષ્ક્રિય બની બેઠો, હાલ્યોચાલ્યો નહિ એને રાજકુમારીએ છોડી દીધો. એની સામે પણ જોયું નહિ, એનું નામ પણ લીધું નહિ અને સાહસિક લૂંટારાને રાજકુમારીએ વરમાળા આરોપી દીધી...' સુરેન્દ્રે આગળ વાર્તા કહી.

'એટલે એમ કહેને કે રાજકુમારને રાજકુમારી ગમતી જ ન હતી ! નહિ ?'

'ગમતી હોય તોય ! રાજકુમારના ઝૂંપડી બની ગયેલા રાજમહેલમાં રાજકુમારીને સુખથી રાખી શકાય એમ ન હોય... તો રાજકુમાર બીજું શું કરે ?' સુરેન્દ્રે જવાબ આપ્યો.

'પરંતુ... રાજકુમારી રાજ્ય ને રાજમહેલ પોતાની સાથે લઈને આવતી હોય તો ?'

'પત્નીને વૈભવે જીવતો પુરુષ પતિત છે, જ્યોત્સ્ના !' સુરેન્દ્રે કહ્યું.

'અને સ્ત્રીઓએ પતિના વૈભવ ઉપર જીવવું, નહિ ?'

'કોઈ કોઈના વૈભવ ઉપર ન જીવે... પોતપોતાની શ્રમકમાણી ઉપર જીવે... અને સહુ જીવે... એવી દુનિયા હું માગું છું, જ્યોત્સ્ના !'

'ધર્મ થયા, ધર્માચાર્યો થયા : ફિલસૂફી રચાઈ અને ફિલસૂફો ઊપજ્યા, ધન ઊપજ્યું, રાજા-મહારાજા અને સરમુખત્યાર જન્મ્યા; યુદ્ધો થયાં, સેનાપતિ થયા અને યુદ્ધશાંતિ પણ થઈ ચૂકી. છતાં માનવજાતને માથેથી ગરીબીનો કાળો કાંટાળો તાજ હજી ખસ્યો નથી... કોનું અભિમાન રહે ? ક્યાં અભિમાન રહે ?' સુરેન્દ્ર બોલ્યો.

'રાજકુમારના હૃદયમાં સ્થાન હશે તો રાજકુમારીને ઝૂંપડીની ગરીબી કદી ગભરાવી શકે એમ નથી... મહેલનિવાસીને ઝૂંપડીનો નિવાસ ન જ ગમે એમ ન માનીશ... તારામાં અભિમાન આવે તે દિવસે મને સંદેશો મોકલજે... મારે કહેવાનું મેં કહી દીધું. તું હવે જઈ શકે છે... મારે હવે તારી પાસે ભણવું નથી.' કહી જ્યોત્સ્ના ઊભી થઈ ગઈ અને તેના ખંડને બારણે ટકોરા પડ્યા.

# ૨૫

## સરળ બનતો માર્ગ

બોલી રહેલી જ્યોત્સ્ના ક્ષણભર સુરેન્દ્ર સામે જોઈ રહી. સુરેન્દ્ર પણ જ્યોત્સ્ના સામે જોઈ રહ્યો અને ફરી બારણે ટકોરા પડ્યા.

'કોણ, મધુકર ? આવ ને અંદર ! શાનો ખોટાં બારણાં ખખડાવે છે?' જ્યોત્સ્નાએ જરા રીસપૂર્વક કહ્યું અને મધુકર બારણું ઉઘાડી ખંડમાં આવ્યો. એને જ્યોત્સ્નાના મુખ ઉપરથી જ લાગ્યું કે જ્યોત્સ્ના અને સુરેન્દ્રની વચ્ચે કાંઈ ચકમક ઝરી ચૂકી હોવી જોઈએ. મધુકરની યોજના સરળ થતી હતી એમ લાગતાં મધુકરે પૂછ્યું :

'પછી... આજનો અભ્યાસ પૂરો થયો ને ? આજ જરા વહેલાં નીકળીએ, નહિ ?'

'સુરેન્દ્ર સાથેનો મારો અભ્યાસ જ આજથી પૂરો થાય છે.' જ્યોત્સ્નાએ કહ્યું. એના કથનમાં રોષની સહજ ઝાંખી થતી હતી ખરી, એમ મધુકરને લાગ્યું.

'સુરેન્દ્રનું શિક્ષણ ન ફાવ્યું શું ?'

'ના, ન ફાવ્યું. એને જે શિક્ષણ આપવું છે તે મારે લેવું નથી.'

'તો, સુરેન્દ્ર ! તારી સેવાભાવના, તારો સામ્યવાદ, ધનિકો સામેનું વેર એ બધું ઓછું કરી નાખ ને ? અભ્યાસમાં અંગત બાબતો ન જ લાવતો.' મધુકરે સુરેન્દ્રને ઠપકો આપ્યો.

'તને કદાચ ખબર નહિ હોય, પરંતુ અભ્યાસમાં એ ચર્ચા હું કદી કરતો જ નથી... અને ધનિકો સામે વેર ? મને કોઈની સામે વેર છે જ નહિ. ધનિકો પણ પોતાની ધારણાથી ધનિક થતા હોય એવા બહુ ઓછા છે.' સુરેન્દ્રે જવાબ આપ્યો.

'હું એ જ કહું છું. સુરેન્દ્રે અભ્યાસ ઉપરાંત બીજું ઘણું ઘણું મને શીખવવું જોઈએ.' જ્યોત્સ્નાએ સુરેન્દ્ર સામે જોઈ કહ્યું.

'સાચું. અભ્યાસને રસભર્યો, વૈવિધ્યભર્યો ન બનાવાય તો પછી અભ્યાસ શા કામનો ?' મધુકરે જ્યોત્સ્નાને ટેકો આપ્યો.

'કેટલીક વાર... વિદ્યાર્થિની માગે એવું... રસશિક્ષણ મારાથી ન પણ

આપી શકાય...' સુરેન્દ્રે કહ્યું.

'તેં જ એક વાર મને કહ્યું હતું : માનવી અન્ય માનવીને ન આપી શકે એવી કોઈ મિલકત નથી, એવો કોઈ દેહ નથી, એવું કોઈ માનસ નથી.' જ્યોત્સ્નાએ કહ્યું.

'એ આજ પણ સાચું છે...' સુરેન્દ્રે કહ્યું. અને મધુકર વચમાં બોલી ઊઠ્યો :

'હું જોઈ રહ્યો છું... હમણાંનો તમારી બન્નેની વચ્ચે મેળ મળતો નથી. તો... સુરેન્દ્ર ! તું હમણાં થોડા દિવસ ન આવે તો કેવું ?' આ શબ્દો બોલી તેની અસર જ્યોત્સ્ના ઉપર શી થાય છે એ જોવા મધુકરે જ્યોત્સ્ના સામે જોયું. અને મધુકરને સહેજ ચમકાવતો જવાબ સુરેન્દ્રે આપ્યો :

'મધુકર ! હું તારી સલાહ કરતાં પણ આગળ જવા માગું છું. હું હવે બિલકુલ અહીં આવીશ નહિ ! પછી કાંઈ ?'

'તું તો કહેતો હતો કે તારામાં અભિમાન છે જ નહિ. આ તારા બોલ તો અભિમાનથી ઊભરાય છે !' જ્યોત્સ્નાએ કહ્યું.

'નહિ, જ્યોત્સ્ના ! હું આવવાની ના કહું છું તે શિક્ષક તરીકેની... તને મારી શિક્ષક તરીકે હવે જરૂર નથી... છતાં હું એમ આવું તો...'

'તારી જાતને તું બેવફા નીવડ્યો ગણાય, નહિ ?' સુરેન્દ્રના અધૂરા વાક્યને જ્યોત્સ્નાએ પૂરું કર્યું.

'તું બહુ સાચું બોલી.' સુરેન્દ્રે કહ્યું.

'વારુ, બસ ત્યારે !... કોઈ વાર મળીશું... આવજે.' જ્યોત્સ્નાએ કહ્યું અને સુરેન્દ્ર ઊભો થઈ ખંડની બહાર નીકળી ગયો. પાછા જતા સુરેન્દ્રની પાછળ જ્યોત્સ્ના ક્ષણભર જોઈ રહી. પછી તે હસી, અને હસતાં હસતાં તેનાથી મધુકર સામે જોવાઈ ગયું.

મધુકર પણ એ હાસ્યનો હાસ્યથી જવાબ ન આપે એવો અરસિક તો હતો જ નહિ. એણે પણ જ્યોત્સ્ના સામે હાસ્ય ફેંક્યું. એના માર્ગમાં નડતો કાંટો અત્યારે દૂર થતો હોય એમ લાગ્યું.

પરંતુ જ્યોત્સ્નાને જાણે મધુકર સામે બિલકુલ હસવું ન હોય એમ એણે એકાએક હાસ્યને અટકાવી દીધું. જ્યોત્સ્નાનું હાસ્ય સ્વતંત્ર હતું. સુરેન્દ્ર સામે એને હસવું હતું ખરું, પરંતુ એના હાસ્યમાં એ મધુકરને ભાગ આપવા ઇચ્છતી ન હતી. હાસ્ય અટકાવીને તે સહજ ઊભી રહી મધુકરની દૃષ્ટિ ખસેડી નાખીને !

'છેવટે તેં એને વિદાય આપી ખરી !' થોડી વારે મધુકરે કહ્યું.

'જરા વધારે વિવેકથી વિદાય આપવી જોઈએ. ચાલ.' કહી જ્યોત્સ્નાએ જવા માંડ્યું.

'સહેજ બેસ તો ખરી ? શું બન્યું એ તો કહે ?' મધુકરે સુરેન્દ્ર પાછળ જતી જ્યોત્સ્નાને રોકવા કહ્યું.

'પછી કહું છું...' કહી જ્યોત્સ્ના આગળ ચાલી. મધુકરને એની પાછળ જવું પડ્યું.

બન્ને જણ જોઈ રહ્યાં હતાં કે સુરેન્દ્ર રાવબહાદુરના દીવાનખાનામાં પ્રવેશ કરી ચૂક્યો હતો.

જીવનભર સાથ સેવી રહેલાં રાવબહાદુર અને યશોદા પોતાના દીવાનખાનામાં રોજની માફક બેઠાં હતાં. ધનિકોના સરળ ચાલતા વ્યવહારમાં સમય ઘણી વાર ઢીલો... ધીમો પડી જાય છે; શું કરવું એ સમજાતું નથી; સ્મરણો પણ ખૂટી જાય છે; કાર્યક્રમ ખાસ હોતો નથી; આરામ પણ ધનિકોની આસપાસ આળોટી અકળાઈ જાય છે. આછી તંદ્રા અનુભવતાં પતિપત્ની સામે જઈ સુરેન્દ્રે નમસ્કાર કર્યા.

'ઓહો ! આવો. કેમ આવવું થયું ?' રાવબહાદુરે પૂછ્યું.

'આપનો હું આભારી છું, સાહેબ ! પરંતુ મને એમ લાગે છે કે જ્યોત્સ્નાને મારા શિક્ષણની હવે જરૂર નથી.' સુરેન્દ્રે કહ્યું.

'એમ ? હા... પરીક્ષા પણ આવી... અને મધુકરનો પણ કાંઈ એવો જ મત હતો એમ મને યાદ આવે છે...' રાવબહાદુરે સુરેન્દ્રને અનુકૂળતા કરી આપી.

'આપણે જ્યોત્સ્નાને પૂછી જોઈએ...' યશોદાબહેને કહ્યું. અને એટલામાં જ જ્યોત્સ્નાએ દીવાનખાનામાં પગ મૂક્યો.

'એ જ આવે છે ને !' રાવબહાદુરે કહ્યું અને જ્યોત્સ્ના માતાની સાથે મૂકેલી ખુરશી ઉપર બેસી ગઈ.

'કેમ જ્યોત્સ્ના ! આ તારા શિક્ષક શું કહે છે ?' યશોદાએ પૂછ્યું.

'શું કહે છે ? કાંઈ ફરિયાદ છે મારી વિરુદ્ધ ?' જ્યોત્સ્નાએ સુરેન્દ્ર તરફ ન નિહાળતાં માતાને પૂછ્યું.

મધુકર પણ ધીમે રહી એક બાજુએ આવી બેસી ગયો હતો.

'ફરિયાદ તો કાંઈ જ નથી... ઊલટું એ તો કહે છે કે એમના શિક્ષણની હવે તારે જરૂર નથી.' માતાએ કહ્યું.

'હં; એ સાચી વાત છે. એ જ એમ કહે છે... એટલે મેં પણ એમને કહી દીધું...' જ્યોત્સ્ના બોલી.

'શું ?'

'કે હવે એ ભલે ન આવે.'

'તો મધુકર ! તમારા મિત્રને આ માસનો પગાર આપી દો... અને એક માસના પગાર જેટલું વધારામાં ઈનામ.' રાવબહાદુરે કહ્યું. ધનિકો ધારે ત્યાં ઈનામો ફેંક્યે રાખે છે.

'નહિ સાહેબ ! હું ઈનામ લેતો જ નથી. મહેનત વગરનો બદલો ન જ હોય.' સુરેન્દ્રે કહ્યું.

અને મધુકરે ઊભા થઈ સુરેન્દ્રને પોતાની બાજુએ બોલાવ્યો અને તેને ખંડની બહાર લઈ ગયો.

'સારું થયું એની મેળે જ એ ગયો તે. ઈનામની ના પાડનાર વિચિત્ર કહેવાય !' યશોદાએ મધુકર તથા સુરેન્દ્રના ગયા પછી કહ્યું.

'વિચિત્રતા તો ખરી જ, પરંતુ એવાયે માણસો નીકળે છે ખરા !' રાવબહાદુરે કહ્યું.

'બહુ થોડા... પણ એ દુઃખી થવાના !' યશોદાએ કહ્યું.

'ખરું... છતાં કદી કદી મળી આવે છે ખરા... આ છોકરાને જોઈ મને મારો એક બાલમિત્ર યાદ આવ્યો.' રાવબહાદુરે કહ્યું.

'તમને એ મિત્ર ઘણી વાર યાદ આવે છે.' યશોદા બોલ્યાં.

'હા, મને વારંવાર લાગ્યા કરે છે કે મારો આ આખો વૈભવ એના ત્યાગ ઉપર ઊભો થયો નહિ હોય ?' રાવબહાદુરે કહ્યું.

'એ કોણ હશે, પિતાજી ?' જ્યોત્સ્નાએ ચર્ચામાં રસ લીધો.

'તારા બાપનો તો સ્વભાવ જ એવો છે કે જેમાં તેમાં બીજાને જ યશ આપશે. આ વૈભવમાં એમનો કેટલો શ્રમ છે એ બીજું કોઈ નહિ તો હું તો જાણું ને ?' માતાએ કહ્યું.

'પણ મા ! એ કોણ મિત્રનું નામ દે છે એ તો આપણે જાણીએ ?' જ્યોત્સ્નાએ વધારે રસ દર્શાવ્યો.

'હતો એ મિત્ર ! એણે મને પરીક્ષામાં પહેલો આવવા દીધો હતો ! પોતાના પૈસા મને આપી એણે વ્યાપાર કરાવ્યો... નફામાં ભાગ ન લીધો અને મને જ ધનિક થવા દીધો !' રાવબહાદુરે કહ્યું.

'તે તમે ક્યાં એને ભાગ આપવા ના પાડી હતી ?' માએ કહ્યું.

'એ ક્યાં છે, હમણાં ?' જ્યોત્સ્નાને પૂછ્યું.

'વર્ષોથી એ દેખાયો નથી.' રાવબહાદુરે કહ્યું.

'એમ ? આપણે તપાસ કરાવી હતી ?' જ્યોત્સ્નાએ પૂછ્યું

'અરે, એની તપાસ કરનારાં તો કંઈક માણસો હતાં !.... પોલીસ સુધીનાં માણસો.' માતાએ કહ્યું.

માતાને એ વાત બહુ ગમતી હોય એમ દેખાયું નહિ; અને જ્યોત્સ્નાએ એ બદલ કાંઈ વધારે પ્રશ્નો પૂછ્યા નહિ.

મધુકર એટલામાં સુરેન્દ્રને વિદાય કરી પાછો આવ્યો.

'આજ તો હું જરા રખડી આવું.' જ્યોત્સ્નાએ માતા-પિતાની પરવાનગી માગી. માતા-પિતાની સાથે જ્યોત્સ્ના આજ જવા માગતી ન હતી એ વાત સ્પષ્ટ હતી. માતા-પિતા પણ ઈચ્છી રહ્યાં હતાં કે જ્યોત્સ્ના ભલે મધુકરને લઈને એકલી ફરવા નીકળે. કોઈ પણ યુવક તરફ ન આકર્ષાતી પુત્રી મહામુશ્કેલીએ મધુકરનો સાથ સ્વીકારતી થઈ હતી. અને મધુકરે પોતાની આવડત અને સફાઈથી એ માતા-પિતાને એટલાં પ્રસન્ન કર્યાં હતાં કે જ્યોત્સ્ના સહજ હકાર ભણે તો તેનાં મધુકર સાથે લગ્ન કરી નાખવાની પણ તેમના હૃદયમાં ઉત્કંઠા જાગી હતી. ઘણી વાર પુત્રી માટે પતિની શોધ એ માતા-પિતાનો ભવ્ય વ્યવસાય થઈ પડે છે. એ વ્યવસાય જ્યોત્સ્ના અને મધુકરનાં લગ્ન થાય તો સંપૂર્ણ થાય એવી આકાંક્ષા પણ માતા-પિતાને રહેવા લાગી. જ્યોત્સ્ના મધુકર સાથે ફરવા જતી હતી ખરી, પરંતુ હજી સુધી માતા-પિતાએ જ્યોત્સ્નાના વર્તનમાં એવું કશું ભાળ્યું ન હતું કે જે તેમને બંને વચ્ચેના પ્રેમની સાક્ષી આપે. તેઓ ઈચ્છતાં હતાં કે એવું કાંઈ બને. પરંતુ સાથે ફરવા જવા છતાં મધુકર અને જ્યોત્સ્ના બંનેના વર્તનમાં અતિ નિકટતાના અંશ હજી ઉદ્ભવ્યા દેખાતા નહિ.

'એકલી જાય છે ?' માતાએ પૂછ્યું.

'ના, મધુકરને હું સાથે લઈ જાઉં છું.' જ્યોત્સ્નાએ કહ્યું.

'મારું અહીં કાંઈ કામ ન હોય તો... તો હું આવું.' મધુકરે પોતાની ફરજનું ભાન સહુને કરાવ્યું.

'હવે કાંઈ કામ નથી... ભલે, તમે જઈ શકો છો...' રાવબહાદુરે કહ્યું. અને મધુકર તથા જ્યોત્સ્ના એકબીજાથી જરા દૂર રહીને સાથે સાથે ચાલતાં કારમાં બેસી બહાર નીકળી ગયાં.

'આ બેને બનશે એમ હું ધારું છું.' યશોદાએ કહ્યું.

'શા ઉપરથી ?' રાવબહાદુરે પૂછ્યું.

'આટલાં સાથે ફરે છે તે તમે જોતાં નથી ?'

'કદાચ... મધુકર આપણા ઘરમાં નોકરી કરે છે એ જ્યોત્સ્નાને ખટકતું હોય તો ?... જ્યોત્સ્નાને પૂછી જોઈએ તો ?'

'હું ખાતરી આપું છું કે મધુકર જ્યોત્સ્નાને ગમે છે. સ્ત્રીઓની આંખ સ્ત્રીઓ જ વાંચી શકે.' યશોદાગૌરીએ પોતાનો અનુભવ કહ્યો.

'મને સહજ ડર હતો પેલા સુરેન્દ્રનો... પણ એ તો આજે વિદાય થયો... જ્યોત્સ્નાની જ મરજીથી... હવે મધુકર માટે મને આશા ખરી.' રાવબહાદુરે કહ્યું. બાળકો ધારતાં નહિ હોય એટલી કાળજીથી વડીલો તેમના પ્રેમજીવન ઉપર નજર નાખી રહે છે !'

'સુરેન્દ્રમાં તે શું બળ્યું છે ?... નર્યો સૂમડા જેવો... નમસ્કાર સિવાય એને બીજું કાંઈ આવડતું લાગતું જ નથી...'

'યાદ છે તને પેલો... યશવંત ?... આખી દુનિયા એને સૂમડો માનતી... છતાં... તને એનું કેટલું ઘેલું લાગ્યું હતું તે ?... એ પરણી ગયો ન હોત તો... તું મને પરણવાની ન હતી !... યાદ છે ને ?'

'બળી તમારી યાદ ! મૂકો ને નાનપણની વાતો ! બધી ઘેલછાના કંડિયા આજ ખોલવા નથી... અને સુરેન્દ્ર તો હવે ગયો જ છે ને ? હું આજ જ્યોત્સ્ના પાછી આવે એટલે એને પૂછી જોઉં છું.'

'શું ?'

'કે મધુકર એને ગમે છે કે નહિ.'

'એ ના કહેશે તો ?'

'શા માટે એ ના કહે ? એ જેને ન ગમે એને આંખ નહિ ! આટલો દેખાવડો, ચબરાક, ભણેલો...'

'પરંતુ આપણી સંપત્તિ અને એની ગરીબીનો મેળ પડશે ખરો ?'

'આંખને જે માનવી ગમે એની સંપત્તિ જોવાની છોકરીઓને ફુરસદ હોતી નથી.... અને... પછી તો આપણી સંપત્તિ એની જ બનશે ને ?'

'કદાચ... આપણો પગાર પામતા પુરુષને જ્યોત્સ્ના પસંદ ના પણ કરે.'

'એ આપણા હાથની વાત છે. એને નોકર મટાડી દઈએ... જો એ જ્યોત્સ્ના સાથે લગ્નની હા પાડે તો.' યશોદાબહેને રસ્તો બતાવ્યો.

'કદાચ...મધુકર તો હા પાડશે જ...પરંતુ જ્યોત્સ્ના ના કહે તો ?'

'એને હું સમજાવીશ... અને જુઓ... મધુકરને વધારે ભણવા માટે વિલાયત-અમેરિકા મોકલીએ તો વળી એની કિંમત ઘણી વધી જાય... જ્યોત્સ્નાની આંખમાં.' બુદ્ધિમાન યશોદાગૌરીએ લગ્નબજારની તેજી-મંદીનું અજબ જ્ઞાન દર્શાવતાં કહ્યું.

અને સર્વથા વિજય પામીને શિથિલ બની ગયેલા રાવબહાદુરે આ

યોજના પસંદ કરતાં કહ્યું :

'હા... એ ઠીક છે... જ્યોત્સ્ના પણ ઘણી વાર કહે છે કે એને પરદેશ જઈ વધારે ભણવું છે... બંનેને મોકલીએ...'

'પણ તે પરણ્યા પછી. પરણ્યા વગર છોકરા-છોકરીને વિલાયત મોકલવાં એટલે જ કે એમને પરદેશી છોકરા-છોકરી સાથે પરણાવવાં ! મારે એમ કરવું નથી... જ્યોત્સ્ના સાથે લગ્ન કરે તો મધુકર પરદેશ જાય... મધુકર સાથે જ્યોત્સ્ના લગ્ન કરે તો... ભલે... જ્યોત્સ્ના પરદેશ જાય... બન્ને સાથે... હું કહું છું એ ઠીક છે... થઈ ગયું જ માનો.' યશોદાગૌરીએ સ્ત્રીસહજ યોજના દર્શાવી અને જ્યોત્સ્નાનાં માતાપિતા એ યોજના સફળ થઈ એમ માની લઈ અત્યંત રાજી થયાં.

યશોદાગૌરી જ્યોત્સ્નાની આવવાની રાહ જોવા લાગ્યાં. ક્યારે એ છોકરી આવે અને એને લગ્નની મનગમતી વાત તેઓ સમજાવે !

ડાહી દીકરીને સમજાવવામાં તો વાર લાગવાની જ નથી ! જ્યોત્સ્નાએ કદી માબાપનો બોલ ઉથાપ્યો નથી ! માતાપિતાની એ ભવ્ય શ્રદ્ધા !

## ૨૬

# સુરેન્દ્રની ધૂન

જે સમયે રાવબહાદુર ને યશોદાગૌરી જ્યોત્સ્ના-મધુકરનાં લગ્નની સુભગ કલ્પના કરી રહ્યાં હતાં તે સમયે જ્યોત્સ્ના અને મધુકર ઝડપથી કારમાં ચાલ્યાં જતાં હતાં.

'ક્યી બાજુએ આપણે આજ જવું છે ?' મધુકરે પૂછ્યું.

'મારે સુરેન્દ્રને શોધી કાઢવો છે.' જ્યોત્સ્નાએ કહ્યું.

'એને કાઢી મૂક્યા પછી પાછો એને શોધવો છે ?'

'કાઢી ક્યાં મૂક્યો છે ? એ જાતે જ જવા માગતો હતો.'

'એમ કહે. તોય એના ગયા પછી એની પાછળ દોડવાની કાંઈ જરૂર?'

'શું, મધુકર ! તુંયે એની અદેખાઈ કરે છે ? ગમે તેમ, પણ એ મારો અને તારો મિત્ર તો મટી ગયો નથી ને ?'

'મિત્ર તો છે જ... પણ હું સાચેસાચ તને પૂછું છું : આવી મૈત્રી ક્યાં સુધી ચાલુ રહે ? એના માર્ગ જુદા... આપણા માર્ગ જુદા... કૉલેજજીવનની વાત જુદી છે... હવે તારે અને મારે જવાબદારી સમજવી જોઈએ ને ?'

'મેં હજી ક્યાં કૉલેજ છોડી છે ?'

'છોડવાની તૈયારીમાં જ છે તું તો...'

'પણ પછી જવાબદારી મારે કઈ ?... કૉલેજ છોડ્યા પછી ?'

'જીવન એકલાં ગાળવું છે ?'

'ના, એ શક્ય નથી. સમાજ એકલતાને પોષતો નથી.'

'તો પછી જવાબદારી તો ખરી જ ને ?'

'જેને મારી સાથે જીવન ગાળવું હોય તે જવાબદારી લે. મારે શું ?'

'કોની સાથે જીવન ગાળવું છે, જ્યોત્સ્ના ? હું પૂછી શકું ?'

'શા માટે ન પૂછી શકે ? તેં પૂછ્યું પણ છે, કહ્યું પણ છે. કેટલામી વાર?'

'પરંતુ તેં કાંઈ હજી ચોક્કસ જવાબ તો ન જ આપ્યો ને ?'

'જવાબ પણ મેં આપ્યો છે... યાદ કર.'

'શો જવાબ તેં આપ્યો ?'

'ભૂલી ગયો ? એ જવાબ તને તારા કે મારા લગ્નમાં મળી જશે...'

'કેમ એમ બોલે છે ? તારા કે મારા એટલે શું ? બન્નેનાં લગ્ન જુદાં થવાનાં છે ?' લાગ મળતાં સ્પષ્ટતા વધારવા મધુકરે પૂછ્યું.

'તારી મરજી ઉપર બધો આધાર રહેશે. તું ફરી બેસીશ તો આપણાં લગ્ન જુદાં જુદાં પણ થાય.' જ્યોત્સ્ના બોલી.

'અશક્ય વાત આગળ ન કરીશ !' મધુકરે કહ્યું.

મધુકરના વાક્યને જાણે જ્યોત્સ્નાએ સાંભળ્યું ન હોય એમ તેનાથી બોલાઈ ગયું :

'જો પેલું ટોળું !... સુરેન્દ્ર પાછળ ઊભેલો દેખાય છે, નહિ ?' કહી જ્યોત્સ્નાએ ત્યાં જ કાર ઊભી રાખી.

'એવાં તો કંઈક ભિખારીઓનાં ટોળાં ભેગાં થયાં કરશે. ક્યાં ક્યાં કારને ઊભી રાખીશ ?'

'બીજું કામ પણ શું છે ?... અને કોણ જાણે કેમ, ભિખારીઓનાં ટોળાં મને ગમવા માંડ્યાં છે... હું એ ટોળાંનાં ચિત્રો દોરું છું એ ખબર છે ને ?'

'ચિત્ર દોરવાં હોય તો કોઈ સભાનાં, યુવકસંમેલનનાં, ગરબા-સમૂહનાં દોરતી રહે. ભિખારીઓનાં ચિત્રો તારે કાઢવાં છે ?... સતત ?'

'એ વધારે જીવંત હોય છે... રંગબેરંગી હોય છે... યુવકો, સંમેલનો કે ગરબાસમૂહો કરતાં...'

'ભિખારીઓ જીવંત ? રંગબેરંગી ?...સારું થયું સુરેન્દ્રની અસર-માંથી તું વેળાસર છૂટી !'

'નહિ તો ?'

'નહિ તો તને જ ભિખારીઓનાં ટોળાંમાં એ બેસતી કરત.'

'તે હું ભિખારીઓનાં ટોળાંમાં બેસવાની જ છું !'

'કેમ ?'

'આપણા નાટકમાં એક એવું દૃશ્ય આવ્યું જ છે.'

'નાટકની વાત જુદી છે.... એમાં ફાવે તે થજે ને !.... ચાલ, હવે જઈશું ?'

'ના, સુરેન્દ્રને જતે જતે મળી નથી તે હું મળી આવું.'

'હું નથી આવતો.'

'ભલે; તું કારમાં બેસ... અને ખિસ્સામાં ડબ્બો હોય તો સિગારેટ

પી... સુરેન્દ્ર જ છે નક્કી.' કહી જ્યોત્સ્ના નીચે ઊતરી ટોળા તરફ વળી.

'મધુકર આ ઘેલી યુવતીને નિહાળી રહ્યો. ટોળાની પાછળના ભાગની ખુલ્લી જગામાં કાર ઊભી રહી હતી... અને ટોળાના પાછલા ભાગમાં સુરેન્દ્ર ઘડી દેખાતો - ન દેખાતો ઊભો હતો. ટોળાની વચ્ચેના ભાગમાંથી ભજન અને મંજીરાંના અવાજ આવતા હતા. સ્ત્રી, પુરુષ અને બાળકોના ભજનસાદ ભેગા મળી ગીતને સુશ્રાવ્ય બનાવી રહ્યા હતા. જ્યોત્સ્ના ટોળા પાસે પહોંચી, ભજન પૂરું થયું અને ટોળું વીખરાવા લાગ્યું. રસ્તા ઉપરના મેદાનનો એક ભાગ ત્યાં હતો, અને જમીન ઉપર ધૂળમાં બેસી સામે લૂગડાનો કકડો નાખી એક પુરુષ, એક સ્ત્રી, એક જરા મોટી છોકરી અને બે બાળકો ભજન પૂરું કરી રહ્યાં હતાં. સો-દોઢસો માણસનું ટોળું ભજન સાંભળતું ઊભું રહ્યું હતું. પરંતુ તે વીખરાતાં માત્ર આઠદસ પૈસા નાખતું ગયું. પડતા પૈસાને એ ભજનિક મંડળ જે આવકારથી વધાવી રહ્યું હતું એ દૃશ્ય કરતાં વધારે કરુણ દૃશ્ય બીજું હોઈ શકે કે કેમ એનો વિચાર કરતો સુરેન્દ્ર કાંઈ કકડા ઉપર ફેંકવા આગળ પગ મૂકતો હતો અને તેણે ભજનિક સ્ત્રીપુરુષ વચ્ચે થતી હળવી વાતચીત સાંભળી. કકડા ઉપર પડેલા પૈસાની કંગાલ સંખ્યા વીણતાં વીણતાં પુરુષથી બોલાઈ ગયું :

'મહેનત માગું છું... મહેનતનું કામ મળતું નથી; ભીખ માગું છું... અને ભીખ મળતી નથી. કલાક સુધી ભજન ગાયાં અને પૂરા અઢી આના પણ ન મળ્યા... અને આ બાળકોનું રુદન ! મને એમ થાય છે કે આપણે પાંચે જણ સાથે કૂવે પડીએ !'

ભજનમાં ભાગ લઈ રહેલી મોટી છોકરીની આંખમાંથી ગરગર આંસુ વહી રહ્યાં અને આંસુ અટકાવવા તેણે આંખે હાથ મૂક્યો. બે નાનાં બાળકો ભૂખી આંખે પૈસા તરફ નિહાળી રહ્યાં હતાં.

બાળકોની માતાએ મોટી છોકરીને પાસે લઈ ખોળામાં સુવાડી તેની આંખ લૂછવા પ્રયત્ન કર્યો. ટોળું હવે સમૂળ વીખરાઈ ગયું હતું. સાર્વજનિક આનંદનો ઉપભોગ કરનારને આનંદની કિંમત આપવી ફાવતી નથી. આસપાસ થોડે દૂર જતી આવતી જનતાને ભજનિકના શબ્દો સાંભળવાની જરૂર પણ ન હતી.

'કૂવે પડતાં પહેલાં હજી ઘણું ઘણું થાય એમ છે.' દીકરીને ખોળામાં સુવાડી તેનાં અશ્રુ લૂછતી માતાએ કહ્યું. ઘણી વાર ભાંગી ગયેલા પુરુષને હિંમત આપનાર તેની પત્ની જ હોય છે.

'જૂના કાળમાં તો વખાનાં માર્યાં માનવીનાં છોકરાંને પૈસાદારો વેચાતાંયે રાખતાં. આજ કોણ લે ? પત્નીની હિંમતથી પુરુષનું હૈયું સામર્થ્ય

પકડી શકતું ન હતું.

'શું તુંયે આમ પગ ભાંગીને બેસે છે ? ભગવાન છે... ભજન કરીએ છીએ...કોઈ હરિનો લાલ મળી આવશે...રસ્તો જડ્યા વગર તે રહે ખરો?' સ્ત્રીએ કહ્યું.

'હવે તો એક રસ્તો જડે છે...'

'તે હવે લેવા માંડ...'

'હવે તો તને ગીરો વેચાણમાં મૂકું ત્યારે !... અને પછી ઝેર પી સૂઈ જાઉં.' કપાળે હાથ મારી પુરુષ બોલી ઊઠ્યો, અને સ્ત્રીની આંખ ચમકી ઊઠી.

સુરેન્દ્ર ભજનિકોની સહેજ પાછળ ઊભો રહ્યો હતો તે એકાએક આગળ આવ્યો અને બોલી ઊઠ્યો :

'હાં હાં, ભગત ! એમ હિંમત શું હારો છો ?'

ભજનિક સ્ત્રી, પુરુષ અને બાળકોએ સુરેન્દ્ર તરફ દૃષ્ટિ કરી. સહુ તેને આછું ઓળખતાં લાગ્યાં. તેમની આંખમાં સુરેન્દ્રને નિહાળી કાંઈ તેજ આવતું લાગ્યું.

'શું કરું, ભાઈ ! બે દિવસથી ભૂખે ટળવળી થાકી ગયેલાં બાળકોને જે જુએ એને મરવાનું મન ન થાય તો કોને થાય ?... અને તે માબાપ હોય પાછાં !' ભજનિક પુરુષે કહ્યું.

'જુઓ ! આટલું પાસે રાખો. ઠીક ઠીક ચાલશે તમારે... અને એટલી કમાણી કરી લ્યો ત્યારે પાછું આપજો.' કહી પોતાને મળેલા પગારની બધીય રકમ સુરેન્દ્રે ભગતના હાથમાં મૂકી દીધી.

ભગત અને તેની પત્નીની આંખ રકમ જોઈ ફાટી ગઈ. એક સામટા સો રૂપિયા તેમણે કદી દીઠા ન હતા. આપનાર યુવાન ડાહ્યો છે કે ઘેલો તેની ખાતરી કરવા તેમણે સુરેન્દ્ર સામે તાકીને જોયું. પછી સ્ત્રીથી બોલાઈ ગયું:

'રકમ પાછી આપવા તમને ક્યાં શોધવા, ભાઈ ?'

'મને શોધવાની જરૂર નથી. હું જ તમને શોધતો રહીશ.' સુરેન્દ્રે કહ્યું.

'અમે તે વળી શોધ્યાં જડીએ ? આજ અહીં... કાલ બીજે...' સ્ત્રી બોલી.

'હરકત નહિ; હું જાણું છું તમે ક્યાં રહો છો તે.' સુરેન્દ્રે કહ્યું.

'અમે તે વળી ક્યાં ઠામઠેકાણાંવાળાં છીએ ?'

'કેમ ? જેને ઠામઠેકાણું ન હોય એને મસ્જિદ કે મંદિર આશરો આપે... હજી ભાંગ્યાંતૂટ્યાં એ સ્થાનો નિરાશ્રિતો માટે છે ખરાં... હું જાણું

છું તમે... કદી કદી... પેલા સાધુવાળા ખંડેરો શિવાલયમાં રહો છો.... શહેર બહાર.' સુરેન્દ્રે કહ્યું.

એની વાત સાચી નીકળી.

એકાએક ભજનિક સ્ત્રીને આંસુભરી આંખે સુરેન્દ્રનાં ઓવારણ લીધાં. ભજનિક પુરુષ પણ કાંઈ ચમત્કાર બનતો હોય એમ ઘડીમાં સુરેન્દ્ર તરફ અને ઘડીમાં આકાશ તરફ અને ઘડીમાં ભૂખ્યાં બાળકો તરફ નિહાળી અશબ્દ આભાર વ્યક્ત કરી રહ્યો હતો. દાનની અસર જોવા ઊભો રહેનાર સાચો દાનેશ્વરી નથી. અને સુરેન્દ્રને પોતે ભજનિક કુટુંબને અત્યારે દાન કરી રહ્યો હોય એમ કદી માની શકે એમ હતું જ નહિ. તેણે પાછો પગ ભર્યો. જરા આશ્ચર્યથી તેણે નિહાળ્યું કે જ્યોત્સ્ના તેની બહુ જ પાસે ઊભી રહી તેનો વ્યવહાર જોઈ રહી હતી. સુરેન્દ્રે કાંઈ પણ બોલ્યા વગર સહજ દૂર ઊભેલી કાર તરફ નજર નાખી. કારમાં મધુકર આરામથી બેસી સિગારેટ પીતો પીતો ધૂમ્રનાં કલામય વર્તુલો રચાવી મહાક્રિયા કરી રહ્યો હતો. જ્યોત્સ્ના તરફથી નજર ખસેડી જાણે એને જોઈ જ ન હોય એવો દેખાવ કરી સુરેન્દ્ર આગળ ચાલ્યો.

'કેમ, ઓળખાણ મટી ગયું શું ? હજી બે કલાક પણ મળ્યે વીત્યા નથી.' જ્યોત્સ્નાએ સુરેન્દ્રને ઊભો રાખીને પૂછ્યું.

'તું અહીં ક્યાંનો ?' સુરેન્દ્રે જરા સ્મિત કરી પૂછ્યું.

'મને જવા દે ને મારે રસ્તે, જ્યોત્સ્ના !'

'તને જોવા માટેસ્તો.'

'હું ક્યાં તને રોકું છું ? રોક્યો રોકાય પણ તું શાનો ? કહે, શું આપ્યું તેં પેલા ભગતને ?'

'મારો અડધો પગાર.' સુરેન્દ્ર જૂઠું બોલ્યો. આખો પગાર આપી દેવાની મૂર્ખાઈ જ્યોત્સ્નાથી છુપાવવાનું તેને ઠીક લાગ્યું.

'જુઠ્ઠો ! હું ન માનું.' જ્યોત્સ્નાએ સ્પષ્ટ કહ્યું. સુરેન્દ્ર ધારતો હતો એના કરતાં જ્યોત્સ્ના સુરેન્દ્રના હૃદયને વધારે સારી રીતે ઓળખતી લાગી.

'કેમ ?'

'બતાવ મને તારો બાકીનો પગાર, જો તું સાચો હો તો !' જ્યોત્સ્નાએ કહ્યું. સુરેન્દ્ર જરા હસ્યો. એણે બધોયે પગાર ભજનિકને આપી જ દીધો હતો !

'પગાર તો બધોય અલોપ થઈ ગયો, જ્યોત્સ્ના !' સુરેન્દ્રે કહ્યું.

'હું જાણું ને ? અને તું શું કરીશ હવે આખો મહિનો ?' જ્યોત્સ્નાએ

પૂછ્યું.

'હું શું કરીશ ?... હાં... કહું ?....'

'કહે, જલદી કહે... મારે જવું છે.'

'ખોટું તો નહિ લગાડે ને ?'

'મને ખોટું લાગે તેની તને પરવા છે ખરી ને !.... કહે, હવે શું કરીશ? માને માટે કાંઈ રાખ્યું પણ નહિ...'

'માને માટે.... હું છું ને ? માને ભૂખે મરવા નહિ દઉં...'

'અને તું ?'

'હું ? એ જ તને કહેવા જતો હતો....હું વળી કોઈ સુંદરીને ભણાવીશ... એ સુંદરી મને પ્રેમ કરશે... અને પ્રેમ સિવાય પૈસો નહિ મળે તો હુંયે પ્રેમ કરવા માંડીશ...' કહી સુરેન્દ્ર જરા હસ્યો.

'કર્યો તેં પ્રેમ ! તને પ્રેમ કરતા આવડતો હોત તો તું ક્યારનોયે કારમાં ફરતો હોત...'

'જ્યોત્સ્ના ! પ્રેમ કરું તોય તે માનવી સાથે... નિર્જીવ કારનો મને પ્રેમ હોય જ નહિ ને !'

'બહુ સારું, મશ્કરી કરવા જેટલોય તું જાગૃત થઈ શક્યો એ માટે હું તને અભિનંદન આપું છું.' જ્યોત્સ્ના બોલી.

'જ્યોત્સ્ના ! મારાં અને તારાં પાંચ ભાંડુ કૂવે પડવાની તૈયારી કરતાં હતાં... મારી અને કદાચ તારી નજર સામે !... એ જગતમાં મારી અને તારી ભૂખ જીવી શકે ખરી ? પ્રેમની વાત તો ભૂખ પછી જ થાય ને ?' સુરેન્દ્રે કહ્યું.

જ્યોત્સના આ ઘેલા યુવકને નિહાળી રહી... ક્ષણભર, આખા માસનો પગાર વધારે જરૂરિયાતવાળા કુટુંબને આપી પોતે જ સાધનહીન બની જતા યુવાનને શું કહેવું અને એને શું કરવું એની જાણે એને સમજ ન પડી હોય તેમ અંતે જ્યોત્સ્નાએ કહ્યું :

'એ પ્રશ્નના જવાબ માટે તું હજી તૈયાર થયો નથી. ભૂખ પહેલી કે પ્રેમ એ વિષે... તારો અધિકાર થશે એટલે હું તને બહુ સ્પષ્ટ જવાબ આપીશ... તને જ્યાં હોઈશ ત્યાંથી શોધી કાઢીને જવાબ આપીશ... આવવું છે સાથે?'

'ના.' સુરેન્દ્રે કહ્યું.

'વારુ, જા. હું પણ જાઉં. તને પૂરો ઓળખી લીધો; હવે બહુ નહિ મળીએ.' કહી જ્યોત્સના કાર તરફ ચાલી ગઈ.

કંટાળી ગયેલા મધુકરે કહ્યું : 'કેટલી વાર કરી ?'

'સુરેન્દ્રે પોતાનો બધોય પગાર ભજનિકોને આપી દીધો.'

'એમ ? શું કહે છે તું ?'

'તેં ન જોયું ?'

'મૂર્ખાઈને કાંઈ સીમા છે ?'

'મધુકર ! બે દિવસના ભૂખ્યા કુટુંબને તું જુએ તો તું શું કરે ?' કારમાં બેસતે બેસતે જ્યોત્સ્નાએ પૂછ્યું.

'અલબત્ત, એ કુટુંબને સારી રીતે જમાડું.' મધુકરે કહ્યું.

'કેટલા પૈસા ખરચીને ?'

'મારો આખો પગાર આપી દઈને તો નહિ જ ! એ તો મરનારની સંખ્યા વધારવા સરખું પાપ થાય !' મધુકરે કહ્યું.

જ્યોત્સ્નાએ કાંઈ જવાબ વાળ્યો નહિ...

કાર આગળ ચાલી.

## ૨૭

# હાથમાં ઊતરતું ફળ

યુવક-યુવતીએ કારમાં એકલાં બેસવું એટલે કામવનનાં દ્વાર ખુલ્લાં મૂકી દેવાં ! કૂવા, વાવ અને પનઘટ એ પ્રાચીન કાળનાં પ્રેમસ્થાન. આજ એ ભલે બદલાઈ ગયાં હોય; એને બદલે કાર એ પ્રેમીઓ માટે હાલતો-ચાલતો અને ફરતો-હરતો પનઘટ બની રહે છે. મધુકરના માનસને જ્યોત્સ્ના સ્પષ્ટ સમજી ગઈ હતી. સુરેન્દ્રની જવરઅવર એના ઘરમાં હવે ન થાય એની યુક્તિ મધુકરે ઠીકઠીક રચી હતી, એનું જ્યોત્સ્નાને ભાન હતું. સુરેન્દ્ર સાનુકૂલ હોત, આટલો વિચિત્ર ન હોત, તો મધુકરને જ્યોત્સ્નાના ઘરમાં સ્થાન મળી ન શકત. પરંતુ સુરેન્દ્રને તો સ્ત્રીજાતિથી જ અલગ રહેવું હોય એમ ક્યારનુંયે સ્પષ્ટ થઈ ચૂક્યું હતું. છતાં શા માટે જ્યોત્સ્ના હજી સુરેન્દ્રને યાદ કર્યા કરતી હતી ? જ્યોત્સ્નાને પોતાને પણ એ વિચાર આવ્યો.

સાથે સાથે એ પ્રશ્ન મધુકરના હૃદયમાં પણ બીજી વિચારશ્રેણીમાંથી જાગ્યો; અને એકાંત લાંબી શાંતિ સહન કરી શકતું ન હોવાથી મધુકરે પૂછ્યું:

'જ્યોત્સ્ના ! હવે સુરેન્દ્રને શોધવાનો બીજો કાર્યક્રમ તો નથી ને ?'

'આજે તો હવે નહિ જ.' જ્યોત્સ્નાએ જવાબ આપ્યો.

'એટલે આવતી કાલે પાછો કાર્યક્રમ ખરો; એમ ?'

'ના.'

'કારણ ?'

'હવે એમ થાય છે કે... સુરેન્દ્રને... એને માર્ગે જ જવા દેવો... એને કોઈની જરૂર ન હોય તો આપણે ક્યાં પાછળ દોડવું... મદદ કરવા ? સહાય પણ કેટલે સુધી કરી શકાય ?' જ્યોત્સ્નાએ કહ્યું.

'બરાબર. એના કરતાં વધારે સુખી કે ધનવાનને સુરેન્દ્ર જુએ છે કે એના દિલમાં વેરઝેર વસી જાય છે. એને આખી દુનિયા એક સપાટી ઉપર લાવવી છે.'

'એ બને ખરું ? સારું તો લાગે છે.'

'શી રીતે બને ? બધાં જ માનવી સરખી ઊંચાઈનાં હોવાં જોઈએ...

એના મત પ્રમાણે...'

'એટલે ?'

'એટલે એમ કે... માનવીની ઊંચાઈનું માપ પાંચ ફૂટ નક્કી કર્યું તો પાંચ ફૂટ ઉપરાંતનાં એક કે બે ઈંચવાળાંનાં પગ એટલાં કાપી નાખવા.'

'અને છ ફૂટ હોય તો...'

'ગરદન પણ કાપી નાખે !'

'અને પાંચ ફૂટથી ઓછાં હોય તો ?'

'તો જતરડામાં ઘાલી ખેંચી તાણી એટલા માપમાં લાવવાં જ જોઈએ!'

'એ માપ ઠરાવે કોણ ?'

સહજ તિરસ્કારભર્યું હસી મધુકરે કહ્યું :

'સરમુખત્યાર... જે સત્તાધારી હોય તે.'

'આ તો ક્રૂરતા કહેવાય... અન્યાય કહેવાય.'

'તો સમજી લે, જ્યોત્સના ! કે આખો સામ્યવાદ ક્રૂરતા અને અન્યાય ઉપર જ રચાયેલો છે... ન્યાય નહિ, ધર્મ નહિ, લગ્ન નહિ...'

'લગ્ન તો સામ્યવાદમાં હોય છે.'

'નહિ જેવાં.'

'પણ એ તો સારું ને ?'

'શી રીતે ?'

'ફાવે અને ગમે ત્યાં સુધી લગ્ન... ન ફાવે કે ન ગમે એટલે ઝટ છૂટાં!'

'એનું નામ તે લગ્ન કહેવાય ? જેમાં પ્રેમ નહિ, આત્મભોગ નહિ...'

'આપણે લગ્ન પહેલાં જે કરીએ છીએ તે સામ્યવાદ લગ્ન પછી પણ કરવા દે છે... એટલો જ ફેર ને ?'

'શું કહે છે તું ? આપણે લગ્ન પહેલાં આવું કશું જ કરી શકતાં નથી.'

'કેમ એમ ? યશોધરા અને મીનાક્ષીને બાજુએ મૂકીએ; પરંતુ શ્રીલતા અને તું પરસ્પરને ચાહતાં જ હતાં ને ?'

'શ્રીલતા જૂઠી છે.'

'એ જૂઠી હોય કે સાચી. પરંતુ... તેં આપેલી વીંટી...'

'અરે જ્યોત્સના ! તારા જ સોગન ખાઈને કહું છું કે એ વીંટી તો એણે ચોરી લીધેલી છે... હવે એનો આમ ઉપયોગ કરવા માગે છે... એ હું કેમ ચાલવા દઉં ? આવી શિરજોરી ?'

'વીંટી તારી આંગળીમાંથી એણે ચોરી શી રીતે લીધી ?'

'શું કહું તને જ્યોત્સ્ના ! એ છટેલ છોકરીની વાત ? કોઈ માને નહિ એવી સ્થિતિમાં એણે મને મૂકી દીધો છે !'

'કહે તો ખરો, હું જરૂર માનીશ... સાચું કહીશ તો.'

'તો હું તને તો જરૂર કહી દઉં...શ્રીલતા વિરુદ્ધ કહેવું ગમતું નથી છતાં... હું ટેનિસ રમતો હતો... તું જાણે છે હું ટુર્નામેન્ટમાં ઊતરું છું તે...'

'હા. અને તું કેટલાય "કપ" જીતી લાવ્યો છું.'

'એક વાર રમતાં રમતાં હું અને મારો હરીફ સરખા ઊતર્યા. મને લાગ્યું કે મારી વીંટી વચમાં આવતી હતી. શ્રીલતા જોવા ઊભી હતી... પાસે જ હતી... અને મેં એ વીંટી એને સાચવવા આપી. પછી તો પૂછવું જ શું ? કૉલેજનાં છોકરા-છોકરીઓ !... હું જીત્યો અને ધાંધળમાં વીંટી પાછી માગી ન શક્યો. બીજે દિવસે માગી એટલે શ્રીલતાએ આપી જ નહિ... મને લાગ્યું કે એ મશ્કરી કરે છે... પરંતુ એ તો ત્યારની જે ગળે પડી તે...હું શું કહું તને, જ્યોત્સ્ના ? શ્રીલતાથી મને...કોઈ પણ બચાવે તો તે તું જ !'

'હું એટલે જ કહેતી હતી કે...લગ્ન પહેલાં જેમ છૂટવાની તક મળે, તેમ લગ્ન પછીય મળે તો હરકત શી ?'

'લગ્નને તો પવિત્ર ગણવું જોઈએ.'

'પવિત્ર રહે ત્યાં સુધી પવિત્રતાનો એ પ્રયોગ કરી જોવા જેવો ખરો. લગ્નને જીવનના એક મહાપ્રયોગ તરીકે ગણીએ તો શો વાંધો ? પ્રયોગ સફળ ન થાય તો એમાં ફેરફાર પણ કરી શકાય.'

'તારો એવો મત હોય તો... મને શા માટે વાંધો આવવો જોઈએ ?... જોકે લગ્નબંધન હળવા મતભેદથી તૂટવાં ન જ જોઈએ.'

'અરે મધુકર ! લગ્નને ક્યાં સુધી બંધન બનાવ્યે રાખવું છે ?... પુરુષોનો ભારે જુલમ છે, ભાઈ !'

'મારા લગ્નમાં તું જોઈ શકીશ કે બંધનનું કોઈ નામ કે નિશાન હશે જ નહિ.' મધુકરે સહજ ભાવ લાવી કહ્યું.

'માટે તો હું તારા લગ્નની રાહ જોઉં છું.'

'મારા લગ્નની ? તારા લગ્નની કેમ નહિ ?'

'એની રાહ તારે જોવાની !'

'જ્યોત્સ્ના !' કહી મધુકરે જ્યોત્સ્નાને ગળે હાથ નાખવા પ્રયત્ન કર્યો. જ્યોત્સ્નાએ કૌશલ્યથી હાથ ખસેડી નાખી કહ્યું :

'તારું ઘર પાસે આવે છે, મધુકર !...અને કારના વ્હીલ ઉપર જેનો હાથ હોય તેની સાથે કદી પ્રેમ ન કરવો... એનાથી પ્રેમનો જવાબ ન

અપાય... અને જવાબ આપવા જાય તો અકસ્માત કરી બેસે.'

એકાએક જ્યોત્સ્નાએ ગાડી ઊભી રાખી. અંધારું થઈ ગયું હતું; મધુકરનું મકાન પણ આવી રહ્યું હતું. મધુકરની ઈચ્છા ન હતી કે તે પોતાના નાનકડા ભરચક વસ્તીમાં આવેલા લજામણા ઘર આગળ જ્યોત્સ્નાને લઈ જાય... જે જ્યોત્સ્નાનો પ્રેમ અડધ ઉપરાંત મધુકરે જીત્યો હતો ! વિજયના માર્ગમાં નાનું સરખું સ્ખલન પણ પરાજય સર્જાવે છે ! પ્રેમી યોગ્ય હોય, પરંતુ પ્રેમનું મકાન ગરીબીસૂચક હોય અથવા પ્રેમીનાં માતાપિતા પ્રેમીનું માન વધારે એવાં દબદબા ભર્યાં ન હોય, તો પ્રેમની ભરતી ઓટમાં ફેરવાઈ જાય છે ! મધુકર ગાડી નીચે ઊતરી જ્યોત્સ્નાની બાજુએ આવી ઊભો.

'તારું ઘર અહીં છે છતાં આવવાનો આગ્રહ તો તું કરતો જ નથી !' જ્યોત્સ્નાએ કહ્યું.

'તને બોલાવીશ એ ઘર જુદું જ હશે.' મધુકરે કહ્યું.

'શા માટે ? મને ગમે તો ગમે તેવું ઘર ગમે... ન ગમે તો હું મહેલને પણ સળગાવી દઉં.'

'તો તારો આભાર માનું. મારા ઘરમાં તારાં પગલાં સહુ કોઈ વધાવી લેશે.'

'સહુ કોઈ કોણ ?'

'મારાં માતાપિતા.'

'એમને મારું આમંત્રણ છે... કાલ ત્રીજે પ્રહર ચા ઉપર.'

'નહિ નહિ; એમને ન ફાવે.'

'શા માટે ન ફાવે ?'

'રાવબહાદુર કે યશોદાબહેન કહે તો... વધારે સારું ને ?'

'મેં કહ્યું એ માતાપિતાએ જ કહ્યું માની લેજે. જોજે... ભૂલતો નહિ... એમને નહિ લાવે તો... જોઈ લેજે. ગુડ નાઈટ !' જ્યોત્સ્નાએ કહ્યું અને ગાડીનું એન્જિન ધબક્યું.

'ગુડનાઈટ !' મધુકરે પણ સામો જવાબ આપ્યો.

'શેક હૅન્ડ્ઝ !' કહી જ્યોત્સ્નાએ પોતાનો હાથ બારીમાં ધર્યો. અને મધુકરે પોતાનો હાથ લંબાવી જ્યોત્સ્નાનો હાથ અત્યંત ભાવપૂર્વક પકડી દબાવ્યો. ગાડી ઊપડી અને જ્યોત્સ્નાનો છૂટેલો હાથ કારના વ્હીલ ઉપર પાછો આવી બેસી ગયો અને તુરત ગાડીએ વેગ ધારણ કર્યો.

જ્યોત્સ્નાએ કદી કોઈ યુવકને આમ હાથ આપ્યો ન હતો ! કોઈ દિવસ આછી સરખી પણ છૂટ ન લેતી યુવતી આમ માગીને મધુકરનો હાથ

દબાવી રહી હતી ! એનો શો અર્થ ?

ઉપરાંત મધુકરનાં માબાપને પણ જ્યોત્સ્ના આમંત્રણ આપી ગઈ !

કારણ ? જ્યોત્સ્ના બદલાઈને તેની બનતી હતી શું ?

મધુકરનાં પ્રેમપ્રકરણોમાં એનાં માતાપિતાને જરાય સ્થાન મળે એમ એ ઇચ્છતો નહિ. ઉચ્ચ કક્ષાના પ્રેમ-વાતાવરણમાં લેઈ આવવા જેવી માતાપિતાની પાત્રતા પણ ન હતી. વળી માતાનાં લગ્ન કાંઈ પ્રેમલગ્ન કે રોમાંચક લગ્ન હતાં જ નહિ. રૂઢિબદ્ધ ગતાનુગતિક લગ્ન અને જીવન ગુજારનાર માતાપિતાને મધુકરનાં પ્રેમઉડ્ડયનોનો પરચો ન જ હોય... છતાં... જ્યોત્સ્ના મધુકરનો હાથ પકડી ગઈ...ને વધારામાં માતાપિતાને આમંત્રણ આપી ગઈ ! જ્યોત્સ્નાએ લગ્નનો ઝડપી વિચાર તો નહિ કર્યો હોય ? સુરેન્દ્ર જ્યોત્સ્નાના જીવનમાંથી સમૂળ અદૃશ્ય થયો ન હોય ત્યાં સુધી જ્યોત્સ્ના મધુકર સાથે હાથ મિલાવે નહિ જ.

અને માતાપિતાને આમંત્રણ એટલે ? લગ્નની જ સ્પષ્ટતા અને ઉતાવળ ! બીજું શું ?

જ્યોત્સ્નાને એનાં માતાપિતા ભલે ઉચ્ચ શિક્ષણ આપી રહ્યાં હોય; અંતે તો તેઓ જુનવાણી વિચારનાં ખરાં જ ખરાં ! આજ સુધીના રાવબહાદુર તથા યશોદાબહેનના પરિચયે તેને એટલું તો સ્પષ્ટ કરી આપ્યું હતું કે આગળ વધેલાં કહેવાવાની ઈચ્છા રાખનારાં રાવબહાદુર અને યશોદાબહેન તત્ત્વતઃ તો જુનવાણી ઢબનાં જ કહી શકાય. કોઈ પણ કાર્ય કે વસ્તુને આર્યતાનો ઓથ અપાય તો તે તેમને ગ્રાહ્ય બની જતું હતું. આર્યતાથી વીંટાઈને પાપ પણ આવતું હોય તો તે તેમને આવકારપાત્ર લાગે ખરું.

એટલે તેમની જ સમજદાર દીકરી જ્યોત્સ્નાએ તેમના સ્વભાવને સમજીને જ લગ્નમાર્ગ સરળ કરવા માટે મધુકરનાં માતાપિતાને આમંત્રણ આપ્યું હતું એની એને ખાતરી થઈ ગઈ. ઘરમાં પ્રવેશ કરતાં જ માતાને તેણે કહ્યું :

'મા ! આવતી કાલ તું બહુ સારા સમાચાર સાંભળીશ.'

'એમ ? શું છે એવું ? આમે તારી નોકરી પછી બધું સારું જ થયે જાય છે ને ?' માતાએ કહ્યું.

'કાલે રાવબહાદુરને ઘેર તમને બન્નેને ચા માટે આમંત્રણ છે.' મધુકરે કહ્યું.

'તે આમંત્રણ તું લાવ્યો ? સહજ દૂર હીંચકે બેઠેલા પિતાએ પૂછ્યું.

હજી મધુકરની બાબતમાં માતા જેટલા પિતા શ્રદ્ધાળુ બન્યા લાગતા નહિ.

'ના, જી. એમની દીકરી જાતે અહીં આવી કહી ગઈ.' મધુકરે કહ્યું.

'અમને કેમ ન મળી ?' પિતાએ પૂછ્યું.

'જરા શરમાઈ.' મધુકરે કહ્યું.

'એને શરમાવાનું કંઈ કારણ ?'

'એ કાલે સમજાશે.' કહી મધુકર પોતાના સુસજ્જ ખંડ ભણી ચાલ્યો ગયો, અને મધુકરનાં માતા તથા પિતાની માનસિક રંગીન રચનાઓએ આકાર લેવા માંડ્યો. માતાઓ તો પુત્રપુત્રીના દોષ સૃષ્ટિમાં અનેક ભાગ્યે જ જોઈ શકે છે; એટલે મધુકરની માતાએ તો પોતાના પુત્રની મહત્તાનો બાંધેલો આંક બહુ ઊંચે ચઢાવી દીધો એ સહજ ગણાય; પરંતુ ખર્ચાળ, મોજી, ચબરાક અને વાચાળ પુત્રની અસ્થિરતા માટે સતત અધીર રહેતા પિતાને પણ લાગ્યું કે પુત્રની પ્રથમ આંકણીમાં તેમની કાંઈ ભૂલ થતી હતી! રાવબહાદુરને ત્યાં મંત્રીપદ સ્વીકાર્યા પછી મધુકરમાં આવેલી સ્થિરતા, તેને રાવબહાદુરની પુત્રીનો પતિ ને મિલકતનો માલિક બનાવી દે એવો સંભવ - ઝાંઝવા સરખો પણ - પિતાની આંખ આગળ રમવા લાગ્યો ખરો! કલ્પનાને અનેક રમતો આવડે છે.

જ્યોત્સ્ના એકલી પડી ઘેર ચાલી આવી. આર્યધર્મનું અભિમાન ધારણ કરનાર ધનિકને પણ પોતાની પુત્રી સંગીત, નૃત્ય, નાટ્ય અને બીજી કલાઓમાં પ્રવીણતા મેળવે એમાં આર્યધર્મનું અહિત દેખાતું નથી; બીજાની પુત્રી હોય તો તેમાં ચોખ્ખો ધર્મભંગ દેખાય જ ! પરંતુ પોતાની પુત્રીનો વિચાર કરતાં તેમને ગાર્ગી, સાવિત્રી, સુકન્યા, સીતા, દ્રૌપદી જેવી આર્યત્વભૂષણ સતીઓનો ખ્યાલ આવે છે, અને અંગ્રેજી અસરમાંથી ઊપજેલી સ્વતંત્રતાને આર્યતા સાથે ભેળવી દઈ પુત્રીઓ તરફ સન્માનની દૃષ્ટિ તેઓ ખીલવે છે. મોટરકાર ચલાવવાની જ્યોત્સ્નાએ પહેલવહેલી ઈચ્છા પ્રદર્શિત કરી ત્યારે યશોદાબહેનને એ ઈચ્છાનું નાવિન્ય જરા અસ્થિર બનાવતું લાગ્યું ખરું, પરંતુ પછીથી કાર ચલાવતાં શીખી ગયેલી જ્યોત્સ્નાની ઝડપ વિષે કોઈ ઓળખીતાં બાઈએ જરા ચેતવણી આપી ટીકા કરી કે :

'યશોદાબહેન ! આ તમારી જ્યોત્સ્ના ભલે કાર ચલાવે... નવો જમાનો છે... વળી એ નવું ભણતર પણ ભણી છે... છતાં જરા ધીમે ચલાવવાનું કહેશો તો સલામતી વધારે સચવાશે...' ત્યારે યશોદાબહેને જવાબ પણ આપ્યો કે :

'જ્યોત્સ્નાને હું ધીમે ધીમે ચલાવવાનું કહીશ...પણ ગાડી ચલાવવામાં નવો જમાનો કે નવું ભણતર વચ્ચે લાવવાની જરૂર નથી.'

'તે જૂના જમાનામાં આવી ગાડીઓ હતી ખરી ? લગભગ સરખી ધનિક સ્ત્રીઓ વાદવિવાદમાં એકબીજાથી હારતી નથી. ઓળખીતાં બાઈએ પુત્રીનો બચાવ કરતી માતા સામે આહ્‌વાન ફેંક્યું.

કોઈ પણ આહ્‌વાન ન ઝીલે એ આર્યતા જ નહિ ! યશોદાબહેનની આર્યતાએ ઝડપથી ધર્મશાસ્ત્ર અને કથાપુરાણનો આશ્રય શોધ્યો. ને એવા આશ્રય લેનાર કોઈ પણ પ્રસંગે નિષ્ફળ નીવડે જ નહિ. ધાર્મિક નમ્રતાપૂર્વક યશોદાબહેને કહ્યું :

'કેમ બહેન ! એમ કહો છો ? રામાયણ તો તમે રોજ વાંચો છો એમ કહો છો. અને કૈકેયીની વાત કેમ ભૂલી જાઓ છો ? દશરથ રાજાનો રથ એણે બચાવ્યો એ રથ ચલાવવાની આવડતને જ લીધે હોય ! નહિ ?'

વર્તમાન યુગની કારને સ્વહસ્તે ચલાવવાના સ્ત્રીઓના હક્કને ત્રેતાયુગના દૃષ્ટાંતનો ટેકો આપી લગભગ સામી દલીલ નિરર્થક બનાવી ચૂકેલા યશોદાબહેનને પુત્રીને એકાંતમાં કારની ઝડપ ઘટાડવા સલાહ આપી, ત્યારે જ્યોત્સ્ના તરફથી ઢાલની બીજી બાજુ પણ તેમને સમજાઈ. શિખામણ આપનાર સન્નારીની જ પુત્રી નવનવી કાર ચલાવવાનું શીખી જ્યોત્સ્ના સાથે શર્તમાં ઊતરવા માગતી હતી !... અને જરા સરખી હરીફાઈમાં એ જ છોકરી અકસ્માત કરવાની તૈયારીમાં હતી ! આમ આર્યત્વને આશ્રયે ઊછરેલી જ્યોત્સ્ના વર્તમાન યુગની કાર ચલાવવાનું ક્યારનીયે શીખી ગઈ હતી. એવી જ ઢબે નવાં શિક્ષણ આર્યતાને અનુકૂળ બની જાય છે.

પુત્રપુત્રી જ્યારે પણ બહારથી ઘેર આવે ત્યારે માતાપિતાને એમ જ લાગવાનું કે સંતાનો આવવું જોઈએ એટલું વહેલાં આવતાં જ નથી. મધુકરને ઘેર મૂકી આવેલી જ્યોત્સ્ના પાછી ફરી એટલે માતાએ પહેલો જ પ્રશ્ન કર્યો :

'કેમ, બહેન ! આટલી મોડી ?'

'બહુ મોડું તો નથી થયું, મા ! પણ હું મધુકરને એને ઘેર મૂકવા ગઈ હતી.' જ્યોત્સ્નાએ હાથની ઘડિયાળમાં ઝડપી નજર નાખી કહ્યું. ઘડિયાળને આર્યતામાં સ્થાન હશે કે કેમ એની ચર્ચા જાહેરમાં હજી થઈ જાણી નથી. ઘડી શબ્દ જ આર્યજ્યોતિષનો સૂચક છે એટલે આર્યતાવિરોધીઓની એ ચર્ચા માટે હિંમત નહિ ચાલી હોય !

'કેવું ઘર છે એનું ?' માએ પૂછ્યું.

'ઘર તો... જેવું હોય તેવું ખરું... બધાંને ઓછા મહેલ-બંગલા રહેવા માટે હોય છે ?... હું ઘરમાં ગઈ ન હતી.' જ્યોત્સ્નાએ જવાબ આપ્યો.

'સારો છોકરો છે, નહિ ?' માએ પુત્રીના મનનું રહસ્ય શોધવા પ્રશ્નજાળ નાખી.

'કયો છોકરો, મા ?'

'કેમ ? મધુકર વળી ! બીજો કોણ ?'

'હા; સારો છે. કેમ ?'

'તને ગમ્યો ખરો ?' પિતા કરતાં માતા સંતાનોના મનને પરખવાની કળા વધારે સારી રીતે સમજે છે.'

'હા, મા ! તને ગમે એ મને ગમે જ.'

'એમ ? તું સાચું કહે છે ? આગળ હું પગલું લઉ ?'

'શું તુંયે મા ?... આવું આવું બોલે છે !... હું કપડાં બદલી આવું... જમવાનું મોડું થશે.' કહી જ્યોત્સ્ના પોતાના ખંડમાં ચાલી ગઈ.

પાસેના ઑફિસખંડમાં વર્તમાનપત્ર વાંચતા રાવબહાદુરનું મુખ પ્રસન્ન થયું. તેમને યશોદાબહેનની કુશળતા માટે હતું એથી વધારે માન ઉત્પન્ન થયું. યૌવનમાં નિભાવી લીધેલી પત્નીઓ પ્રૌઢપણમાં અત્યંત માનપાત્ર બની રહે છે.

જ્યોત્સ્ના પોતાના ખંડમાં જઈ કપડાં બદલ્યા વગર જ પોતાના પલંગ પર સૂતી અને તેની આંખ આગળ ભજનમંડળીના ભિખારીઓ તરવરી રહ્યા !

પ્રભુનું ભજન કરનાર પણ ભિખારી !

## ૨૮

# આંખના અંગાર

પલંગ ઉપર લાંબી થઈ સૂતેલી જ્યોત્સ્નાની આંખ આગળ ક્રમે ક્રમે ભજનિક, ભજનિકની સ્ત્રી અને તેમનાં બાળકો રમવા લાગ્યાં. પરંતુ એ કરુણ દૃશ્યની પાછળ સુરેન્દ્ર પણ ઝાંખો ઝાંખો દેખાતો હતો જ ને ? આખા માસનો પોતાનો પગાર સુરેન્દ્રે આ ભજનિકોને આપી દીધો ! એમાં ડહાપણ ખરું ? આખો માસ સુરેન્દ્રનો ખર્ચ હવે શેમાંથી ચાલશે ? ઓછું વધતું કરીને સુરેન્દ્ર પોતે કદાચ પોતાનું એક માસ પૂરતું ગુજરાન વગર પૈસે ચલાવે. પરંતુ સુરેન્દ્ર એકલો ન હતો; એની માતાનું પોષણ પણ સુરેન્દ્રની જવાબદારી ગણી શકાય. એ જવાબદારી સુરેન્દ્ર શી રીતે અદા કરી શકશે? પોતાની કમાણી વગર વિચાર્યે ગમે તેને આપી દેવાથી ન ગરીબોનો ઉદ્ધાર થાય, ન પોતાનો ઉદ્ધાર થાય !

અને તેને મધુકરનું વાક્ય યાદ આવ્યું : 'સારું થયું સુરેન્દ્રની અસરમાંથી તું વેળાસર છૂટી.'

'નહિ તો ?'

'નહિ તો તને જ ભિખારીઓના ટોળામાં એ બેસતી કરત.'

શું મધુકર સાચો હતો ? સુરેન્દ્ર એટલા જ કારણે જ્યોત્સ્નાથી ભાગતો ફરતો હતો શું ? અને જ્યોત્સ્ના પોતે મધુકરની ધારણા પ્રમાણે સુરેન્દ્રની અસરમાંથી ખરેખર મુક્ત થઈ હતી ખરી ? શા માટે સુરેન્દ્ર હજી પણ તેને યાદ આવ્યા કરતો હતો ? સ્ત્રી પ્રેમની ના પાડે તો ઘટિત છે કે પુરુષે તેની પાસેથી ખસી જવું. એ જ નિયમ સ્ત્રીએ પોતાને માટે લાગુ કેમ ન પાડવો ? સુરેન્દ્ર પ્રત્યે જ્યોત્સ્નાને સદ્‌ભાવ હતો, એટલું જ નહિ, એને પ્રેમ હતો. સુરેન્દ્ર પાસે એણે પોતાના પ્રેમને બહુ સ્પષ્ટ રીતે વ્યક્ત પણ કર્યો હતો. એ સ્પષ્ટતા સુરેન્દ્ર ન સમજી શકે તો એને બેવકૂફ-બબૂચક તરીકે ગણવો જોઈએ. પરંતુ સુરેન્દ્રને બેવકૂફ કે બબૂચક ગણી શકાય એમ હતું જ નહિ. એ જાણી જોઈને જ્યોત્સ્નાથી દૂર ખસતો હતો. ગરીબી સ્વેચ્છાપૂર્વક હાથે કરીને સ્વીકારનાર યુવકથી ધનિક યુવતીનો પ્રેમ સ્વીકારી નીચી આર્થિક સપાટી ઉપર તેને ઉતારી ન શકાય એવી કોઈ

ભાવના સુરેન્દ્રના હૃદયમાં જાગ્રત થઈ હતી. એ જ સુરેન્દ્રની ઉપેક્ષાનું કારણ કહી શકાય. પરંતુ એ ઉપેક્ષા કહી શકાય ? એને ઉપેક્ષા કરવી હોત તો એ જ્યોત્સ્નાને પોતાનું વૃન્દાવન બતાવત જ નહિ. પોતાના આદર્શને ખાતર સુરેન્દ્ર સંપત્તિ ત્યજતો હતો. એટલું જ નહિ પરંતુ સંપત્તિમાન યુવતીને પણ ત્યજતો હતો ! સુરેન્દ્ર બીજી કોઈ યુવતીને ચાહતો હોત તો જ્યોત્સ્ના એક ક્ષણમાં તેનાથી છૂટી પડી ગઈ હોત. જ્યોત્સ્નાને એ ચાહતો ન હતો એમ એણે કદી કહ્યું ન હતું. એ સંજોગોમાં સુરેન્દ્રને ચાહતી જ્યોત્સ્નાનો ધર્મ શો? સુરેન્દ્ર એને ભલે ન સ્વીકારે; ચાહવું અને સ્વીકારવું એ બંને ભિન્ન ભાવ હોઈ શકે. પરંતુ એથી જ્યોત્સ્નાએ સુરેન્દ્રને વહેતો મૂકવો એ એનો ધર્મ બની શકે ખરો ?... અને... અને જ્યોત્સ્ના પોતાની સંપત્તિ જતી કરે તો સુરેન્દ્ર જ્યોત્સ્નાને સ્વીકારની અધિકારી ગણે કે કેમ?

એકાએક જ્યોત્સ્ના પલંગમાં બેઠી થઈ ગઈ. જ્યોત્સ્ના મિલકતનો ત્યાગ કરે તો સુરેન્દ્ર એનો સ્વીકાર કરે ! મિલકતનો ત્યાગ કરવામાં મુશ્કેલી ન જ હોય પ્રેમીઓને. પરંતુ પ્રેમ એ શું આવી પરાધીનતા હોઈ શકે ? પુરુષ મના કરે છતાં સ્ત્રીએ પુરુષ તરફ ખેંચાતા જવું જ જવું ? એવી સ્થિતિ ઊભી કરનાર સ્ત્રી પોતાના સ્ત્રીત્વને હીણું બનાવી રહેતી નથી શું ?... અને બિચારો મધુકર ! જ્યોત્સ્ના કહે તો એ જ્યોત્સ્નાનાં ચરણ ધોઈ પીવા પણ તૈયાર થાય !... જ્યોત્સ્નાને હસવું કેમ આવ્યું ? પત્નીના પગ ધોઈ પીનાર પતિની કલ્પના એને હસાવી રહી હતી શું ?

નૂતન યુગનાં આ મંથન જૂના યુગમાં ન હતાં... નહિ જ હોય ! માતાપિતા નક્કી કરે એ છોકરા-છોકરી પતિપત્ની બની સંસાર માંડે... તો કિશોરાવસ્થાથી યૌવન સુધીનાં, દેહ અને મનને દમી નાખતાં, આજનાં મંથનથી બચી ન જાય શું ?

નોકરે આવી જ્યોત્સ્નાને ખબર આપી કે એનાં માતાપિતા જમવા માટે એની રાહ જોઈને બેસી રહ્યાં હતાં. ઝડપથી કપડાં બદલી જ્યોત્સ્ના ભોજન સ્થળે આવી. અત્યંત શાંત રહેલી જ્યોત્સ્નાને માતાએ પૂછ્યું :

'કેમ આટલી બધી શાંત બેઠી છો આજે ?'

'કાંઈ નહિ, મા !'

'તોપણ ? મનમાં હોય તે કહી નાખ.'

'એક ભૂલ થઈ ગઈ.'

'ભૂલ ? શાની ?' માતાએ પૂછ્યું અને પિતાએ ધ્યાનથી પુત્રી તરફ જોયું. પુત્રી અસ્વસ્થ તો આછી આછી હતી જ. અને યૌવનજાગ્યો પ્રેમ

આવી અસ્વસ્થતા ઉપજાવે એ સ્વાભાવિક ગણાય. અને માતાપિતાએ માની પણ લીધું હતું કે જ્યોત્સ્ના મધુકર સાથે પ્રેમમાં જ છે !

'એક આમંત્રણ આપી આવી છું.' જ્યોત્સ્નાએ કહ્યું.

'કોને ?'

'મધુકરનાં માતાપિતાને... ચા પીવાનું.'

'એમાં તને ભૂલ શી લાગી ? ઓ હો ! મારા મનમાં કે તું કૉલેજની બધી છોકરીઓને બોલાવી લાવવાની હોઈશ.' માએ કહ્યું.

'ભલે. એ તો સારું કર્યું... એમાં મોટી વાત શી ? કાલે કાર લઈને તું જ બોલાવી લાવજે ને ?' પિતાએ કહ્યું.

'હું તો નહિ જાઉં.' જ્યોત્સ્ના બોલી.

દીકરીની લજ્જાએ માતાને પ્રસન્નતા અર્પી. માતા પણ જરા મોજમાં આવી ગયાં. તેમણે કહ્યું :

'ખરી તું છોકરી ! બધી જ વ્યવસ્થા કરવી છે અને પાછું શરમાવું છે!'

'પણ તું તો કોઈને મળી જ નથી ને ?' પિતાએ પૂછ્યું.

'એટલે ?'

'તું આવી ત્યારે તેં જ કહ્યું હતું કે તું તેમના ઘરમાં ગઈ જ ન હતી.'

'મેં કહાવ્યું... મધુકર જોડે.' જ્યોત્સ્નાએ કહ્યું અને માતાને લાગ્યું કે મધુકરના નામનો ઉચ્ચાર કરતાં જ્યોત્સ્નાના કંઠમાં સહજ થડકાર હતો.

'ભલે; કાલે તને જેમ ગમે તેમ કરજે.' માતાએ કહ્યું.

રેડિયો ઉપરના સમાચાર, ગીત તથા રૂપકો સાંભળ્યા વગર આજની ધનિકતાને નિદ્રા આવતી જ નથી. માતાપિતાને રેડિયોની શ્રવણસૃષ્ટિમાં મૂકી જ્યોત્સ્ના પોતાના ખંડમાં ચાલી ગઈ. લાંબા સમય સુધી રાત્રીદીવો એના ખંડમાં બળતો જ રહ્યો. એ રાત્રે એણે ઘણું વાંચન કર્યું. અને પ્રભાત વીતી ગયે એ ઊઠી ત્યારે દિવસ ઘણો વધી ગયો હતો. માતાપિતાની પાસે જઈ ચા પીવાની એણે શરૂઆત કરી અને એટલામાં જ મધુકર આવ્યો. જ્યોત્સ્નાનું મસ્તક ખુલ્લું હતું. આજની નાગરિકતા ગુર્જર સ્ત્રીની કેશાવલીના વિવિધ પ્રકારોને પ્રદર્શિત રાખવામાં નૂતન સૌંદર્ય અનુભવે છે. લાજ એટલે સ્ત્રીમુખ ઢાંકવાની લાજની પદ્ધતિ - નગરોમાં તો લગભગ અલોપ થઈ ગઈ છે, અને કિશોરીઓ તથા યુવતીઓ માતાઓ તેમ જ સાસુનણંદો અને જેઠાણીઓ આ સુધારાની સામે નિઃસહાય બની રહ્યાં છે. એટલે જ્યોત્સ્નાનું મસ્તક ખુલ્લું હોય એ સહજ હતું.

પરંતુ મધુકર દૃષ્ટિએ પડતાં બરોબર જ્યોત્સ્નાએ અત્યંત સૌંદર્ય

ભર્યા હસ્તવળોટથી મસ્તકે પોતાનું લૂગડું કેમ ઓઢી લીધું ? માતા, પિતા અને મધુકર ત્રણેને જ્યોત્સ્નાના આ નૂતન અભિનયથી આશ્ચર્ય ઊપજ્યું. મધુકર તરફ બિલકુલ નિહાળ્યા વગર જ્યોત્સ્નાએ મધુકર પાસે ચાનો પ્યાલો મૂકી દીધો; કોઈ કાંઈ બોલ્યું નહિ. શાંતિ જરા અસહ્ય બનવા લાગી અને મધુકરે કહ્યું :

'મારાં માતાપિતાને...આજે...આમંત્રણ શાનું જ્યોત્સ્નાએ આપ્યું?'

'અરે, જ્યોત્સ્નાએ આમંત્રણ આપ્યું એ અમે જ આપ્યું છે એમ માની લેજો ને ?' યશોદાબહેને કહ્યું.

'પણ કાંઈ કારણ ?' મધુકરે પૂછ્યું.

'વાહ ! એમાં કારણ શું ? આટલા દિવસથી તમે આવતા - જતા હો અને તમારાં માબાપને અમે ઓળખીએ પણ નહિ, એ બરાબર ન કહેવાય.'

'પણ એ બન્ને આવા સ્થળથી પરિચિત નથી.'

'તે હવે થશે... થયા વગર કાંઈ ચાલવાનું છે ?'

'એમણે તો મને ના કહેવા મોકલ્યો છે.'

'એ ચાલે જ નહિ.. એ ન આવે તો અમને ખોટું લાગે.' યશોદાબહેને આગ્રહ કર્યો.

એ જ ક્ષણે ચા પી રહી જ્યોત્સ્ના ત્યાંથી ઊઠી મસ્તક ફરીથી ઢાંકી ખંડમાંથી ચાલી ગઈ.

'જ્યોત્સ્ના આમે સભ્ય તો ઘણી જ હતી; પરંતુ આજની એની સભ્યતા, મર્યાદા અને ઠાવકાશ સહુની નજરે ચોંટી જાય એવાં હતાં. આ નવો ફેરફાર પ્રેમ જ લાવી શકે. અને પ્રેમ પણ ત્યારે જ લાવી શકે કે જ્યારે પ્રેમના મધ્યબિંદુ સરખો પ્રેમી નક્કી થયો હોય ! યશોદાબહેનને મન એટલું સ્પષ્ટ થયું કે જ્યોત્સ્નાની સ્વસ્થતા અને અસ્વસ્થતા પાછળ મધુકર જ કારણરૂપ હતો !

મધુકરે પણ જ્યોત્સ્નાના આ વિચિત્ર લાગતા પરંતુ વાંધો ન લેઈ શકાય એવા અભિનયમાં એ જ કારણ વાંચ્યું; અને પોતાની નાનકડી ફરજો બજાવી લઈ લાગ જોઈ એણે જ્યોત્સ્નાના ખંડ તરફ પોતાનાં પગલાં દોર્યાં. પરંતુ જ્યોત્સ્ના સ્નાનાગારમાં ગઈ હતી એવા સમાચાર મળ્યા. આજનાં સુખી કુટુંબોનાં સ્નાનાગર પચાસ વર્ષ પહેલાંનાં ખુલ્લાં સ્નાનાગાર હોઈ શકે નહિ જ; એ બંધ જ હોય. અને પ્રાચીન કાળનો પાંચ મિનિટનો સ્નાનવિધિ એ આજનો સ્નાનવિધિ હોઈ શકે જ નહિ. સ્નાનાગારમાં પુરુષ કે સ્ત્રી

મુખ્યત્વે સ્ત્રી - પ્રવેશ કરે એટલે ઓછામાં ઓછા એક કલાક સુધી એમને દુનિયામાંથી ગુમ થયેલાં જ ગણી લેવાનાં ! ધરતીકંપ થાય, જ્વાલામુખી સળગી ઊઠે, ઍટમ બૉમ્બ પડે અગર રાજકીય ઊથલપાથલ થાય તોય સ્નાનાગારમાં પ્રવેશ પામેલી સ્ત્રી સ્નાનવિધિ, દેહશૃંગાર અને મુખશૃંગાર પૂર્ણ કર્યા સિવાય સ્નાનાગારનું બારણું કદી ખોલી શકે જ નહિ. કોઈ આજના ચિત્રકારને સ્નાનમગ્ન સુંદરીનું ચિત્ર ચીતરવું હોય તો એણે નદીકિનારે જ જવું પડે ! અને પૈસા આપી ગમે તે સ્ત્રીને પાણીમાં ઝબકોળવી પડે ! પ્રાચીન - એટલે પચીસ-પચાસ વર્ષ પહેલાં જેમ બનતું તેમ આજ ભાગ્યે જ કોઈ પણ ગૃહ સ્નાનામગ્ન સુંદરી માટેનું 'મોડેલ' પૂરું પાડે ! પહેલાં તો પ્રત્યેક ચોક અને ઓટલા સ્નાનશોભિત સુંદરીને પ્રગટ કરતા !

કલાક સુધી થોભવાની મધુકરની તૈયારી હતી, પરંતુ પાંજરાપોળમાં પશુઔષધાલય ખોલવાના ઉત્સવપ્રસંગે પ્રમુખસ્થાનેથી રાવબહાદુરે કરવાના વ્યાખ્યાન માટે ભારતીય પશુઓનો છેલ્લામાં છેલ્લો આંકડો સેક્રેટરી તરીકે મધુકરે મેળવવાનો હતો. એ નક્કી કરવા માટે રાવબહાદુરે જ તેને બોલાવ્યો, એટલે અત્યારે જ્યોત્સ્નાને મળવાની તક મુલતવી રાખવી પડી.

અને સાંજે તો અપાયલા આમંત્રણ અનુસાર પોતાનાં માતાપિતાની સાથે મધુકર રાવબહાદુરને બંગલે આવી જ પહોંચ્યો ! રાવબહાદુરની કાર વાપરવાની તેણે ના પાડી હતી. રાવબહાદુરને અંગે થયેલાં અનેક ઓળખાણોમાંથી ક્વચિત્ કારનો ઉપયોગ કરવાની ઉદારતા દર્શાવે એવાં થયેલાં ઓળખાણે તેને આજની સાંજ સુધી એ કાર આપી હતી. જમાઈની પરિસ્થિતિમાં ઝડપથી પહોંચી જવાની તાલાવેલી રાખનાર યુવકે ભાવિ શ્વસુરગૃહની તાત્કાલિક પરવા ઘટાડી નાખવાનો દેખાવ કરવો જોઈએ !

રાવબહાદુરે અને યશોદાબહેને મધુકરનાં માતાપિતાનું ખૂબ સન્માન કર્યું. બાગ, બંગલા, ફરનિચર અને ગૃહશૃંગારની પ્રથમ ચમકથી અંજાઈ ગયેલાં મધુકરનાં માતાપિતાનો પ્રાથમિક સંકોચ દૂર થયો. જ્યોત્સ્નાએ આવી વગર બોલ્યે ચાની વ્યવસ્થા કરી દીધી. યશોદાબહેને મધુકરની આવડત તથા ચબરાકીનાં વખાણ કરી જાણે એ એક કુટુંબી જ બની ગયો હોય એમ જાહેરાત કરી. મધુકરનાં માતાએ મધુકરની પ્રશંસા માન્ય રાખી; ઉપરાંત રાવબહાદુરના આખા કુટુંબની પ્રશંસા કરતાં જણાવ્યું કે :

'મધુકર તો આ તમારી દીકરીનાં વખાણ કરતાં થાકતો જ નથી... અને.... ઘરમાં બીજી વાત જ નહિ.... જ્યોત્સ્નાબહેન, જ્યોત્સ્નાબહેન,

સિવાય ! અને આ અમે અહીં જોઈ ત્યારે... વાહ બહેન ! અમને સાચું લાગ્યું. જાણે ઈન્દ્રરાજાના દરબારની અપ્સરા !'

કોઈ પણ યુવતીનું રૂપ વર્ણવવું હોય તો એની સરખામણી અપ્સરા સાથે થતી - પચાસ વર્ષ પહેલાંના પ્રાચીન કાળમાં અને એટલેથી જ્યારે સંતોષ થતો નહિ ત્યારે એને ઈન્દ્રની અપ્સરા સાથે મૂકવામાં આવતી. અલબત્ત રૂપ પૂરતી ! પરંતુ આજની યુવતીને રૂપ પ્રથમ જેવું જ ગમે છે - અપ્સરા જેવું જ - છતાં એને અપ્સરા સાથેની રૂપઉપમા નથી ગમતી. પછી એ અપ્સરા ભલે ઈન્દ્રરાજાના દરબારની હોય !

જ્યોત્સ્ના કોઈને ખબર ન પડે એમ ખંડમાંથી ચાલી ગઈ. મધુકરનાં માતાપિતાને જ્યોત્સ્નાની મર્યાદા અને અબોલા ઘણાં ગમ્યાં. ધનિક કુટુંબની છોકરીઓનો વાક્વ્યવહાર એમના ધન સરખો જ અખૂટ રહેતો હોય એવો સહુની માફક મધુકરનાં માતાપિતાને ઊપજેલો ખ્યાલ જ્યોત્સ્નાની અશબ્દ હાજરીએ નિર્મૂળ કરી નાખ્યો.

ચા પતાવ્યા પછી રાવબહાદુરે અને યશોદાબહેને મહેમાનોને ઘર તથા બગીચો બતાવવાનું કાર્ય માથે લીધું, જેમાંથી મધુકરે માફી મેળવી અને ધીમે રહી તે જ્યોત્સ્નાના ખંડ તરફ સરકી ગયો. જ્યોત્સ્ના આયનામાં મુખ જોઈ એક પુસ્તક વાંચવા બેઠી હતી, પરંતુ એનું ચિત્ત પુસ્તકમાં ન હતું. કોઈના આગમનની તે રાહ જોતી હોય એમ વારંવાર પુસ્તકમાંથી બહાર નજર કરી રહી હતી. દૂરથી એણે મધુકરને પોતાના ખંડ તરફ આવતો નિહાળ્યો.

એને આવતો જોઈને જ્યોત્સ્નાએ મુખ ફેરવી બીજી આરામખુરશી ઉપર સ્થાન લઈ અત્યંત ગંભીરતાપૂર્વક પુસ્તક વાંચવું શરૂ કર્યું. વાંચનમાં જ્યોત્સ્ના એવી તલ્લીન બની બેસી ગઈ કે મધુકર તેના ખંડમાં આવી પહોંચ્યો એનો પણ જાણે એને ખ્યાલ ન હોય એવો દેખાવ એણે કર્યો.

મધુકર થોડી ક્ષણ શાંતિથી ઊભો રહ્યો; પછી એણે એક પુસ્તક ખેંચ્યું અને પાછું મૂક્યું; એક ખુરશીને પણ ખસેડી, જરા અવાજ કર્યો; છતાં જ્યોત્સ્નાની એકાગ્રતા હાલી નહિ. એટલે મધુકરે મેજ ઉપર પડેલી ઘંટડી વગાડી, છતાં જ્યોત્સ્નાએ તેની તરફ જોયું નહિ. એટલે સહજ ઉગ્રતાપૂર્વક જ્યોત્સ્નાની પાછળ આવી, જ્યોત્સ્નાના હાથમાંથી જ એણે પુસ્તક ખેંચી લીધું !

જ્યોત્સ્ના જાણે ચમકી હોય એમ ઊઠીને ઊભી થઈ. મધુકર તેની સામે જોઈ રહ્યો. જ્યોત્સ્નાએ વસ્ત્ર ખેંચી ખુલ્લું મસ્તક ઢાંક્યું અને આછું સ્મિત કર્યું !

'હું ક્યારનો આવ્યો છું તે તું જાણે છે ?' મધુકરે પૂછ્યું.

'હા.'

'તો પછી... મારી સાથે અબોલા છે શું ?'

'હા'

'કારણ ? મારો કશો અપરાધ ?'

'તારો અપરાધ તું જાણે ! કારણમાં તો... આર્યતા !' જ્યોત્સ્નાએ જવાબ આપ્યો.

'આર્યતા ? કાંઈ સમજાય એવું તો કહે ?... અને આજે જ ક્યાંથી આર્યતા ઊભરાઈ આવી ?'

'તું જાણે છે... તારાં અને મારાં માતાપિતા આટલામાં જ છે. હું અને તું વાત કરીએ એ એમને ગમે ખરું ?'

'શા માટે નહિ ?'

'બન્ને પક્ષે આર્યતા તરફ પક્ષપાત છે... અને આર્યભાવના પરપુરુષ સાથેની વાતચીત સ્ત્રીઓમાં ઈચ્છતી નથી.'

'અને એ પરપુરુષ સ્વપુરુષ બનવાનો હોય ત્યારે ?'

'ત્યારે તો બેવડી મનાઈ !'

'મશ્કરી ક્યાં સુધી લંબાવવી છે ?'

'લગ્ન સુધી તો ખરી જ... મારી મર્યાદાને તું મશ્કરી કહેતો હોય તો!'

'કોના લગ્ન સુધી ?'

'વિચારી જો ! કોનાં તે તારાંસ્તો !'

'નક્કી છે ?'

'મારું ચાલે ત્યાં સુધી તો નક્કી જ !'

'ઓ જ્યોત્સ્ના ! ઓ દેવી !' મધુકરે ઊર્મિવશતા બતાવી એક ડગલું આગળ ભર્યું.

'તારી માએ મને અપ્સરા કહી; તું મને દેવી કહે છે. સાચું શું ?'

'તારો હસ્ત ચૂમતે ચૂમતે સાચું શું એ હું તને કહી સંભળાવું.' મધુકરે યુરોપીય વીરની ઢબે એક ઘૂંટણ નમાવી જ્યોત્સ્નાનો હાથ પકડવા પ્રયત્ન કર્યો. જરા ખસી જઈ જ્યોત્સ્નાએ કહ્યું :

'એક એકાંતશોભન કાર્ય જાહેરમાં ન થાય.'

'જાહેરમાં ? અહીં એકાંત જ છે ને ?'

'ના; હું દૂરથી શ્રીલતાને આપણા ખંડ તરફ આવતી જોઉં છું.'

'શ્રીલતા ?... હજી તું એને બોલાવ્યા કરે છે ?'

'કેમ નહિ ? આખા નાટકનો ભાર એના ઉપર જ છે.'

'કયું નાટક ?'

'તું કેમ વારંવાર ભૂલી જાય છે ?... આપણે ગ્રામજીવન અને નગરજીવન વિષે નાટક ગોઠવીએ છીએ, એ જ !'

'એ પછી તું શ્રીલતાનો સાથ છોડી દે.'

'તારી આજ્ઞા છે ?'

'જે કહેવું હોય તે...મને એ છોકરી ગમતી નથી...જુઠ્ઠી !...ગળેપડુ!'

'એ તો આવી પહોંચી પણ ખરી.'

અને બારણું ખોલી શ્રીલતાએ જ્યોત્સ્નાના ખંડમાં પ્રવેશ કર્યો. શ્રીલતાની આંખમાંથી અંગાર ખર્યા.

## ૨૯

# લગ્ન અને માનવખરીદી

મધુકર જરા છોભીલો પડ્યો, અને એકાએક તેણે જ્યોત્સ્નાના ખંડમાંથી બહાર જવા માંડ્યું.

'કેમ મધુકર ! ક્યાં ચાલ્યો ?' જ્યોત્સ્નાએ પૂછ્યું.

'તું અને શ્રીલતા વાત કરી લો; પછી હું આવું છું.' મધુકરે કહ્યું.

'તું પણ શ્રીલતા સાથે વાત કરી શકે છે.' જ્યોત્સ્નાએ કહ્યું.

'મારાં માતાપિતા મારી રાહ જોતાં હશે.' મધુકરે જવાબ આપ્યો. શ્રીલતાનું આછું હાસ્ય શ્રીલતાના એક વાક્ય સાથે મધુકરને કાને અથડાયું:

'મધુકરનાં માતાપિતા ? એ તો એમનાથી શરમાય છે. તારા બંગલામાં ક્યાંથી ?'

'જો મધુકર ! આ શ્રીલતા શું પૂછે છે ?' જ્યોત્સ્નાએ પૂછ્યું.

'એનું જીવન પૂછપરછમાંથી ઊંચે આવતું જ નથી... મારાં માતાપિતાની ટીકા કરનાર સાથે મારે શી વાત કરવી ? હું જાઉં છું. જ્યોત્સ્ના ! હવે તું જ જવાબ આપજે કે મારાં માતાપિતા અહીં કેમ આવ્યાં છે.' આટલું કહી મધુકરે ખંડ છોડ્યો. છોડતે છોડતે મધુકરે શ્રીલતાની કટુતાભરી વાણી પણ સાંભળી :

'ઘરનાં માલિક થવા આવ્યાં હશે બધાં, ખરું ને ?'

હવે મધુકરની ખાતરી થઈ ચૂકી કે શ્રીલતાએ જ્યોત્સ્ના અને મધુકરના સંબંધની છેલ્લામાં છેલ્લી વાત સાંભળી જ હશે. હવે શ્રીલતા એનો કેડો છોડશે પણ ખરી - ખરું જોતાં કેટલાય સમયથી એણે એ કેડો લેવો છોડી પણ દીધો હતો. એમાં મધુકરનો પણ શો ઈલાજ ? આખું જીવન માંગ અને પુરવઠો - Supply and Demand-ના સિદ્ધાંત ઉપર જ રચાયું છે. પ્રેમ અને લગ્નમાં પણ એ જ આર્થિક સિદ્ધાંત પ્રવર્તી રહ્યો છે ! અપવાદ તો બધામાં જ હોય. ઘેલછા કાઢતાં યુગલો એ સિદ્ધાંતને કદાચ બાજુએ મૂકે - અને પછી પસ્તાવામાં આખું જીવન વિતાવે ! પરંતુ અપવાદ નિયમને ફેરવી શકતો નથી.

જ્યોત્સ્નાને અપવાદ બનતી બચાવી લેનાર મધુકરથી પોતાના હૃદયને એમ તો કહેવાય એવું હતું જ નહિ કે તેણે શ્રીલતા પ્રત્યે પ્રેમ પ્રગટ કરી શ્રીલતાનું આકર્ષણ કર્યું ન હતું... હજી પણ શ્રીલતા કાંઈ ખાસ... ન ગમે એવી તો હતી જ નહિ. જ્યોત્સ્ના સરખી જ ઊંચી ! જ્યોત્સ્ના સરખી જ ભરેલા વાનવાળી ! જ્યોત્સ્ના કરતાં પણ કદાચ છટાદાર અને વધારે વાચાળ ! More stimulating ! આકર્ષણ પણ જરા વધારે... અને સ્ત્રીમાં બીજું શું જોઈએ ? પરંતુ શ્રીલતા જેવું જ રૂપ અને આકર્ષણ જ્યોત્સ્નામાં હોય... અને વધારામાં એ એકલી જ ભારે મિલકતની વારસ હોય, તો મધુકર કયા સિદ્ધાંતને પકડી જ્યોત્સ્ના તરફ વધારે પ્રમાણમાં ન વળે ? શ્રીલતાનાં માતા-પિતા સુખી ભલે હોય ! હવે ધનિક તો નહિ જ ને ? અને બે વચ્ચે જો પસંદગી કરવાની હોય તો... ડહાપણ એ જ સૂચવે કે શ્રીલતાને છોડી જ્યોત્સ્નાને ચાહવું. અને ચાહવું એટલે ? કોઈ પણ દેખાવડો સ્ત્રીદેહ ચાહી શકાય ! એનું પોતાનું હૃદય તપાસતાં એને સ્પષ્ટ સમજાયું કે પરણ્યા પહેલાં તે કેટકેટલી છોકરીઓને ચાહી શક્યો હતો !

પછી શ્રીલતાને બાજુએ મૂકી જ્યોત્સ્ના પ્રત્યે તેનો પ્રેમ વળે તો તેથી એણે પોતે તેમ જ શ્રીલતાએ ખોટું લગાડવાની કે દુઃખી થવાની જરૂર ન રહે! શ્રીલતાની માલિકીની ભાવના જ તેને અણગમતી બનાવી રહી હતી! કેટલીક સ્ત્રીઓ એમ જ માને છે કે લગ્ન એટલે પુરુષનું ગુલામીખત ! શ્રીલતાની આંખ જ અવિશ્વાસ ભરેલી ! અનેક સૌન્દર્યો દર્શાવતી દુનિયામાં એક જ સૌન્દર્ય ઉપર ત્રાટક કેમ થઈ શકે ? શ્રીલતાને મધુકરે જતી કરી એ જ ઠીક કર્યું. જીવનભર દુઃખી થવા કરતાં થોડા સમયનું દુઃખ ચલાવી લેવાય ! આમ વિચાર કરી પોતાના હૃદયને મનાવી રહેલો મધુકર અદૃશ્ય થઈ ગયો.

પરંતુ શ્રીલતા અને જ્યોત્સ્ના તો લાંબો સમય સાથે ગાળી રહ્યાં. નાટક કે દૃશ્ય-શ્રેણીમાં શું શું કરવું, કોને બોલાવવાં, કોને કયો ભાવ સોંપવો વગેરે બાબતો નક્કી થઈ ચૂકી હતી. સ્થળની પસંદગી પણ થઈ ગઈ હતી, અને હવે દિવસ પણ નક્કી થયો. દૃશ્યોમાં ભાગ લેનારમાં સ્ત્રીઓ જ હોય અને સહાયમાં માત્ર પુરુષોને જ રાખવા એ કાર્યપ્રણાલિકા પણ સર્વસંમત હતી - પુરુષોને પણ. એ કાર્યક્રમ પૂરો થયો એટલે બન્ને સખીઓની સામાન્ય તેમ જ વિશેષ વાતચીત પણ થઈ રહી :

'જ્યોત્સ્ના ! સ્ત્રીને પુરુષ વગર ન ચાલે ?' શ્રીલતાએ પૂછ્યું.

'પુરુષને ક્યાં સ્ત્રી વગર ચાલે છે ? એવું જ સ્ત્રીને પણ હોય.' જ્યોત્સ્નાએ કહ્યું.

'પરંતુ... પુરુષ વગર ચલાવવાની સ્ત્રીઓએ ટેવ પાડી હોય તો ?'

'એટલે તું એમ માને છે કે પ્રેમ અગર લગ્ન એ ટેવનું જ પરિણામ છે, નહિ ?'

'લગભગ... વંશપરંપરાની ટેવ... માણસ જાતની એક કુટેવ અને એમાં ધર્મ ભેળવ્યો એટલે દેખાદેખી એ ટેવ સારી મનાઈ.'

'મધુકર સાથે તારાં લગ્ન ન થાય તો તું એ ટેવ બદલી નાખજે.' જ્યોત્સ્નાએ કહ્યું અને બંને જણ હસ્યાં. હસતે હસતે શ્રીલતાએ જવાબ પણ આપ્યો. 'લગ્ન થશે તોય હું એ ટેવ બદલી નાખવાની છું. પુરુષ વગર ન જ ચાલે એ શું ?'

એકાએક રાવબહાદુર જરા મોટેથી બોલતા દૂરથી સંભળાય. અને સખીઓનું હાસ્ય સમાઈ ગયું.

'એ તે માણસો છે કે જાનવર ?' રાવબહાદુરનો કંઠ સંભળાયો.

જ્યોત્સ્નાએ પિતાને આટલું મોટેથી બોલતાં કદી સાંભળ્યા ન હતા. કોની વાત તેઓ કરતા હશે ? મધુકર અને એનાં માતાપિતા કારમાં ગયાં એ તરફ જ્યોત્સ્નાનું લક્ષ્ય ગયું જ હતું. એમના જતા બરાબર પિતાજી કોને અનુલક્ષીને વાત કરી રહ્યા હતા ?

જ્યોત્સ્ના અને શ્રીલતા ખંડમાંથી બહાર આવ્યાં. યશોદાબહેનને તેમણે બોલતાં અને રાવબહાદુરને સમજાવતા સાંભળ્યા :

'હોય માણસો એવાં ! કદી જોયું ન હોય એટલે ન બોલવાનું બોલાઈ જાય. આપણે તે છોકરાનું કામ છે કે માબાપનું ?'

'કન્યા આપો, ભરેલું ઘર આપો, કાર આપો, છોકરાને વિલાયત મોકલો...ત્યાં સુધી તો મને કાંઈ લાગ્યું નહિ... પણ સાસુ-સસરાને અને એમનાં સગાંવહાલાંને જાત્રાએ જવાનો ખર્ચ આપો કહ્યું અને મારાથી રહેવાયું નહિ.' રાવબહાદુર બોલતા હતા.

'જુઓ ને ! દીકરીનું ભવિષ્ય વિચારવું હોય તો આપણે હાથવેંત નમવું પણ જોઈએ.' યશોદાબહેને કહ્યું. અને બંને પતિ-પત્ની અદૃશ્ય થયાં.

તેમણે જ્યોત્સ્ના અને શ્રીલતાને જોયાં ન હતાં. કદી ગુસ્સે ન થતાં માતા-પિતાને ગુસ્સાભરેલી ઢબે વાતચીત કરતાં સાંભળી બંને સખીઓ ખંડની બહાર તો આવી, પરંતુ માતા-પિતાની પાસે રજૂ થવા માટે જ્યોત્સ્ના અત્યારે ઉત્સુક ન હતી. વાત સાંભળી લેવા એ બન્ને એક થાંભલા પાછળ સહજ છુપાઈ પણ ખરી. બન્ને વડીલો અદૃશ્ય થયા પછી બન્ને સખીઓ સહજ હસી.

'જ્યોત્સ્ના ! આ તો... તારી કિંમત ચૂકવાય છે ?' શ્રીલતા બોલી.

'મારી ? કે મારા પ્રેમીની ?' જ્યોત્સ્નાએ પ્રશ્ન કર્યો. પ્રશ્ન કરતાં તેની આંખ કાંઈ રમત રમી રહી.

'પ્રેમીની કિંમત - તો નક્કી થઈ ચૂકી.' શ્રીલતાએ કહ્યું. જરા રહી હસી તેણે ફરી પૂછ્યું :

'કેટલી કિંમત ?'

'તેં સાંભળ્યું નહિ પિતાજીએ શું કહ્યું તે ? કન્યા આપો, ઘર આપો...'

'એ સાંભળ્યું. પરંતુ એટલેથી પતશે ? એ તો માતા-પિતાએ માગેલી કિંમત !'

'બીજા કોની કિંમત બાકી રહી ?'

'પરણ્યાની કિંમત... એ વળી જુદી જ હોય ને ?'

'પરણ્યો માગશે તે કિંમતમાં હું જ હોઈશ ને ?' જ્યોત્સ્ના બોલી. સખીઓની વાતચીત મર્યાદાને છેલ્લે કિનારે જ ફરતી રહે છે - ગમે એવી ડાહીડમરી ગંભીર સખીઓ હોય તોય !

'એટલેથી નહિ થાય, જોજે ! એની કિંમત વધ્યે જ જવાની.' શ્રીલતા બોલી.

'ત્યારે... લગ્ન... એટલે લોહીનો જ વ્યાપાર ! નહિ ?'

'એ તારે જે કહેવું અને માનવું હોય તે ખરું... પરંતુ સભ્ય લગ્નોમાં પણ વ્યાપાર નહિ હોય એમ ન માનીશ.'

'વ્યાપારમાં તો સ્ત્રીઓ વેચાય. તું તો પુરુષની કિંમત માગે છે, પુરુષો પણ વેચાતા મળે શું ?'

'એ તો અર્થશાસ્ત્રનો સિદ્ધાંત જ છે... જેવી માંગ અને જેવો પુરવઠો! મધુકરે મને બેત્રણ વાર એ સિદ્ધાંત સમજાવ્યો હતો. અને... મધુકર એનું નવું દૃષ્ટાંત !' શ્રીલતાએ સમજણ પાડી.

'એટલે... પુરુષોની પણ કિંમત લગ્નમાં ચૂકવવી પડે ખરી !... સ્ત્રીએ !... માત્ર દેહમાં જ નહિ, દામમાં પણ !' જ્યોત્સ્નાએ વૈખરીમાં વિચારને ઉતાર્યો.

'કોમવાદ ગયો એમ માની આપણે રાજી થઈએ છીએ... નહિ ?... છતાં ઘણીયે કોમો હજી ગુજરાતમાં જીવતી જાગતી અને ઝૂઝતી છે, જેમાં પુરુષના ભણતર પાછળ, પુરુષની સમૃદ્ધિ પાછળ, પુરુષની મોટાઈ પાછળ કોઈ સ્ત્રીના જ - અરે, એની પત્નીના જ પૈસા હોય છે... તું અસંતોષ ન કરીશ... પુરુષની કિંમત આપવામાં તું એકલી જ નહિ હો.'

'એટલે.. મધુકર સારામાં સારો પતિ લાગતો હોય તો એને હીરા, માણેક અને સોને તોળવો જ જોઈએ.'

'હાસ્તો... હું અને તું મધુકરની પાછળ ફરીએ તો આપણે એ માગે તે કિંમત આપવી જ જોઈએ ને ?'

'હં !' કહી જ્યોત્સ્ના સહજ હસી.

'હસી ન કાઢીશ મારી વાત. જેટલાં બને એટલાં વહેલાં લગ્ન લઈ લે. હજી પ્રમાણમાં મધુકર હલકો છે... વખત જશે તેમ તેમ ભાર વધતો જશે...એની સામી તુલામાં...' શ્રીલતા હસતે હસતે બોલી, અને જ્યોત્સ્નાએ એના વાંસામાં થપાટ મારી કહ્યું :

'હવે કેટલું બકવું છે ?'

'બકવું તો બહુ છે. પણ સાંભળે છે કોણ ?'

'ચાલ હવે... હું તને કારમાં મૂકી જાઉં.' જ્યોત્સ્નાએ કહ્યું.

'બહેન ! તારે કાર છે એટલે સહુ તારી સામે જુએ છે... મારે કાર નથી એટલે... મારે રખડી જવાનું....'

'કાંઈ રખડી જાય એવી નથી, હરામખોર !' કહી જોરથી શ્રીલતાનો હાથ પકડી તેને આગળ ખેંચી. પોતે બહાર નીકળે છે એવી માતાપિતાને ખબર આપવા નોકરને આજ્ઞા કરી અને તેની કાર તો હાજર જ હતી - નિત્ય નિયમ પ્રમાણે શ્રીલતાને બેસાડી જ્યોત્સ્ના પણ કારમાં બેઠી. શ્રીલતાએ તીરછી આંખ કરી પૂછ્યું :

'આજે મધુકર તો સાથમાં નથી !'

'એના વગર આજ ચલાવીશું.'

'પછી સુરેન્દ્રને શોધવા ચક્કરે ચઢવું છે ?' શ્રીલતાએ પૂછ્યું અને જ્યોત્સ્નાએ કાર આગળ વધારી. જ્યોત્સ્નાએ જવાબ આપ્યો :

'સુરેન્દ્રને શોધવાનું મેં મૂકી દીધું... પછી જ મધુકરને તારી પાસેથી ખૂંચવી લીધો...' કાર ચાલતી હતી, અને જ્યોત્સ્નાએ તીરછી આંખે શ્રીલતા તરફ જોયું.

'હવે અકસ્માત કરીશ ! જરા કાળજીથી ચલાવ... જે કર્યું તે તેં સારું જ કર્યું.' શ્રીલતા બોલી.

'સુરેન્દ્રને મૂકી દીધો તેં ?'

'હા. પેલાં ઝૂંપડાં, ચાલીઓ અને ઢેડવાડા શોધવા મટ્યા... સુરેન્દ્રને છોડીને.'

'પરંતુ મધુકરને ખૂંચવી લીધો તે ? તારી પાસેથી ?'

'એ પણ સારું કર્યું. તું હવે એને કેવો સાચવી રાખે છે એ હું જોઉં છું... તારા કરતાં વધારે સંપત્તિવાળી છોકરીની શોધમાં જ હું છું.'

'તું શોધમાં છે ?'

'હા.'

'શા માટે ?'

'તારી પાસેથી મધુકરને ખસેડવાનો ખેલ કરવા માટે... પણ જ્યોત્સ્ના ! તેં બિચારા સુરેન્દ્રને ઘરમાં આવતો જ બંધ કર્યો !'

'તો શું થાય ? પુરુષોની એક ભૂલ સુધારવાની જરૂર છે.'

'કઈ ?'

'કે સ્ત્રીઓ જ તેમની પાછળ દોડતી રહે છે એવી તેમની માન્યતા ! એ ભૂલ છે.'

'ભૂલ તો ભૂલ ! સ્ત્રીઓ નહિ દોડે તો પુરુષ દોડતા ફરશે.. એ ચકભિલ્લુ ચાલ્યા જ કરવાનું... છતાં સુરેન્દ્ર સરખો પોતાની જાતની આસપાસ કોટ બાંધી દેતો કોઈ ભાગ્યે જ હોય...'

જ્યોત્સ્નાએ કાંઈ જવાબ આપ્યો નહિ. સીધી નજરે તેણે ગાડી ચલાવ્યે જ રાખી. સુરેન્દ્રને શોધવા જવાનું એણે બંધ કર્યું હતું. એમાં એણે શું ગુમાવ્યું હતું ?

એકાએક જ્યોત્સ્નાને અણગમો આવી ગયો. સુરેન્દ્ર ક્યાં હશે ? શું કરતો હશે ? વગર પૈસે એનું કેમ ચાલતું હશે ? એને ઘેર તપાસ ન થાય ? એને પ્રેમનું બંધન ભલે ન ફાવતું હોય; એને સહાય પણ ન આપી શકાય એવી સ્થિતિ ઉપજાવવામાં એની પણ ભૂલ થતી હોય તો ? મિત્ર તરીકે ભૂલ સુધારવાની જ્યોત્સ્નાની ફરજ નહિ ?

જ્યોત્સ્નાએ કારને સુરેન્દ્રના ઘર તરફ લીધી, અને તેના જ ઘર આગળ અટકાવી.

'કેમ અહીં, જ્યોત્સ્ના ? તમારા "ડૉન ક્વિક્ઝોટ" ઘેર નહિ હોય અત્યારે.' શ્રીલતાએ કહ્યું.

'બનતાં સુધી તો નહિ જ હોય. માટે આવી છું... ચાલ, જરા સુરેન્દ્રનાં માને મળી લઈએ.'

'હજી એની મા ગમે છે ખરી ! તું મધુકરને રઝળાવવાની જ છે !' કહી શ્રીલતા કારમાંથી ઊતરી અને જ્યોત્સ્ના સાથે સુરેન્દ્રના નાનકડા પરંતુ ચોખ્ખા ઘરને બારણે આવી ઊભી રહી.

'આવો બહેન ! અંદર. કોનું કામ છે ? સુરેન્દ્ર તો ઘરમાં નથી.' ઘરની અંદર એક પાટ ઉપર બેસી કાંઈ કામ કરતાં સુરેન્દ્રનાં માતાએ કહ્યું.

'આપને જ મળવા આવ્યાં છીએ... સુરેન્દ્રનું કામ નથી... અને એ હોત તો વધારે સારું થાત.... પણ કાંઈ નહિ.' કહી જ્યોત્સ્ના તથા શ્રીલતા અંદર આવ્યાં અને પાટ ઉપર સુરેન્દ્રનાં માતા પાસે બેસી ગયાં.

'બહુ સારું કર્યું, બહેનો ! કહો મને મળવા જેવું શું કામ છે ?' માતાએ પૂછ્યું.

'એક તો સુરેન્દ્રનાં માતાજીને અમારે જોવાં હતાં... સુરેન્દ્ર કદી અમને ઘેર બોલાવતો નથી.' શ્રીલતાએ કહ્યું.

માતાજી હસ્યાં અને બોલ્યાં :

'સુરેન્દ્રની મા અને સુરેન્દ્રનું ઘર જોવા લાયક ન હોય તે ન જ બતાવે ને ?'

'અમને તો એ ખરેખર જોવા જેવા લાગ્યાં. આંગણામાં સાથિયો, પગથિયાં સ્વચ્છ, અને બધું જ ચોખ્ખું જોઈને અમે કેટલીય વાર સુરેન્દ્રને કહ્યું કે એ અમને ઘરમાં બોલાવે... પણ એ શેનો માને ?' શ્રીલતાએ જવાબ આપ્યો.

'ઘરમાં આવવું તમારાં સરખાંને ન જ ફાવે.. નહિ ખુરશી, નહિ કોચ-સૉફા, નહિ કલામય છબીઓ...'

સુરેન્દ્રની માતાના વિવેકમાં એટલું તો બંનેને દેખાયું કે એ માતા નવીન ઢબથી અપરિચિત અજ્ઞાન બાઈ તો ન જ હતાં.

'જે છે એ કેટલું સરસ ગોઠવાયું છે ? મારા ઘરમાં તો ભારેમાં ભારે વસ્તુઓ પણ આંખને વાગતી લાગે છે. અહીં તો આંખને ભાર જ લાગતો નથી.' જ્યોત્સ્નાએ કહ્યું.

'ભણેલી બહેનોને ગમ્યું એ મને ગમ્યું. કહો બહેનો ! ક્યાંથી આવ્યાં? મારું શું કામ પડ્યું ?' માએ પૂછ્યું.

'સુરેન્દ્રના પૈસા આપવા હું આવી છું.' જ્યોત્સ્નાએ કહ્યું.

'સુરેન્દ્રના ? તમે રાવબહાદુરનાં દીકરી તો નહિ ને ?' માએ પૂછ્યું.

'હા જી. સુરેન્દ્ર મને જ શીખવવા આવતા હતા. આ મારી બહેનપણી છે, શ્રીલતા.'

'બહુ સારું. સુરેન્દ્રને શાના પૈસા આપો છો ?'

'ગયા મહિનાનો પગાર આંપવો બાકી છે, તે આપવા હું આવી છું.'

જ્યોત્સ્નાએ કહ્યું.

'પગાર તો આવી ગયો, બહેન ! અને એણે એનો ઉપયોગ પણ કરી દીધો... તમને કદાચ ખબર નહિ હોય.' માતાએ કહ્યું.

'એ તો... એણે આપને કહ્યું નહિ હોય... પગાર આપતાં જરા વાર લાગી એટલે વાપરી નાખ્યાનું બહાનું કાઢ્યું હશે. હજી એને પગાર અપાયો જ નથી. માતાજી ! આ રકમ હું અહીં મૂકી જાઉં છું... તમને હરકત પડી હશે... માફી પણ માગી લઉં.' જ્યોત્સ્ના બોલી, અને સો રૂપિયાની નોટ કાઢી એણે માની પાસે મૂકી.

'સુરેન્દ્ર આવશે એટલે હું કહીશ... હમણાં તો હું જોખમ રાખીને શું કરું ?... પગાર નહિ લીધો હોય તો... ક્યાં જવાનો છે ? આવીને લઈ જશે... હું તો પૈસાને અડકતી જ નથી... મારું વ્રત છે.' માએ કહ્યું અને રૂપિયા લેવાની વિવેક પુરઃસર પરંતુ સ્પષ્ટ ના પાડી. ભણેલી યૌવનાઓ આ નિર્ધન માતાનું ગૌરવ નિહાળી ચમકી ગઈ. સુરેન્દ્રને સહાય આપવાની વૃત્તિને પાછી ખસેડી નાખતી માતા પાસે વધારે યુક્તિ નહિ ચાલે એમ બંનેને સ્પષ્ટ થયું. થોડી વાતચીત પછી બંને જણીએ સુરેન્દ્રની માતા પાસે વિદાય લીધી અને જતે જતે પૂછ્યું:

'સુરેન્દ્ર ક્યાં હશે... અત્યારે ?'

'ચોક્કસ ક્યાં એ તો કહેવાય નહિ... કોઈની દવા લાવતો હશે કે કોઈને ભાગવત વાંચી સંભળાવતો હશે... રાત્રે મોડો આવે છે.'

સુરેન્દ્ર તો મળી શક્યો નહિ; સુરેન્દ્રની માતા મળી. પગાર આખો વપરાઈ ગયાની હકીકત માતા જાણતાં હતાં... ઉપરની રકમ લેવાની તેમણે ચોખ્ખી ના પાડી... શું, કેટલીક ગરીબી વેચાતી ન હોય એમ બને ખરું ? ગરીબીમાં પણ ગૌરવ હોય ખરું ?

રાજદ્વારી મુત્સદ્દીગીરીનો એક સિદ્ધાંત છે કે દરેક માનવીની કાંઈ અને કાંઈ કિંમત હોય જ - નાની યા મોટી. પરંતુ આ સુરેન્દ્રની કિંમત થાય એમ ન હતું. આખું જ્યોત્સ્નાનું સમર્પણ સુધ્ધાં સુરેન્દ્રને માન્ય ન હતું. અને એ જ સુરેન્દ્રની માતા ! ગરીબીમાં પણ કેટલી તેજસ્વિતા ? જ્યોત્સ્નાની સંપત્તિને - અરે જગતની આખી સંપત્તિને માતા ઝાંખી પાડતી હતી !

'હવે જા મધુકરની મા પાસે... પગે લાગીને પગ પાસે રૂપિયા મૂકી દે; ઝડપથી લઈ લેશે !' શ્રીલતા બોલી અને હસી પણ ખરી.

'પરંતુ... મને સુરેન્દ્રનો વિચાર આવે છે... આખો મહિનો એ શું શું

કરશે ?' જ્યોત્સ્નાએ કહ્યું.

'સુરેન્દ્રને જ પૂછી જો.. સીધેસીધું.'

'પણ એ હશે ક્યાં ?' ઉચ્ચાર પામ્યા વગરનો પ્રશ્ન જ્યોત્સ્નાના મનમાં જ રહી ગયો.

ખરે, સુરેન્દ્ર ક્યાં હોય અત્યારે ?

## ૩૦

# સાધુ અને વિતંડા

જ્યોત્સ્નાના મનમાં સુરેન્દ્ર ક્યાં હશે એવો પ્રશ્ન ઊભો થયો ત્યારે નગરને છેડે આવેલા એક ભગ્ન શિવાલયની અર્ધભગ્ન ઓસરીમાં એક સાધુ જેવા દેખાતા માનવી પાસે સુરેન્દ્ર બેઠો હતો. સાધુની આસપાસ પેલો ભજનિક, તેની સ્ત્રી અને તેનાં બાળકો પણ બેઠાં હતાં. જે ભજનિકને સુરેન્દ્રે પોતાનો આખા માસનો પગાર આપી દીધો હતો એ જ ભજનિક કુટુંબ આગ્રહ કરી સુરેન્દ્રને પોતાના રહેઠાણમાં લેઈ આવ્યું હતું. જેને રહેવા માટે કોઈ પણ સ્થાન ન હોય એવા સાધુઓ, માગણ, ભિખારી અને બેકારોને આવાં ભગ્ન મંદિરો કદી આશ્રય આપી શકે ખરાં. તેમની જોડે જુગારીઓ, વ્યભિચારીઓ, ચોર, ડાકુ અને ગુંડાઓ પણ આ સ્થળનો લાભ લઈ શકે છે. આર્યમંદિરોએ ભક્તોને જ નહિ પરંતુ અભક્તોને પણ આશ્રય આપ્યો છે ખરો.

'તારાં વખાણ આ ભજનિકોએ કર્યાં એટલે તને જોવા અને મળવા મેં બોલાવ્યો છે. તારો સમય તો જરા બગડ્યો, પરંતુ...' સાધુએ સુરેન્દ્રને પોતાની પાસે બેસાડી કહ્યું.

'નહિ, મહારાજ ! મારો સમય બગડતો જ નથી. આપનાં દર્શન થયાં એ મોટો લાભ.' સુરેન્દ્રે જવાબ આપ્યો.

'તું સાધુઓમાં માને છે ખરો ?' ખડખડ હસીને સાધુએ પૂછ્યું.

'કેમ નહિ ? સાધુત્વ તો આખી માનવજાતને પૂજ્ય હોય.'

'હું તો અમારા સરખા, દેખાવ કરતા હિંદુ સાધુઓની વાત કરું છું.'

'આપને જાણ્યા વગર, આપને ઓળખ્યા વગર હું કેમ કહી શકું કે આપ માત્ર દેખાવ કરતા હિંદુ સાધુ છો ? અને દેખાવ તો બધાય સાધુઓ કરે છે... અને અસાધુઓ પણ...'

'કદાચ એમાંથી જ ધર્મછાપ રહિત સમાજ ઊભો થશે.' સાધુએ કહ્યું.

સુરેન્દ્ર ચમક્યો. સાધુની વાણી વિશુદ્ધ હતી. ગામડિયા ભજનિક કે

ભાષણખોર હિંદી-ગુજરાતી બોલતા સાધુની એ વાણી ન હતી. વળી વિશુદ્ધ ભાષા ઉચ્ચારી રહેલા સાધુને મુખે ધર્મછાપ રહિત સમાજની વાત સાંભળવી એ ખરેખર નવાઈનો પ્રસંગ કહેવાય.

'આપ ધર્મછાપ રહિત સમાજમાં માનો છો ખરા ?'

'ધર્મછાપ પાડવા લાયક ન રહે તો સમાજ એને છોડી જ દે ને ?' સાધુએ કહ્યું, અને સુરેન્દ્ર સાધુ સામે જોઈ રહ્યો. ખાખીસંન્યાસી-ત્યાગી સરખા વેશમાં રહેલો આ પ્રૌઢ સાધુ સુરેન્દ્ર સરખા નવીનતાભર્યા યુવકની વાણી કેમ ઉચ્ચારી રહ્યો હતો ?

'આપ સરખા સાધુઓ વધારે પ્રમાણમાં હોય તો કેવું સારું ?' સુરેન્દ્રે પૂછ્યું.

'તું પણ એ ક્રમમાં આવતો દેખાય છે.' સાધુએ કહ્યું.

'હું ? હું સાધુવેશમાં માનતો નથી.'

'ન જ માનવું જોઈએ... પરંતુ વેશ બદલાય ખરા... નવા સાધુઓના નવા વેશ... તું પણ મારાં વસ્ત્રથી બહુ દૂર રહ્યો હોય એમ લાગતું નથી.'

'મારે અને સાધુતાને કાંઈ સંબંધ નથી... હું તો પાર્થિવ માનવી છું... ધર્મ... ઈશ્વર... પ્રાર્થના... સમર્પણ... એ સર્વથી હું દૂર છું, મહારાજ !'

'તેં આ ભગતને સો રૂપિયા આપી કુટુંબને જિવાડ્યું, એમાં તારી પાર્થિવતા કાંઈ દેખાઈ નહિ. એના કરતાં વધારે મોટું સમર્પણ મેં સાંભળ્યું નથી.'

'પાસે હતા તે પૈસા આપી દીધા... જેને જરૂર હોય તેને પહેલું આપવું જ જોઈએ ને ?'

'તારે જરૂર નહિ હોય એમ લાગે છે. ધનિક છો તું ?'

'ધનિક તો નથી... પણ ધન ભેગું કરવું નથી... ધનિક બનવું પણ નથી.' સુરેન્દ્રે કહ્યું.

'કારણ ?'

'ધન મને બંધનરૂપ લાગ્યું.'

'જુનવાણી વિચારનો તું દેખાય છે.'

'એમાં જુનવાણી વિચાર શાના ?'

'અત્યારનું અર્થશાસ્ત્ર તો ઉત્પાદન વધારવા અને જરૂરિયાતો વધારવા ભલામણ કરે છે. જીવનકક્ષા ઊંચી ચડવી જોઈએ ને ?' સાધુએ વર્તમાન અર્થવલણને આગળ કર્યું.

'હું એ કબૂલ કરું છું.'

'તું તો ભણેલો છે ને ? અંગ્રેજી ઉચ્ચ ભણતર !'

'હા જી; કૉલેજનું ભણતર કોઈને પણ ભણેલો કહેવરાવે તો !'

'એમ. એ. થઈ ગયો ?'

'હા જી; ડૉક્ટરેટ પણ મળી છે.'

'તો પછી... તું કંઈ નોકરીચાકરી કરતો નથી ?'

'ના જી.'

'તારું પોષણ કેમ ચાલે છે ?'

'પોષણ નથી મળતું એવાઓને હું જોઉં છું ત્યારે મને લાગે છે કે મને ઠીકઠીક પોષણ મળે છે... વળી બેત્રણ વિદ્યાર્થીઓને હું અભ્યાસમાં સહાય કરું છું એટલે માસિક પોષણ મળી રહે છે.'

'તારે કુટુંબ નથી ?'

'ના જી. એટલું સુભાગ્ય છે.'

'એકલો જ છે તું ?'

'છેક એકલો તો નહીં... પરંતુ મા છે અને હું છું મારા કુટુંબમાં...બે જ જણ... સાચું પોષણ માએ કર્યું.'

'હં... મા છે તારે ?... બીજું ભારણ નથી એમાં તું બચી ગયો લાગે છે. પરણ્યો પણ નથી ?'

'ના જી.'

'પરણીશ તો ખરો ને ?'

'ના જી; હમણાં નહિ.'

'શું બધામાં "ના જી" "ના જી" કરે છે, છોકરા !... નચિકેતા, સત્યકામ, શુકદેવના યુગનો તું લાગે છે ! તારાથી આ વર્તમાન યુગમાં આ બધું બની શકશે ?' હસતે હસતે સાધુએ સુરેન્દ્રને ઠપકો દીધો.

એ યુગ મારે માટે આવે તો ઘણું સારું, મહારાજ ! ધનસંપત્તિ જિતાય, સ્ત્રીનો મોહ જિતાય અને મૃત્યુ ઉપર વિજય મળે, બસ ! મારે આ જિંદગીમાં બીજું કાંઈ કરવાપણું પછી રહે જ નહિ !' સુરેન્દ્રે પણ હસતે હસતે સાધુને જવાબ આપ્યો.

'મળતું તો છે નહિ ! પછી જીતવાપણું ક્યાં ? જરા વધારે વિચારશીલ થા. અર્થકારણ સમજી લે. જીવનકક્ષામાં ઉચ્ચતા લાવવા મથન કર. આમ બધું ત્યાગવાથી તો તું નિષ્ફળતામાં ઊતરી જઈશ.' સાધુએ શિખામણ

આપી.

'ધૃષ્ટતાની માફી માગી લઉં... પરંતુ આપ આ બધું જાણ્યા છતાં સાધુ કેમ બન્યા ? આપણી ભાવના સમજ્યો હોઉં તો... સાધુ એટલે ત્યાગની મૂર્તિ... નહિ ?'

'મારી વાત કરે છે તું ?'

'હા જી.'

'મને ઓળખે છે ખરો તું ?'

'આજે જ એ લાભ મને મળ્યો. દૂરથી જોયા છે ખરા.'

'તો જાણી લે વધારામાં કે હું નિષ્ફળતાની મૂર્તિ છું. સાધુનાં વસ્ત્રોમાં ઘણી વાર નિષ્ફળતા સમાયલી હોય છે.'

'પણ સાધુત્વ તો સફળતા-નિષ્ફળતાથી પર હોય છે ને ?'

'ફલિત ન થાય એવા કાર્યનો અર્થ શો ? વારુ... તને જોઈને... તને મળીને... મને એક રીતે આનંદ થયો... અને એક રીતે દિલગીરી પણ થઈ... આ ભજનિક કુટુંબને તેં સો રૂપિયા જેટલી રકમ આપી એમ મેં સાંભળ્યું ત્યારથી તને જોવા મારા સરખા સાધુને પણ ઉત્સુકતા ઊપજી... સો રૂપિયા જુગારમાં ફેંકાતા મેં જોયા છે, સંગીતમાં ફેંકાતા જોયા છે, નૃત્યોમાં ફેંકાતા જોયા છે, મંદિરમાં કે ગુરુચરણે ફેંકાતા જોયા છે, વેશ્યાગૃહે ફેંકાતા જોયા છે... પરંતુ ભૂખે મરતા માગણને કોઈએ આમ સો રૂપિયા આપ્યા હોય એમ મેં કદી જોયું નથી... ને આ ભજનિકનો આભાર તેં હજી અનુભવ્યો નથી.' સાધુ બોલ્યા.

'પરંતુ આપ મને જોઈને દિલગીર કેમ થયા ?' સુરેન્દ્રે પૂછ્યું.

'દિલગીર એટલા માટે કે... તારું પાર્થિવ જીવન વેડફાઈ રહ્યું છે. તું તો પાર્થિવ માનવી છે ને, તારા કહેવા પ્રમાણે ?'

'હા જી, હું અધ્યાત્મમાં માનતો જ નથી. જડવાદી છું હું...'

'માટે જ હું કહું છું કે તારું જીવન વેડફાઈ રહ્યું છે.'

'મને સમજાતું નથી કે મારું જીવન કેમ વેડફાઈ શકે.'

'તું સારું ભણેલો છે; તને સારી નોકરી મળવી જોઈએ. તું લેતો નહિ હોઉં તો તારું ભણતર વેડફાયું જ માનવું ને ?'

'એવું કાંઈ નથી. નોકરી કર્યા વગર પણ હું મારા ભણતરનો ઉપયોગ કરી શકું છું... અને હું જે રીતે ઉપયોગ કરી રહ્યો છું તે રીતે નોકરી સ્વીકારતાં હું ભણતરનો ઉપયોગ કરી શકું જ નહિ.'

'ભણતરનો શો ઉપયોગ તું કરે છે ?'

'જેમને સાધન નથી... સગવડ નથી... શક્તિ નથી... આંખ નથી, એમની પાસે જઈ હું મારું ભણતર વેરી દઉં છું... જે કોઈ નોકરિયાતથી બને એમ નથી.'

'ધન મેળવ્યા પછી એ બધું ન બની શકે ?'

'કોઈ ધનિકે વિદ્યા વેરી એમ સાંભળ્યું છે ?'

'મોટાં મોટાં ટ્રસ્ટ, ફાઉન્ડેશન્સ, અભ્યાસઆસનો - Chairs, પ્રયોગશાળાઓ, પુસ્તકાલયો, અભ્યાસવર્તુલો... આ બધું ધનિકો ન હોય તો ક્યાંથી થાય ?'

'આપે નવો જમાનો જોયો-અનુભવ્યો લાગે છે !' સુરેન્દ્રે પૂછ્યું.

'હું જીવું છું જ નવા જમાનામાં... પછી એ જોયા વગર કેમ રહું ?'

'આપે કહી એ બધી જ સંસ્થાઓનાં હાડમાંસમાં પૈસાદારો ભલે હોય. એનો આત્મા તો...કોઈ વૈજ્ઞાનિકનો, ફિલસૂફનો, સાહિત્યકારનો જ હોય ને ?'

'તું આત્મામાં માને છે ખરો... જડવાદી હોઈને ?'

'શરીર અને શરીરને જીવંત રાખતા તત્ત્વનો - મનનો ફેર સમજાવવા પૂરતો.'

'તારી સરખામણી કબૂલ કરીએ; ભલે. પરંતુ એ હાડમાંસ વગર આત્મા ઊભો ન થાય ને ? તારે આત્મા બનવું હોય તોપણ ધનના કલેવર વગર કેમ ચાલશે ?'

'મહારાજ ! ધનનાં કલેવરમાંથી ઊભો થયેલો આત્મા ભૂત, પ્રેત અને જીન સરખો બની ગયેલો છે... આપ જોતા નથી આજની દુનિયાને ? અર્થશાસ્ત્રમાંથી વ્યાજ ઉપજાવ્યું; ફિલસૂફીમાંથી મહાપુરુષ - અતિપુરુષ - ઉપજાવ્યો; રાજકારણમાંથી રાજા અને સરમુખત્યાર સર્જાયા : અને પ્રયોગશાળામાંથી અણુશક્તિની મારણક્રિયા ઉપજાવી... ધનનું કલેવર ન હોત તો આજના સમાજનો આત્મા દૈત્ય નહિ, દેવરૂપે પ્રગટ થયો હોત. સુરેન્દ્ર જરા ભાષણનું સ્વરૂપ પોતાની વાતચીતને આપી રહ્યો હતો, જેની અસર સાધુ ઉપર સ્મિતના સ્વરૂપમાં પ્રગટી નીકળી. સાધુએ હસીને કહ્યું:

'ભલે, તું પૈસાને આઘો મૂક. પરણતો કેમ નથી ? આ જ વય સાચી છે કે જ્યારે તારે લગ્ન કરવું જોઈએ.'

'લગ્નમાં... પણ... ધન સરખું જ બંધન હું જોઈ રહ્યો છું... અને મારા

સરખા ધનહીનને કોણ પરણે ? કોઈ યુવતીને પરણવા પણ કેમ દેવાય ?' સુરેન્દ્રે જવાબ આપ્યો.

એનો બીજો જવાબ સાચો ન હતો. સ્ત્રીઓ તરફ તેની દૃષ્ટિ ભલે વધારે જતી ન હોય છતાં એને કોઈ યુવતી ચાહી ન શકે એવો એ અણગમતો પુરુષ તો ન જ હતો.

અને એ જાણતો જ હતો કે જ્યોત્સ્નાએ તો એને જેટલું સ્પષ્ટ અને ખુલ્લું કહી શકાય એટલું પ્રેમનું આમંત્રણ આપ્યું જ હતું. એક ધનિક, સંસ્કારી, વિદ્વાન યુવતી તેને ચાહી રહી હતી એટલું ન સમજે એવું સુષુપ્ત પુરુષત્વ પણ તેનું ન હતું ! બોલતે બોલતે તેની આંખ સામે જ્યોત્સ્ના ક્ષણભર આવીને ઊડી પણ ગઈ... કદાચ એ ખોટું બોલી રહ્યો હતો એ કહેવા માટે પણ એની છાયા એની આંખ આગળ આવી ગઈ હોય !... તે ક્ષણે જ્યોત્સ્નાનો સ્થૂલ દેહ તો સુરેન્દ્રની માતા પાસે બેઠો હતો, જેનો ખ્યાલ સુરેન્દ્રને ન જ હોય.

ખ્યાલ એટલો ચોક્કસ હોય કે ન હોય તોય જ્યોત્સ્ના સુરેન્દ્રની આંખ આગળ આવી ગઈ એટલું ભાન તો સુરેન્દ્રને અવશ્ય થયું, અને તે સાધુ આગળ સાચી હકીકત કહેતો ન હતો એમ એને પોતાને પણ લાગ્યું. સાધુએ અંગત વાત પતાવતાં કહ્યું :

'તું જ્યાં સુધી પરણે નહિ ત્યાં સુધી હું તને અવારનવાર અહીં બોલાવતો રહીશ... અત્યારે તો તારી એક જ સલાહ લેવાની છે. આ તારા સો રૂપિયામાંથી આ ભજનિક કુટુંબને માટે જીવનભરનો વ્યવસાય ચાલે એવું શું કરી શકાય ?'

આજની દુનિયામાં સો રૂપિયાનો તો હિસાબ જ નથી. આજનો શેખચલ્લી પણ જૂના શેખચલ્લી સરખી કલ્પના કરે તો ઘીનો ઘાડવો નહિ પણ ઘીનો ડબ્બો વેચવાની કલ્પના કરે ! દસશેર પાંચશેર ઘીમાં શેખ-ચલ્લીની કલ્પનાસૃષ્ટિ ઊભી ન જ થાય. એટલે માત્ર રૂપિયા આપવાથી નહિ, પરંતુ બીજી જ કોઈ વ્યવસ્થા કરવાથી માનવીનું કાયમી આર્થિક દુઃખ ઘટે એમ હતું.

શિવાલયની આસપાસ ખાલી જમીન હતી, વિસ્તૃત જમીન હતી, પડતર જમીન હતી. હજી કોઈના ઉપયોગમાં એ જમીન આવી ન હતી. શિવાલયમાં એક કૂવો પણ હતો. આ નિરાધાર કુટુંબને આ જમીનમાં સો રૂપિયા નાખવા હોય તો ? ખેતી કરી પોષણમાં જેટલો વધારો થઈ શકે એટલો કરવો હોય તો ?

સરકારની પરવાનગી લેવી પડે, માપ કરાવવું પડે, દાણ ભરવું પડે; અને એમાં સમય વિતાવવો પડે !

'અરે, તમે ખેતી શરૂ જ કરી દો ને, ભગત !' સુરેન્દ્રે કહ્યું.

'તું સામ્યવાદી છે ?' સાધુએ પૂછ્યું.

'અડધોપડધો...જરા ગાંધીરંગ્યો સામ્યવાદી.'

'એ નવી વ્યાખ્યા !' સાધુએ કહ્યું.

## ૩૧

# ગાંધીરંગ્યો સામ્યવાદ

સામ્યવાદ એટલે ધગધગતો વાદ. એને સ્વીકારવો હોય તો એને સર્વાંગે સ્વીકારવો જોઈએ. એમાં બીજો રંગ આવી શકે જ નહિ. અને આવવા મથે તો તે દુશ્મનદળના જાસૂસ તરીકે જ ! એમાં મધ્યમમાર્ગ ચાલે નહિ. એમાં સમાધાને ચાલે નહિ. આડોઅવળો માર્ગ ચાલે નહિ. કાર્લ માર્ક્સે જે માર્ગ ચીંધ્યો એ સિવાય બીજા કોઈ પણ માર્ગથી સામ્યવાદના અંતિમ સિદ્ધાંતો ગ્રાહ્ય થઈ શકે જ નહિ, એવો સામ્યવાદનો આગ્રહ. અર્ધોપર્ધો સામ્યવાદ હોઈ શકે જ નહિ; અને ગાંધીરંગ્યો સામ્યવાદ તો હોઈ જ શકે નહિ, જરાય નહિ ! માર્ક્સ પછીનું ગુરુસ્થાન ભલે લેનીનને મળે - એન્ગલ્સ તો માર્ક્સના પેટમાં આવી ગયો. પરંતુ એ નામ સિવાય સામ્યવાદથી સોગન ખવાય એમ હોય જ નહિ ! ટ્રોટ્સ્કી પણ ખોટો ! બીતે બીતે કહી શકાય કે સ્તાલીન પણ ખોટો - સંભાળીને કહેવું ! પરંતુ સામ્યવાદ એ સામ્યવાદ - સત્યવાદ ! એમાં ગાંધીનું નામ પણ લેવું એને સામ્યવાદ પાપ ગણે !

સુરેન્દ્ર આ હકીકત જાણતો હતો. પરંતુ સાધુ પણ આ હકીકત જાણતા હતા એ જાણી સુરેન્દ્રને ઘણી નવાઈ લાગી. નહિ તો એ ગાંધીરંગ્યા સામ્યવાદને નવી વ્યાખ્યા તરીકે ન જ ઓળખાવે.

'મહારાજ ! આપે સામ્યવાદનો અભ્યાસ કર્યો છે શું ?'

'એટલો અભ્યાસ તો મેં જરૂર કર્યો છે જેથી સામ્યવાદ અને અમારું સાધુત્વ એક જ છે એમ કહેવા જાઉં તો સામ્યવાદીઓ મને શૂળીએ ચઢાવે.' કહી સાધુ હસ્યા.

'એક ધૃષ્ટતા કરું ?'

'હા. કંઈક પૂછવું છે કે કહેવું છે ?'

'પૂછવું છે.'

'શું ?'

'આપનો પૂર્વાશ્રમ શો ?'

'પૂર્વાશ્રમને યાદ કરું તો હું સાધુ મટી જાઉં, અને મારાથી હવે સાધુ

મટાય એમ નથી. પૂર્વઆશ્રમોને સંભારવા જોઈએ નહિ. જે આશ્રમમાં હોઈએ તે આશ્રમને સફળ કરવા મથવું.'

'પરંતુ એ મથન સફળ ન થાય તો ?'

'તું સાચો માર્ક્સવાદી હોય તો... તું જાણે જ છે કે એ માર્ગને સફળતા મળવાની જ છે. અમારા જુનવાણી ગીતામાર્ગને તું માનવાનો હોય તો ગીતાના બોધમાં ફળની આશા રાખવાની રહેતી જ નથી. અમે સાધુઓ તો મંથનમાં માનીએ, અને ફળ ઈશ્વર ઉપર છોડી દઈએ - સામ્યવાદીઓ આંતરિક વિરોધમાંથી ઊપજતા સંવાદ ઉપર છોડી દે તેમ.'

'ઈશ્વર તો હજી સમજાતો નથી - કોઈ કોઈ વાર સમજવા પ્રયત્ન કરું છું તોય !'

'એ પણ એના ઉપર છોડી દે. ઈશ્વર હશે તો કોઈક દિવસ સમજાશે. એને ગરજ હશે તો આપણને સમજાય એવી સ્થિતિ એ ઊભી કરશે. ઈશ્વર હશે જ નહિ - સામ્યવાદ પણ કહે છે કે ઈશ્વર નથી - તો પછી એને શોધવા ખોળવામાં વખત બગાડીશ નહિ.' સાધુએ કહ્યું.

સાધુની વાતચીત સુરેન્દ્રને જરા અવનવી લાગી ખરી. તેને સામ્ય-વાદમાં રસ લેનાર સાધુ ગમ્યો ખરો. છતાં પ્રથમ દર્શને તો એને એમ લાગ્યું કે નવા નવા વાદને સમજી લોકો ઉપર અસર કરી પીછેહઠને માર્ગે જનતાને વાળી, ધર્મમાં જનતાને ઘસડી જનાર કેટકેટલા સાધુસંન્યાસીઓ હિંદમાં પોષાય છે - એટલું જ નહિ પણ અમેરિકામાં પણ પોષાય છે ! એવા વર્તમાન ભણતરના ડોળઘાલુ સાધુઓ સરખો આ પણ એક સાધુ હશે એવી માન્યતાનો પણ ક્ષણ માટે તેણે આશ્રય લીધો. સુરેન્દ્ર પણ હજી પક્કો સામ્યવાદી થઈ શક્યો નહોતો. મિલકતની રાષ્ટ્રીયતા, જનતાનો શ્રમ, પૃથ્વીનું એક માનવ-મહારાજ્ય અને રાજ્યનો અંતિમ લોપ જેવા સામ્યવાદી સિદ્ધાંતોમાં તે માનતો હતો; પરંતુ એ સિદ્ધાંતોને સફળ કરવા માટે હિંસક ક્રાંતિ હજી તેને રુચતી ન હતી. ધ્યેય અને સાધન બન્નેની વિશુદ્ધિમાં તે માનતો હતો. મલિન દુનિયાએ આપેલાં સાધનો લઈને એ મલિનતા કાપી શકાય એવો તેનો મત હજી દૃઢ થયો ન હતો. એવા સંજોગોમાં તે પોતાના સામ્યવાદને ઘણી વાર ગાંધીરંગ્યા સામ્યવાદ તરીકે ઓળખાવતો. અને એ કારણે જ્યારે જ્યારે તે ગાંધીવાદીઓ પાસે વધતી જતી ખાનગી મિલકતો વિરુદ્ધ કડવા શબ્દો કહેતો ત્યારે ગાંધીવાદીઓ તેને સામ્યવાદી માની-મનાવી એને દૂર હડસેલી કાઢતા, અને સરકારી ખજાના લૂંટવા, રેલવેમાર્ગો કે પૂલો તોડી પાડવા, મિલકતવાદીઓને ચમકાવવા માટે દૂષિત ન હોય એવા પ્રજાજનના ખૂન કરવાં, એને

છેતરપિંડી દ્વારા બોલવું કાંઈ અને કરવું કાંઈ. એવી ગુપ્ત કાવતરાવૃત્તિ ખીલવી તેનો અમલ કરવો, એવી પ્રણાલિકાનો એ વિરોધ કરતો ત્યારે સામ્યવાદીઓ તેને મૂડીવાદીના ઉચ્છિષ્ટ - Humanitarian - અશાસ્ત્રીય, નિરુપયોગી, અડચણ કરતાં ભલામણ તરીકે સામ્યવાદમાંથી હડસેલી કાઢતા !

આ પક્ષવિહીન યુવકને નવી દુનિયા રચવી હતી. એ નવી દુનિયાની રચના માટે એણે એક સિદ્ધાંત પોતાને માટે સ્વીકારી લીધો હતો, અને તે એ કે જીવનભર ધનસંચયને માર્ગે જવું નહિ. એણે શિક્ષણ તો ઊંચા પ્રકારનું લીધું; પરંતુ એ શિક્ષણનો ધનઉપાર્જનમાં ઉપયોગ ન કરવાની પોતાને માટે મર્યાદા બાંધી દીધી. હજી સુધી પોતાના સિદ્ધાંતનો બીજી કોઈ રીતે અમલ કરવાનો પ્રસંગ આવ્યો ન હતો; આજ ભજનિકો દ્વારા સરકારી જમીનનો પોષણ માટે ઉપયોગ કરવાનો રસ્તો તેણે દીઠો.

એથી તે સહેજ સંતુષ્ટ થયો અને તેમાં પણ જ્યારે જુનવાણી દેખાવના સાધુએ નવી ઢબની સંપત્તિ આપી ત્યારે એને લાગ્યું કે તેને સમજનાર એક સહાયક તેને મળી ચૂક્યો છે. કેટલીયે વાતચીત કરી રાત્રે તે ઘેર ગયો ત્યારે તેની માતાએ જ્યોત્સ્ના તથા શ્રીલતા આવી ગયાની હકીકત કહી. માતાના હૃદયમાં ઊંડે ઊંડે આશા-અભિલાષા જાગે જ કે આવા ભણેલાગણેલા પુત્રને કોઈ નૂતન દુનિયાની ભણેલીગણેલી છોકરી પત્ની તરીકે મળે !

પરંતુ માતાને ક્યાંથી ખબર હોય કે તેનો પુત્ર પત્નીત્વ માગતી એક પ્રવીણ અને ધનિક છોકરીને છોડીને આવ્યો હતો ? છોકરીને તો કદાચ છોડી શકાય, પરંતુ પાર્થિવ જીવન સતત નિભાવનાર આર્થિક ઉપાર્જનનું સાધન પણ એ સાથે સાથે મૂકીને આવ્યો હતો ! એને વધારે પૈસો જોઈતો ન હતો; પરંતુ રોજના ગુજરાન માટે અર્થ વગર ન જ ચાલે એટલું તો સત્ય તે સમજતો જ હતો.

સુરેન્દ્રને પોતાનું ઘર ન હતું; પોતાની કશી મિલકત ન હતી; આવકનું સાધન ન હતું. માતાએ દુઃખ વેઠી પોતાની પાસે જે કાંઈ હતું તે વેચી સાટી પુત્રને ઉત્તમ કેળવણી આપી હતી. માતાના પોષણની જવાબદારી પણ તેની જ ! જ્યોત્સ્ના પગાર બાકી રહી ગયાને બહાને બીજા રૂપિયા આપવા આવી હતી તેની પણ માતાએ એને ખબર આપી. આવી સહાનુભૂતિ ધરાવતી યુવતીને ખસેડવામાં એ ડહાપણ તો કરતો જ ન હતો એ સાચું. પરંતુ કનકની સાથે કામિનીનો મોહ પણ જતો કરવાની જરૂર આદર્શની સિદ્ધિ માટે છે, એમ તેણે નક્કી કરી રાખ્યું હતું. જેમ તેણે મોટા પગારનાં લોભાવનારાં આમંત્રણોને જતાં કર્યાં હતાં તેમ એણે ધન કરતાં પણ વધારે

આકર્ષક સ્ત્રી આકર્ષણને - સ્ત્રીઆમંત્રણને જતું કર્યું હતું !

શા માટે ?

ધન અને સ્ત્રી એના માર્ગની વચ્ચે ન આવે માટે - સિદ્ધિની એ બંને જબરજસ્ત આડખીલીઓ છે તે માટે !

પણ એનો માર્ગ કયો ! સમાજપલટાનો માર્ગ ! સમાજને એવી રીતે પલટી નાખવો કે એમાં ગરીબ-તવંગરના ભેદ રહે જ નહિ. એનું પ્રથમ પગથિયું તો એ જ હોઈ શકે કે તેણે પોતે જ ગરીબીની સામાન્ય કક્ષા સ્વીકારી, એને ઓળખી, એમાંથી સમાજપલટો કરવાના માર્ગને શોધી કાઢવો. ધનનો ઢગલો કરી તેના ઉપર બેસનારથી ધનની સાચી વહેંચણી કદી થઈ શકે જ નહિ. ધનસંચયી માનવ માનવજાતનો દુશ્મન છે એમ તેને સ્પષ્ટ લાગતું જ હતું. ધન મેળવીને નહિ, પરંતુ એને જતું કરીને જ એ દૃષ્ટાંતરૂપ બની શકે. જે માનવીને કારકિર્દી શોધવી હોય, જે માનવીને વધારે પગાર ખોળવો હોય, જે માનવીને સુખવૈભવનો ખ્યાલ કરવો હોય, જે માનવીને સ્ત્રીસુખ ભોગવવું હોય અને બાળકો માટેનાં વાત્સલ્યની મોજ માણવી હોય, આજ્ઞા અને હુકમ કરવાની જાજ્વલ્ય પરિસ્થિતિએ પહોંચવું હોય, ફૂલહાર, જયનાદ અને તાળીઓના કોડ જેને રહ્યા હોય, તેનાથી સમાજપલટો કદી થઈ શકે જ નહિ એવી તેની માન્યતા હતી. એવો માનવી ચાલુ પરિસ્થિતિને જ પોષે છે, એટલે કે માનવજાતની અસમાનતા ચાલુ રાખવામાં એ હથિયાર બને છે. પલટો કરનારથી - પલટો માગનારથી એમાંનું કશું સ્પર્શી શકાય નહિ.

સુરેન્દ્રે એટલી સાધના તો કરી જ. પરંતુ એ સાધનાની પાછળ સિદ્ધિ લાવવા માટેની શક્યતા ચાલી જતી દેખાતી હતી. બેચાર ભૂખે મરતા માનવીઓને એક ટંક ખોરાક આપવાથી, બેચાર આંખવિહીન માનવીઓને પુસ્તક વાંચી સંભળાવવાથી માનવ અસમાનતાનો આખો પ્રશ્ન ઊકલે એમ તો કદી બને જ નહિ. એમ ન બને માટે ચાલતી દુનિયા ભેગા ચાલીને મળે તે લાભ ખેંચી લેવો, એવી અનુકૂળ પરિસ્થિતિમાં સેવાભાવના ગોઠવાઈ જઈ, પોતાનું વિલોપન કરી દે છે. એમાંથી તો તે બચી ગયો હતો. પરંતુ એના એકલાના પ્રયત્નથી સિદ્ધિ મળે અને માનવજીવન સમાન થાય એમ તેને ખાતરી થતી ન હતી.

સામ્યવાદ તેને આકર્ષી રહ્યો હતો. અર્થનું રાષ્ટ્રીયકરણ કરી રાષ્ટ્રના પ્રત્યેક માનવઅંગને શ્રમનો અને પોષણનો અધિકાર આપી, જ્ઞાન, કલા ને આનંદ સહુ માટે છુટ્ટાં રેલાવવાની પરિસ્થિતિ ઊભી કરી માનવજાતની અસમાનતા દૂર કરવાનો સામ્યવાદી કાર્યક્રમ તેને અશક્ય લાગતો ન હતો.

એ કાર્યક્રમ તેને ગમતો હતો; પરંતુ એ સિદ્ધ કરવા માટે લોહીનું ટીપું પણ રેડવું પડે, કુટિલ કાવતરાંનો ઓછો પણ આશ્રય લેવો પડે, અને એ સિદ્ધિ મળ્યા પછી પણ પોતાના વિચારોને અમુક શબ્દોમાં જ આકાર આપવો પડે, એ ત્રણે તત્ત્વો સુરેન્દ્રને અણગમતાં થઈ પડ્યાં. ગાંધીજીએ અહિંસાથી આખા હિંદને સ્વરાજ અપાવ્યું. એ જ અહિંસાનું સાધન માનવજીવનની સમાનતા માટે ઉપયોગમાં આવી કેમ ન શકે ? આત્મભોગ તો હિંસા પણ માગે છે, સામ્યવાદ પણ માગે છે; અહિંસા પણ આત્મભોગ જરૂર માગે ! એટલે અહિંસા દ્વારા સમાજપલટો કરવાના માર્ગમાં પણ ભારેમાં ભારે આત્મભોગ કરનાર કોઈ માનવી મળી જાય, તો માનવ સમાનતાની સિદ્ધિ જોતજોતામાં વ્યાપક બને, એમ સુરેન્દ્રને ઝાંખો ઝાંખો ખ્યાલ આવ્યા કરતો હતો. અને તેના પ્રથમ આત્મભોગ તરીકે એણે ધનને, સત્તાને અને સ્ત્રીને પોતાનાથી દૂરના દૂર આજ સુધી રાખ્યાં હતાં. એને માટે એના મિત્રો સુરેન્દ્રને ભારે ઠપકો પણ આપતા હતા. ધન સહુનામાં વહેંચવું હોય તો ધનની પરખ તો જોઈએ જ; ધનની શક્તિ પણ સમજવી જોઈએ; ધન કેમ વહેંચી શકાય એના કાયદા પણ જોઈએ. સત્તા વગર કોઈ પણ ફેરફાર શક્ય થઈ શકે નહિ, અને થઈ શકે તોપણ તે લાંબો વખત ચાલે પણ નહિ. અને સ્ત્રીવિહોણા બ્રહ્મચારીઓના, બ્રહ્મચારિણીઓના મઠ-મંદિરમાં કેવા અનાચાર પ્રવેશી ચૂક્યા હતા તેનાં દૃષ્ટાંતો બૌદ્ધ અને ખ્રિસ્તી મઠ-મંદિરોના ઈતિહાસમાંથી જોઈએ એટલાં મળી આવે એમ હતાં. સ્ત્રીને પુરુષ હડસેલે અગર પુરુષને સ્ત્રી હડસેલે, એમાં આખા જીવનક્રમનો વિરોધ ઊભો થતો હતો. દુનિયા પલટવામાં દુનિયાના સ્વયંભૂ કાયદાઓ તોડવાની જરૂર ન રહે. આવી દલીલો તેના મિત્રો પણ કરતા હતા અને સુરેન્દ્ર પોતે પણ કરતો. છતાં તેને વારંવાર લાગ્યા કરતું હતું કે જીવનક્રમના બહાના નીચે સ્ત્રીપુરુષ ભોગવિલાસમાં લુપ્ત રહેતાં હતાં. ધનને ઓળખવાને બહાને ધનપતિ બની શોષણ કરતાં હતાં, અને સત્તાની સોટી સમાનતાને માટે વાપરવાને બદલે પોતાની સરમુખત્યારી સાચવવા માટે ઉગામી રાખતાં હતાં. સુરેન્દ્રના જીવનમાં તો એ ન જ બનવું જોઈએ તેણે નિશ્ચય કર્યો હતો.

નોકરી ગુમાવી, સ્ત્રીને હડસેલી, પૈસાને ફેંકી દઈ, ઘેર આવેલા સુરેન્દ્રને આવતી કાલે કેમ પોષણ કરવું એની આછી ચિંતા તો જરૂર ઉત્પન્ન થઈ. તે સૂતો ખરો - માતાનું મન મનાવીને - માતાને પોતાની આર્થિક ચિંતા ન કરવા દઈને. શરૂઆતમાં તેને નિદ્રા ન આવી અને નિદ્રા આવી ત્યારે તેણે એક અનુપમ સ્વપ્ન નિહાળ્યું.

સ્વપ્નમાં એ જાણે કોઈ જુદી જ દુનિયામાં ફરતો હોય એમ એને લાગ્યું. બાગબગીચાથી ઊભરાઈ રહેલા એક માનવનિવાસમાં તેણે પોતાને ઊભેલો જોયો. ચારેપાસ સ્વચ્છતા, સફાઈ અને કલામયતા વિસ્તરી રહ્યાં હતાં. અદૃશ્ય સંગીત વાતાવરણને નચાવી રહ્યું હોય એવી સ્ફૂર્તિ ફેલાવી રહ્યું હતું. તદ્દન અજાણ્યો પ્રદેશ તેને લાગ્યો. ખૂલતાં, સ્વચ્છ કપડાં પહેરી પુરુષો ને સ્ત્રીઓ હસતાં રમતાં, વાતો કરતાં, કદી સિસોટી વગાડતાં અગર આછું ઝીણું ગાતાં ટોળાબંધ ચાલ્યાં જતાં હતાં. માનવ-ટોળાં જે મકાનમાંથી નીકળતાં હતાં એ મકાનો લગભગ સરખી ઊંચાઈનાં, સરખાં સુંદર અને સરખી સગવડવાળાં લાગતાં હતાં. અને પ્રત્યેક મકાન બગીચાઓથી ચારેપાસ ઊભરાતું હોય એવો ભાસ થતો હતો. આવું વ્યવસ્થિત અને આનંદમય સ્થળ તેણે હજી સુધી કદી જોયું ન હતું. મકાન પાસેના રસ્તા પણ ખૂબ વિશાળ, સગવડભરેલા, મૂર્તિઓ અને પુષ્પવેલની આકૃતિઓથી સુશોભિત લાગતા હતા.

એકાએક તેને મધુકર સરખી આકૃતિનો યુવાન દેખાયો. સુરેન્દ્રે તાળી પાડી તેને બોલાવ્યો :

'મધુકર, મધુકર !'

'મધુકર જેવી આકૃતિના પુરુષે જ નહિ પણ આસપાસ જતા આવતા પુરુષોએ તેની સામે જોયું અને સહુ કોઈ તેની પાસે દોડી આવ્યાં. મધુકર જેવા દેખાવના યુવકે સુરેન્દ્રને કહ્યું :

'હું મધુકર તો નથી... પરંતુ મારી ત્રીજી પેઢી ઉપર મધુકર નામના મારા એક પિતૃ હતા ખરા ! તમારે મધુકરનું શું કામ પડ્યું ?' યુવકે અત્યંત મીઠાશથી પૂછ્યું.

'મને કાંઈ સમજ પડતી નથી. હું ક્યાં આવી ચડ્યો તેનો જરા પણ ખ્યાલ નથી. મને કહી શકશો કે હું ક્યાં છું ?' સુરેન્દ્રે લાચારીથી પૂછ્યું.

'તમે ક્યાંથી આવો છો ?'

'એ તો ખબર નથી. હું એટલું કહી શકું કે હું વીસમી સદીમાંથી આવું છું.' સુરેન્દ્રે જવાબ આપ્યો. સુરેન્દ્રને પોતાને જ સમજ ન પડી કે પોતે આ ઢબનો જવાબ કેમ આપ્યો. આખું ટોળું અત્યંત ખુશમિજાજથી સુરેન્દ્રનો જવાબ સાંભળી હસી પડ્યું અને મધુકરની ત્રીજી પેઢીનો પુરુષ પણ સાથે હસીને બોલ્યો :

'એમ ? ત્યારે હજી વીસમી સદીના કોઈ કોઈ પુરુષો જડી આવે છે ખરા ! કહો, શું કામ છે ?'

'હું પણ એ જ પૂછું છું : મારું શું કામ છે ? હું ક્યાં આવ્યો છું ? મારે કેમ જીવવું ? ક્યાં જવું ? ક્યાં રહેવું ? હું અહીંનો ભોમિયો બિલકુલ નથી.' સુરેન્દ્રે જવાબ આપ્યો.

'તમે જરાય ચિંતા ન કરશો. વીસમી સદી એકવીસમી સદીને ત્યાં મહેમાન તરીકે આવી છે. ભલે; એને સ્થાન પણ મળશે, એને કામ પણ મળશે, એને પોષણ પણ મળશે અને આનંદ પણ મળશે.' યુવકે કહ્યું અને સુરેન્દ્ર આશ્ચર્યચકિત બની યુવક સામે જોઈ રહ્યો.

## ૩૨

## સ્વપ્નમાં સત્ય

'હું તમારો ભારે આભાર માનું છું, પરંતુ હું ક્યાં છું એ તમે કહી શકશો ?' આશ્ચર્યચકિત સુરેન્દ્રે પૂછ્યું.

'તમે એકવીસમી સદીની માનવદુનિયામાં છો... પૃથ્વી ઉપર છો...' યુવકે કહ્યું.

'પરંતુ દેશ કયો ? સ્થાન કયું ? નગર કયું ?'

'દેશ, સ્થાન અને નગરના નાનકડા ભેદ અમે ભૂલી ગયા છીએ. આ તો માનવ-મહારાજ્ય છે, જેમાં ઓછામાં ઓછા કાયદા છે, ઓછામાં ઓછા ભૂમિટુકડા છે, ઓછામાં ઓછા ઝગડા છે અને વિપુલ ખોરાક, વિપુલ જ્ઞાન અને વિપુલ કલા ઘેર ઘેર ફેલાય જાય છે.'

'એમ ? ત્યારે હજી ઘર છે ખરાં !...પણ બધાં જ લગભગ સરખાં લાગે છે... ઝૂંપડી તો એકે દેખાતી નથી... હું ઝૂંપડીનો શોખીન છું...'

'તમારી ઈચ્છા હશે તો તમને ઝૂંપડી કરી આપીશું. મકાનના આકાર સંબંધમાં અમે ઝઘડતા નથી... અને ...ઝૂંપડી એટલે તો... વીસમી સદીના કલંક રૂપ ગરીબોના નિવાસ ને ?... એ ઝૂંપડી અને ચાલને નામે ઓળખાતાં પાપ ક્યારનાંયે અમે અદૃશ્ય કરી નાખ્યાં છે... છતાં અમારા સંગ્રહસ્થાનમાં એ નમૂના અમે સાચવ્યા છે ખરા....'

ઝૂંપડી અને ચાલીઓ અદૃશ્ય થઈ ગઈ ? શું કહો છો ! મને સમજાતું નથી !... તો હું ક્યાંથી આવું છું ?... મારું છેલ્લું સ્થાન તો ઝૂંપડીમાં જ હતું એમ મને યાદ આવે છે.'

'અમારો ઈતિહાસ કહે છે કે ઝૂંપડીનો છેલ્લો નિવાસી સુરેન્દ્ર નામનો એક લડવૈયો હતો. એણે એક એવી વિશ્વવ્યાપી લડત જગાવી હતી કે જ્યાં સુધી એક પણ માનવીને ઝૂંપડીમાં રહેવું પડે ત્યાં સુધી બીજા કોઈને પણ ઝૂંપડી કરતાં વધારે સારું રહેઠાણ આપી શકાય જ નહિ.'

'એમ ? મારું નામ પણ સુરેન્દ્ર છે...'

'તમારા એ પૂર્વજનું નામ તમે ચાલુ રાખ્યું હશે. બહુ સારું કર્યું. મારી બે પેઢીએ "મધુકર" નામે જ ચલાવ્યું હતું; મેં માત્ર મારું નામ બદલ્યું.' યુવકે કહ્યું.

સુરેન્દ્રનો પૂર્વજ કોણ ? વંશજ કોણ ? સુરેન્દ્ર તો પરણ્યો જ ન હતો. આ નવી દુનિયામાં હજી 'સુરેન્દ્ર' નામ કેમ યાદ રહ્યું હશે ? એ જાતે પોતે તો જીવતો જ છે ! અને તેના કાર્યક્રમમાં નિવાસસત્યાગ્રહની તો લડત હતી જ ! - જોકે હજી એ લડવાની બાકી હતી - કે એણે શરૂ કરી દીધી હતી ?

'મારો પૂર્વજ ? કોણ જાણે ! પરંતુ આવી એક લડત મેં ઉપાડી હતી એ તો મને સહજ યાદ આવે છે...' સુરેન્દ્રે જવાબ આપ્યો.

'અરે, માનવજાતની એ લડત તો આજ ઈતિહાસમાં અમર બની ગઈ છે... તમે તે સમયે જન્મ્યા પણ નહિ હો...કદાચ છેલ્લી લડતમાં તમે હો તો...કોણ જાણે !'

'છેલ્લી એટલે ? એવી ઘણી લડત હતી શું ?'

'હા જી. પહેલી લડત શરૂ થઈ ભારત નામના પ્રદેશમાં...'

'ભારત ?... ત્યારે આપણે ક્યાં ઊભા છીએ ? આ ભારત નથી ?'

'આ સદી પહેલાં જેને ભારત કહેતા હતા તે આ પ્રદેશ ખરો. પરંતુ હવે એ નાનકડો દેશ રહ્યો નથી. વહીવટી સરળતા ખાતર જૂના એશિયા-ખંડને અમે ચાર વિભાગમાં વહેંચી નાખ્યો છે.'

'એમ ? એ કયા વિભાગ ?'

'આપણે જે વિભાગમાં ઊભા છીએ એ વિશાળ ભૂમિટુકડાને અમે ગાંધીખંડ કહીએ છીએ.'

'ગાંધીખંડ ?... વાહ !... બીજા કયા ટુકડા !'

'ખંડ એટલે જ ભૂમિટુકડો...ખરું ને ? ગાંધીખંડ એ દક્ષિણ વિભાગ; ઉત્તરખંડ આખો લેનીન વિભાગ; પૂર્વખંડને અમે માઓ વિભાગ કહીએ છીએ અને પશ્ચિમખંડને અમે મહમદ વિભાગ કહીએ છીએ.'

'હું ખરેખર નૂતન દુનિયામાં આવી લાગ્યો છું ! પરંતુ...નવી દુનિયામાં તમે ધર્મો રાખ્યા લાગે છે !'

'ધર્મ તો અમારો એક માનવધર્મ. હિંદુ, મુસલમાન, ખ્રિસ્તી કે બૌદ્ધ તરીકે કોઈ વ્યક્તિ પોતાને ઓળખાવશે જ નહિ...હા, જેને જે ધર્મનો અભ્યાસ કરવો હોય, જે ધર્મનું કર્મકાણ્ડ પાળવું હોય, તેને અમે રોકતા નથી. દાખલા તરીકે...જૂના હિંદુ ધર્મમાંથી યોગનો પ્રયોગ આજ ઠીકઠીક

વ્યાપક છે... પરંતુ હવે યોગ એ માત્ર હિંદુઓનો જ નહિ, પરંતુ સમગ્ર માનવજાતની સમૃદ્ધિ બની ગયો છે.'

'પરંતુ તમે મહમદખંડ રાખી ઈસ્લામ ધર્મની ખુશામદ તો આજ પણ કર્યે જાઓ છો !' સુરેન્દ્રનું રહ્યુંસહ્યું હિન્દુત્વ સળવળી ઊઠ્યું અને હિંદુધર્મે ઈસ્લામને આપેલી પાકિસ્તાન રૂપ ખંડણી તેને યાદ આવી.

'નહિ, નહિ, નહિ ! નવીન દુનિયાને ખુશામદની જરૂર રહી જ નથી. ખુશામદને જીવવા માટે અહીં સ્થાન જ નથી !'

'તો પછી તમે પશ્ચિમ વિભાગને મહમદખંડ નામ કેમ આપ્યું ?'

'કારણ' મહમદ એક મહાન અર્થશાસ્ત્રી હતો.'

'મહમદ ? અર્થશાસ્ત્રી ? કદી વાંચ્યું કે સાંભળ્યું નથી.'

'વ્યાજને નાબૂદ કરવાની આજ્ઞા આપી મહમદે ધનનો એક ભયંકર ઝેરી ડંખ કાપી નાખ્યો છે. વ્યાજની પ્રથાએ માનવજાતની કેટકેટલી સધ્ધરતાને નાદારીમાં ફેરવી નાખી છે એનો ઈતિહાસ તમે જાણો ત્યારે...'

'એ હું જરૂર જાણું છું. મહમદની સ્મૃતિ આ રીતે જાળવી રાખવા માટે હું તમને મુબારકબાદી આપું છું... પરંતુ આપણે ફરતા ફરતા ક્યાં જવા ધારીએ છીએ ?' સુરેન્દ્રે પૂછ્યું.

'હું તમને અતિથિગૃહમાં લેઈ જાઉં છું. ત્યાં તમે આરામ લો. તમે ક્યાંથી અહીં કેમ આવ્યા એ સંભારી કાઢો.. નહિ તો અમારા માનસચિકિત્સકો - જેમને યોગાભ્યાસે બારે શક્તિઓ આપી છે તેઓ જરૂર તમારા ડૂબેલા મનવિભાગને તરતો બનાવી દેશે.. અને તમને તમારો ભુલાયેલો ભૂતકાળ ગોતવામાં મદદ કરશે. આ રહ્યું અતિથિગૃહ!' કહી મધુકરનો વંશજ તેને એક સુંદર બગીચામાં લેઈ ગયો.

'હું ક્યારનો જોયા કરું છું... આ તે શહેર છે કે ઉદ્યાનનગર છે ?' સુરેન્દ્રે પૂછ્યું

'ઉદ્યાનની સગવડ વગરનું એક પણ મકાન નવી દુનિયામાં હોઈ શકે નહિ.'

'અને ...કેવાં કેવાં ઉદ્યાનો ? ભારતનાં ઉપવન, કાશ્મીર-ઈરાનના મોગલાઈ બગીચા, ચીની અને જપાની વાડીઓ, ઈટલીના વિસ્તૃત બાગ...અને એથીયે કાંઈ અવનવું... હું જોયા જ કરું છું. ઝૂંપડીમાંથી આ કેમ ઉપજાવ્યું એની વિગત મને જણાવશો ?' સુરેન્દ્રે માગણી કરી.

'આપ જરા આરામ લો. અતિથિગૃહના સંચાલક એક ઈતિહાસકાર

પણ છે... આ તમને લેવા માટે આવ્યા. એ તમને ઘણી માહિતી આપશે.'

'તમે હવે ક્યાં જશો ?'

'હું બે કલાક ખેતી કરું છું.'

'એમ ? શા માટે ?

'ઘઉંમાં ગળપણ વધે એવો એક પ્રયોગ અમે હાથમાં લીધો છે. પચીસ ટકા સફળતા મળી છે. વર્ષ આખરે પ્રયોગ સંપૂર્ણ સફળ થવો જ જોઈએ.' કહી અતિથિગૃહનાં પગથિયાં સુધી જઈ વિવેક પુરઃસર સામે આવતા સંચાલકને સોંપી મધુકર સરખા મુખવાળો યુવક ફરી મળવાનું વચન આપી ખસી ગયો.

પરંતુ સુરેન્દ્રના આશ્ચર્યનો આજે પાર રહ્યો ન હતો. અતિથિગૃહનું સંચાલન એક યુવતી કરી રહી હતી !

અને એ યુવતીનું મુખ આબેહૂબ શ્રીલતા સરખું જ હતું ! જાણે અમૃતસાગરમાં સ્નાન કરી વધારે રૂપાળી બની શ્રીલેખા સુરેન્દ્ર સામે આવીને ઊભી ન હોય !

'આપનું નામ... શ્રીલતા...તો નહિ ?' સુરેન્દ્રે પરિચય બાદ પૂછ્યું.

'પધારો ! મારા માતૃપૂર્વજોમાં એક શ્રીલતા નામની વડિયાઈ હતી ખરી. આપ કૌટુમ્બિક પ્રજનનશાસ્ત્રના અભ્યાસી છો શું ?'

'ના જી... પરંતુ એ શાસ્ત્રમાં તમે સાધો છો શું ?'

'કુટુંબનાં સ્વરૂપ, ગુણ અને વિશિષ્ટ લક્ષણો સચવાઈ રહે અને માનવવિરોધી - પ્રગતિનિરોધી લક્ષણો ઓગળી જાય, એવા પ્રયોગો એ શાસ્ત્રના અભ્યાસમાં સતત ચાલે છે...'

'મારી મિત્રમંડળીમાં શ્રીલતા નામની એક યુવતી હતી... ઘણી ચબરાક, ઘણી રૂપાળી, ઘણી તેજસ્વી અને ઘણી જ આગ્રહી...'

'તમે ક્યાંની વાત કરો છો ? એને તો ત્રણ પેઢી થઈ ગઈ... શ્રીલતાની છબી અમે સાચવી રાખી છે... આપની ઉંમર જોતાં આપ ત્રણ પેઢી ઉપરના હો એમ લાગતું નથી... મને આપને વિશે સહજ ઈશારો તો થઈ ચૂક્યો છે. આપ જમીને આરામ લો ! પછી હું એક નિષ્ણાત માનસશાસ્ત્રીને બોલાવીશ, જે તમારી સ્મૃતિ તાજી કરવામાં તમને સહાયભૂત થશે.' કહી સંચાલક યુવતી સુરેન્દ્રને આરામમાં બેસાડી, થોડી વારે તેને માટે જમણ લઈ આવી સામે બેઠી.

જમવાની વસ્તુઓના આકાર ફરી ગયા હતા; એટલું જ નહિ, એ

આકારો વધારે સુધર્યા હતા અને આકર્ષક બન્યા હતા. સુરેન્દ્રથી પુછાઈ ગયું :

'આમાં કાંઈ સામિષ ભોજન તો નથી ને ?'

'ના જી. છેલ્લાં પચીસ વર્ષથી માનવજાતને માંસાહારને વર્જ્ય કર્યો છે.'

'કારણ ?'

'અન્ન મબલખ પાકતું હોય, અન્ન સ્વાદિષ્ટ હોય, અને અન્ન પૌષ્ટિક હોય પછી જીવંત પશુપક્ષીઓને મારી તેમનાં માંસહાડકાં ચૂસવાની જરૂર જ ક્યાં રહે ?'

'માંસાહારથી ટેવાયલી જનતાને એનો સ્વાદ છોડતાં ભારે મુશ્કેલી પડી હશે... નહિ ?'

'ના રે ! સ્વાદ તો ટેવની આંગળીએ વળગીને ચાલે છે... અને માંસાહારમાં પણ વનસ્પતિ મશાલો જ મહત્ત્વનો ગણાય. માનવજાતને પૂરતું અનાજ થયું ત્યારથી માંસાહાર અટકી જ ગયો છે... આપોઆપ. કાયદાની જરૂર જ પડી નથી.'

'પરંતુ... માંસાહાર વગર જનતાનું વીરત્વ ઘટી ગયું હશે ને ?' સુરેન્દ્રે પૂછ્યું.

સંચાલક યુવતી ખડખડાટ હસી પડી - જાણે કોઈ અજાણ માણસ સૂર્યદેવને કેટલા હાથ છે એમ પૂછતો હોય એવો યુવતીના હાસ્યનો ધ્વનિ હતો ! સુરેન્દ્રને જરા ખોટું લાગ્યું. એ પોતાને એવો બબૂચક માનતો ન હતો કે જેથી તેની વાણી આવા હાસ્યને પાત્ર તેને લાગે.

'મારો પ્રશ્ન હસવા જેવો કેમ લાગ્યો ?'

'એ ચર્ચા અમારે ત્યાં પણ ચાલી હતી... પરંતુ વનસ્પતિઆહાર શાસ્ત્રીય રીતે જ માંસાહાર કરતાં વધારે ઉપયોગી નીવડ્યો... અને હવે વીરત્વનો અર્થ અમારે ત્યાં જુદો થાય છે. યુદ્ધ તો હવે બંધ જ થયું છે.'

'યુદ્ધ બંધ થઈ ગયું ? શું કહો છો ?'

'હા જી. માનવ-મહારાજ્ય સ્થપાયા પછી કોણ કોની સાથે ઝઘડો કરે ?'

'એ બધું બન્યું શી રીતે ! મને જલદી કહો. હું પણ એ જ માંગતો હતો.'

'સાંભળો ! ગાંધીખંડનો એક વિભાગ ભારત તરીકે ઓળખાતો

હતો. એ ભારતને સ્વરાજ્ય મળ્યું... પછી તો એક એકથી ચઢતી ચળવળો શરૂ થઈ. નિવાસહીન માનવીઓનાં સંગઠન થયાં અને તેમણે ગવર્નરો, પ્રધાનો તથા અમલદારોનાં મહાલયોને સતત ઘેરો ઘાલવા માંડ્યો... જનતાના દુઃખે દુઃખી થવાની ગર્જનાઓ કરી સત્તા ઉપર આવેલા એ સર્વને તેમનાં મહાલયોમાં રહેવું પ્રજાએ મુશ્કેલ કરી દીધું...'

'એમાં કાંઈ તોફાનો ન થયાં ?'

'તોફાનો થયાં ખરાં. કારમાં બેસી લોકોનાં દુઃખ જોતા પૂતળાં-ગવર્નરો કે નિરુપયોગી ગાંધીસ્તંભોની રચનામાં બાંધકામનો સામાન વેડફી નાખી કુમકુમ ચાંદલા હસતે મુખે કરાવી ઉદ્‌ઘાટનની મોજ માણનાર પ્રધાનો પોતાનાં મહાલયોમાં બેઠા હોય તો તેમને લોકો બહાર ન નીકળવા દે. અગર બહાર નીકળ્યા હોય તો મહાલયમાં જવા ન દે... એવો લોકપ્રયત્ન સરકારી સામનાને આકર્ષે અને તેમાંથી તોફાનો પણ થાય... અરે થયાં જ... ત્યાર પછી ગાંધીપ્રેરી અહિંસાનો ઉપયોગ કરનાર એક સુરેન્દ્ર નામનો નેતા નીકળી આવ્યો.'

'સુરેન્દ્ર ! એ તો મારું જ નામ છે... હાં; પછી ?'

'એણે જનતામાં પાછી અહિંસાની પ્રતિષ્ઠા સ્થાપી... મરવું, પણ મારવું નહિ... અને મરતાં સુધી લીધેલી પ્રતિજ્ઞામાંથી ખસવું નહિ, એવા સિદ્ધાંતવાદીઓ દ્વારા યોજાયલા સત્યાગ્રહે બહુ મોટા ફેરફારો ઉપજાવ્યા. નિવાસહીનતા ટળી ગઈ અને મજૂર તથા પ્રધાન બન્નેના નિવાસ સરખા બની જવા લાગ્યા.' યુવતીએ કહ્યું.

'બહુ નવાઈ જેવું.'

'આમ તો કાંઈ જ નવાઈ જેવું ન કહેવાય. નિરુપયોગી, નિરર્થ-બિનજરૂરી શોભાવાળાં મકાનો બંધાતાં અટક્યાં અને...જુઓ ને મિત્ર ! પૃથ્વી બાંધકામ માટે એટએટલાં વિપુલ સાધનો આપી રહી છે કે કોઈને મકાન વગર રહેવાની જરૂર નથી.'

'પરંતુ... આ તમારી દુનિયામાંથી ભૂખમરો કેમ અદૃશ્ય થયો ? ...આવાં સરસ પકવાનો તમે કેમ સર્જી શકો છો ?'

'ભૂખમરો તો કૃત્રિમ હતો જ - બિનજરૂરી. બાંધકામની વસ્તુઓ માફક અનાજ પણ પૂરતું થાય એવી શક્તિ જમીનમાં રહેલી છે... કમનસીબે બુદ્ધિ અને શ્રમ વચ્ચે ભારે ફાટ પડતી ચાલી... શ્રમની મહત્તા બદલ બુદ્ધિએ ભારે ભારે ભાષણો કરવા માંડ્યાં... એની સામે લડતની સુરેન્દ્રે શરૂઆત કરી... ખાલી પડેલી જમીનમાં એણે ખેતી રચિત બેકાર

જનતા પાસે ખેતી કરાવી અને સત્તા સાથે એને ઝઘડો શરૂ થયો... ઝઘડો વધતાં એવી પરિસ્થિતિ આવી કે ધારાસભામાં લવારો કરતા સભ્યો અને કાગળિયાં ચૂંથતા અમલદારો તથા પ્રધાનોને બબ્બે ત્રણત્રણ કલાકની ખેતી કરવાનો અને પછી સત્તા ભોગવવાનો અધિકાર આપવાની ઝુંબેશ ચાલી... ભાષણખોરો ભાગ્યા અને સાચા શ્રમજીવીઓ આગળ આવ્યા... પછી શું બાકી રહે ? વિદ્યાર્થીઓ, કારકુનો, વ્યાપારીઓ, સહુએ મઝદૂરી શરૂ કરી અને ભૂખમરો ભાગ્યો... ભારતમાંથી બીજે પણ એ જ પવન ફૂંકાયો... બુદ્ધિમાનોએ - કહેવાતા બુદ્ધિમાનોએ બહુ ભારે સામનો કર્યો... પરંતુ નિષ્ફળ, નિષ્ક્રિય, ઓછું કામ કરી મહત્તાનું શિખર માગતી શોષક બુદ્ધિની દુનિયાને જરૂર નથી... શ્રમહીન બુદ્ધિ બાળી નાખવાને પાત્ર છે એવી જેહાદ ઊભી થઈ; અને કવિઓ, લેખકો, પ્રોફેસરો, વકીલો, ડૉક્ટરો, અમલદારો, મુત્સદ્દીઓ, સહુ ઘમંડ છોડી ઉત્પાદનમાં સામેલ થઈ ગયા... શ્રમને બુદ્ધિ મળી ને બુદ્ધિને શ્રમ મળ્યો... આખી દુનિયા માટે પોષણ તૈયાર થયું... અરે, એટલું સાધન આજ ઊપજ્યું છે કે કદાચ આ વર્ષે મંગળની જનતાને પણ અમે અનાજ આપી શકીશું.'

એકચિત્તે સુરેન્દ્ર આ હકીકત સાંભળી રહ્યો હતો. એને પોતાને પણ કંઈક આવા પરંતુ અસ્પષ્ટ વિચારો આવ્યા જ કરતા હતા. એ જ વિચારો અમલમાં મુકાઈ નવી દુનિયા રચાઈ ચૂકી શું ? અને રચાઈ હોય તો એ ત્રણ પેઢી પછી જીવતો શી રીતે શક્યો ?

'એ સુરેન્દ્રની છબી મળી શકે ખરી ?' સુરેન્દ્રે યુવતીને પૂછ્યું.

'કેમ નહિ ?... અમે તેની ભવ્ય પ્રતિમા ગોઠવી છે... ચાલો, હું તમને એ બતાવું.' કહી સુરેન્દ્રનો હાથ પકડી એ યુવતી તેને આગળ લઈ ગઈ. જમી તો એ ક્યારનો રહ્યો હતો.

રસ્તે જતાં સુંદર વીજળીમાં ચમકતાં સૂત્રો તેણે સ્થળે સ્થળે વાંચ્યા.

असतो मा सद् गमय ।

तमसो मा ज्योतिर्गमय ।

मृत्योर्मा अमृतं गमय ।

'આ શું ?' સુરેન્દ્રે પૂછ્યું.

'એ આ નવી દુનિયાનાં સૂત્રો.' યુવતીએ જવાબ આપ્યો.

'પરંતુ...એ તો...બહુ પ્રાચીન... જૂના વૈદિક સંસ્કૃતિનાં સૂત્રો છે... નવી દુનિયાને એ ફાવે ખરાં ?'

'હા જી. નવી દુનિયા જ એનો સાચો અર્થ સમજી શકી છે... જુઓ આ પેલી ભવ્ય પ્રતિમા !... સુરેન્દ્ર નામી આદ્યપુરુષની...'

'આદ્યપુરુષ ?'

'હા જી. નવીન દુનિયાની સ્થાપનાની સાચી ઝાંખી એને જ થઈ હતી... ગાંધીનો એ વારસ...'

સુરેન્દ્ર ચમક્યો ! એ તો એની પોતાની જ પ્રતિમા જોઈ રહ્યો હતો ! પ્રતિમા પણ જાણે બોલતી ન હોય એમ એણે સાદ સાંભળ્યો :

'સુરેન્દ્ર !... ઓ સાચા સુરેન્દ્ર ! જો આ તારી પ્રતિમા !'

## ૩૩

## નાગચૂડ

પ્રતિમા ખરેખર તેને જ બોલાવતી હતી અને તે સુરેન્દ્રની પોતાની જ પ્રતિમા ! કેટલી એ વિશાળકાય પ્રતિમા હતી ! પાંચ સુરેન્દ્રોને ભેગા કરે તો આ પ્રતિમા બરોબર કદાચ થઈ શકે. પરંતુ તે પોતે તો એકલો જ - એક જ સુરેન્દ્ર હતો. પાંચ સુરેન્દ્રો મળે તો માનવજાતનું પરિવર્તન ન થાય ? સુરેન્દ્ર ઘણી વાર વિચારતો હતો કે પાંચ ગાંધી, પાંચ લેનીન અને પાંચ માઓત્સેતુંગ મળે તો માનવ જાત બદલાય અને આજના કરતાં વધારે સુખી થાય ખરી. એણે કદી એવો ઘમંડ સેવ્યો ન હતો કે પાંચ સુરેન્દ્રો મળે તો જગત બદલાઈ જાય... છતાં દુનિયા તો બદલાઈ ગઈ છે ! અને તેની પોતાની પ્રતિમા તો તેની સામે ઊભી ઊભી તેના નામ સાથે તે પોકારી રહી છે !

તેની સાથે આવેલી સ્ત્રી-સંચાલિકાને તેણે પૂછ્યું :

'શું, આ પ્રતિમા બોલે છે ખરી ?'

'ના જી. આજે જ એ ચમત્કાર થયો ! અને અમારી નવી દુનિયા ચમત્કારમાં કદી માનતી જ નથી. હું હમણાં જ અમારા વિજ્ઞાનવિદોને ફોન કરી અહીં બોલાવું છું, અને પ્રતિમાએ ઉપજાવેલા ચમત્કારનાં હું શાસ્ત્રીય ઢબે કારણ શોધી કઢાવું છું.'

મૂર્તિ હસી અને ફરી તેણે બૂમ પાડી : 'સુરેન્દ્ર !' એટલું જ નહિ પરંતુ તેને કાને ખખડાટ પણ સંભળાયો અને એકાએક તેનો હાથ તેની આંખ ઉપર દબાયો. ખખડાટ હજી ચાલુ જ હતો અને 'સુરેન્દ્ર' એવાં સંબોધનો સંભળાયા જ કરતાં હતાં. આંખ ઉપરથી તેણે હાથ હઠાવી લીધો. તેની આંખ ખૂલી ગઈ અને તેણે એક બીજો ચમત્કાર જોયો. તેનું પોતાનું જૂનું વીસમી સદીનું નાનકડું મકાન અને તેની સાધનહીન પરંતુ માતૃત્વભરેલી માતા તેની સામે ઊભેલી દેખાઈ.

તો શું એકવીસમી સદીની નવી દુનિયા પાછી ખસી ગઈ ? કે વીસમી અને એકવીસમી સદીની વચમાં તે પછડાયા કરતો હતો ? ફરી તેણે અવાજ

સાંભળ્યો : 'સુરેન્દ્ર ! એ અવાજ પ્રતિમાનો ન હતો; પ્રતિમા અદૃશ્ય થઈ ગઈ હતી. એ સાદ તેની માતાનો હતો. માતા એટલે જ પાંચ સુરેન્દ્ર ! નહિ? આ માતા ન હોત તો સુરેન્દ્ર સુરેન્દ્ર બની શક્યો ન હોત. એ જ માતા એને પાંચ સુરેન્દ્રનું બળ આપી રહી હતી !

'હજી સૂઈ રહેવું છે ભાઈ ?' માતાએ આગળ પૂછ્યું.

'ના મા ! હું હવે બેઠો થાઉં છું.'

'તબિયત કેવી છે તારી ? હું તો ચિંતાથી મરી ગઈ. કોઈ દિવસ નહિ અને આજે આટલું ક્યાંથી સૂતો ?' માએ કહ્યું. અને સુરેન્દ્રના કપાળ ઉપર માતાએ હાથ મૂક્યો. અને તેની આંખમાં એકાએક ચિંતા વ્યક્ત થઈ :

'દીકરા ! તાવ છે.' માએ કહ્યું.

'હોય નહિ, મા ! મને કદી તાવ આવે જ નહિ. મને તાવ નહિ પણ સ્વપ્ન આવ્યું લાગે છે.' કહી સુરેન્દ્ર પથારીમાં બેઠો થઈ ગયો. ખરેખર તેને ખાતરી થઈ ગઈ કે તેણે જે એકવીસમી સદીનું દૃશ્ય જોયું તો માત્ર સ્વપ્ન જ હતું. એ સ્વપ્નની ગૂંચવણે તેના દેહની ઉષ્મા વધારી દીધી હતી. તેનો એક બીજો પણ સિદ્ધાંત હતો કે તેણે કદી દુર્બલ દેહી ન બનવું, અને માંદા તો કદી પડવું જ નહિ ! સ્વયંવરમાં ગરીબીને વરનાર માનવીથી માંદગીની મોજ કદી મેળવી શકાય નહિ.

ધીમે ધીમે તેને સમજાયું કે તે રોજ પાંચ વાગે ઊઠતો. આજ તે બે કલાક વધારે સૂઈ ગયો હતો. બહાર અજવાળાં થઈ ગયાં હતાં. એક-વીસમી સદીનું દૃશ્ય દેખાડનાર રાત્રિએ તેને જાગૃત કરી એટલું જ દેખાડ્યું કે આજ સવારમાં તેની પાસે એક પૈસો પણ હતો નહિ. પાછું કોઈ 'ટ્યૂશન' શોધી કાઢવું પડશે એવો વિચાર કરી રહેલો સુરેન્દ્ર જાણતો હતો કે બેત્રણ સઘન કુટુંબોએ તેને થોડા દિવસ પહેલાં બાળકોના શિક્ષણનું કાર્ય કરવા જણાવ્યું હતું. એ બેત્રણ કુટુંબોમાં જઈ પોતાને શિક્ષણકાર્ય કરવાની જરૂરિયાત છે એમ કહેવું એ તેને માટે હવે એકનો એક માર્ગ રહ્યો દેખાયો. કોણ જાણે કેમ, તેને હાથમાં પૈસો રાખવો ગમતો જ નહિ. જેની પાસેથી કાંઈ પણ પૈસો મળે એવું સાધન હતું તે સહુના પૈસા તેના મત પ્રમાણે કલંકિત હતા; અને કલંકિત પૈસામાંથી તેણે પોતે ભાગ મેળવીને ગુજરાન ચલાવવાનું હતું ! તેને કેટલીય વાર વિચાર આવતા અને તેના કેટલાય મિત્રો તેનામાં એ વિચાર પ્રેરતા કે એક વાર સારી રીતે ધન મેળવી લઈ, ધનની જરૂરિયાતથી પર બની, તેણે સેવાકાર્ય આદરવું - જો એ સેવાકાર્ય તેણે સફળ કરવું હોય તો ! પરંતુ ધન ભેગું કરવા જતાં અને ધન ભેગું થઈ ગયા

પછી તેના હાથમાંથી સેવાનો આખો પ્રદેશ ઊડી જાય એવો તેને સતત ભય રહેતો. એટલે તેણે કદી એ માર્ગને પોતાનો માર્ગ ગણ્યો જ નહિ. બાકી રહ્યો એક જ માર્ગ, કે કલંકિત પૈસા પણ જેટલા બને એટલા ઓછા લઈ પોતાનું ગુજરાન કર્યે જવું અને સમય તથા શક્તિનો મોટો ભાગ પોતાનાં નહિ પરંતુ પારકાનાં ગુજરાન સાધનો વધારવામાં ગાળવો.

તેણે ઘરમાં માતાને પૂછી જોયું. આજના દિવસ પૂરતું ઘરમાં સાધન હતું. સુરેન્દ્ર આસ્તિક હોત તો તે આવતી કાલની ચિંતા પ્રભુ ઉપર છોડી દેત. પરંતુ આળસુ ભક્તોની - અનુત્પાદક સાધુઓની ચિંતા કરતા અશાસ્ત્રીય ઈશ્વરની કલ્પનામાં સુરેન્દ્ર રાચે એમ ન હતું. તેણે હવે ઈશ્વરને બાજુએ મૂકી આવતી કાલના પોતાના ગુજરાન માટે પ્રયત્ન કરવો રહ્યો. જે કુટુંબોએ તેને શિક્ષણ આપવા આમંત્રણ આપ્યું હતું તે કુટુંબો તરફ જવાનો તેણે નિશ્ચય કર્યો. પરંતુ ત્રણે જગાએથી તેને કહેવામાં આવ્યું કે જે તે કુટુંબે શિક્ષકો રાખી લીધા હોવાથી હવે તેમને સુરેન્દ્રની શિક્ષક તરીકે જરૂર ન હતી.

તે એક સહજ ઓળખીતા પત્રકારની કચેરીમાં ગયો. સરકારી નોકરી ન સ્વીકારનાર અગર ન મેળવી શકનારને શિક્ષક કે પત્રકારનો પ્રદેશ કદાચ સંગ્રહી શકે. સુરેન્દ્રને પત્રના અધિપતિએ બોલાવ્યો તો બહુ માનસહ, પરંતુ જ્યારે તેમણે સાંભળ્યું કે સુરેન્દ્ર રાવબહાદુરના ઘરની કે જીવનની કોઈ જાહેરાત લીધા વગર આવ્યો છે અને ઉપરથી વળી નોકરી માગી રહ્યો છે, ત્યારે તેમનું સુરેન્દ્ર માટેનું માન એકાએક ઘટી ગયું; અને પત્રની કચેરીમાં તેને માટે જગા હતી નહિ અને સુરેન્દ્ર સાથે વધારે લાંબો સમય ગાળવાનો સમય અધિપતિને હતો નહિ એવું સૂચન તેમણે અર્ધ સ્પષ્ટ વાણી અને પૂર્ણ સ્પષ્ટ અભિનયથી કરી દીધું.

સુરેન્દ્ર એ સૂચન ગ્રહણ કરીને પાછો ફર્યો. એક ક્ષણ માટે તેને એમ પણ વિચાર આવ્યો કે તે પહેલી રાત્રે મળેલા સાધુ પાસે જઈ વગર કમા-ણીએ જીવવાના પ્રયોગની કૂંચી તેમની પાસેથી શીખી લે ! હિંદુસ્તાનના સાધુઓએ જે કાંઈ સેવા કરી હોય, કે ધર્મ સાચવ્યો હોય કે બોળ્યો હોય, તેની સુરેન્દ્રને ચિંતા ન હતી. તે માત્ર તેમની તરફેણમાં એટલું તો શીખી શક્યો હતો કે વગર પૈસે ચરિતાર્થ ચલાવવાની કળા કોઈને પણ સાધ્ય હોય તો તે હિંદુસ્તાનના સાધુઓ પાસે છે ! જે યુગને ધર્મ સાચવી રાખવો હતો તે યુગને માટે એ સઘળું શક્ય હતું જ. હવે નવીનતાભરી સૃષ્ટિમાં નવીન ફેરફાર કરવા હોય તો નવીન સાધુઓએ પણ આ કળા શોધી કાઢવી રહી.

છતાં એ સાધુ પાસે ન ગયો અને ઘેર પાછો આવ્યો. ઘર આગળ ચિઠ્ઠી લઈ એક માણસ તેની રાહ જોતો ઊભો જ હતો. તેણે સુરેન્દ્રના હાથમાં ચિઠ્ઠી આપી. ચિઠ્ઠીમાં તેને એક આમંત્રણ મળ્યું હતું. એ આમંત્રણ શહેરના બીજા વિખ્યાત ધનિકનું હતું. અર્થશાસ્ત્રના એક પણ સિદ્ધાંતનો અભ્યાસ કર્યા વગર ધનિક થઈ ચૂકેલા આ ગૃહસ્થને એવી ઈચ્છા હતી કે તેઓ અર્થશાસ્ત્રનો અભ્યાસ કરે અને તે પણ ચાણક્યના નીતિશાસ્ત્રથી માંડી માર્ક્સવાદ સુધીની બધી જ આર્થિક સંભાવનાઓ ટૂંકામાં સમજી જાય ! એ સમજાવવા માટે તેમને સુરેન્દ્રના નામનું સૂચન થયું હતું એટલે સુરેન્દ્રે જઈ તેમને મળવાની સૂચના એ ચિઠ્ઠીમાં હતી.

સુરેન્દ્રને એક પ્રકારનો આનંદ તો થયો જ. કદાચ આમાંથી તાત્કાલિક પોષણનું સાધન મળી જાય એમ પણ એને લાગ્યું - અને તે સાથે જ એનો આનંદ ઓસરી ગયો. જે ધનિકતા આજની દુનિયામાં નાગચૂડ બનીને બેસી ગઈ છે એ ધનિકતાને ધનનું શાસ્ત્ર સમજાવવા નાગચૂડનો સામનો કરનાર સુરેન્દ્રને જ જવાનું શું ? સુરેન્દ્રને બૌધ ધર્મ તોડનાર મહામીમાંસક આચાર્ય કુમારિલ ભટ્ટનું દૃષ્ટાંત યાદ આવ્યું. બૌધ ગુરુની પાસેથી બૌદ્ધ માર્ગના સિદ્ધાંતો શીખી કુમારિલ ભટ્ટે બૌધ માર્ગનું ખંડન કર્યું - સાથે સાથે ગુરુદ્રોહનું પાપ કર્યા બદલ ડાંગેરનાં છાલાંને સળગાવી કુમારિલ ભટ્ટ એમાં બળી મરી પ્રાયશ્ચિત્ત કરતા હતા ! સુરેન્દ્રને એક જ આ આશ્વાસન લેવાનું હતું. દુનિયાનું ધન ઉજાળવા તે ઈચ્છતો ન હતો. પરંતુ ધન એકહથ્થુ કરી લેનાર - ધનને કેદમાં પૂરનાર - માનવ લક્ષ્મીને પોતાના કિલ્લામાં ગુલામ બનાવનાર થોડા ધનિકોનાં કેદનાં તાળાં એ ખોલી નાખવા માગતો હતો - અને તે પણ સામ્યવાદીઓની હિંસક ઢબે નહિ જ. હિંસા કરીને જે કંઈ સિદ્ધિ પ્રાપ્ત થાય એની સાથે હિંસા ચોંટીને જ આવવાની, અને એ હિંસા જીવવાની જ. ધનનો એકમાર્ગી ઢગલો પણ એક પ્રકારની હિંસા જ છે ! તે નિરુપયોગી ઢગલાને ઉપયોગમાં આવે એવી ઢબે વેરવાની યોજના એ વિચારી રહ્યો હતો - જે યોજનાનો પ્રથમ પાયો તો એ જ હતો કે તેણે અંગત રીતે ધનસંચય કરવો જ નહિ ! છતાં દેહને સજીવન રાખવા માટે જેટલું આવશ્યક પોષણ જોઈએ તેટલું પોષણ મેળવવા તેણે પ્રયત્ન કરવાનો હતો જ. પાપના ઢગલામાંથી પણ જીવવા માટે તેણે ચપટી ભરીને માપ તો લેવું જ પડવાનું ! કુમારિલ ભટ્ટની માફક તે જીવનભર ડાંગેરનાં છોડાંમાં પોતાના દેહને બાળ્યા જ કરશે - સમગ્ર ઇંદ્રિયસુખનો ભોગ આપીને !

આ વિચારમાં અને વિચારમાં તેણે માતાની સાથે શી વાતચીત કરી, તે શું જમ્યો, એણે બહાર નીકળીને પોતાની બેકારીના નિવારણ માટે પગલાં ભરવાનાં હતાં, એ બધી વિગતો તે અત્યારે ભૂલી ગયો અને તેની નજર સામે ધનની નાગચૂડ જ સતત આવ્યા કરી. ધનની નાગચૂડ ક્યાં ક્યાં ન હતી ?

એ જમતો હતો એ અનાજ ઉપર ધન ફણા માંડી બેઠું હતું.

તે જે મકાનમાં રહેતો હતો તે મકાનનું ભાડું નાગની જીભ બનીને સળક્યા કરતું હતું !

પ્રેમ ઉપર પણ નાગની આંખો હીરાની માફક ચમક્યા કરતી હતી ! શ્રીલતા જેવી અદ્ભુત આકર્ષક યુવતીને બાજુ ઉપર મૂકી મધુકર ઠંડી જ્યોત્સ્ના તરફ ઉષ્મા પ્રગટાવવા મથતો હતો એમાં પણ પ્રેમ કરતાં ધનનું જ આકર્ષણ વિશેષ હતું ને ! નાગને માથે મણિ હોવાની કલ્પના ધનને જોતાં જ આવવી જોઈએ !

પરંતુ ધન છોડી, ઝૂંપડીમાં આવી વસવાની તૈયારી બતાવતી જ્યોત્સ્નાના પ્રેમને સુરેન્દ્ર પોતે જ હડસેલતો હતો એમાં પણ ધનની નાગચૂડનો જ એને ભય હતો ને ? જ્યોત્સ્ના ધનિકની દીકરી ન હોત તો સુરેન્દ્ર એને જરૂર ચાહી શક્યો હોત. આમ ધન સામી બાજુએથી ભય ઉપજાવીને પણ પ્રેમને શોષી લે છે; એનું નાગસ્વરૂપ તો જરાય હસતું છે જ નહિ.

પરંતુ ખરેખર સુરેન્દ્રનો પ્રેમ જ્યોત્સ્ના પ્રત્યેથી ખેંચાઈ-શોષાઈ ગયો છે ખરો ? જ્યોત્સ્ના ધનિક છે છતાં તે જ્યોત્સ્નાને ચાહતો નથી એમ એ ખરેખર કબૂલ કરી શકે ખરું ?

ના; તે જ્યોત્સ્નાને જરૂર ચાહતો હતો - માટે જ તે જ્યોત્સ્નાને પોતાના સરખા એક કૃતનિશ્ચયી અધનિક સાથે પ્રેમ કરતાં અને એ પ્રેમના પરિણામરૂપી લગ્નમાં ખેંચાતાં અટકાવતો હતો !

જ્યોત્સ્ના મધુકરને પરણી જાય તો ! સુરેન્દ્ર એક રીતે જરૂર રાજી થાય - જેને ચાહે છે તેનું સુખ તે એથી સાચવી આપતો હતો.

પરંતુ એને એક વાત જરૂર ખૂંચતી હતી ખરી જ કે મધુકર જેવો ચબરાક, છતાં માત્ર પ્રેમને પણ પોતાની કારકિર્દીનું પગથિયું બનાવનાર મધુકર સાથે જ્યોત્સ્ના - અગર કોઈપણ સ્વમાની સ્ત્રી ભાગ્યે જ સુખી થઈ શકે !

અને પ્રેમને ખાતર ધનને જતું કરવા તૈયાર થયેલી જ્યોત્સ્નાની દૃષ્ટિએ વિચાર કરવામાં આવે તો એમ ન કહી શકાય કે ધનની નાગચૂડ પ્રેમને ગૂંગળાવી શકતા નથી ? નહિ તો જ્યોત્સ્ના તેની માતા પાસે જઈ શા માટે સો રૂપિયા આપવાની વૃત્તિ ઉપજાવે ? કેટલાંક જૂઠાણાંની પાછળ પુષ્પ સરખી સ્વચ્છ સુવાસ હોય છે ! નહિ ?

કદાચ પ્રેમ એ ઘેલછા હોય તો ? પ્રેમ એ માત્ર ભૌતિક આકર્ષણ હોય તો ? સાચો પ્રેમ જેને કહેવામાં આવે છે એ જરૂર ઘેલછા તો છે જ; પરંતુ એ જ પ્રમાણે પ્રેમને પણ બાજુએ ખસેડી આદર્શસિદ્ધિ માટે સર્વાર્પણ કરવા મથતા સુરેન્દ્રની ભાવના એ પણ એક પ્રકારની ઘેલછા જ કહી શકાય ને ? પરંતુ એ ઘેલછા સુરેન્દ્રે પોતાની બનાવી ન લીધી હોત તો ભારતના સેંકડો શિક્ષિત યુવાનોની માફક એ પણ ટેબલખુરશી ઉપર બેસી કચેરીનો કારકુન કે સાહેબ બની શક્યો હોત; સાચજૂઠના ભેળમાંથી ધનના ફુવારા પોતાની આસપાસ ઉરાડતો, અદાલતો ધ્રુજાવતો એ વકીલ પણ બની શક્યો હોત. અગર જનતાના રોગરાઈમાંથી રંગીન બંગલાઓ અને આરોગ્યધામો બનાવતો ડૉક્ટર બની શક્યો હોત - જેના આરોગ્યધામના દરવાજા ગરીબો સામે બંધ જ હોય છે ! અગર તે લવારે ચઢેલો નેતા, આંગળી ઊંચી કરતો ધારાસભ્ય કે સીસાના પાયા ઉપર ગોઠવાયેલી, કદી પણ હાલી ન શકે એવી ખુરશીની બનાવટમાં મશગૂલ બનેલો કોઈ પ્રધાન બની શક્યો હોત.

પરંતુ એથી ધનનો ઢગલો જરાય વેરાયો હોત ખરો ? આજની આર્થિક નાગચૂડ જરાય ઓછી સખત થઈ હોત ખરી ?

ના. કદાચ એણે પોતે જ ચાલતા પ્રવાહોમાં તરીને એ નાગચૂડને એક વધારે વળ આપ્યો હોત. તેના આદર્શે તેને એક સંતોષ તો આપ્યો જ : ધનની નાગચૂડ વધારવામાં તેનો જરાય ફાળો આજની દુનિયાને મળતો નથી - અને મળશે નહિ !

આમ પ્રેમ એ નાગચૂડથી પર છે. ભાવના અને સાધના પણ નાગચૂડથી પર છે. એ નાગચૂડથી પર રહેલાં તત્ત્વો એકત્રિત થાય તો ?

એ કયાં કયાં તત્ત્વો હશે કે જે ધનની નાગચૂડથી પર રહી શકે છે ?

તે પોતે ચોપડી હાથમાં લઈ સાદડી પર બેઠો બેઠો આ વિચારો કરી રહ્યો હતો તેનો તેને ખ્યાલ પણ રહ્યો નહિ, અને તેની માતાએ તેનું અર્ધ ખુલ્લું બારણું સહજ ખટખટાવી અને પછી ઉઘાડી સ્મિત સહ કહ્યું :

'સુરેન્દ્ર ! પછી...તારે બહાર જવું નથી ? તું કહેતો હતો ને કે તને કાંઈ

બીજી નોકરી મળવાની છે ? અને તારે એ માટે કોઈક સ્થળે જવું છે ?'

'હા, મા ! એ તો વાત જ હું ભૂલી ગયો !' કહી સુરેન્દ્ર ઊભો થયો. બપોરના ત્રણ વાગી ગયા હતા અને ચાર વાગે તેને શેઠસાહેબે બોલાવ્યો હતો - અને તે પણ અર્થશાસ્ત્ર સમજવા માટે ! અર્થશાસ્ત્રનો પહેલો સિદ્ધાંત એ કે સામાન્ય જનતાથી જેટલા બને એટલા દૂર રહી સામાન્ય જનતાને અડચણમાં નાખવાના બધા જ ઈલાજો લેવા ! ધનિકતાની એ પ્રથમ શિખામણ ! એક કલાક તો એને ચાલીને જતાં થાય એમ હતું. ગાડી અને બસભાડાના પૈસા આજ એની પાસે ન હતા. તે બહાર નીકળ્યો. કોણ જાણે કેમ, તેણે ઘર તરફ પાછળ નજર નાખી. તેની માતા હજી બારણામાં ઊભી ઊભી તડકે બહાર નીકળી ચૂકેલા પોતાના પુત્રને એકીટસે નિહાળી રહી હતી.

સુરેન્દ્રે વિચાર કર્યો :

પ્રેમ એટલે ?

માતૃપ્રેમ પણ એ પ્રેમ જ ને ? એને પણ નાગચૂડ ક્યાં અડકી શકી છે ?

## ૩૪

# પ્રેમવૈચિત્ર્ય

માતાને પોતાની પાછળ આશીર્વાદ છાંટતી છોડી સુરેન્દ્ર આગળ ચાલ્યો. આજના યુગના અસહાય ભિખારીની કલ્પનામાં પણ મોટરકાર ન હોય એમ તો બને જ નહિ. સુરેન્દ્ર પણ એક ક્ષણ માટે ઈચ્છી રહ્યો કે તેને વાહન મળે તો સમયનો વધારે સારો ઉપયોગ થાય... અને દેહકષ્ટ ઓછું પણ થાય.

પરંતુ ભારતમાં સમયની કિંમત કેટલી ? કોને સમયની કિંમત હોય? અમલદારી તૉર દર્શાવવો હોય, કાળા બજારમાં વધારે નફો લેવો હોય, અગર ચીલ ઝડપનો ગુનો કરી ઝડપથી ભાગી જવું હોય. એ સિવાય સમયમાં ઝડપ લાવવાની ભારતમાં જરૂર જ શાની પડે ? કારની સગવડ પણ નાનામાં નાના માનવીને ન થાય ત્યાં સુધી સુરેન્દ્રથી કાર તરફ મીટ મંડાય જ નહિ ! એ એનો આદ્ય સિદ્ધાંત. વળી પગે ચાલતાં વિચારો અને કલ્પનાઓ - યોજનાઓ અને ઘટનાઓ ઘડવામાં જે મોજ આવે છે એ મોટરકારનો ઉપયોગ કરનારને ન જ આવી શકે. પગે ચાલનારનું એ મોટામાં મોટું સુખ !

રાત્રે સ્વપ્ન દ્વારા એકવીસમી સદીના નૂતન યુગમાં પહોંચી ગયેલો સુરેન્દ્ર એ યુગની અને આજના વીસમી સદીના યુગની સરખામણીમાં પડ્યો. નૂતન યુગના ઘટાદાર વૃક્ષોવાળા રસ્તા ઉપર ચાલતાં સુરેન્દ્રે જરાય તાપ અનુભવ્યો નહોતો; અત્યારે ભરતાપમાં તે ફરતો હતો; પરંતુ એવાં દુઃખની ગણતરી કરી બેસી રહેનારથી નવી દુનિયા રચી શકાય જ નહિ.

એકાએક તેને ખભે કોઈનો હાથ પડ્યો. તેણે જોયું કે તેનો જૂનો મિત્ર પરાશર તેને રોકી રહ્યો છે !

'પરાશર ! તું ક્યાં હતો આટલા દિવસ ?' સુરેન્દ્રે પૂછ્યું.

'કોઈને કહીશ નહિ...પણ હું યુ. જી. છું.' પરાશરે કહ્યું.

'યુ. જી. ? એટલે ?'

'શું તુંયે, સુરેન્દ્ર ! આ નવી દુનિયામાં પણ તારે હજી બાઘા જ બનીને

રહેવું છે ? યુ. જી. શું તેની તને ખબર નથી ? આપણે બંને એક વખત યુ.જી. હતા એ તને યાદ પણ નથી શું ?'

'મને ફરી સમજાવ; મારી બુદ્ધિ જરા જડ બનતી જાય છે.'

'યુ. જી. એટલે અંડર ગ્રાઉન્ડ - ભૂગર્ભમાં ઊતરી જવું તે ! અજ્ઞાતવાસ ! કોઈની આંખે ચઢ્યા વગર, કોઈથી પકડાયા વગર આપણું કાર્ય ચલાવ્યે રાખવું તે !'

'હાં હાં, હું સમજ્યો હવે...મને કોઈએ કહ્યું પણ હતું... પરંતુ આમ ખુલ્લે રસ્તે તું અવરજવર કરીશ તો તારો અજ્ઞાતનિવાસ બહાર પડી જશે.'

'એ જ ખૂબી છે ને ! પોલીસ પાસે થઈને જાઉં પણ પોલીસ મને ઓળખી જ શકે નહિ ને !... હવે હું તને એક વાત પૂછું... તું તો પેલા શેઠિયાના બંગલામાં જ જાય છે ને ?... અહીંથી દેખાય છે એ !'

'હા. મારે એને ઘેર નોકરી કરવી પડશે... એમ લાગે છે.'

'બરાબર. એ ગોઠવણીની પાછળ અમારો હાથ છે એ તું જાણે છે ?'

'ના, ભાઈ ! તમે અટલ સામ્યવાદીઓ અમારા ઈશ્વર જેવા જ કદી કદી અગમ્ય બની રહો છો. ઈશ્વરની માફક સામ્યવાદનો હાથ ક્યાં ન હોય એ કહી શકાતું નથી.'

'ભલે ! તું હસતો રહે અમને. પણ છેલ્લું હાસ્ય અમારું જ છે... રાવબહાદુરને ત્યાં તને ગોઠવ્યો ત્યારે તું વળી મધુકરને લેતો ગયો... અને મધુકર જ્યાં જાય ત્યાં પ્રેમનાં થાણાં જ સ્થાપી આવે...'

'મધુકરને તમે ઓળખવા માંડ્યો એ ઘણું સારું થયું...'

'પણ જો, હવે અહીં તારી ગોઠવણ થાય છે... એમાં તું મૈત્રી અને પ્રેમનાં ભૂત પાછાં ઊભાં ન કરીશ... તું સામ્યવાદમાં અમુક રીતે તો માને જ છે ને ?'

'હા. કેમ નહિ ? રશિયા અને ચીન સરખા દેશોએ જે વાદને સ્વીકાર્યો એને હસી તો શકાય જ નહિ. માત્ર મારે બે જ વાંધા છે... મૈત્રી અને પ્રેમનાં ભૂત તો મારી આસપાસ ભમવાનાં જ.'

'એ ઠીક...પરંતુ પાછો મધુકરને ખેંચતો ન બેસીશ... રાવ-બહાદુરને ત્યાંનું વાતાવરણ બગાડનારા જ એ.'

'એણે શું કર્યું એવું ?'

'બન્ને - રાવબહાદુર તથા તેમનાં પત્નીને સામ્યવાદ વિરોધી બનાવી દીધાં... જે રકમો મળતી હતી... સાચેખોટે નામે... તે મધુકરે બંધ કરાવી

દીધી... આ નવનીતભાઈ શેઠને ત્યાં તારી ગોઠવણ થાય છે એમાં ઊંડું રહસ્ય રહેલું છે... એ તને પહેલેથી સમજાવી દઉં.'

'શું રહસ્ય છે એમાં ?... જો એમાં શેઠના કુટુંબને મારવાની કે એમના ખજાના ખોલીને તોડવાની યોજના હોય તો મારો એમાં સાથ નથી એમ માની લેજે.'

'વચમાં આ તમારો કાયર ગાંધીવાદ ન આવ્યો હોત તો તમે બધા નિર્મળ કાંજીપીઉ નિર્માલ્યોને બદલે...'

'જે બન્યું તે સ્વીકારવું જ રહ્યું ! એ પણ ઈતિહાસદીધું પરિણામ છે... ઈતિહાસે ઉપજાવેલો ઘન-ઘટ્ટ-અર્થ !

'સસ્સ્...જો હું જાઉં છું... મારી પાછળ પોલીસ પડી લાગે છે...હું કહું નહિ ત્યાં સુધી તું શેઠની નોકરી છોડતો નહિ...' કહી પરાશર એકાએક અદૃશ્ય થઈ ગયો. અને ખરે, એક સ્વાંગ સજેલો પોલીસ પણ દેખાયો ખરો. સુરેન્દ્ર સહજ સ્મિત સહ આગળ વધ્યો. ધૂની માણસો, આદર્શવાદી માણસો, કોઈ જાતની માનસિક વ્યથા લેઈ ફરતા માણસો સહુ આવા જ ઘેલા હશે ને ? ભારતમાં પણ વર્ગવિગ્રહમાંથી જનતાની ક્રાન્તિ લાવવા મથતો સામ્યવાદી પરાશર, સામ્યવાદમાંથી હિંસા ગાળી કાઢવા મથતો સુરેન્દ્ર અને સર્વાર્પણ કરીનેય ધન મેળવવા મથતો મધુકર, ત્રણેમાં ઘેલછા તો સરખી જ ! ત્રણેને પોતાના જ આદર્શો સાચા લાગતા હતા, આદર્શો સિદ્ધ થાય એવા લાગતા હતા. આદર્શસિદ્ધિ માટે ઈતિહાસ સાધન રચતો હતો, ચાલતો હતો એમ લાગતું હતું ! જાતને સુખી કરવી; જનતાના સુખમાં જ જાતનું સુખ નિહાળવું; અને જનતાને સુખી કરવા સુખનાં સાધનોનો કબજો લેઈ બેઠેલાઓને નાબૂદ કરવા ! ઉદ્દેશ લગભગ એક જ; માર્ગ જુદા જુદા ! નહિ ? સહુને સુખી કરવાની ભાવનામાં પણ અંતે તો પોતાની જાતને સુખી કરવાની તૃષ્ણા જ ઝાંખી ઝાંખી રહેલી છે ને ?

નવનીતલાલ શેઠનો બંગલો આવી પહોંચ્યો. જેમ ઝૂંપડીઓની એક જ શૈલી, ચાલની એક જ શૈલી, તેમ ધનિકોના બંગલાઓની પણ એક જ શૈલી ! બંગલાઓના દેખાવ આકર્ષક... પરંતુ પ્રત્યેક બંગલા ઉપર જાણે અલિખિત અક્ષરોથી કોઈ ભયંકર મનાઈ લખી રાખી હોય એમ તેને દેખાતું :

'આ બંગલો મારો છે... મારી રજા વગર કોઈને પણ એમાં આવવાનો અધિકાર નથી !'

બંગલામાં જ્યાં નજર નાખીએ ત્યાં આવા જ અક્ષરો લખી રાખેલા

હોય એમ સુરેન્દ્રને અહીં પણ ભાસ થયો.

સુરેન્દ્રને તો અંદર આવવાની પરવાનગી જ હતી - આમંત્રણ જ હતું. પરંતુ વિશાળ કમ્પાઉન્ડના અનેક બંધ દરવાજાઓમાંથી પ્રવેશનો દરવાજો કયો એ શોધતાં વાર લાગી. અને પ્રવેશ કરતાં જ તેને દેખાયું કે શીખ તથા ગુરખા દરવાનો, વાઘ બનવાની તૈયારી કરી રહેલા કૂતરાઓ, અને એ બન્ને વ્યૂહથી બચી જતાં પ્રત્યેક આવનારને ચોર માનતા પૂછપરછિયા નોકરોનાં ચક્રો ભેદ્યા સિવાય ધનિકગૃહમાં કોઈને પ્રવેશ મળે એમ બને જ નહિ. પ્રવેશ મળ્યો ત્યારે સુરેન્દ્રને આજ્ઞા પણ મળી કે શેઠસાહેબ ચા પી રહે નહિ ત્યાં સુધી એણે રોકાવું !... એટલે કે ઊભા રહેવું !

માનવી રોકાય એના કરતાં ધનિકની ચાનું મહત્ત્વ વધારે જ હોય. અડધા પોણા કલાકની આસાએશ માટે તૈયારી કરી ખુરશી શોધવા મથતા સુરેન્દ્રે પોતાને થતું સંબોધન સાંભળ્યું :

'સુરેન્દ્ર ! તું અહીં ક્યાંથી ?'

સુરેન્દ્રે પાછળ ફરીને જોયું તો એણે શ્રીલતાને નિહાળી.

'મને નવનીતલાલ શેઠે બોલાવ્યો છે....પણ તું ક્યાંથી અહીં, શ્રીલતા ?' સુરેન્દ્રે જવાબમાં પૂછ્યું.

'નવનીતભાઈ અમારા સગા થાય છે... આજ તો હું અને જ્યોત્સ્ના બન્ને એમની દીકરીઓને મળવા આવ્યાં છીએ.'

'જ્યોત્સ્ના પણ અહીં છે ?'

'હા, ભાઈ ! તને ગમે કે ન ગમે તોપણ અમે તો બધે જ ખરાં. ચાલ અંદર, બધાં સાથે ચા પીએ.'

'હું તો ચા પીતો જ નથી ને !'

'ભલે, પણ અમસ્તો આવીને તો બેસ !'

'હું કોઈને ઓળખતો નથી... અને મને આમંત્રણ નથી.'

'આમંત્રણ મારું માની લેજે...' કહીને શ્રીલતાએ તેનો હાથ ઝાલી ખેંચ્યો અને બન્ને જણ બંગલાની અંદરના ભાગમાં ગયાં.

એક સરસ શૃંગારિત ખંડમાં બેસી ત્રણચાર છોકરાઓ, ત્રણચાર છોકરીઓ, ગૃહિણી ને ગૃહમાલિક તથા જ્યોત્સ્ના તેમ જ મધુકર સાથે બેસી ચા પીતાં હતાં ! સુરેન્દ્રને જોતાં બરાબર મધુકર ચમકી ઊઠ્યો, અને તેની નોંધ જ્યોત્સ્નાએ લીધી હોય એમ પણ સુરેન્દ્રને લાગ્યું.

'આ અમારાં સહુના મિત્ર છે... શ્રી સુરેન્દ્ર... બહુ માનવંત મિત્ર

...બહાર બેઠા હતા તે હું ખેંચી લાવી અંદર... એમને એમ એકલા બેસાડી ન રખાય...' શ્રીલતાએ કહ્યું અને એક ખુરશી ઉપર તેને બેસાડ્યો.

સુરેન્દ્ર અને મધુકર બન્નેએ જોયું કે જ્યોત્સ્ના સુરેન્દ્ર સામે જોતી જ ન હતી - જાણે તેને કદી ઓળખ્યો જ ન હોય, અગર એને ઓળખવાની તેને પરવા જ ન હોય.

'હા હા, સારું કર્યું, બહેન ! તું એમને અંદર લઈ આવી તે ...એમને નકામાં બહાર બેસી રહેવું પડે...ચા આપ એમને.' નવનીતલાલે કહ્યું.

ધર્મિષ્ઠ ગણાતા એ જ ધનિકને થોડા જ સમયમાં આખું અર્થશાસ્ત્ર શીખી લેવું હતું !

'સુરેન્દ્રભાઈ અમારી ચા પીતા જ નથી.' શ્રીલતા બોલી.

'ટોસ્ટ તો આપ... જરા સારું માખણ અને મુરબ્બો લગાડીને.' નવનીતલાલે કહ્યું. જનતાના મોટા ભાગને જિંદગીભર જે વસ્તુઓ મળતી નથી તે ધનિકોના ઘરમાં ચાર ચાર વખત જમી શકાય છે. નાનો ટોસ્ટનો ટુકડો સુરેન્દ્રને લેવો પડ્યો, પરંતુ જે બીજાને ન મળી શકે તે પોતાનાથી ન જ લેવાય એ તેનો નિશ્ચય દૃઢ થતો ગયો.

સુરેન્દ્ર એ પણ સમજી શક્યો કે જ્યોત્સ્ના તથા શ્રીલતાએ ગોઠવેલા નાટકમાં નવનીતલાલની પુત્રીઓને ભાગ લેવાનો ઉત્સાહ હતો, ને એ અંગે વાતચીત કરવા નવનીતલાલ તથા તેમનાં પત્નીએ જ્યોત્સ્ના તથા શ્રીલતાને બોલાવ્યાં હતાં. જ્યોત્સ્ના જાય ત્યાં મધુકરે જવું જ જોઈએ એવો લગભગ નિયમ થઈ ચૂક્યો હતો. અને જોકે મધુકરનાં માતાપિતાએ ધનિક ઘરની કન્યા લેવાની શર્તમાં વધારે પડતો લોભ દર્શાવ્યો હતો અને જ્યોત્સ્નાનાં માતાપિતાને નારાજ કર્યાં હતાં, છતાં એ પરિસ્થિતિને વાળી લેતાં મધુકરને નહોતું આવડતું એમ તો કહેવાય જ નહિ. પોતાનાં માબાપ દ્વારા પોતાની આર્થિક કિંમત કરાવી એ કિંમત જતી કરવાની ઉદારતા પ્રદર્શિત કરવાનું મધુકર ચૂકે જ નહિ... એ જાણતો જ હતો કે જ્યોત્સ્નાની મિલકત એ એની જ મિલકત હતી !

વધારામાં મધુકરે એ પણ સમજી લીધું હતું કે જ્યોત્સ્નાનો સુરેન્દ્ર પ્રત્યેનો પ્રેમ હજી પૂરો ઓસર્યો ન હતો. સુરેન્દ્રને વિચિત્ર, કફોડી અને જ્યોત્સ્નાનો પ્રેમ ઓસરી જાય એવી સ્થિતિમાં મૂકી દેવાની મધુકરને ઈચ્છા હતી જ. અને ઈચ્છા પાર પાડવાની યોજના પણ તે ઘડતો હતો. દરમિયાન એક યોજના એને એ જડી જ કે જ્યોત્સ્નાને બને ત્યાં સુધી એકલી મૂકવી જ નહિ. અને એ સિદ્ધાંત અનુસાર તે આજે જ્યોત્સ્નાની સાથે જ

નવનીતલાલને ઘેર વગર આમંત્રણે પણ આવ્યો હતો. રાવબહાદુરના સેક્રેટરી તરીકે તેને હવે ધનિક ઘરોમાં માગે ત્યારે સ્થાન મળી શકતું. જ્યોત્સ્નાની સાથે ફરીને હવે મધુકર રાવબહાદુરના જમાઈનું સ્થાન નક્કીપણે જાહેર કરવા મથી રહ્યો હતો. સુરેન્દ્ર ઘરમાંથી રવાના થયો હતો. અને જ્યોત્સ્નાએ પોતાની સાથેના લગ્નની ના પાડી હોય એવો તેને આભાસ પણ થયો ન હતો - જ્યોત્સ્નામાં સંકોચ દેખાયો હોય છતાં.

તેમાં પાછી શ્રીલતાને એણે જોઈ અને સાથે જ હવે અણગમતા બની ગયેલા સુરેન્દ્રને પણ અણધાર્યો જોયો. એ ચમક્યો તો ખરો જ; પરંતુ એની તીવ્ર બુદ્ધિએ શ્રીલતા અને સુરેન્દ્રના સહપ્રવેશમાં પોતાનો માર્ગ મોકળો થતો પણ નિહાળ્યો. દસેક મિનિટ વહેલાં આવેલાં જ્યોત્સ્ના અને મધુકરને નવનીતલાલ, તેમનાં પત્ની અને બાળકો વહેલાં જ ચાખંડમાં લઈ આવ્યાં હતાં. શ્રીલતા કાંતો દસ મિનિટ વહેલી પણ આવી ચઢે અને દસ મિનિટ મોડી પણ આવે, એવી તેણે પોતાને માટે ખ્યાતિ મેળવી હતી. તે સહજ મોડી પડી અને એણે પણ સુરેન્દ્રને નવનીતલાલની રાહ જોતો અણધાર્યો જ નિહાળ્યો. સગપણને અંગે એ સુરેન્દ્રને અંદર તો લાવી શકી, પરંતુ એનો એક સુંદર ઉપયોગ કરવાની મધુકરને એમાંથી યુક્તિ જડી આવી એનો ખ્યાલ મધુકરને એકલાં મળતા સુધી શ્રીલતાને પણ આવ્યો નહિ.

ચા પીવાની ક્રિયા પૂરી થઈ. એ ક્રિયા પણ શ્રાદ્ધ કરવા જેટલો જ વિધિ માગી લે છે. નવનીતલાલે અંતે કહ્યું :

'તો હું આ તમારા મિત્રને મારી સાથે લઈ જાઉં છું.'

'કેમ ?' શ્રીલતાએ કારણ પૂછ્યું.

'મારે એમનું થોડું કામ છે.'

'એની પાસે કામ ફાવે એટલું કરાવજો; પણ એને ચર્ચામાં ન ઉતારશો.' મધુકરે મિત્રનો પરિચય આપ્યો.

'કેમ ?' નવનીતલાલે પૂછ્યું.

'એ નહિ હોય ત્યાંથી સામ્યવાદ ઊભો કરશે અને એને ગાંધીવાદી અંચળો ઓઢાડશે.' શ્રીલતાએ જ મધુકરનો જવાબ આપી દીધો.

ચબરાક વાતની પટાબાજી ઉપર રીતસર હસવું જોઈએ તે પ્રમાણે હસ્યાં. એક અક્ષર ઉચ્ચાર્યા વગર બેઠેલા સુરેન્દ્રને સાથમાં લઈ નવનીતલાલ પોતાના કાર્યખંડમાં ગયા. જતે જતે સુરેન્દ્રને શ્રીલતાએ કહ્યું:

'સુરેન્દ્ર ! અમારું "સ્ટેજ રીહર્સલ" એક અઠવાડિયામાં જ થવાનું છે.

તારા વગર અમે એ કરીશું નહિ. ગરીબોની સેવા એ દિવસે જરા મુલતવી રાખજે.'

'ક્યાં રાખ્યું છે ?' જતે જતે સુરેન્દ્રે પૂછ્યું.

'રાવબહાદુરને બંગલે...જ્યોત્સ્ના બીજે ક્યાં થવા દે એમ છે ?' કહી શ્રીલતા હસી.

એ જ ક્ષણે સુરેન્દ્ર સામે આટલી વારે જ્યોત્સ્નાએ જોયું... સુરેન્દ્રે પણ જ્યોત્સ્ના સામે જોયું અને બન્નેએ પોતપોતાની દૃષ્ટિ ખસેડી લીધી. સુરેન્દ્ર અને નવનીતલાલ ખંડની બહાર નીકળી ગયા.

મધુકર અને શ્રીલતા જ્યારે જ્યારે મળતાં ત્યારે એકાંત શોધી કાઢતાં... અને લડતાં. આજ પણ શ્રીલતાએ જ કહ્યું :

'ઉષાબહેન ! તમારું સંગ્રહસ્થાન હું મધુકરને બતાવી દઉં... જ્યોત્સ્ના ! તેં તો જોયું છે. ઉત્સવ અંગેની બધી વાત ઉષાબહેનને તું સમજાવ. એમની પાસેથી નાટકની અનેક વસ્તુઓ મળે એમ છે.'

મધુકર પણ આજ બહુ દિવસે અણગમો દર્શાવ્યા સિવાય ઊભો થઈ શ્રીલતા સાથે જરાય આનાકાની વગર બહાર નીકળી ગયો. જ્યોત્સ્નાએ ઉષાબહેનને અને તેમની નાનીમોટી દીકરીઓને ગ્રામ્યદૃશ્ય ભજવવા અંગે વાતો કરી, અને તેમાં સહુ કોઈ ભાગ લે એવી ઈચ્છા પણ વ્યક્ત કરી.

'હું તો હવે શું ભાગ લઉં ? પણ આ છોકરીઓ જરૂર આવશે.' ઉષાબહેને કહ્યું. ઉષા નામ ધારણ કરનારી સન્નારીઓએ મોટે ભાગે પોતાના જીવનમાં કાંઈ અને કાંઈ નાટકો કરેલાં જ હોય એમ નામની નવીનતા અને મૂળ નામધરી બાણાસુરની ઉષાના ઈતિહાસ ઉપરથી કહી શકાય ખરું. નવનીતલાલનાં પત્ની ઉષાબહેનને પણ એમના યુગમાં સારાં નાટકો, મૂક દૃશ્યો અને નૃત્યો ગોઠવેલાં - જે ઉપરથી નવનીતલાલે તેમના પ્રેમમાં પડી બીજી કન્યાઓને બાજુએ મૂકી ઉષાબહેન જોડે સ્નેહલગ્ન કરેલાં. જીવનમાંથી સ્નેહ જવા છતાં લગ્ન તો વળગેલું જ રહે છે ! નવનીતલાલ અને ઉષા વચ્ચે સ્નેહ ઘટ્યો હોય એમ બેમાંથી કોઈ પણ જણાવા દેતું નહિ, અને તેથી એ બન્ને પતિપત્ની ઘણાં ઘણાં સંસ્કારવર્ધક કાર્યોમાં ભાગ લેતાં હતાં અને અનેક સંસ્થાઓનાં મુરબ્બી સભ્યો તરીકે કલા-સંસ્કારને મદદ કરતાં.

લગભગ પોણો કલાક થયો. મધુકર અને શ્રીલતાએ નવનીતલાલનું સંગ્રહસ્થાન બહુ વિગતે નિહાળ્યું. જ્યોત્સ્નાએ દૃશ્યનો આખો ચિતાર અનુભવી ઉષાબહેનને સમજાવ્યો અને એમની સૂચનાઓ ધ્યાનપૂર્વક

નોંધી રાખી તેમની સહાય નક્કી કરી.

જવાનો સમય તો સહુને માટે છે જ !

જ્યોત્સ્નાએ ઉષાબહેનની રજા લઈ શ્રીલતાને કહ્યું :

'ચાલ, શ્રીલતા ! હું તને મૂકી દઉં.'

'ના. તું અને મધુકર બન્ને સાથે જાઓ ને ? હું તો આજ સુરેન્દ્રને લઈને જવાની છું.' શ્રીલતાએ કહ્યું.

મધુકર અને જ્યોત્સ્નાએ શ્રીલતા સામે જરા તાકીને જોયું અને બન્નેએ વિદાય લીધી.

સુરેન્દ્રની રાહ જોતી શ્રીલતા નવનીતલાલના ખંડમાંથી સુરેન્દ્ર બહાર નીકળે એની ખબર મંગાવી બેઠી હતી. ખબર આવી એટલે શ્રીલતાએ પણ વિદાય લઈ સુરેન્દ્રનો સાથ લીધો.

બંગલાની બહાર નીકળતાં જ સુરેન્દ્રે પૂછ્યું :

'શ્રીલતા ! આજ મારા ઉપર કેમ કૃપા કરી ?... ગાડી કરી લાવું ?'

'ના. ગાડીમાં ઝડપથી જવાય. મારે તારી સાથે લાંબી વાત કરવી છે. તારા ઉપર મારી કેમ કૃપા થઈ છે એનું કારણ હું તને ચાલતે ચાલતે કહીશ.' શ્રીલતા બોલી.

'વાત કરી શકાય એવું એકાંત પણ લાંબે સુધી ચાલશે.' સુરેન્દ્રે હસીને કહ્યું.

'ત્યારે તને પણ મારી સાથેનું એકાંત ગમ્યું ખરું !'

'એટલે ?' જરા ચમકીને સુરેન્દ્ર બોલ્યો.

'એટલે કાંઈ નહિ. મધુકરે મને આજ બહુ જ લાંબી અને ગમે એવી શિખામણ દીધી.'

'શાની ?'

'મારે તારી સાથે પ્રેમ કરવો એવી શિખામણ !' સ્વસ્થતાપૂર્વક શ્રીલતાએ કહ્યું.

'શ્રીલતા ! મારી સાથે પ્રેમ ? મશ્કરી ન કરીશ...હું તો પ્રેમથી ભાગનારો માનવી છું.'

'પરંતુ મધુકર તને વધારે જાણે છે. એમ કહે છે કે મારો પ્રેમ કરવા લાયક કોઈ પણ યુવક હોય તો તે તું જ છે !' શ્રીલતાએ કહ્યું. રસ્તો શૂન્ય હતો એટલે યુવકયુવતીની પ્રેમની વાત પ્રેરી શકે એવો હતો.

'પછી ?'

'પછી શું ? તુંયે કેવો પ્રશ્ન કરે છે ? પછી એટલું જ કે... તને હું પૂછી લઉં. તારી સાથે પ્રેમમાં પડવાની મને રજા છે ખરી ?' શ્રીલતાએ જરા હસીને જવાબ આપ્યો.

'તું ખોટું તો નહિ લગાડે ? મારે એક પ્રશ્ન તને કરવો છે.'

'વારુ. આજની સ્ત્રીએ ગમે તેવા પ્રશ્નોથી ટેવાઈ જવું જોઈએ. ફાવે તે પ્રશ્ન પૂછે લે.'

'તું અને મધુકર... એવાં પ્રેમી ગણાતાં... કે તમારાં લગ્નની અમે સહુ રાહ જોતાં હતાં... એ આજ કેમ બદલાઈ ગયું ?'

'સુરેન્દ્ર ! પ્રેમની વ્યાખ્યા જ આપણે ખોટી કરીએ છીએ. પ્રેમ અચલ હોઈ શકે જ નહિ... એ ફરતો જ રહે... આપણે નાહક એની સ્થિર સ્થાપના કરવા માગીએ છીએ.. મધુકરને પહેલાં હું ગમતી હતી, હવે એને જ્યોત્સ્ના ગમે છે...' કહી શ્રીલતાએ ચાલતે ચાલતે સુરેન્દ્રની સામે જોયું. જ્યોત્સ્નાનું નામોચ્ચારણ પણ સુરેન્દ્રને ગમતું હોય એમ શ્રીલતાને લાગ્યું.

'જ્યોત્સ્નાને પણ હવે મધુકર ગમતો જ હશે ને ?' સુરેન્દ્રે પૂછ્યું.

'તે સિવાય બન્ને ભેગાં અને ભેગાં અડકી અડકીને ફરતાં હશે ? તું જોતો નથી, આવ્યાં સાથે અને ગયાં સાથે... મને કે તને લીધા વગર... મધુકરને બોલાવ્યો નહોતો, છતાં એને સાથે લેઈને જ જ્યોત્સ્ના આવી !'

'હં.' સુરેન્દ્રે લાંબો જવાબ ન આપ્યો.

'એટલું કહીને અટકી જવાની જરૂર નથી... મારા પ્રશ્નનો જવાબ તેં કેમ ન આપ્યો ?'

'કયો પ્રશ્ન ?'

'તારી સાથે પ્રેમમાં પડવાની પરવાનગી બદલનો.'

'શું તુંયે, શ્રીલતા ? ઘેલી વાત કરે છે ? પ્રેમનીયે પરવાનગીઓ હોતી હશે ?'

'હાસ્તો...તેં બિચારી જ્યોત્સ્નાને નિરાશ કરી... એટલે એ બીજું શું કરે ?... મધુકર હા પાડશે ત્યાં સુધી એની સાથે ફરશે... તમે પુરુષોએ સ્ત્રીઓની કેવી બૂરી હાલત કરી છે એનું તમને ભાન જ નથી હોતું... ચાલ ત્યારે... આપણે પણ પ્રેમની રમત અત્યારથી શરૂ કરીએ... જો પેલી ગાડી જાય..હું થાકી છું...એ ગાડીવાળા !' બૂમ પાડી શ્રીલતાએ રસ્તે જતી રિક્ષાને આમંત્રણ આપ્યું અને પોતે પહેલી બેસી ગઈ.

સુરેન્દ્રે સાથે જવાની આનાકાની કરી એટલે શ્રીલતાએ તેનો હાથ

ખેંચી ગાડીમાં લેઈ લીધો અને ગાડી ચાલવા લાગી.

'તારે આનાકાની કરવાની જરૂર નથી...હું જાણું છું તારી પાસે ગાડી કરવા જેટલો પૈસો નહિ જ હોય.' શ્રીલતાએ કહ્યું.

'આ ગાડીના પૈસા હું જ આપવાનો છું.' સુરેન્દ્રે દૃઢતાથી કહ્યું.

'મારી પાસેથી ઉછીના લેઈને જ ને ?' હસીને શ્રીલતા બોલી.

'કોણે આપ્યાં ?'

'નવનીતલાલે.'

'એ તે પહેલા આપે ? નોકરી તો તું આજે શરૂ કરે છે.'

'છતાં આપ્યા... અને તને નવાઈ લાગશે કે એમાં જ્યોત્સ્નાની જ ભલામણ હતી.'

'એટલે ?'

'મારી નોકરીની - નોકરીની શરત - એણે પહેલેથી જ ગોઠવણ કરી હતી.. એમાં મુખ્ય શરત એ હતી કે મહિના સુધી મને રોજિંદો પગાર આપવો..'

શ્રીલતાના મુખ ઉપર જરા પ્રસન્નતા વ્યાપી.

જરા વાર રહી સુરેન્દ્રે કહ્યું :

'શ્રીલતા ! મારો એક સંદેશો જ્યોત્સ્નાને ન પહોંચાડે ?'

'તે તું જ પહોંચાડ ને ? તારે અને એને બોલવાની તો બાધા નથી ને?'

'હમણાંની એ બોલતી નથી મારી સાથે.'

'કહે; શું કહેવું છે ?'

'જ્યોત્સ્નાને એમ કહેજે કે મારી ચિંતા કરવી મૂકી દે.'

'એક શરતે - કહીશ.'

'શી શરત ?'

'હું તારી સાથે પ્રેમ કરતી રહીશ..' કહી શ્રીલતા ખડખડ હસી અને સુરેન્દ્ર ચમકી ઊઠ્યો.

# ૩૫

## લાજ-મલાજો

'ચમકવાની જરૂર નથી... આ ગાડીવાળો ભલે સાંભળે ! તોય હું કહું છું કે તારી સાથે પ્રેમ કરતી જ રહીશ.' ચમકી ઊઠેલા સુરેન્દ્રને શ્રીલતાએ કહ્યું.

'પરંતુ... એમાં મને મુશ્કેલી તો ખરી જ ને ?' સુરેન્દ્રે બીતે બીતે જવાબ આપ્યો.

'પુરુષોને પ્રેમમાં કદી મુશ્કેલી પડે જ નહિ...'

'કેમ એમ ?'

'જો ને ! મધુકરે મારો પ્રેમ જતો કર્યો અને હવે જ્યોત્સ્ના તરફ વળ્યો.'

'એનું મધુકરને બહુ દુઃખ દેખાતું નથી.'

'હું એ જ કહું છું ને ! પ્રેમમાં પુરુષ કદી દુઃખી થતો જ નથી... જ્યોત્સના સાથે મધુકરનું લગ્ન થાય એટલી જ વાર... પછી એ મધુકર નવો પ્રેમ કરશે.'

'શ્રીલતા ! હું એમ પૂછું છું કે સ્ત્રીઓને પ્રેમ સિવાય બીજી વાત જ સૂઝતી નથી શું ?'

'પુરુષોનું પણ એમ જ છે... બન્ને વચ્ચે પ્રેમની શરત રચાય છે... સ્ત્રીઓને તો પ્રેમ પછી ઘર અને બાળકનો પણ વિચાર આવે; પુરુષને તો પ્રેમ સિવાય બીજો ખ્યાલ જ રહેતો નથી... એટલે એ પુરુષ સર્વદા પ્રેમમાં જીતે જ છે... અને પ્રેમનાં ઈનામો કબાટમાં ભેગાં કરે છે.'

'પરંતુ મારે પ્રેમમાં જીતવું નથી... હારવું છે.'

'હારવાનો ધંધો જ તું લઈને બેઠો છે... એમાં કોઈ શું કરે ?'

'પછી તું તો પ્રેમ કરવાની મને ધમકી આપે છે !'

'ધમકી નહિ... એ સત્ય છે.'

'તો પછી મારે ક્યાં ભાગવું ?'

'ભાગવાની જરૂર જ ક્યાં છે ?'... તું તો સ્વાતંત્ર્યનો હિમાયતી છે

ને ?'

'હાઃ જરૂર.'

'તો પછી... મારી પ્રેમ કરવાની સ્વતંત્રતામાં તું વચ્ચે કેમ આવી શકે?'

'પરંતુ એમાં તો મારો પ્રશ્ન પણ આવે ને ?'

'તને ફાવતું ન હોય તો તું પ્રેમ ન કરીશ... પરંતુ મારા હક્ક ઉપર કોઈ તરાપ મારી શકશે નહિ...'

'હું પ્રેમની ના પાડ્યા કરું... અને તું મને પ્રેમ કર્યા કરે એમ ?'

'હવે એ વાત જ ભૂલી જા... મારું ઘર પાસે આવે છે... અને અંધારું પણ થઈ ચૂક્યું છે... હું મારે રસ્તે અને તું તારે રસ્તે... પરંતુ એ રસ્તામાં કદી કદી આપણે મળીશું ખરાં જ...'

'ક્યારે ?'

'એક અઠવાડિયામાં. અમારો નાટ્યપ્રયોગ તારે જોવો જ પડશે ને ?...બે વખત..રીહર્સલ અને પ્રયોગ...'

'હમણાં "રીહર્સલ" તો ચાલે છે ને ?'

'જીવનને "રીહર્સલ" માનીને જ ચાલજે... નાટક સાચું પડે ત્યારે ખરું.'

'શ્રીલતા ! તુંયે કોઈ મહાન ફિલસૂફ જેવું બોલે છે !'

'સ્ત્રી એટલે કવિતા જ માત્ર નહિ...સ્ત્રી એટલે ફિલસૂફી પણ ખરી જ. બાય, બાય... ધ્યાનમાં રાખજે... તારે માથે મારા પ્રેમઅભિનયનું જોખમ છે ખરું !' કહી હસી શ્રીલતાએ ગાડીમાંથી ઊતરી પોતાના મકાન તરફનો માર્ગ લીધો, અને સુરેન્દ્રને લેઈ ગાડી આગળ ચાલી.

ચાલતે ચાલતે કોણ જાણે કેમ પણ સુરેન્દ્રને જ્યોત્સ્ના યાદ આવી. સુરેન્દ્ર સાથે એ આજ બોલી પણ ન હતી અને સુરેન્દ્રને પોતાની સાથે કારમાં આવવાનું આમંત્રણ પણ આપ્યું ન હતું !

શા માટે એ હવે એને આમંત્રણ આપે ?

ત્યારે... આ નવી રોજિંદા પગારની નોકરી પણ એણે જ અપાવી લાગે છે, એ શું ? એ દયાભાવના કે પ્રેમ ? એક પુરુષને જ્યોત્સ્નાએ દયા આપી. બીજાને પ્રેમ આપ્યો ! દયા ઉપર જિવાય ? પ્રેમ ઉપર જિવાય ? કે બન્ને ઉપર ? સુરેન્દ્રને નહોતી જોઈતી દયા કે નહોતો જોઈતો પ્રેમ !

ત્યારે શા માટે એને જ્યોત્સ્નાના વિચાર આવવા જોઈએ ? મધુકર

સાથેના પ્રેમમાં એ ભલે સુખી થતી ! મધુકર અને જ્યોત્સ્ના અત્યારે શું કરતાં હશે એની કલ્પના સુરેન્દ્રે શા માટે કરવી જોઈએ ? કોઈ ક્લબમાં ગયાં હશે ? કારમાં ફરવા ગયાં હશે ! અથવા કોઈ ચલચિત્ર જોતાં બેઠાં હશે !

પરંતુ સુરેન્દ્રની એ કલ્પના સાચી ન હતી. જ્યોત્સ્ના મધુકર સાથે કારમાં પાછી ફરતી હતી એ સાચું; પરંતુ મધુકરની બહુ જ ઈચ્છા છતાં જ્યોત્સ્ના તેને અઢેલીને કે અડીને બેઠી નહિ. અને મધુકરના તેવા પ્રયત્નો તેણે નિષ્ફળ બનાવ્યા હતા. મધુકર સાથે જ્યોત્સ્નાએ વાત પણ કશી કરી નહિ. અને તેને વાતમાં દોરવાની મધુકરની ચબરાકી પ્રણ જાણે નિરર્થક બનતી હોય એમ જ્યોત્સ્નાનું વલણ મધુકરને દેખાયું.

'અત્યારે ક્યાં જઈશું ?' મધુકરે અશબ્દ સાન્નિધ્યમાં શબ્દ મૂકી જાગૃતિ લાવવા માંડી.

'ઘેર જ જઈશું.' જ્યોત્સ્નાએ કહ્યું.

'હજી ઘણો વખત રહેશે... તું કહે તો ક્લબમાં જઈએ.'

'ના રે ! મને એ પત્તાં, નિંદા અને હસાહસ પસંદ નથી.'

'તો... બગીચામાં જઈ ઘડી બેસીએ.'

'અબોલ ખીલતાં પુષ્પોને માનવવાણી રંજ પહોંચાડતી લાગે છે...'

'તુંયે કાંઈ કવિતા લખવા જેવું બોલે છે !' મધુકરે હસીને કહ્યું.

'મને હમણાં ઘણી કવિતા સ્ફુરે છે.'

'તો ચાલ. આપણે એક સરસ ચિત્ર જોઈએ.'

'ના, આજ નહિ... ફરી કોઈ વાર...'

'હું કહું છું એ ચિત્ર આજ છેલ્લું જ બતાવાશે...'

'બીજાં આવશે ને ?'

'પણ આવું સારું નહિ હોય !'

'ઉત્તમોત્તમ નથી એવી જાહેરાત વાળું એકે ચિત્ર કદી હોય ખરું ?'

'જવા દે આજ !' કહી જ્યોત્સ્નાએ ખસી ગયેલો માથા ઉપરનો સાડીછેડો સફાઈપૂર્વક ગોઠવ્યો અને બારી બહાર એણે નજર સ્થિર કરી.

મધુકર આ ગુમાનભરી ધનિક છોકરીની અર્થહીન આડાઈ જોઈ રહ્યો - વિચારી રહ્યો. લગ્ન સુધી પુરુષપ્રેમીઓને સ્ત્રીપ્રેમીની આડાઈ સહન કરવી જ રહી. પરંતુ લગ્નમાં સ્ત્રીઓની બધી જ વિચિત્રતાનો અંત લાવવાનો ઈલાજ સમાયેલો છે એમ મધુકરનું જ્ઞાન ન હોય એવું બને જ નહિ. લગ્નને પ્રથમ દિવસે જ આ લાડઘેલી ને મનમોજી જ્યોત્સ્નાને સીધી

બનાવી દેવાની તક જરૂર મળશે એવી સ્વાભાવિક આશા તે સેવી રહ્યો. લગ્ન એટલે ? પુરુષની મુક્તિ અને સ્ત્રીનું બંધન ! નહિ. પરંતુ એ લગ્નની કક્ષાએ પહોંચતા સુધી યોગીને શોભે એવી ધીરજ પુરુષે ધારણ કરવી રહી. મધુકર તેને માટે તૈયાર હતો.

'ભલે, તારી મરજી... પણ તું આમ અબોલ કેમ બની જાય છે ?' મધુકરે પૂછ્યું.

'હું કદી પણ ક્યારે વધારે બોલતી ? બોલવાની ટેવ તો શ્રીલતામાં છે...' જ્યોત્સ્નાએ કહ્યું.

'એનું નામ બાજુએ મૂક...જ્યાં અને ત્યાં એ સામે અને સામે ખરી... અને તુંયે એને બહુ બોલાવ બોલાવ કરે છે....એવી ચઢી ગઈ છે એ છોકરી !'

'એના વગર કેમ ચાલે ? આખી નાટ્યદૃશ્યની યોજના જ એની.'

'પછી એનો બહુ સાથ ન રાખીશ...એણે હવે સુરેન્દ્ર જોડે લટૂડાં કરવા માંડ્યાં છે... જોયું ને ?'

'શું કરે બિચારી ? તેં તરછોડી એટલે ?'

'મેં કારણ વગર એને તરછોડી નથી જ... આવું આવું ઘણું જોયા પછી જ મેં એને ના સંભળાવી. છતાંય, એને કશી શરમ કે મર્યાદા જ નહિ... જ્યાં હોય ત્યાં પ્રેમની જ વાત... સહુ સાંભળે એમ... બહુ વાંધાભરેલું વલણ.'

'હં' કહી જ્યોત્સ્નાએ બારી બહાર જોવું ચાલુ રાખ્યું. અને થોડી વાર કારની અંદર શાન્તિ પ્રસરી.

સ્નેહ શાન્તિ સહી શકતો નથી. જરા રહીને મધુકરે કહ્યું :

'જ્યોત્સ્ના !'

'કેમ ?' જ્યોત્સ્નાએ ઝડપી પ્રશ્ન કર્યો.

'મારી સાથે એકાક્ષરી ઉચ્ચારણની જરૂર નથી.'

'તેં જ હમણાં કહ્યું ને કે શરમ તથા મર્યાદા ન હોવાથી તેં શ્રીલતાને બાજુએ મૂકી ! પછી હું કેમ વધારે બોલું ?'

'શ્રીલતા તો જ્યાંત્યાં ચપચપાટ કરતી...આપણે બન્ને તો એકાન્તમાં છીએ.. અહીં પડદાની જરૂર નથી.'

'અહીં જ પડદાની જરૂર છે.'

'જરા પણ નહિ...' જ્યોત્સ્નાનો હસ્તસ્પર્શ કરવા મથતા મધુકરે

કહ્યું.

મથન સફળ ન હતું.

'કદાચ... હવે પછી તું મને તારી લાજ કાઢતી જુએ તો આશ્ચર્ય ન પામીશ.' કહી જ્યોત્સ્નાએ જરા તીરછી આંખે મધુકર તરફ જોયું. તીરછી નજર સર્વદા તલવારનો ઘા કરે છે. પરંતુ એ ઘાવ ગમી જાય છે. મધુકરે પ્રસન્ન થઈ હસતે હસતે કહ્યું :

'લાજ ? ઘૂમટો ?... અરે શી વાત તું કરી રહી છો, જ્યોત્સ્ના !... વીસમી સદીમાં ?'

'લાજ અને ઘૂમટા ઉપર તો કવિતાઓ રચાઈ છે, મધુકર !'

'પણ તે કાયમ રાખવા માટે નહિ, ખોલવા માટે !'

મધુકરની ચબરાકીએ તેને મદદ કરી. વાર્તાલાપમાં તેને વિજય મળ્યો એમ માની મધુકર હસ્યો પણ ખરો... આટલી સ્પષ્ટ વાત બોલવાનો તેને હવે અધિકાર હતો ! પરંતુ જ્યોત્સ્ના પાસે પણ જવાબ હતો ખરો.

'વીસમી સદીમાં તો ઘૂમટા બહુ ખૂલી ગયા... ન ગમે એટલાં મુખ ખુલ્લાં થયાં... પાછાં બુરખે ઢાંકી દેઈએ - જેથી કવિતા લખાવી શરૂ થાય... જો, આમ !' મુખ વધારે ઢાંકી જ્યોત્સ્ના બોલી.

ઘર આવી ગયું હતું એટલે બન્નેને ગાડીમાંથી ઊતરવાનું હતું જ ! જ્યોત્સ્નાએ વાક્ય પૂરું કરી મુખ ઉપર જૂની ઢબે સહજ સાડી ખેંચી અને તે કારનું બારણું ખોલી એકાએક મધુકરને હસતો મૂકી ચાલી જ ગઈ ! મધુકરને એમાં પ્રેમરમત દેખાઈ ! યુવતી મુખ ખોલે કે ઢાંકે તોય તે બન્ને અભિનય પ્રેમીને તો દિલ ધડકાવનાર જ હોય છે.

જ્યોત્સ્નાએ ફરીને પાછું જોયું નહિ - જોકે મધુકરને આશા હતી કે દૂરથી જ્યોત્સ્ના પોતાનું મુખ દર્શાવશે. ધીમે ધીમે તે પોતાને મળેલી સેક્રેટરીની ઓરડી તરફ ચાલ્યો. મુખ્ય ખંડમાં રાવબહાદુર અને યશોદાબહેન હસતાં હતાં. ધ્યાનથી સાંભળનાર તેમની વાતચીત સાંભળી શકે એમ હતું, અને મધુકર તો ભાવિ સસરાસાસુની વાણીના અર્થ સાંભળવા તલપી જ રહે ! એણે મધ્યવયી પતિપત્નીની વાતચીત સાંભળી પણ ખરી !

'તે... જ્યોત્સ્ના નવી ઢબે પરણવાની ના કહે છે ?' રાવબહાદુરે પૂછ્યું.

'હા... એ તો કહે છે કે એ પાનેતર પહેરશે... મુખ ઢાંકશે... મોડ

માથે પહેરશે... પીઠી ચોળાવશે... કપાળે ટીલડીઓ ચોડાવશે.. અને ખાસ્સો ઘૂમટો તાણીને ચૉરીમાં બેસશે ! પુત્રીએ પ્રદર્શિત કરેલી ઇચ્છા યશોદાબહેને પતિ સમક્ષ વ્યક્ત કરી, અને બન્ને જણ પાછાં ખડખડ હસ્યાં.

'એને આપણો યુગ પાછો લાવવો છે શું ?' હસી રાવબહાદુરે પૂછ્યું.

'તોય શું ખોટું ? લાજ-મરજાદ મને તો ગમે... આજની દુનિયા ભલે લાજ-મરજાદને હસે ! ખરું પૂછો તો લાજ-મલાજો આપણું ભૂષણ છે.' યશોદાબહેને પુત્રીની તેમને કહેલી માન્યતાને ટેકો આપ્યો.

## ૩૬

# પ્રેમનમન

મધુકર હવે સમજી શક્યો કે જ્યોત્સ્ના હમણાં હમણાં શા માટે તેની સાથે પૂર્ણ છૂટથી વર્તતી ન હતી ! જ્યોત્સ્નાએ પોતે તો લાજ સુધીની તૈયારી બતાવી હતી; અરે કારમાંથી ઊતરતાં આછી લાજ કાઢી પણ હતી ! લાજ પણ સુંદર લાગતી હતી, નહિ ? અને લગ્નમાં પણ એને જૂની ઢબનો સ્વીકાર કરવાનો હતો એમ જ્યોત્સ્નાનાં માતાપિતાએ પણ કહ્યું ! મધુકરને સ્ત્રીઓની ગમે તે ઢબ ગમતી - જૂની કે નવી ! બન્નેની પાછળ અર્થ એક જ હતો ને ? પુરુષના આકર્ષણનો જ ! ભલે, જ્યોત્સ્ના અને તેનાં માતા-પિતા પ્રાચીન પ્રણાલિકાની રમત રમી આનંદ માને ! મધુકરને પ્રાચીન કે અર્વાચીન ગમે તે ઢબે જ્યોત્સના સાથે લગ્ન જ કરવું હતું ! એ માર્ગ એનો સફળ થયો હતો - એનાં પોતાનાં માતાપિતાએ કેટલીક મુશ્કેલીઓ ઊભી કરી તે છતાં ! એક ભવ્ય પ્રેમ-બલિની છટાથી એણે રાવબહાદુરને લખી પણ દીધું હતું કે માતાપિતાની શરતોને બાજુએ મૂકીને પણ જ્યોત્સ્ના સાથે એ લગ્ન કરશે !... મુખથી ન કહેવાય એવી આ વાત એણે લખીને સ્પષ્ટ કરી હતી, અને તેમાં પોતાની કક્ષા વધારી દીધી હતી.

હવે મધુકર જ્યારે જ્યારે એકાંતમાં જ્યોત્સ્નાને મળવાનો પ્રયત્ન કરતો ત્યારે ત્યારે જ્યોત્સ્નાનું માથા-ઓઢણ જુદી જુદી પરંતુ આકર્ષક ઢબે તેના મુખ ઉપર વિસ્તાર પામતું જતું હતું, અને વાતચીતમાં શબ્દવપરાશ ઘટતો જતો હતો. એક સંધ્યાએ ફરીથી પાછાં આવી મધુકરે જ્યોત્સ્ના સાથે ઘરમાં એકાંત મેળવ્યું. મુખ ઢાંકવા મથતી જ્યોત્સ્નાને તેમ કરતાં અટકાવી મધુકરે કહ્યું :

'તારી લાજ તો વધતી જાય છે !'

'હં; નથી ગમતી ?'

'કદી કદી ગમે છે, કદી કદી નથી ગમતી.'

'હું તો હવે એ પ્રથાને પસંદ જ કરું છું.'

'ભલે, જે તોફાન કરવું હોય તે કરી લે; લગ્ન પછી તારી વાત છે !'

'લગ્ન પછી શાની આ ધમકી છે ? લગ્ન પછી તો મારાથી તને તુંકારાશે પણ નહિ; અને આટલું પણ સામે જોવાશે નહિ...'

'લગ્ન પછી તો હું પણ આજ્ઞા કરીશ.' જરા ઉત્સાહમાં આવી મધુકરે કહ્યું.

'પરંતુ લગ્ન પછી હું તારી આજ્ઞા ન માનું તો ?' જ્યોત્સ્નાએ જરા ગંભીર બની મધુકરની સામે જોઈ પૂછ્યું.

'તો તો મારે તારી જ આજ્ઞા માનવી રહી... છતાં મારી ખાતરી છે કે તું શ્રીલતા જેવી ઉછાંછળી, અછકલી અને બેઅદબ તો નથી જ.' મધુકરે પોતાની વ્યવહારદક્ષતા આગળ કરીને કહ્યું. સ્ત્રીઓના વખતવખતના મનતરંગને ઓળખીને તેમને વશ કરવાની આવડત પોતાનામાં હતી જ એમ મધુકર માનતો હતો.

'બિચારી શ્રીલતાને હવે તું શા માટે ફજેત કરે છે ? એને તો તેં છોડી દીધી !' જ્યોત્સ્નાએ મધુકરને કહ્યું. જ્યોત્સ્ના આજ બહુ દિવસે મધુકર સાથે લાંબી વાત કરવાને તૈયાર હતી. તેનો લાભ લેવાની મધુકરને ઈચ્છા થાય એ સ્વાભાવિક હતું.

'શ્રીલતાને મેં છોડી દીધી એમ તું કહે છે ?' મધુકરે જાણે પોતાને અન્યાય થયો હોય એમ મુખ ઉપર દુઃખ લાવી કહ્યું :

'શ્રીલતા તો એમ કહે છે જ.' જ્યોત્સ્નાએ જવાબ આપ્યો.

'સારું થયું કે તેં આ વાત કાઢી. હવે તને ખબર પડી કે શ્રીલતા ક્યાં ક્યાં જાય છે તે ?' મધુકરે પૂછ્યું.

'મને તો કંઈ જ ખબર નથી, ઘણુંખરું તો એ મારી સાથે જ રહે છે - આપણા નાટ્યપ્રયોગને અંગે.'

'અને નાટ્યપ્રયોગ ન હોય ત્યારે એ ક્યાં હોય છે એ તું જાણે છે ?'

'મને શી ખબર ?'

'તારે ખબર રાખવા જેવી છે.'

'કારણ ?'

'કારણ એટલું જ કે જે સમય એને મળે છે તેમાં... એ કોની સાથે ફરે છે તે તું જાણે છે ?' મધુકરે પૂછ્યું.

'ના, ભાઈ ! મને એ ખબર નથી.'

'તો તું જાણી લે કે એ તો પેલા સુરેન્દ્રની સાથે ફરે છે - જે સુરેન્દ્ર પાછળ તું ઘેલી થઈ હતી તે.'

'હું ? હું શું સુરેન્દ્ર પાછળ ઘેલી થઈ હતી ? તારી ભૂલ થાય છે, મધુકર! હું કદી કોઈ પુરુષ પાછળ ઘેલી થાઉં જ નહિ.' જ્યોત્સ્નાએ કહ્યું. તે જાણતી હતી કે કદાચ તે પોતાની જાતને છેતરતી હોય. મધુકરે પણ તેને એમ જ કહ્યું :

'તું ભૂલી ગઈ લાગે છે. મારા તરફ તેં જોયું ન હોત તો સુરેન્દ્ર તને ક્યારનો ઊંચકી લઈ ખાડામાં નાખી આવ્યો હોત. એણે હવે એ અખતરો શ્રીલતા ઉપર અજમાવવા માંડ્યો છે - તને મેં વખતસર એની ચુંગાલમાંથી ખસેડી લીધી એટલે !' મધુકરે સ્પષ્ટતા કરી.

'શ્રીલતા ઉપર, સુરેન્દ્ર ઉપર અને મારી ઉપર તું ખોટો વહેમાય છે.' જ્યોત્સ્નાએ કહ્યું.

'જેમ તું સુરેન્દ્રને અહીંની સમાજસેવાના ઢોંગમાં સહાય કરતી હતી તેમ હવે શ્રીલતા કરે છે.'

'એવું શા ઉપરથી તું ધારે છે ?'

'કહું શા ઉપરથી ! જે નવનીત શેઠને ત્યાં એને હાલમાં નોકરી મળી છે. એ શેઠનું એવું કહેવું હતું કે તેં અને શ્રીલતાએ મળીને સુરેન્દ્રને એ સ્થાને ગોઠવી દીધો છે ! એટલું જ નહિ, પરંતુ એને રોજ ને રોજ પગાર આપવા માટેની વ્યવસ્થા પણ તમે જ કરી દીધી છે.'

'એ તને કોણે કહ્યું ?' જ્યોત્સ્નાએ પૂછ્યું.

'જેણે કહ્યું તેણે. હું આ શહેરમાં છેક અજાણ્યો તો નથી જ.' મધુકરે જવાબ આપ્યો.

'તું અજાણ્યો રહી શકે જ નહીં... કદાચ નવનીતભાઈએ જ તને કહ્યું હશે - ક્લબમાં.'

'એમ પણ હોય... હું તો માત્ર વિનંતી કરી શકું... માહિતી આપી શકું... સુરેન્દ્ર અને શ્રીલતા બંનેમાં જેટલો વધારે વિશ્વાસ રાખીશ એટલી તું દુઃખી થઈશ, જ્યોત્સ્ના !'

'જો ને મધુકર ! સુરેન્દ્ર અંતે મિત્ર તો ખરો જ ને ? તારો તેવો જ અમારો. એને મુશ્કેલીમાં મદદ તો કરવી જ જોઈએ ને ? તું હોય તો તું એમ જ કરે ને ? ખરું જોતાં સુરેન્દ્રના આગ્રહથી જ તું અમારા ગૃહમાં પ્રવેશ પામ્યો.'

'એ બદલ હું સુરેન્દ્રનો આભાર માનીશ.' જરા હસીને મધુકરે કહ્યું અને વાતને પલટો આપવાની એણે યુક્તિ કરી.

'સુરેન્દ્રનો ક્યારે આભાર માનવો છે ?' જ્યોત્સ્નાએ પૂછ્યું.

'મારું લગ્ન થશે તે દિવસે - મારાં માતાપિતાને કે મારાં સાસુસસરાને પગે લાગતા પહેલાં હું સુરેન્દ્રને પગે લાગીશ. પછી કાંઈ ?' મધુકરે હસતે હસતે તેને ગમતી લગ્નની વાત તરફ જ્યોત્સ્નાનું લક્ષ દોર્યું. વાતે ચઢેલી જ્યોત્સ્ના એકાએક સાવધ થઈ અને તેણે પોતાનું ઊઘડી ગયેલું મસ્તક પાછું ઢાંક્યું. મધુકરે તેને એમ કરતાં રોકી - લગભગ તેનો હાથ અટકાવીને.'

'તો મધુકર ! હું માથે ઓઢી લઉં તે પહેલાં તને એક પ્રશ્ન પૂછી લઉં.' જ્યોત્સ્નાએ કહ્યું.

'એક નહિ, સો પ્રશ્ન તું પૂછી શકે છે. કહે શું પૂછવું છે ?' મધુકરે વહાલભર્યો વિવેક કર્યો.

'હું એમ પૂછું છું કે જો તું લગ્ન પછી સુરેન્દ્રને પહેલો પગે લાગે તો મને ક્યારે પગે લાગીશ ?' જરા સ્મિત કરી આંખ ચમકાવી, સ્મિત સાથે ગાલ ઉપર વર્તુલ ઉપસાવી જ્યોત્સ્નાએ પૂછ્યું.

મધુકર એકાએક ખડખડ હસ્યો અને બોલ્યો : 'તને તો લગ્ન પહેલાં પણ પગે લાગ્યો છું અને લગ્ન પછી પણ પગે લાગીશ ને !'

'મને યાદ નથી કદી તું મને પગે લાગ્યો હોઉં.' જ્યોત્સ્નાએ કહ્યું.

'તારે માનસિક નમસ્કાર જોઈએ છે કે શારીરિક ?'

'તને જે ગમે તે.'

'જો, માનસિક નમસ્કાર તો હું તને રોજ કરું છું. અને જો તારી ઇચ્છા હોય તો શારીરિક નમસ્કાર પણ તને હમણાં જ કરી બતાવું.'

'મધુકર ! તું કેવા નમસ્કાર કરીશ ? બે હાથ જોડીને, દંડવત કરીને કે તારી જાણીતી અંગ્રેજી ઢબે ?' જ્યોત્સ્નાએ તેને રમૂજમાં પ્રશ્ન કર્યો. મધુકરને હવે ચોક્કસ લાગ્યું કે જ્યોત્સ્નાને તેની ભૂરકી બરાબર લાગી છે, અને તે આજ તેની સ્પષ્ટતા કરવા પ્રેમરમૂજે ચઢી છે. રમૂજે ચઢેલી લલનાને વધારે રમૂજે ચઢાવવામાં મધુકર પાવરધો હતો. અત્યારનો પ્રસંગ તેને જતો કરવા જેવો લાગ્યો નહિ. તેણે પણ સામેથી ખૂબ મીઠાશભરી રીતે પૂછ્યું :

'જ્યોત્સ્ના ! તને કઈ ઢબના નમસ્કાર ગમે ? તું કહે તે ઢબના નમસ્કાર હું તને કરવા તૈયાર છું.'

'ત્રણે ઢબના નમસ્કાર તું કરી બતાવ, એટલે મને કઈ ઢબ પસંદ છે

તે હું તને કહી દઉં, જેથી લગ્ન પછી તારે કરવાના નમસ્કારમાં ભૂલ ન પડે.'

'જો, આ બે હાથ જોડીને થતા નમસ્કાર.' કહી અત્યંત ભાવપૂર્વક મધુકરે જ્યોત્સ્નાના સામે બે હાથ જોડ્યા અને મસ્તક નમાવ્યું.

'તારી લટક તો ભાઈ ! બહુ ભારે You are very charming in what you do. હવે બીજી ઢબ બતાવ.' જ્યોત્સ્નાએ આગળ વિનંતી કરી.

'જો, આ અંગ્રેજી લઢણના નમસ્કાર.' કહી એક ઘૂંટણ ઉપર બેસી પોતાની છાતી ઉપર હાથ મૂકી તેણે જ્યોત્સ્ના સામે માથું ઝુકાવી નમન કર્યું.

'આ ઢબમાં તો મારે તારી છબી પાડી લેવી પડશે. આ નમન પણ બહુ રૂપાળું લાગે છે. હવે ત્રીજું નમન કરી બતાવ.' જ્યોત્સ્નાએ કહ્યું.

'જો, સૂર્યનમસ્કાર સરખા આ સાષ્ટાંગ દંડવત નમસ્કાર.' કહી મધુકરે જમીન ઉપર પાથરેલા ગાલીચા ઉપર પોતાના દેહને આખો અને આખો લંબાવી હાથ પણ લાંબા કરી ભાવિક ભક્તિનું અદ્‌ભુત દૃશ્ય ઊભું કર્યું. નમન કરી તેણે સહજ ઊંચું જોયું તો જ્યોત્સ્નાને મુખ ઉપર સાડીનો છેડો ખેંચતાં તેણે પકડી - અરે, એટલું જ નહિ પણ એણે શ્રીલતાને પણ બારણામાં ઊભેલી નિહાળી અને તે પોતે જ જ્યોત્સ્નાને દંડવત પ્રણામ કરતો પકડાઈ ગયો.

## ૩૭

# અવેતન રંગભૂમિ

'મધુકરને તું કસરત શીખવે છે શું ?' શ્રીલતાએ કહ્યું.

'આજના પ્રેમપાગલો કસરત કરતા થાય તો ખોટું નહિ.' જ્યોત્સ્નાએ કહ્યું. મધુકરના મુખ પર અવનવી ફિક્કાશ ફરી વળી. પ્રેમી પુરુષ પોતાની પ્રેમપાત્ર સ્ત્રી આગળ સૂર્યનમસ્કાર કરે, યુરોપીય ઢબની ઊઠબેસ કરે. અગર ગુલાંટો પણ ખાય તેની હરકત નહિ; સહુ કોઈ એમ કરે જ છે. પરંતુ એ ચાર આંખનો પ્રયોગ છે. એમાં બે આંખ વધી જાય તો એ પ્રેમદર્શન મૂર્ખાઈની ટોચ બની રહે છે. મધુકરની મૂંઝવણ જ્યોત્સ્ના પરખી ગઈ અને શ્રીલતા બીજાં કથનો કરે તે પહેલાં તેનો હાથ ઝાલી તે બોલી ઊઠી :

'તારી જ રાહ જોવાય છે. ચાલ, મધુકરનો પીછો પકડવાની તારે જરૂર નથી. આટલું કહી જ્યોત્સ્નાએ શ્રીલતાને ખેંચી - જેમ કરતાં આજ સુધી તેને કોઈએ જોઈ ન હતી.

મધુકરને છોડી આમ બંને સખીઓ એકાએક મકાનના બીજા ભાગમાં ચાલી ગઈ. એ બીજા ભાગમાં હમણાં હમણાં બહુ જાગૃતિ આવી ગઈ હતી. જ્યોત્સ્ના, શ્રીલતા અને બીજી સખીઓએ ગોઠવેલા દૃશ્યને સફળ કરવાની Practice મહાવરો - અભ્યાસશ્રેણી ત્યાં ચાલતી હતી. હોંશભરી કિશોરીઓ, યુવતીઓ અને વિશેષતઃ તેમની માતાઓ એ વિભાગને પોતાનો બનાવી રહી હતી. સંગીતકારો, વાદ્યકારો, નર્તકો ભેગાં થઈ કેળવાયલી કિશોરીઓને વધારે ચોકસાઈભર્યું કલાશિક્ષણ આપતાં હતાં - જેની એ કિશોરીઓને બહુ જરૂર લાગતી ન હતી. રાગ ભલે ન સમજાય, વાદ્ય ભલે પકડતાં ન આવડે, નૃત્યની મુદ્રા શું એનો ખ્યાલ ભલે ન હોય, છતાં આજની ભણેલી કિશોરીઓ અને યુવતીઓ એમ જ માને છે કે સંગીત રત્નાકર તેમના જ કંઠે રચી આપ્યો, વીણાની મીંડ કે સિતારના તોડા એમની વાણીમાંથી જ ઊપજ્યા. નૃત્યશાસ્ત્ર તેમનાં હલન-ચલનમાંથી જીવંત બન્યું અને આખી અભિનયકલા તેમના હાથ, પગ,

કમર અને ભ્રૂકુટીની લટક ઉપર વળગીને જ રચાયું છે. આજની યુવતીને કલાનું શિક્ષણ આપી શકાય જ નહિ.... કારણ એ જાતે જ જન્મસિદ્ધ કલાવતાર હોય છે; તેને શિક્ષણ કે સૂચનો આપનાર અપમાનને નોતરે છે.

આ સદ્દ્‌ગુણ સ્ત્રીઓની જ - યુવતીઓની જ - વિશિષ્ટતા નથી; એ યૌવનનો જ મહાગુણ છે. યુવતીઓની માફક યુવકો અને કિશોરો પણ કલાની બાબતમાં કોઈનાં સૂચન શિક્ષણની પરવા કરતો જ નથી. પરવા તો ઠીક, પરંતુ એ વર્ગ સૂચનો સહન પણ કરી શકતો નથી.

'કાન્તા ! આટલું બધું આગળ માથે ન ઓઢીશ... તારું મુખસૌન્દર્ય વધારે ખુલ્લું દેખાવું જોઈએ.' કોઈ કાન્તા નામની અભિનેત્રીને કહેતું.

'પણ મારે તો ગ્રામસુંદરીનો અભિનય કરવાનો છે. આગળ ઓઢ્યા વગર ન ચાલે.' કાન્તા જવાબ આપતી. અને જોકે એ માનતી હતી કે એના મુખસૌંદર્યનો લાભ જનતાને મળવો જોઈએ ખરો, છતાં અભિનયમાં તો એણે કોઈને નમતું ન જ આપવું જોઈએ.

સૂચન કોઈ ન સાંભળે તેથી સૂચન આપવાનો અધિકાર ખોવાઈ જતો નથી. સુશમા નામની યુવતીને શિખામણ મળી :

'અરે સુશમા ! તું બધી રીતે સરસ અભિનય કરે છે; પરંતુ જરા વધારે પડતો લટકો થઈ જાય છે... અને તું તો ગામડિયણનો સ્વાંગ ભજવે છે... એમાં આવો લટકો શોભે ખરો ? આ શિખામણ સુશમાની જ હરીફ યુવતીની માતા સુશમાને સુધારવા આપતી. સુશમા સમજી જતી કે પોતાની પુત્રી સરસાઈ દર્શાવવા એક માતા આ સૂચના આપે છે. એટલે સુશમા જવાબ આપતી !

'ત્યારે તમે ગામડિયણના લટકા જોયા નથી... ગામડિયણ તો વળી એવી લટકાળી હોય છે કે ન પૂછો વાત... અને મારો અભિનય એ કાંઈ ટાઢા પથરાનો અભિનય નથી... જીવતી સ્ત્રીનો અભિનય છે...

સૂચન આપનાર વડીલ સ્ત્રીને આ જવાબ ઝટકા જેવો વાગતો હતો. સુશમાની જ માતાએ એ અન્ય માતાને તેની જ દીકરીના અભિનય માટે એક વખત કહ્યું હતું કે એની દીકરીએ જડપથરાનો સ્વાંગ ભજવાનો નથી! આમ અભિનેત્રીઓ અને તેમની માતાઓ વચ્ચે આપલે ચાલ્યા જ કરતી હોય છે.

નાટ્યપ્રયોગોમાં મિત્રો અને સખીઓ પણ દુશ્મનાવટમાં પ્રવેશી જાય છે... સ્વ વિના અન્ય સર્વ વ્યક્તિઓ આ દુનિયામાં ટીકાપાત્ર હોય છે... કદાચ એ સ્વની મહત્તાને સંતોષવા ખાતર જ अहं ब्रह्मास्मिનું સૂત્ર રચાયું હોય

હોય ! અને ભારતના પ્રધાનોનું સર્વજ્ઞપણું પણ એ જ સ્વમહત્ત્વને તૂંબડે તરતું હોય ત્યાં નાટ્યપ્રયોગો કરતાં યુવક-યુવતીઓમાં પણ એ લક્ષણ આગળ તરી આવે એમાં નવાઈ પામવું ન જ જોઈએ. છતાં નાટ્યપ્રયોગ થયે જાય છે અને આપણે કલાભાવનાને - અને સાથે સાથે આપણી ઈર્ષ્યાને - જીવંત રાખીએ છીએ. એ માનવજાતને માથે નાનોસૂનો આશીર્વાદ નથી જ. ઈર્ષ્યાને સહુ કોઈ વગોવે છે. પરંતુ એ ભાવે માનવજીવનમાં જે જે રંગ પૂર્યા છે એ પ્રેમે પણ નહિ પૂર્યા હોય એમ સાબિત કરી શકાય એમ છે.

ધંધાદારી રંગભૂમિની પાછળ જેમ એક દુનિયા રહેલી છે તેમ અવેતન રંગભૂમિની પાછળ પણ એક ચમકતી દુનિયા રહેલી છે. જેમાં સ્વાંગ ભજવનાર પાત્રો તો ભાગ લે છે જ; છતાં એ પાત્રોની માતાઓ અને કંઈક અંશે પિતાઓ અને ભાઈબહેનો - જે દોરીસંચાલન કરે છે એની બરોબરી મુત્સદ્દીઓ પણ કરી શકે એમ લાગતું નથી. સુંદર અને પ્રેરણાદાયી સ્ત્રીજાત અવેતન રંગભૂમિ પાછળની દુનિયામાં જે સ્વાભાવિક ચેષ્ટા કરે છે એમાં ખાસ કરીને જેવો વાત્સલ્ય ભાવ તરી આવે છે એવો બીજા કોઈ પણ સંજોગોમાં તરી આવતો નથી.

એક કિશોરીએ નૃત્ય કર્યું. એ કિશોરીને અને એની માતાને એ નૃત્યમાં એવી અલૌકિક ખૂબીઓ દેખાઈ કે જેવી ઈન્દ્રે ઉર્વશીરંભાના નૃત્યમાં પણ જોઈએ નહિ હોય. દૃશ્ય નિહાળનાર સહુ કોઈ તેના ઉપર ધન્યવાદ અને તાળીઓ વરસાવશે એવી આશામાં ચારે તરફ નિહાળી રહેલી માતાએ સહજ દૂરથી પણ સ્પષ્ટ સંભળાય એમ લાલિત્યભર્યા સ્ત્રીકંઠમાંથી ધીમે ઉદ્‌ગાર આવતો સાંભળ્યો :

'ડાન્સ એ કાંઈ મોં ઉપરથી મચ્છર-માખી ઉડાડવાનો પ્રયોગ નથી.'

'તે, બહેન ! તમારા મનમાં એમ હશે કે છોકરીને તાણ આવે ત્યારે જ સાચું નૃત્ય થાય, નહિ ?' નૃત્ય કરતી યુવતીની માતાએ ઠાવકાશપૂર્વક જવાબ વાળ્યો.

'મેં કાંઈ તમારી દીકરી માટે કશું કહ્યું નથી... હું તો નૃત્યની કલા વિષે સામાન્ય વાત કરું છું.' પ્રથમ અભિપ્રાય આપનાર સન્નારીએ જવાબ આપ્યો. તેમની સુપુત્રીએ એક વખત નૃત્યમાં એવા હાથપગ વીંઝ્યા હતા કે કોઈએ તેને તાણ આવ્યાની ઉપમા આપી સંતોષ લીધો હતો.

'તે તમે નાનપણમાં બહુ નાચેલાં ખરાં ને, એટલે બધું જાણો જ ને ?'

'આપણાં નાનપણને જરા બાજુએ જ રાખો ને બહેન ! નાનપણમાં કોણ નાચ્યું હતું એના રાસડા હજી મને યાદ છે...'

સ્ત્રીઓની આંખમાં તો કટાક્ષ હોય; પરંતુ આંખ કરતાંય જીભમાં વધારે તીવ્ર કટાક્ષ હોય છે. કોઈ કિશોરીના અભિયનમાં ધીમો હાથ ફરતાં હોય તો એને એ કટાક્ષ મચ્છર-માખી ઉરાડવાનો પ્રયોગ પણ કહી શકે અને જોરથી હાથ ફરતો હોય તો એ જ કટાક્ષ એને હિસ્ટીરિયા કે તાણ જોડે બેસાડી દે. નાનપણમાં સારા ગરબા ગાનારને વધારે આમંત્રણ મળ્યાં હોય ત્યારે એને કટાક્ષમાં નાચેણ સાથે પણ સરખાવી શકાય. અને કોઈની કિશોરાવસ્થામાં પ્રેમની પંચાત કે ખેંચતાણ અંગે કોઈએ જોડકણું જોડ્યું હોય તો તેને રાસડાનું મહત્ત્વ પણ સ્ત્રીનો કટાક્ષ આપી શકે. જાહેર રંજનસમારંભો તો જોવાલાયક હોય છે જ ! પરંતુ સમારંભની તૈયારીનો યુગ એથી વધારે જોયામણો હોય છે ! સમારંભમાં પાત્રો તો શ્રોતાઓનું સારી રીતે મનોરંજન કરે જ છે પરંતુ એ પાત્રોની માતાઓના અન્યની પુત્રીઓ માટેના મત, અભિપ્રાય તેમ જ કટાક્ષ એથી પણ વધારે મનોરંજક હોય છે. એક પણ જાહેર રંજનકાર્યક્રમ પાત્રોનાં રિસામણાં-મનામણાં, માબાપ - અને ખાસ કરી માના કટાક્ષ અને થોડાં અશ્રુવહન અને યુવકોના અબીભત્સ ગાલિપ્રદાન સિવાય સફળ થયો હોય તો તેની નોંધ રાખવા સરખી છે. ઈતિહાસ તો કહે છે કે રંજન કાર્યક્રમનો એ જ મહત્ત્વનો ક્રમ હોય છે, અને એ ઈતિહાસ એકલા મુંબઈ કે અમદાવાદમાં જ રચાય છે એમ માનવાની જરૂર નથી; સુરત, વડોદરા અને રાજકોટ-ભાવનગર... અરે જ્યાં જ્યાં રંજનકાર્યક્રમ ત્યાં ત્યાં આવું ઉત્તેજક મનોરંજક વાતાવરણ તો ખરું જ !

જ્યોત્સ્નાએ તથા શ્રીલતાએ મળીને કિશોરીઓને સમજાવી, કિશોરીઓની માતાઓને મનાવી, સહુને એક અગર બીજી રીતે મહત્ત્વ આપી અપાવી, પોતાની ગાડીઓમાં સહુને લાવી લેઈ જઈ ચા-નાસ્તો પિવરાવી-ખવરાવી એક પ્રયોગ ઊભો તો કર્યો, અને એ પ્રયોગનો 'ગ્રેન્ડ રીહર્સલ'નો દિવસ પણ આવી પહોંચ્યો. બગીચાના ચોગાનમાં સ્ટેજ-રંગભૂમિની રચના કરવામાં આવી. અત્યંત સુશોભિતપણે એ વિભાગને શણગારવામાં આવ્યો. વીજળીની રંગબેરંગી ચમક પણ ચીતરાઈ ચૂકી. ખુલ્લામાં પ્રેક્ષકોને બેસવા માટે પણ સફાઈ અને સગવડભરી ગોઠવણ થઈ ચૂકી હતી. પાત્રોનાં સગાંવહાલાં, ભાઈભાંડુ, માતાપિતા તથા આડોશી-પાડોશી માટે પણ 'ગ્રેડ રીહર્સલ' વખતે પૂરતી સગવડ રાખવામાં આવી. અને આખી દૃશ્યવ્યવસ્થા શ્રીલતા તથા જ્યોત્સ્નાએ માથે લેઈ લીધી હતી. મિત્ર તરીકે સુરેન્દ્રને સહાય માટે બોલાવવામાં આવ્યો હતો - અને મધુકરને

પણ. પરંતુ સુરેન્દ્ર કોઈ વૃદ્ધ ગરીબ બાઈના મોતિયા કઢાવવા દવાખાને ગયો હોવાથી એણે પૂરતી સહાય આપી નહિ. પરંતુ મધુકરે તો રીહર્સલને દિવસે આઘુંપાછું ન જોતાં સવારથી રાત સુધી ભગીરથ પરિશ્રમ કરી જ્યોત્સ્ના અને શ્રીલતાને સર્વ કાર્યમાં સહાય એવી આપી કે રાત્રે દૃશ્ય શરૂ થયું ત્યારે બન્નેએ તેનો આભાર માની તેને પડદા પાસે એક ખુરશી ઉપર આરામ લેવા આગ્રહ કર્યો.

'સુંદર સ્ત્રીઓના આગ્રહને મધુકર નકારી શકતો નહિ. સર્વ વ્યવસ્થા સંપૂર્ણ બની ગઈ. પડદો પાડનાર, ઉઘાડનાર, સીટી વગાડનાર, દૃશ્યોને રંગ અને છાયાતેજ આપનાર, પાત્રોને તેમના મુખપાઠ સંભારી આપનાર, એ સર્વની વ્યવસ્થા કરી મધુકર 'વિંગ'માં બહારથી કોઈ દેખે નહિ એમ એક ખુરશી ઉપર બેસી ગયો, અને સામી વિંગમાંથી શ્રીલતા તથા મધુકરવાળી વિંગમાંથી જ્યોત્સ્ના બેઠાં બેઠાં અગર ઊભાં રહીને પાત્રોને સૂચન આપતાં હતાં.

સિસોટી વાગી; વાદ્યો વાગ્યાં અને વાદ્યસૂર સહ પડદો ઊપડ્યો. આખું વાતાવરણ જાદુઈ શાંતિ ધારણ કરી રહ્યું. વાદ્ય સાથે એક સાખીના સૂર પણ સંભળાયા :

*નગર તણા નિર્માણમાં ભલે રાખીએ પ્રીત !*
*સાચું ભારત ઊઘડતું ગ્રામજનોને સ્મિત !*

શહેરના - નગરના પ્રતીક સરખા ભારેમાં ભારે પ્રતિષ્ઠિત રાવ-બહાદુરના બંગલામાં ગ્રામ્યભારતના ગુણ ગવાયા અને શિક્ષણ તથા સંસ્કારના પ્રતીક સરખી નગરમાં ભણેલી કિશોરીઓ અને યુવતીઓએ ગ્રામજીવનનું એક દૃશ્ય અહીં રજૂ કર્યું.

એ દૃશ્યમાં એક બાજુએ સોહામણા નગરનો ખ્યાલ આપતો પડદો હતો અને બીજી બાજુએ ગ્રામજીવનના પ્રતીક સરખો પડદો કૃષિક્ષેત્રો, ઝૂંપડી, ગોધન, કૂવા અને ખળાંનું દૃશ્ય ખીલવી રહ્યો હતો. ઘડીમાં પ્રકાશ નગરના પડદા ઉપર પડી નગરની ભવ્યતાનો ખ્યાલ આપી બીજી ક્ષણે ગ્રામજીવન ઉપર રંગબેરંગી તેજછાયાઓ નાખી ગ્રામજીવનમાં રહેલા સ્વર્ગને વ્યક્ત કરતો હતો. ચમકભર્યા દૃશ્યને પ્રેક્ષકો જોઈ રહે તે પહેલાં એક માનવટહુકો થયો :

'સાચું હિંદ સાત લાખ ગામડાંમાં છે.'

ગામડાંમાં કદી પણ ન વસનારે આ મહાવાક્ય ઉપર તાળી પાડવી જ જોઈએ ! અને અહીં પણ ટેવાયેલા પ્રેક્ષકોએ તાળી પાડી.

એકાએક ગામડિયો પોશાક પહેરેલો યુવક રંગભૂમિ ઉપર નીકળી આવ્યો અને એના ઉપર દૃષ્ટિસંક્રાન્ત થાય તે પહેલાં ગામડિયા વેશ ધારણ કરેલી ગ્રામયુવતી બીજી પાસથી રંગભૂમિ ઉપર દૃષ્ટિગોચર થઈ યુવક કરતાં યુવતી તરફ જતી સહુનું લક્ષ્ય વધારે કેન્દ્રિત થાય છે - પછી એ યુવતી ગામડાની હોય કે શહેરની હોય ! સહુએ તેને ધ્યાનપૂર્વક નિહાળી અને વાદ્યે એક ઝડપી તાલવાળા સૂર ઊભા કર્યા.

પ્રેક્ષકોના ધ્યાનમાંથી સહજ દૂર થયેલા યુવકે પગને થનગનાટ આપ્યો. એટલે સહુએ યુવક તરફ ધ્યાન પરોવ્યું.

યુવકે - એટલે કે યુવકનો સ્વાંગ ધારણ કરનાર યુવતીએ - નૃત્ય આરંભ્યું. નૃત્ય સુંદર હતું. નૃત્ય કરનાર યુવક પાત્ર ઉપર વિધવિધ રંગના પ્રકાશ પણ છવાયા. નૃત્યને નામ આપી શકાય એમ ન હતું. કથ્થક, મણિપુરી, કથ્થકલી કે ભરતનાટ્યમ્‌માંથી એને વિશિષ્ટ એક પણ નામે ઓળખાય એમ ન હતું. છતાં એ નૃત્ય તો હતું જ ! અને નવીન યુગ એ જૂના નૃત્યને માત્ર વળગી રહે એ પણ શક્ય ન જ હોય. એમાં મેળવણી થાય, ભેળવળી થાય, વિકાસ થાય, સંકોચ થાય અને નૂતન રચના પણ થઈ શકે.

નૃત્યને ભલે નામ ન અપાય. જૂની ઢબનાં, પ્રેમ કે આશ્ચર્યનાં વસ્તુઓ હવે નવી દુનિયામાં બદલાવાં પણ જોઈએ. એ ધોરણે આ નૃત્ય નવીન હતું. ગામડાની સામે શહેરના પડદાનું પ્રલોભન હતું. ગામડિયો યુવક એ નગર પડદાને ધારી ધારીને જોઈ રહેતો અને વળી પાછો ગ્રામ પડદાને નિહાળતો. એ બન્ને આકર્ષણની વચ્ચે ઘૂમરી ખાતા ગામડિયા યુવકનું માનસ દૃશ્યમાન કરતું એ નૃત્ય હતું. શહેર તરફ જવું ? ના, ના, ગ્રામજીવન તરફ જ સત્ય રહેલું છે ! પરંતુ નગરનો વૈભવ, નગરનો શૃંગાર એ બધું ગામડે ક્યાંથી લાવવું ?

આવા કોઈ ભાવનું એ નૃત્ય નિરૂપણ કરતું હતું - પ્રેક્ષકોએ એ ઢબે નૃત્યને સમજવાનું હતું.

એકાએક મૂક નૃત્યની પાછળ સંગીતનું બળ ઉમેરાયું. યુવક જે નૃત્ય કરી રહ્યો હતો તેમાં કેવા ભાવ રહેલા છે એની સ્પષ્ટતા કરતું એક લોકગીત પડદા પાછળથી કોઈ કિન્નરી ગાઈ રહી હતી. યુવકના નૃત્યભાવ એથી બહુ સ્પષ્ટ થયા.

*આમ જશું કે તેમ જશું ?*
*પગ ડગમગ ડગમગ થાય !*
*ભર્યાં ભર્યાં આ ખેતરવાડી*

*કેમ કરીને છોડાય ?*
*હું તો હાલ્યો કૂવેહવાડે ?*
*રખે રાણી વાર લગાડે !*

શહેરના પડદા તરફ રસપૂર્વક નિહાળી રહેલી યુવતીને આ ગીત-નૃત્ય સંબોધનરૂપ હતું. યુવતી પણ અર્ધ નૃત્ય કરતી પડદો નિહાળતી હતી. યુવકે ગ્રામ તરફ યુવતીને ખેંચવા માટે ધમકભર્યું નૃત્ય કર્યું.

ગ્રામ્યયુવકના નૃત્યની ધમક અને શ્રોતાજનોની તાળીઓ વચ્ચે ગ્રામ્યયુવતીના દેહમાં આવેશ આવ્યો અને તેણે પોતાના નૃત્યની ધમક વધારી દીધી. નૃત્યનો વેગ વધારતું સંગીત પણ નેપથ્યમાંથી શરૂ થયું, જેમાં ગ્રામ્યયુવકની વિનંતીને નકારતો ભાવ આગળ તરી આવતો હતો :

*ચકમકતી મેં સડકો દેખી,*
*દીઠા મોટેરા મહેલ;*
*વીજ ઝબૂકે, ને રાત દી' લખલૂટ*
*લખમીની રેલમ છેલ.*
*કોણ ભરે કૂવે પાણી ?*
*હું તો બનું શહેરી શેઠાણી !*

સારી વસ્તુ જરૂર તાળીઓ માગે જ. એમાં તરફેણ વિરુદ્ધનો પ્રશ્ન હોઈ શકે જ નહિ. કલા અંગે સહુ કોઈ પ્રશંસા જ માગે. યુવકના નૃત્ય ઉપર પડેલી તાળીઓ કરતાં યુવતીના નૃત્ય ઉપર વળી વધારે તાળીઓ પડી. નશાની માફક કલા પણ ચઢે છે ! શ્રોતાઓ અને પ્રેક્ષકો પણ નટ-નર્તકની સાથે જ ઝોલે ચઢ્યાં. એમાં વળી નટવર્ગનાં સગાંવહાલાં પ્રેક્ષકમાં હોય. એટલે તાળીઓમાં કંજૂસાઈ હોઈ શકે જ નહિ.

પરંતુ નૃત્યને વધારે ઊંચકી લે એવી બીજી યોજના પણ દૃશ્યમાં કરવામાં આવી હતી. યુવતીની જોડે જ શહેરશોખીન ગ્રામયુવતીઓનો એક સમૂહ સામેલ થઈ ગયો અને નૃત્યમાંથી સમૂહનૃત્ય અને ગરબાની રમઝટ જમાવતું એક ગીત ગાજી રહ્યું - કહો કે ગુંજી રહ્યું :

*માવડી !*
*સાસરું ગામડે ન શોધશો ?*
*હૈયામાં હેલ ભરી,*
*આંખોમાં પ્રીતભરી,*
*દીકરીને દીન કેમ જોશો ! - માવડી૦*

*મેલી પિછોડી ને લાંબાંશાં મોળિયાં;*
*બાવરીશી આંખ ને વાળનાં સિસોળિયાં;*
*એવો ગમાર નવ ગોતશો - માવડી૦*
*ચંદાશું મુખડું ને વીજભરી આંખડી;*
*રણકે રૂપાળા હાથ, ભમ્મરો વાંકડી;*
*લાજ ને ઘૂમટડે ન ઢાંકશો - માવડી૦*
*અંધારા ગામડામાં માનવીને આંખ નહિ;*
*મહેનતુ મજૂરિયાને ઊડવાની પાંખ નહિ;*
*ગોરીને ગામડે ન રોકશો - માવડી૦*

શ્રોતાવર્ગ એકદમ તાળી પાડી ઊઠ્યો. શ્રોતાઓ સુખપૂર્વક બેઠા હોવાથી તેમને શહેરનાં વખાણ કે ગામડાંનાં વખાણમાં પક્ષપાત હોતો નથી; કલાદૃશ્ય ઉત્તેજક હોય એટલે બસ ! અને રંગભૂમિ ઉપર ગ્રામ-ગોરીઓનું દૃશ્ય પણ રૂપાળું લાગ્યા વગર રહેતું જ નથી. ભાવ ગમે તે હોય; છતાં પગની ઠમક, તાળીઓના તાલ અને દાંડિયાના ખટકાર કોઈ પણ ગીતને ઉત્તેજક બનાવી શકે છે, અને શ્રોતાઓને જાગૃત રાખી શકે છે. સભ્ય સમાજમાં 'વન્સમોર'ની મના હોવાથી ફરી ગરબાનૃત્યનું આમંત્રણ તો ન અપાયું, પરંતુ એમાં ભાગ લેનારને સંતોષ થાય એટલી તાળીઓ જરૂર પડી. એક દૃશ્ય અને બીજા દૃશ્ય વચ્ચે, એક નૃત્ય અને બીજા નૃત્ય વચ્ચે, પ્રકાશ-અંધારાની કલામય રમત યોજકોએ એવી સુંદર રીતે યોજી હતી કે પ્રેક્ષકો વાહ વાહ કહી ઊઠતા. અંધારાં અજવાળાંની ચમક પણ અવેતન રંગભૂમિની ભારે મદદગાર કહી શકાય.

અંધારું જાણે બોલી ઊઠ્યું હોય તેમ એક બાજુએથી ગ્રામયુવકોનો સમૂહ પ્રકાશના વર્તુલમાંથી નીકળી આવ્યો અને પ્રકાશ એ યુવકસમૂહ ઉપર કેન્દ્રિત થયો યુવકોનું ટોળું - એટલે યુવકોના પહેરવેશથી સજ્જ થયેલું કિશોરીઓનું ટોળું - પણ પુરુષશોભન નૃત્ય કરવા લાગ્યું અને તેમની સહાયમાં એક સમૂહસંગીત પણ ફૂટી નીકળ્યું.

*બહેનબા !*
*શહેરની સામે ન જોઈએ.*
*રૂપાળા મ્હેલ ન્હોય, પંખીનાં પાંજરાં;*
*આંખમાં ન ઓળખાણ, હૈયાં તો છીછરાં;*
*શહેરમાં દિલડું ન ખોઈએ - બહેનબા૦*

*ગામડે ગમાર, પણ શહેરીઓ બીમાર છે;*
*રૂપાળી સાડીઓમાં રોગતણો ભાર છે;*
*ડૉક્ટર ડાકુથી શું મોહીએ ? - બહેનબા૦*
*પેટ પર પાટો, ને ગાલે લપાટો;*
*રેશનમાં દાળ નહિ ચોખા કે આટો;*
*દૂધલડાં શહેરમાં ક્યાં દોહીએ ? - બહેનબા ૦*
*ચાંદાની ચાંદાની રંગે ઝબોળતી;*
*સૂરજની આંખડી સંજીવની ઢોળતી;*
*એ ગામડે આપણે સોહીએ - બહેનબા૦*

તાળીઓનો વરસાદ વરસ્યો એમ કહીએ તો ચાલે. ટીકા શહેરની થાય કે ગામડાની થાય : એ બંનેને માટે તાળીઓ પાડવાની શ્રોતાજનોની સતત તૈયારી હોય જ. દૃશ્ય એક પછી એક વધારે અસરકારક થયે જતું હતું. નૃત્ય નાટિકાની-નૃત્ય-સંગીત-નાટિકાની આ ખિલાવટ ક્યાં જઈને અટકશે એ કહી શકાય એમ ન હતું. આગળ બેઠેલા રાવબહાદુર અને યશોદાબહેન પોતાની પુત્રીની આવડત ઉપર વારી જતાં હતાં - જોકે એણે અને શ્રીલતાએ રંગભૂમિ ઉપર કાંઈ પણ સ્વાંગ ભજવ્યો ન હતો. તેમણે તો કલા - હોંશીલી યુવતીઓ અને કિશોરીઓને પૂર્ણ માર્ગદર્શન કર્યું હતું. અને તેમને જેટલી જોઈએ તેટલી સગવડ આપી હતી.

દૃશ્ય બદલાવાને માટે જરૂરી અંધારું જોઈતું હતું તે અંધારું રંગભૂમિ ઉપર પ્રગટી નીકળ્યું. પ્રકાશની માફક અંધકાર પણ રંગભૂમિ ઉપર પ્રગટે છે. પરંતુ કોણ જાણે કેમ એ અંધારું ધાર્યા કરતાં વધારે સમય સુધી ચાલ્યું અને માત્ર રંગભૂમિ ઉપર જ નહિ પરંતુ શ્રોત્રભૂમિ પ્રેક્ષકગૃહમાં પણ એકાએક અંધારું ફેલાઈ ગયું; સહુને પ્રથમ તો એમ લાગ્યું કે આ અંધકાર કોઈ ભવ્ય દૃશ્યને પ્રગટાવી અલોપ થઈ જશે. પરંતુ નાટ્યગૃહો સહી શકે એના કરતાં વધારે ગાઢ અને લાંબા વખત સુધી અંધારું ચાલ્યું અને શ્રોતાજનોમાંથી ધીમે ધીમે વાતોના ઉદ્‌ગાર અને પછીથી ભયના ઉદ્‌ગાર આવવા લાગ્યા, અને બાળકોએ જરા રોવા માંડ્યું, હજી ભારતનાં માતાપિતા પોતાની પ્રજાને સાથે લીધા સિવાય નાટક-સિનેમા જોઈ શકતાં નથી. અગર સભા, ગાર્ડનપાર્ટી કે ભોજનવ્યવસ્થામાં જઈ શકતાં નથી. બાળકોએ રડવામાં અને માતાપિતાએ બાળકોને છાનાં રાખવામાં ધીમે ધીમે ઠીક ઠીક કોલાહલ મચાવ્યો.

રંગભૂમિ ઉપર પણ ઠીકઠીક ધાંધળ મચી રહ્યું. અંધારું હતું એટલે કોણે ક્યાં જવું, શું કરવું એની કાંઈ સમજ પડતી નહિ. સિસોટીઓ વાગી, શાંત રહેવાની વિનંતીઓ કરાઈ અને દીપવિધાયકને ચારે બાજુએથી આજ્ઞાઓ મળવા માંડી - જોકે કોઈને પ્રકાશની વ્યવસ્થા કરનાર ગૃહસ્થ ક્યાં હતા તેનો ખ્યાલ ન હતો. તેઓ તો પોતે અંધકાર-પ્રકાશના સ્વરૂપને ઓળખી શક્યા હતા એટલે કયે સ્થળે પ્રકાશની મુશ્કેલી ઊભી થઈ છે તે સમજી લઈ પોતાની ટૉર્ચ સળગાવી પ્રકાશ બંધ થતાં જ ચાલ્યા ગયા હતા. અવ્યવસ્થા મચી રહી. મધુકરે સ્વસ્થતાપૂર્વક બેસી પોતાની નજીક ખુરશી ઉપર બેઠેલી જ્યોત્સ્નાને કહ્યું :

'તું જતી નહિ; ગભરાટની જરૂર નથી. હમણાં પ્રકાશ થશે.'

જ્યોત્સ્નાએ જવાબ આપ્યો નહિ એટલે મધુકરે પોતાનો હાથ લંબાવી જ્યોત્સ્નાનો હાથ શોધ્યો. જે તેને બહુ ઝડપથી જડી ગયો. એ હાથ તેણે પકડીને પોતાના હાથમાં જ રહેવા દીધો; એટલું જ નહિ પણ તેણે પોતાના અંગૂઠા વડે હથેલી ઉપર મુલાયમ માલિશ પણ શરૂ કરી દીધો.

સિનેમા-નાટકમાં અંધારાં ઘણાં ઘણાં પ્રેમીઓને અનુકૂળ થઈ પડે છે. તેઓ ઈચ્છે છે કે એવાં અંધારાં વધારે વાર થાય અને વધારે વાર લંબાય. હજી સુધી જ્યોત્સ્નાએ મધુકરનો સ્પર્શ થવા દીધો ન હતો. પરંતુ અત્યારે તેણે સ્પર્શનો કાંઈ પણ વિરોધ ન કરતાં મધુકરને સ્પર્શનો સંપૂર્ણ લાભ આપવો હોય એવો જાણે નિશ્ચય કર્યો હોય એવું મધુકરને લાગ્યું. ઈશ્વર અંધારું વધારે લંબાવે એમ મધુકરે પ્રાર્થના કરી. અંધારામાં સહુ કોઈ જ્યાં અને ત્યાં સ્થિર થઈ ગયાં હતાં. મધુકરની ઈચ્છા હતી કે તે હથેલીમાંથી પોતાનો હાથ ખસેડી જ્યોત્સ્નાના ખભા અને વાંસા ઉપર ફેરવે; પરંતુ કોણ જાણે કેમ, આજે જ્યોત્સ્ના સરખી મર્યાદાશીલ, સંયમી, શરમાળ છતાં માની છોકરીએ મધુકરનો જ હાથ પકડી રાખ્યો હતો !

ભલે ! જ્યોત્સ્નાની એમ ઈચ્છા હોય તો તેમ થવા દેવામાં મધુકરને વાંધો ન હતો.

એકાએક આખા સભાગૃહમાં અને રંગભૂમિ ઉપર અજવાળું થયું. કોઈ કારણસર આડાઈ કરતાં યંત્રે હઠ છોડી દીધી અને વીજળીને સર્વ માર્ગે વહેવા દીધી.

'હા !...' એવો ભાવ સર્વના હૃદયમાં થઈ આવ્યો. પરંતુ મધુકરના હૃદયમાં એ પ્રકાશ થતાં બરોબર અરેકારો ફૂટી નીકળ્યો.

'જ્યોત્સ્ના ક્યાં ગઈ ?' મધુકરથી પુછાઈ ગયું; અને હજી મધુકરના

પકડી રાખેલા હાથમાં પોતાના નખ અત્યંત જોરથી ખોસી દઈ શ્રીલતાએ કહ્યું :

'શો આજનો ભાગ્યશાળી દિવસ... મારે માટે !'

પાસે બેઠેલી જ્યોત્સ્ના ક્યારે ખસી ગઈ અને શ્રીલતા ક્યારે આવી અને ખુરશી ઉપર બેઠી એની ખબર મધુકરને પડી ન હતી. એણે જાણ્યું હોત કે તે શ્રીલતાનો હાથ છે તો તે કદી આમ પકડત નહિ. તેનાથી બોલાઈ ગયું :

'શ્રીલતા ! બહુ નખ વાગ્યા. લોહી નીકળશે. છોડી દે કોઈ જોશે. અને ખરેખર શ્રીલતા અને મધુકરના હસ્તસ્પર્શ નૂતન પ્રકાશમાં કેટલીક કિશોરીઓએ જોઈ પણ લીધા હતા !

સંગીત શરૂ થયું. જ્યોત્સ્ના ફરતી ફરતી મધુકર અને શ્રીલતા પાસે આવીને ઊભી રહી. શ્રીલતાએ જ્યોત્સ્નાને બેસવા માટે ખુરશી ખાલી કરી આપી અને જ્યોત્સ્નાએ તેને કહ્યું :

'શ્રીલતા ! તું ક્યારની અહીં ભરાઈ બેઠી ?'

'તું ખસી કે તરત...મધુકર ! આજની અંધકારની ક્ષણ હું કદી ભૂલીશ નહિ. આભાર !' એટલું કહી તે ખસી ગઈ ને બીજા કામે લાગી.

મધુકરની હથેળીમાંથી ખરેખર એકબે જગાએ આછું આછું લોહી નીકળતું હતું ખરું. રૂમાલ વડે તેને સાફ કરતાં રૂમાલને લાલ ડાઘા પણ પડ્યા. જ્યોત્સ્નાએ પૂછ્યું :

'મધુકર ! કંઈ વાગ્યું શું ?'

'અંધકારમાં સહજ ! મધુકરે જવાબ આપ્યો અને તે પણ ઊઠીને ચાલતો થયો.

## ૩૮

# સમજદારી

તેં અને શ્રીલતાએ મેળ કરી લીધો, શું ?' ગંભીર મુખાકૃતિ કરી જ્યોત્સ્નાએ મધુકરને પૂછ્યું. મધુકરને ભય હતો જ કે એને આ પ્રશ્ન પુછાશે જ. નાટકના અંતિમ 'રીહર્સલ' પ્રસંગે અંધકારનો લાભ લેઈ મધુકરે શ્રીલતાનો હાથ ભૂલમાં પકડી લીધો હતો, અને શ્રીલતાના નખ - અને મધુકરે આપેલી વીંટી - મધુકરની હથેલીમાં પેસી ગયાં હતાં એ હકીકત જ્યોત્સ્નાએ જોઈ હતી અને જાણી પણ હતી. એ ભૂલ હતી એમ જાહેર કરવાને મધુકરનો સમય મળે તે પહેલાં તો મધુકરના ખંડમાં જ્યોત્સ્નાએ પ્રવેશ કરી પૂછ્યું.

મધુકર હવે માત્ર રાવબહાદુરનો નોકરિયાત 'સેક્રેટરી' રહ્યો ન હતો; અને રાવબહાદુરનો ભાવિ જમાઈ હતો, મિલકતનો દક્ષ વહીવટદાર હતો અને સંબંધ બંધાયા પછી ઝડપથી નગરના આગેવાનનું સ્થાન લેવાની લાયકાતવાળો એ તેજસ્વી નાગરિક હતો. એટલે હવે રાવબહાદુરના મકાનમાં અર્ધમાલિક સરખી એની પ્રતિષ્ઠા જામી ગઈ હતી. એની 'ઑફિસરૂમ' તો હતી જ; પરંતુ વખત બેવખત આરામ લેવા માટે એને પણ એક સરસ ખંડ સોંપવામાં આવ્યો હતો, જેનો ઉપયોગ તે સફાઈપૂર્વક કરતો. એ ખંડમાંથી જ્યોત્સ્નાના ખંડ તરફ નજર નાખી શકાતી હતી. પરંતુ વિચિત્ર જ્યોત્સ્ના ઘડીમાં પ્રાચીન આર્યમર્યાદાને બાજુએ મૂકી મધુકર સાથે વાત પણ કરતી હતી, અને ઘડીમાં મર્યાદાનો ઊભરો આવતાં આંખ અને જીભ ઉપર મધુકર સામે પડદો પણ પાડી દેતી હતી. આજે રીહર્સલ પૂરું થતાં સહુને વિદાય કરી રાત્રિના સમયે જ્યોત્સ્ના પોતે જ મધુકરના ખંડમાં આવી એ નવાઈ જેવું હતું... છતાં મધુકરે ધારી જ લીધું હતું કે એક અગર બીજી રીતે જ્યોત્સ્ના એને પહેલી રાતના શ્રીલતા સાથેના હસ્તમેળાપની હકીકત પૂછ્યા વગર રહેશે નહિ !

'ના તને કોણે કહ્યું ?' મધુકરે જ્યોત્સ્નાને જવાબ આપ્યો.

'મેં જોયું અને શ્રીલતાએ મને કહ્યું... અને હું રાજી થવા આવી કે...

તું તારું જૂનું પણ પાળવા તત્પર થયો...'

'જ્યોત્સ્ના ! આવી માન્યતામાં જેમ તારી ભૂલ થાય છે તેમ મારી પણ ભૂલ થઈ હતી એમ મારે કબૂલ કરી દેવું જોઈએ.' મધુકરે બહુ જ શાંતિપૂર્વક સમજ પાડવાનો પ્રયત્ન કર્યો. અત્યારે એ સાચું બોલતો હતો.

'આ કાંઈ પહેલી વાર મેં તને શ્રીલતાનો હાથ ઝાલતાં જોયો નથી. તો પછી... મનને હાલતું ડોલતું ન રાખ... નિશ્ચય કરી દે કે તું શ્રીલતા સાથે જ હસ્તમેળાપ કરવા માગે છે...' જ્યોત્સ્નાએ તેની સામે બેસીને કહ્યું.

'તું હમણાંની બરાબર બોલતી પણ નથી મારી સાથે... તારી શરમ અને મર્યાદાની ભાવના મને છેક અણગમતી તો નથી જ... એ સંજોગોમાં તું મારી સામે ચાહીને આવે અને બેસે એ ખરેખર ઈચ્છનીય છે... સાંભળ, હું તને પૂરી હકીકત સમજાવું.' મધુકરે એક રાજકીય પ્રતિનિધિની કુનેહથી જ્યોત્સ્ના પાસે આવી ખુરશીના પહોળા હાથ ઉપર બિરાજી વાત શરૂ કરી.

'મને ? શું સમજાવવું છે ?'

'તારા મનમાં એક ગેરસમજ ઊભી થઈ છે, જ્યોત્સ્ના... અને એમાં તારો દોષ પણ હું કાઢતો નથી.'

'એક યુવાન યુવતીનો હાથ ચપસીને પકડે એમાં ગેરસમજનો ક્યાં અવકાશ રહે ? મારા દોષની તો મને કશી જ ખબર નથી.'

'હાથ કોણે કોનો ચપસીને ઝાલ્યો હતો એ તો હું તને હમણાં જ બતાવું છું... પરંતુ તું એટલું તો કબૂલ કરીશ ને કે અંધારું થતાં પહેલાં તું મારી બાજુમાં જ બેઠી હતી ?'

'હા... પણ... અંધારું થાય એટલે પ્રકાશવ્યવસ્થા તો મારે જ જોવી પડે ને ? એટલે હું ઝટ ત્યાંથી ચાલી ગઈ હતી.'

'કામની વહેંચણી થઈ ગઈ હતી એટલે તું ત્યાંથી એકાએક ચાલી જાય એમ મને લાગ્યું નહિ... અને પુરુષપ્રેમની ઉગ્રતા તો તું જાણે જ છે... તું બેઠી જ હોઈશ એમ માની મેં હાથ પકડ્યો.

'પરંતુ હું કદી કોઈને હાથ પકડવા દેતી નથી એ તો તું જાણે જ છે ને?'

'બદલાયલા સંજોગોમાં... તારું વર્તન... તું સતત કડક ન રાખે એમ શું ન બને ?... મેં ધાર્યું કે તું મારા પ્રત્યે ભાવિનો વિચાર કરી કુમળી બનતી જાય છે... અને, જો ને જ્યોત્સ્ના ! આજની દુનિયામાં...'

'કેમ; વાક્ય પૂરું થવા દે, એટલે મને પૂરી સમજ પડે.'

'હું એમ કહેતો હતો કે... કે જ્યોત્સ્ના ! બધાંય મિલન કાંઈ

સ્નેહમિલન ન હોય...'

'પણ આ તો હસ્તમેળાપ હતો !'

'કબૂલ... પણ આજની દુનિયાના બધાય હસ્તમેળાપ કાંઈ લગ્ન ન બની શકે.'

'હું એવા હળવા માનસમાં, હળવા મિલનમાં અને હળવા હસ્ત-મેળાપમાં માનતી જ નથી... માટે જ હું કોઈને મારો હસ્ત આપતી પણ નથી ... હું તો હસ્તમેળાપને જ લગ્ન માનું !'

'એમ ? હું સમજ્યો. પરંતુ મારી ધીરજને તારે ધન્યવાદ આપવો જોઈએ... તારો અણગમો સમજીને જ હું હસ્તમેળાપનો આગ્રહ પણ રાખતો નથી... બાકી આજ હાથ મિલાવવામાં આટલી બધી સંકુચિત વૃત્તિ ન જ રાખવી ઘટે... છતાં હું તને વચન આપું છું કે મારો હવે પછીનો હસ્તમેળાપ લગ્ન જ હશે... બસ ? ભૂલ ક્યાં થઈ, તે તું સમજી શકી ને ?... અંધારું... તારો સંગાથ... મારો પ્રેમ...' મધુકરે કહ્યું અને જ્યોત્સ્નાના મુખ ઉપર એક સ્મિત રમી રહ્યું.

મધુકરને પણ જ્યોત્સ્નાના ગંભીર મુખ ઉપર સ્મિત રમતું નિહાળી આનંદ થયો. મધુકરની દલીલ જ્યોત્સ્નાના હૃદયમાં અનુકૂળતાભર્યો ભાવ ઉપજાવી શકી એનો આનંદ મધુકરને સહજ થાય જ; સહુ પ્રેમીઓને થાય.

'બોલ હવે શું પૂછવું છે ?... હવે તો જ્યોત્સ્ના ! તારા હાથને અડક્યા વગર વાતચીત કરવી પણ મને મુશ્કેલ થઈ પડે છે.' મધુકરે કહ્યું.

'હું એ સમજી શકું છું... પરંતુ એ તારી મુશ્કેલી લાંબો વખત ન ચાલે એમ હું ઈચ્છું છું.' જ્યોત્સ્નાએ કહ્યું.

'એટલે ?' જરા ચમકીને મધુકરે પૂછ્યું.

'એટલે એમ કે હવે હાથ પકડવામાં તું ભૂલ ન કરી બેસે એ મારે જોવું રહ્યું.'

'એટલે તું વધારે ચોકીપહેરા મૂકવાની છો ?' હસતે હસતે મધુકર બોલ્યો.

'ચોકીપહેરા મૂકવાની જરૂર ન રહે, અને ફાવે ત્યારે હાથ મસળવાની તને તક મળે એમ હું જોવા માગું છું.'

'તારી વ્યાખ્યા પ્રમાણે હસ્તમેળાપનો અર્થ કરવાની મારી તૈયારી આજની નથી... એ પ્રસંગ તો.. તું લાવે ત્યારે ! એ મારું સ્વર્ગારોહણ હશે.. સાચા અર્થમાં... પાંડવોના અર્થમાં નહિ.' મધુકરે કહ્યું

કેટલાક સરસ શબ્દો સુધારો માગે છે !

'એ પ્રસંગ આંખ મીંચીને ઉઘાડતાં આવ્યો એમ માનજે.'

'એમ ?... પરંતુ... મેં તો આંખ મીંચી અને ઉઘાડી પણ ખરી.' રાત્રિના પ્રકાશમય અંધકારમાં મધુકરે આંખની સહજ ઉઘાડમીંચ કરી પણ ખરી.

'તો આંખની ઉઘાડમીંચ એક અઠવાડિયા સુધી કર્યા કર. અઠવાડિયું વીત્યે તને હસ્તમેળાપનો અધિકાર મળી ચૂક્યો હશે.'

મધુકર જરા ચમક્યો... પરંતુ એ ચમક આનંદની જ હતી... એક અઠવાડિયામાં જ તેનું લગ્ન થાય એ વિચાર તેને ચોંકાવી રહ્યો... ગમે તે માનવીને એ વિચાર ચોંકાવ્યા વગર ન જ રહે ! એ સમય આટલો વહેલો આવવાનો છે એનો મધુકરને સ્વપ્ને પણ ખ્યાલ ન હતો - જોકે જ્યોત્સ્નાનાં માતાપિતાએ લગ્ન તો નિરધાર્યું જ હતું અને જ્યોત્સ્નાની ના ન હોવાથી માત્ર દિવસની પસંદગી તેની ઉતાવળ ઉપર છોડવામાં આવી હતી. મધુકર એ જાણતો હતો. એનાથી પુછાઈ ગયું :

'રાવબહાદુરે નક્કી કર્યું કે યશોદાબહેને ?'

'કોઈએ નહિ... મેં જ નક્કી કર્યું.' જ્યોત્સ્ના બોલી.

'ક્યારે નક્કી કર્યું ?'

'કહું ? ખોટું ન લગાડે તો કહું.'

'તું કહે એનું મને કદી ખોટું લાગે નહિ.'

'લેખી લખી આપીશ ?'

'એમાં વાર કેટલી ? આ કાગળ... આ મારી પેન... અને આ લખી આપું... ડિયર... જ્યોત્સ્ના...'

' "ડિયર" શબ્દ અત્યારે કાઢી નાખ. અઠવાડિયું વીત્યે એ શબ્દ હું જાતે આવીને લખાવી જઈશ...'

'બધી વખત હું તારું કહેવું માન્ય જ કરીશ એમ તું માને છે ?... સત્ય લખ્યું છે એને હું છેકીશ નહિ... જો હું આમ લખું છું... ડિયર જ્યોત્સ્ના ! મારા નિઃસ્વાર્થ પ્રેમની બાંયધરી તરીકે આટલું લખાણ બસ થશે. તું જે કહીશ.. અરે, તું જે કરીશ, એનું કદી મને ખોટું લાગવાનું નથી.. એની ખાતરી સહજીવન જીવતાં જ થાય ને ?... બસ ? લે આ કાગળ... કદાચ આ મારો પ્રથમ પ્રેમપત્ર !'

'આ રાખું કે ફાડી નાખું ?... ના; ના ! હું એ રાખીશ.' કાગળ હાથમાં

લેઈ જ્યોત્સ્નાએ કહ્યું અને તેણે ચાલવા માંડ્યું. એને જતી રોકી મધુકરે કહ્યું :

'હજી મારા પ્રશ્નનો ઉત્તર મળ્યો નથી... જોકે ખોટું ન લગાડવાની બાંયધરી તો તેં લેઈ જ લીધી... સ્ત્રીઓમાં લુચ્ચાઈ હોય છે ?'

'અરે હા, એ તો હું ભૂલી ગઈ ! તેં શું પૂછ્યું હતું ?'

'મેં એમ પૂછ્યું હતું કે તેં આ લગ્નનો ઝડપી નિશ્ચય ક્યારે કર્યો ?'

'હા...કહું ?' ...આ તેં લખી આપ્યું છે છતાં ફરી કહું છું કે ખોટું ન લગાડીશ...'

'તું કહી નાખ એક વાર.'

'પહેલી રાત્રે જ... અંધારું મટતાં તારો અને શ્રીલતાનો હાથ ...એકબીજાને પકડી રહ્યો હતો ત્યારે....'

'હજી વહેમ ન ગયો, ખરું ?'

'વહેમનો પ્રશ્ન જ નથી. મારે તને સલામતી આપવી છે... અને તને સલામત બનાવવો છે...'

'તારાં માતાપિતા શું કહે છે ?'

'એ તારા લગ્ન માટે તારા જેટલાં જ ઉત્સાહી છે... એમણે હા કહી દીધી... અને મુહૂર્ત જોવડાવ્યું પણ ખરું. એ પછી જ હું તને ખબર આપવા આવી...'

'એમ ?... હવે મારે મારાં માતાપિતાને સમજાવવાં રહ્યાં... તું એક ધનિકની પુત્રી છો એમ માની કોણ જાણે કેમ એ વિચિત્ર વાતો આગળ કર્યા કરે છે ! વરકન્યા તે કાંઈ વેચાતી લેવાની વસ્તુ છે ?' મધુકરે પોતાનાં માતાપિતાની દૃષ્ટિ વખોડતાં છતાં આગળ કરી.

'પછી... તારાં માતાપિતા કબૂલ ન થાય તો ?' જ્યોત્સ્નાએ જરા ચિંતા વ્યક્ત કરી.

'તો...માતાપિતાની હાજરી વગર લગ્ન થશે... પછી કાંઈ ?' મધુકરે પ્રેમવીરત્વ બતાવ્યું.

'અને... ધ્યાનમાં રાખજે... મારાં માતાપિતા માત્ર કન્યાદાન જ કરશે... બીજા કશાનું દાન નહિ... કબૂલ છે ?' જ્યોત્સ્નાએ પૂછ્યું.

'શું તુંયે જ્યોત્સ્ના ? હું રાવબહાદુરની મિલકતને, પૈસાને કે પ્રતિષ્ઠાને પરણતો નથી..... તું ઇચ્છે તો, જ્યોત્સ્ના ! લગ્નની બીજી જ

ક્ષણથી હું અને તું રાવબહાદુરથી સ્વતંત્ર ! રાવબહાદુરની મિલકતથી સ્વતંત્ર ! હું તેમનો આભારી ખરો, પરંતુ આશ્રિત નહિ જ !' મધુકરે કહ્યું. વીરનું વીરત્વ સહુને ગમે... વીરને પોતાને તો ગમે ઘણું જ... અને વીરને પસંદ કરતી યુવતીને એ કેટલું ગમે એ તો કહેવાય જ નહિ !

'ત્યારે આઠમે દિવસે લગ્નની જાહેરાત થાય છે. મધુકર, હોં !' કહી જ્યોત્સ્ના મધુકરને એકલો મૂકી એના ખંડમાંથી બહાર નીકળી.

તેજઅંધકારની થોડી ક્ષણ ચાલેલી રમત સિવાય આખું નાટ્ય - આખું રીહર્સલ સંપૂર્ણ રીતે ફતેહમંદ થયું, અને બીજા દિવસની સફળતાની પૂરી આગાહી આપી રહ્યું. સમાપ્તિ પછી જ્યોત્સ્ના અને મધુકર મળ્યાં - અને સહજ એકાંતમાં - ત્યારે જ્યોત્સ્નાએ મધુકરને લગ્ન માટે તૈયાર રહેવાનું કહ્યું એ ચમકાવતી હકીકત તેના ધ્યાનમાં રહી જ જાય ને ?

અને સાચેસાચ મધુકર તો કોઈ પણ ક્ષણે જ્યોત્સ્ના સાથેના લગ્ન માટે તૈયાર જ હતો ! જ્યોત્સ્નાનું છેલ્લું વાક્ય સાંભળીને તેને હર્ષ ઊપજ્યો.

અંધકારનો લાભ લેઈ શ્રીલતાએ તેના હાથમાં કરેલાં વીંટીના અને નખના જખમ હજી ચચરતા હતા ખરા. સ્ત્રી પણ જખમ કરી શકે છે ખરી! હવે ખાતરી કર્યા વગર કોઈ પણ યુવતીના હાથ સાથે હાથ મેળવવાની રમત જતી કરવી જોઈએ ખરી !

જુદો ખંડ તેને રાવબહાદુરના ઘરમાં મળ્યો હતો ખરો તથાપિ તે ખંડનો ઉપયોગ દિવસ માટે જ હતો, રાત્રિ માટે નહિ, એમ તે અને સહુ કોઈ સમજી લેતાં હતાં. રીહર્સલને અંગે અગર એવા કોઈ ખાસ કામને અંગે, કદાચ રાત્રિના દસ અગિયાર બાર વાગતા સુધી એ ખંડનો ઉપયોગ મધુકર કદી કદી કરતો પણ ખરો. પરંતુ સમયસૂચક બનીને એ રાત્રિએ તો સૂવા માટે પોતાને ઘેર જ ચાલ્યો જતો હતો.

મધુકર કારમાં ઘેર આવ્યો; સૂતો, સુખમય સ્વપ્નમાં મશગૂલ રહ્યો અને મોડી સવારે જાગ્યો. એણે જૂનું નાનું ઘર બદલી નાખ્યું હતું. રાવબહાદુરના સેક્રેટરી કરતાં રાવબહાદુરના જમાઈને શોભે એવો બંગલો તેણે થોડા દિવસથી ભાડે લીધો હતો. જીવનનાં પગથિયાં તે ઝડપથી ચડતો જતો હતો. માતાનો તો એ મોંઘો પુત્ર હતો જ; પરંતુ પિતાએ પણ તેને હવે કૈંક માનીતો બનાવ્યો હતો. દેવાનો ચોવીસે કલાક વિચાર કરતા પિતાને હવે બિલ પતાવવાની પંચાત પડતી જ નહિ. પગે ચાલવાને બદલે માતાપિતા કદી કદી કાર પણ વાપરી શકતાં. ઘરને બદલે બંગલો વાપરવાનો હતો. દીકરો ધનિક અને પ્રતિષ્ઠિત સસરાનો જમાઈ થવાનો હતો

એટલું જ નહિ. પરંતુ લગ્ન થતા બરોબર લાખેક રૂપિયા માતાપિતાના હાથમાં આવી પડવાના હતા એની માતાપિતાને ખાતરી હતી - મધુકરે ખાતરી આપી હતી.

જાગતા બરોબર મધુકર પાસે માતાએ લાવીને નવી ઢબના રકાબી-પ્યાલામાં ચાનાસ્તો મૂક્યાં અને પિતાએ પણ સામે બેસી આનંદથી વાતો કરવા માંડી.

'આ તારા રાવબહાદુર ભારે કંજૂસ લાગે છે.' પિતાએ કહ્યું.

મોટે ભાગે બન્ને પક્ષનાં સાસુસસરા અને સગાંવહાલાં ટીકાપાત્ર અવગુણ જ ધરાવતાં હોય છે !

'શા ઉપરથી ? એમને લીધે તો આપણે આ સાહેબી ભોગવીએ છીએ.' મધુકરે જવાબ આપ્યો. પિતાના કરતાં પુત્રની ભાવના શ્વસુરપક્ષ માટે વધારે કુમળી રહે છે - વહુ ગમતી હોય ત્યાં સુધી.

'આવો રાજાના કુંવર જેવો છોકરો જમાઈ તરીકે મળે અને એટલી સગવડ પણ એ ન કરી આપે તો એની મોટાઈને શું દીવાસળી ચાંપવી છે?' માતાએ સામા પક્ષની મોટાઈને બાળવાની ઊંચી મોટાઈ દર્શાવી !

સ્ત્રીપુરુષની સમાનતાના આ યુગમાં હજી પણ વરપક્ષ-વહુપક્ષ ઉપર સરસાઈ ભોગવવા ખૂબ મથે છે - વરપક્ષનો સ્ત્રીવર્ગ પણ ! કોઈ પણ પક્ષને ન ગણકારતાં વરકન્યા સ્વયંવર કરી લે છે ત્યારે પણ કન્યા પક્ષ જાણે પોતાનો પરાજય થયો હોય એમ માની જ્વાલામુખી સરખો ધૂંધવાઈ ઊઠે છે - અને વરપક્ષ ફતેહના ડંકા વગાડે છે ! જોકે વરપક્ષની વરે જરાય પરવા ન કરી હોય ! આમ સ્ત્રી કરતાં પુરુષની શ્રેષ્ઠતાનો ભાવ હજી જીવંત છે. ચિત્રોને મહત્ત્વ આપતાં પત્રોના ચિત્રવિભાગ તરફ નજર કરનાર જ્યારે લગ્નમંડપનાં પાન ઉથલાવે છે ત્યારે પૈસા ખર્ચી પત્ની સાથે છબી છપાવ્યાનો લહાવો માણનાર પુરુષની છબી ઉપર ઈડરિયો ગઢ જીત્યાનું ગીત ગુંજી રહ્યું હોય એમ એને સંભળાય છે !

'આપણે તો નક્કી કર્યું છે ! લાખ રૂપિયા તારા નામના જુદા ન કાઢે અને એ ઠસ્સાદાર રાવબહાદુર અને એમના એથીયે વધારે ઠસ્સાદાર પત્ની અમારે બંનેને પગે પડી આમંત્રણ ન આપે ત્યાં સુધી અમે તારા લગ્નમાં આવનાર નથી.' પિતાએ પોતાની શરત આગળ કરી. માંગ અને ખપતનો આર્થિક સિદ્ધાંત લગ્નમાં પ્રવર્તતો નથી એમ માનનાર મોટામાં મોટી ભૂલ કરે છે. મધુકર જેવો છોકરો હોય તો પછી લગ્નના બજારમાં એની જેટલી ઊપજે એટલી કિંમત ન મેળવે તો માતાપિતા અવ્યવહારુ જ ગણાવાં

જોઈએ. અને લગ્નની ભાવના પરણનાર યુગલ માટે ગમે એટલા રંગીન પ્રેમપરપોટા ઉરાડે, છતાં ધીર, અનુભવી, કુશળ માતાપિતાને માટે તો એ સીધો વ્યવહાર જ ગણાય.

'પિતાજી ! એવી તેવી જીદ ન પકડશો અને જેમ થાય છે એમ થવા દો. લગ્ન પછી રાવબહાદુરની બધી જ મિલકત આપણી જ છે ને ?' મધુકરે પિતાને સમજાવ્યા.

'એ તો કાંઈ કહેવાય નહિ ! મોટા ઘરની છોકરી. અમારી સાથે ન બન્યું તો ? જો ને ! એનાં માબાપ લગ્નની વાત કરી જાય છે, પરંતુ એ છોકરી અમને મુખ સરખું પણ દેખાડતી નથી...' માતાએ આ વખતે પતિનો પક્ષ લીધો.

'અરે, પણ હું છું ને ?' મધુકરે આશ્વાસન આપ્યું.

'તારોયે શો ભરોંસો ? કૈંક વહુઘેલા છોકરાઓ માબાપની સેવા છોડી વહુને લેઈ માબાપને ખસતાં મૂકે છે ! અમે તો દુનિયા જોઈ નાખી છે.' માતાએ જવાબ આપ્યો. લગ્ન સુધી પહોંચેલા પુત્રની સેવા માગવાનો હક્ક માબાપ હજી કર્યે જાય છે ખરાં !

લગ્ન એટલે ? માતાપિતા તથા પત્ની વચ્ચે પુરુષની ખેંચતાણની કોઈ રમત તો નહિ હોય ?

અગર પુરુષની ગરદન ઉપર જતાં અને આવતાં વહેરતી કરવત પણ લગ્ન કેમ ન હોય ? કરવતની એક બાજુ પુરુષનાં માતાપિતાએ પણ ઝાલી હોય છે.

'મારો આટલો જ ભરોંસો કે ? તમને સુખી કરવા હું આટલું ભણ્યો. હવે કમાઉ છું. તમારી ઈચ્છા વિરુદ્ધ આજ દિન સુધી મેં મારું લગ્ન મુલતવી રાખ્યું. એ બધાનો આવો જ અર્થ કરશો ?' મધુકરે માતાપિતાની વિનવણી કરી. માતાપિતાની ઈચ્છાને મધુકરે માન્ય કરી હોત તો ભણતાં ભણતાં જ તેનું લગ્ન થઈ ચૂક્યું હોત. પરંતુ મધુકર માતાપિતા કરતાં પણ પોતાની કિંમત વધારે જુદી રીતે આંકતો હતો. તેનું રૂપ, તેની સફાઈ, તેની ચબરાકી અને તેનું ભણતર માતાપિતાની હડફેટે ચઢેલી ગમે તે છોકરી સાથેના લગ્નમાં વેડફી નાખવા માટે હતાં જ નહિ. એ સર્વ સફાઈની કિંમત મળે એવી હતી - અને તે તેને લેવી પણ હતી ! શા માટે નહિ ! પ્રેમની આસપાસ ઊર્મિનાં રંગબેરંગી વાદળાં ભલે ચિતરાય; અંતે તો એ ચોખ્ખું જાતીય આકર્ષણ જ છે ને ? આંખને ગમે એવી સ્ત્રી પુરુષ શોધે, અને આંખને ગમે એવો પુરુષ સ્ત્રી શોધે; કોઈ પણ સનાતન સત્ય હોય તો તે જ ! આંખને

એક જ સ્ત્રી કે એક જ પુરુષ ગમે એ વાત સદંતર ગલત ! તો પછી ગમતી સ્ત્રીઓમાંથી વધારે ઉપયોગી સ્ત્રી શા માટે પસંદ ન કરવી ?

મધુકરને શ્રીલતા ગમી જ હતી ને ? એ પહેલાં મીનાક્ષી પણ ક્યાં નહોતી ગમી ? બીજી યુવતીઓને ન સંભારે તોપણ ! પરંતુ એ બેમાંથી મધુકરને વિલાયત મોકલી એની કિંમત વધારવાની સગવડ શ્રીલતામાં મળે એમ હતું; એકલી રૂપાળી મીનાક્ષી કરતાં રૂપાળી અને ઉપયોગી શ્રીલતા વધારે જ પસંદ કરવા પાત્ર ગણાય ! અને એ દૃષ્ટિએ તેણે મીનાક્ષી પ્રત્યેનો પ્રેમ ખસેડી શ્રીલતા ઉપર નાખ્યો હતો. એ બની શકે એમ હતું ! લયલા-મજનૂ કે રામ-સીતા સરખાં પ્રેમગૂંદરિયાં તો કવિતા ગાવા માટેના અપવાદો હતા. કૈંકના વિવાહ મળેલા ફોક થાય છે, કૈંકનાં લગ્ન નિર્થક બને છે, અને છતાં એમ માનવું કે પ્રેમ એ વજ્રગ્રંથિ છે, એના સરખું અવાસ્તવિક કથન બીજું હોઈ શકે જ નહિ - મધુકરના મત અનુસાર.

અને તે શ્રીલતા સાથેના સંબંધમાં સિદ્ધ થયું ! શ્રીલતા તેને એક વાર ઘણી ગમી ગઈ હતી; શ્રીલતા ઉપર તેણે કવિતાઓ પણ લખી મોકલી હતી! એટલું જ નહિ; પ્રેમની અતૂટ છાપ તરીકે મધુકરે શ્રીલતાની અંગુલીએ એક મુદ્રિકા પણ પહેરાવી દીધી હતી ! શ્રીલતા સાથે લગ્ન કરી પરદેશ સાથે જવાની પણ બંનેની તૈયારી હતી; શ્રીલતાનાં માતાપિતાની પણ એમાં સંમતિ હતી.

પરંતુ શ્રીલતાના પિતાને કોઈ મૂર્ખાઈભર્યા વ્યાપારમાં ખોટ આવી એટલે શ્રીલતાની કાર પણ અદૃશ્ય થઈ ગઈ અને વિલાયત સાથે જવાનું લંબાયું... કહો કે અશક્ય બન્યું ! સાથે જવાનું તો ઠીક, પરંતુ મધુકરને એકલાને મોકલવા જેવું સાધન પણ શ્રીલતાના પિતા પાસે રહ્યું નહિ. મધુકર જાતે ધનિક હતો જ નહિ. એ ગરીબ હતો એમ દેખાડવું અગર કહેવડાવવું તેને કદી ગમ્યું ન હતું. છતાં તે ગરીબ માતાપિતાનો પુત્ર હતો. ગરીબી તેને કદી ગમી ન હતી; કુરૂપ, બદસૂરત ગરીબીનો તેને તિરસ્કાર હતો. માનવીની આશા, અભિલાષા, ઇચ્છાને હિમથી બાળી મૂકતી ગરીબી ટાળવા એ ભણ્યો; ભણતે ભણતે ગરીબીને જેટલી દૂર કરી શકાય એટલી એણે દૂર કરી; એનું રૂપ, ચબરાકી તથા ભણતર સરખા ગરીબી સામેના કુદરતી મોરચા તેની તરફેણમાં હતા. પ્રેમને બહાને શ્રીલતાને પરણી ગરીબી વહોરવાની તેની તૈયારી હતી જ નહિ. એને પ્રેમ પણ એવો જોઈતો હતો કે જે તેને ગરીબીમાંથી ઊંચો લાવે. ગરીબીનાં ગલિચ ખાબોચિયાં ઉલેચાવતા પ્રેમની તેને જરાય જરૂર ન હતી. એણે શ્રીલતાને

ખસેડી નાખી - અગર એ શ્રીલતાથી ખસતો રહ્યો.

એના જ વર્તુલમાં જ્યોત્સ્ના સરખી એક યુવતી હતી. રૂપમાં શ્રીલતા અને મીનાક્ષીની જાણે જોડ ! મીનાક્ષી તો સહજ નીચી પણ ખરી; પરંતુ શ્રીલતાની દેહઘટામાં ઊંચાઈનું તત્ત્વ હતું ! જ્યોત્સ્ના પણ એવી જ ઊંચી અને ભણવામાં પણ એટલી જ આગળ. દૂરથી શ્રીલતા અને જ્યોત્સ્ના સાથે આવતાં હોય તો ક્ષણભર કોણ જ્યોત્સ્ના અને કોણ શ્રીલતા હશે એ કહેવું મુશ્કેલ થઈ પડતું. અને એવી જ મુશ્કેલીમાંથી એને જ્યોસ્ત્ના જડી હતી. સિનેમામાં ઘણું ઘણું બને છે તેમ એક વખત એમ બન્યું કે ઝાંખા પ્રકાશમાં જ્યોત્સ્ના એકલી ઊભી હતી; એનું મુખ બીજી પાસ હતું. મધુકરે તેને અચૂક શ્રીલતા ધારી ધીમેથી તેની પાછળ જઈને તેને ખભે હાથ મૂક્યો ! જ્યોત્સ્નાએ મુખ ફેરવ્યું અને મધુકર દેખાયો !

'બહુ દિલગીર છું, જ્યોત્સ્ના ! હું જાણું છું તને કોઈ અડકે તે ગમતું નથી. પરંતુ મેં તને શ્રીલતા ધારી... આબેહૂબ શ્રીલતાનો જ જાણે દેહ ! માફ કરજે.' મધુકરે માફી માગી હતી અને જ્યોત્સ્નાએ સહેજ સ્મિતપૂર્વક માફી આપી પણ હતી !' પ્રેમીઓની ઘણી ઘણી ઘેલછા માફીને પાત્ર હોય છે.

'કાંઈ નહિ... હું પણ શ્રીલતાની જ અહીં રાહ જોઉં છું... આ...પેલી શ્રીલતા આવે...તું કહેજે, મેં સહુની ટિકિટ લીધી છે...' કહી જ્યોત્સ્ના ત્યાંથી ચાલી ગઈ હતી.

ત્યારથી ઘણીવાર સરખી દેખાતી શ્રીલતા અને જ્યોત્સ્નાની તે સરખામણી પણ મનમાં કરતો. પરંતુ કેટલાય સમય સુધી એનાં હૃદયે શ્રીલતામાં વધારે આવકારદાયક લક્ષણો નિહાળ્યાં. જ્યોત્સ્ના બિલકુલ ઠંડી, મીંઢી પાર ન પામવા દે એવી, ઊર્મિને આકર્ષી ન શકે એવી, જબ અરૂપાળી પૂતળી સરખી બની રહેતી; જ્યારે શ્રીલતા સતત હસતી, બોલતી, વસ્ત્રવૈવિધ્ય પ્રવીણ, ઊર્મિને સતત ઉછાળે ચઢાવતી જીવતી જાગતી રૂપપૂતળી હતી. પ્રથમ દર્શને શ્રીલતા જ આકર્ષી શકે. જ્યાં સુધી શ્રીલતાની કૌટુંબિક ઉન્નતિ જાજ્વલ્ય હતી ત્યાં સુધી મધુકરનો પ્રેમ શ્રીલતાને જ પકડી રહ્યો. પરંતુ શ્રીલતાનાં લક્ષણોમાંથી તેની મોહક 'કાર' અદૃશ્ય થતી લાગી ત્યારથી શ્રીલતામાં નવાં અનાકર્ષક વલણો મધુકરને દેખાવા લાગ્યાં હતું. એની હાસ્યવૃત્તિમાં અછકલાપણું તેને દેખાયું; એના બોલકણા સ્વભાવમાં મધુકરને ચિબાવલાશ નજરે પડતી ચાલી; એની રંગીત વસ્ત્રપ્રિયતામાં ઊડતાં પતંગિયાં તેને દૃષ્ટિગોચર થયાં અને એના

રૂપમાં પ્રદર્શન-પ્રચાર સમજાવા લાગ્યાં. એણે શ્રીલતાને એકાંતમાં મળવાનું ઘટાડી દીધું. અને ઊર્મિના આવેગ ઉપર સંયમ મૂકી દીધો.

જ્યોત્સ્ના તરફ તેની નજર ઠરવા લાગી. જ્યોત્સ્નાના પિતાએ હજી પૈસા ગુમાવ્યા ન હતા એ મુખ્ય ધ્યાન ખેંચનારી હકીકત બની રહી. બાકી જ્યોત્સ્ના શ્રીલતા કરતાં ઓછી રૂપાળી તો હતી જ નહિ ! રૂપમાં, દેહાકૃતિના પ્રમાણમાં બન્ને આકર્ષક હતાં જ - સરખાં જ - ભૂલ થઈ જાય એટલાં સરખાં હતાં. જ્યોત્સ્ના ભલે ઠંડી લાગતી હોય છતાં એનું ગાંભીર્ય તો એના રૂપમાં વધારો જ કરતું હતું ! ચિબાવલાશ કરતાં ગાંભીર્ય વધારે જ રૂપાળું ! અને ચોવીસે કલાક કાનમાં વાગ્યા કરતા શબ્દોને સ્થાને કદી કદી સંભળાતા શબ્દો જરૂર મીઠા વધારે લાગે. જ્યોત્સ્ના એને ગમવા લાગી હતી - શ્રીલતા કરતાં પણ વધારે.

પરંતુ જ્યોત્સ્ના પોતાની આસપાસ કોટકિલ્લા રચી બેસી ગઈ હતી. એણે સ્પષ્ટ રીતે શરૂઆતમાં સુરેન્દ્ર તરફ પક્ષપાત પણ બતાવ્યો હતો... અને સુરેન્દ્રના વેદિયાપણાએ મધુકરને સાથમાં લીધો ન હોત તો જ્યોત્સ્નાને જીતી લેવાની તેની જીવનભરની તક હાથમાંથી ચાલી ગઈ હોત ! સુરેન્દ્રની સેવાભાવનાનો એક ઉપકાર ખરો જ કે એણે રાવબહાદુરને ત્યાં મધુકરને સ્થાન અપાવ્યું. પરંતુ એમ કરીને એણે પોતાની રાવબહાદુરને માટે તેમ જ જ્યોત્સ્નાના પ્રેમ માટેની નાલાયકી જ સ્પષ્ટ કરી આપી હતી. ન લાયક હોય અને એને રુખસદ મળે એમાં ઉપકારવશ ત્રાહિત સરખો મધુકર પણ શું કરે ? બેવકૂફ સુરેન્દ્રમાં જ્યોત્સ્નાને સમજ-વાની શક્તિ જ ન હતી. સેવાભાવનાં તેનાં ધતિંગ જ્યોત્સ્નાને કદી સુખી કરી શકે એમ લાગતું નહિ. સુરેન્દ્ર તરફથી પાછી વળી જ્યોત્સ્ના તેના તરફ આકર્ષાય, અને એ આકર્ષણનો તે જવાબ આપે એમાં એનો - મધુકરનો - દોષ પણ શો ? જ્યોત્સ્નાનાં માતાપિતાને પણ તે ગમી ગયો હતો ! પોતાના આગ્રહ કરતાં રાવબહાદુર અને યશોદાબહેનનો આગ્રહ વિશેષ હતો... અને ઠંડી જ્યોત્સ્નાએ પોતાની ઠંડી, ડાહી, ઠાવકી ઢબે લગ્ન માટેની અનુકૂળતા કરી આપી હતી જ. એટલે જ્યોત્સ્ના સાથે થનાર ભાવિ લગ્નમાં મધુકરનો કાંઈ સક્રિય ફાળો કે ખટપટ હતાં જ નહિ એમ મધુકરને સ્પષ્ટ લાગ્યું. સ્વાભાવિક રીતે જ દુનિયા તેની બાજુએ વળતી હતી - લોહચુંબક અને લોખંડની માફક. રાવબહાદુરની મિલકત અને રાવબહાદુરની પુત્રી તેને લાયકાતના ધોરણે મળતાં હોય તો હરકત પણ શી ?

માત્ર તેનાં માતાપિતા એક નિરર્થક શરત મૂક્યાં કરતાં હતાં : લાખ રૂપિયાની રકમ મધુકર અને તેનાં માતાપિતાના સ્વતંત્ર ઉપયોગ માટે જુદી મુકાય તો જ લગ્ન થાય ! એ શરત રાવબહાદુર મંજૂર ન જ કરે... એવી મંજૂરીની મધુકરની દૃષ્ટિએ જરૂર પણ ન હતી. લગ્ન પછી પણ એટલી રકમ ક્યાં ઉપાડી શકાતી નથી ? એટલે માતાપિતાને આવી શરત વચમાં ન લાવવા મધુકર વારંવાર વિનંતી કરતો હતો, અને એ વાતચીતને અંતે માતાપિતા અને મધુકર વચ્ચે ભારે કડવાશ ઊપજતી. આજે ચા પીતે પીતે પણ એની એ જ વાત થઈ અને મધુકરે પોતાનો ભરોસો રાખવા આગ્રહપૂર્વક માતાપિતાને કહ્યું ત્યારે માતાએ કહ્યું :

'તારો તો અમને ભરોસો ખરો જ ! પરંતુ મોટા ઘરની છોકરી આવે એનો શો ભરોંસો ?'

'પરણ્યા પછી એ મારે જ વશ રહેશે ને ?' મધુકરે કહ્યું.

'ન રહી તો ?' માતાએ કહ્યું.

'અને હવે તો ઝટપટ છૂટાછેડા પણ છોકરીઓ લેઈ લે છે !' પિતાએ કહ્યું. વયે વધેલા પિતાનો લગ્નવ્યવહારમાં હજી ચીવટાઈ ભર્યો રસ હતો.

મધુકરને અંશતઃ માતાપિતાનું વ્યવહારજ્ઞાન સમજાયું ખરું. લગ્ન પછીના સંભવિત છૂટાછેડા સામે લાખ રૂપિયાનો વીમો છેક ખોટો તો નહિ જ !

'પરંતુ એ શરત મૂકતાં લગ્ન જ બંધ રહે તો ?' મધુકરે પૂછ્યું.

'એ બને જ નહિ... આટલે સુધી વાત આવ્યા પછી... લગભગ દિવસ પણ નક્કી કર્યા પછી... લગ્ન બંધ ન જ રહે... આમંત્રણ નીકળી ગયા પછી જોર કરીશું... પછી કાંઈ ?' માતાએ કહ્યું.

'એ તો બધું ઠીક છે... પણ ઓ મૂર્ખ ! તું નાની વાત પણ સમજતો નથી.' પિતાએ કહ્યું.

'શી વાત ?'

'બધું સમજ્યા લગ્ન થાય; તારા ઉપર મિલકત ન્યોછાવર થાય ભલે. પરંતુ એક સંભવ તેં વિચાર્યો જ નથી...' પિતાએ કહ્યું, અને ધીમે રહીને વાત આગળ વધારી : 'કદાચ...ન કરે નારાયણ... અને લગ્ન થઈ ગયા પછી કન્યાને કાંઈ રાજકદૈવક થાય ...તો ?' પિતાએ ધીમે રહીને પૂછ્યું.

'એટલે ?' રાજક શું અને દૈવક શું એ આજની દુનિયા સમજતી ન હોવાથી મધુકરે પૂછ્યું. આસમાની સુલતાની શબ્દ પણ હવે નવી પેઢી

ભૂલતી જાય છે.

'એટલે.. પ્રભુ એમ ન કરે... છતાં... ધારો કે તારી સાથે પરણનારીનો આવરદા જ ટૂંકો હોય તો ?... પછી તને કોણ પૂછે ? રાવબહાદુર તો નહિ જ ને ?' પિતાએ કહ્યું. અને મધુકર સરખો કદી ન ચમકે એવો ધીર હૃદયી યુવાન પણ પિતાની દીર્ઘદૃષ્ટિથી ચમકી ઊઠ્યો.

૩૯

## લગ્ન તરફ પગલાં

મધુકરના પિતા મધુકરના કરતાં પણ વધારે વ્યવહારકુશળ હતા એની ખબર આવા અજોડ પુરાવા સહ મધુકરને અત્યારે જ થઈ. ધનિક સ્ત્રીને પરણવું એ સારુ છે. પરંતુ એ ધનિક યુવતી રખેને અણધાર્યું સ્વર્ગા-રોહણ કરે અને તેનું ધન પરણેલા પતિના હાથમાંથી છટકી જાય એ સંભવ જેમ બને તેમ સાચવી લેવો એ વધારે સારો ! એના વ્યવહારે એના પિતાના ડહાપણને ઓળખાવ્યું તો ખરું જ; પરંતુ મધુકર હમણાં જ જ્યોત્સ્નાને વચન આપી આવ્યો હતો કે તે જ્યોત્સ્ના સિવાય બીજી એક પણ ભેટ સ્વીકારશે નહિ. પ્રેમવીરત્વ દર્શાવવામાં તેણે ભૂલ કરી હતી એમ તેને લાગ્યું; પરંતુ વધારે ખેંચ કરવામાં આ વિચિત્ર છોકરી સમૂળી હાથમાંથી ખસી જાય એવો પણ તેને ભય હતો જ. અઠવાડિયામાં તો તેનું લગ્ન થવાનું હતું. એ લગ્નની જાહેરાત થઈ જાય એટલે પોતાના પિતાની માફક જો કાંઈ રકમ ખેંચી શકાતી હોય તો ખેંચી કાઢવા માટે થોડીઘણી સગવડ તો હતી જ. વરનાં માતાપિતાને રાવબહાદુર જેવા ધનાઢ્ય પુરુષ લાખ રૂપિયા જેવી નજીવી રકમ માટે નારાજ કરે અને તેમની હાજરી વગર મધુકર સરખા સુયોગ્ય યુવકનું લગ્ન થવા દે એ તેને અશક્ય લાગ્યું.

પરંતુ અશક્ય વસ્તુઓ શક્ય બને છે એ તે જાણતો હતો. માતાપિતા પણ મમતે ચઢે અને સાસુસસરો પણ મમતે ચઢે અને વરરાજા માટેની ખંડણી ન આપે, તોય લગ્ન તો થવા દેવું જ જોઈએ. એવે પ્રસંગે તે પ્રેમવીરત્વ અને પ્રેમભોગની વાત આગળ કરી શકે ! વળી... પરણતાં બરોબર... પત્ની મરી જ જાય એમ થવું એ લગ્નની આંકડાશાસ્ત્રીની તપાસ અંગે શક્ય બનતું નથી. અઠવાડિયું, એક માસ, બે માસ, તો પરિણીતા મોટે ભાગે જીવતી રહે જ. અને એ મુદત દરમિયાન પત્નીની આખી મિલકત પોતાને કબજે લેવામાં બાહોશ પતિને કોઈ પણ જાતની હરકત ન આવે તેવી મધુકરની ખાતરી હતી.

ઝડપથી તેણે વિચાર કરી લીધો. લગ્નની તારીખ મુકરર થવા દેવી:

એ મુકરર થયા પછી પિતાની લાખ રૂપિયાની માગણીનો વેગ વધારવો. એ માગણી સફળ થાય તો ઠીક, અને ન સફળ થાય તો પિતામાતાને હડસેલીને પણ જ્યોત્સ્નાના પ્રેમ ખાતર લગ્ન કરી નાખ્યું એવું વાતાવરણ જરૂર ફેલાવવું, અને લગ્ન થયા પછી જ જ્યોત્સ્નાને રમાડી, જ્યોત્સ્નાનાં માતાપિતાને રીઝવી; લાખ કરતાં પણ વધારે રૂપિયાની મિલકત રાવબહાદુરના અવ્યવસ્થિત વ્યવહારમાંથી ઉઠાવવી એમાં મધુકરને જરાય મુશ્કેલી પડે એમ ન હતું. પિતાની ચમકાવનારી સૂચનામાંથી એનો માર્ગ હવે વધારે સ્પષ્ટ થયો, અને માતાપિતાને તેમની માગણી સંબંધમાં બને એટલું કરવા સમજાવી તે આરામથી બેઠો. દિવાનિદ્રામાં તેને જ્યોસ્ત્ના સાથેનાં લગ્નનાં શમણાં પણ આવી ચૂક્યાં અને જ્યોત્સ્નાના બે લાખના અલંકારો પણ તેના હાથમાં આવી ચૂક્યાં !

સમય થતાં મધુકર રાવબહાદુરને ત્યાં પોતાની ફરજ બજાવવા માટે સજ્જ થઈ ચાલી નીકળ્યો. લગ્ન સુધી તો તે નોકર જ હતો ને ? રાવબહાદુરને ત્યાં આવતાં બરોબર તેણે જોયું કે રાવબહાદુર અને યશોદાબહેન બંનેનાં મોં ચઢેલાં હતાં - જોકે જ્યોત્સ્નાનું મુખ અને એનું હલનચલન અણધાર્યો આનંદ વ્યક્ત કરતાં હતાં. પોતાના કામમાં મશગૂલ રહ્યાનો દેખાવ કરી શકતા મધુકરે જોયું કે તેની ખુરશી પાસે રાવબહાદુર આવી ઊભા છે. મધુકર એકાએક ઊભો થયો અને તેણે પૂછ્યું:

'આપ કેમ પધાર્યા ? મને બોલાવવો હતો ને ?'

'આટલો આ નમૂનો વાંચી લો.' રાવબહાદુરે તેના હાથમાં લખેલો કાગળ મૂકી દીધો. ધબકતે હૃદયે તેણે એ લખાણ વાંચ્યું. એમાં મધુકર સાથે જ્યોત્સ્નાના લગ્નની જાહેરાત તથા લગ્નમાં આમંત્રણ આપતી કુમકુમ પત્રિકા હતી. મધુકર આનંદિત થયો અને રાવબહાદુરના હાથમાં એ લખાણ પાછું મૂકી તેણે કહ્યું :

'જી, આભાર માનું છું !'

'મારી સામે જુઓ. એકલો આભાર માનવાનો નથી. હું જ્યોત્સ્નાને કે તમને વેચાણમાં મૂકવા માગતો નથી. એ શરત કબૂલ હોય તો આ કંકોતરી તમને યોગ્ય લાગે એ રીતે તમે છપાવો. એમ કબૂલ ન હોય અને તમારા પિતાની ઇચ્છા પ્રમાણે તમારે ચાલવું હોય, તો આ કાગળ હું ફાડી નાખું છું.' રાવબહાદુરે કહ્યું.

'સાહેબ ! એને ફાડી નાખવાની જરાય જરૂર નથી. આપ મને

ઓળખો છો: યશોદાબહેન મને ઓળખે છે અને જ્યોત્સ્ના પણ મને ઓળખે છે. આપની સંમતિ પામેલું લખાણ કદી ફાટી શકે નહિ. એ હવે છપાશે જ.' કહી મધુકરે રાવબહાદુરના હાથમાંથી કુમકુમપત્રિકાનો નમૂનો લઈ લીધો.

'મધુકર ! એટલું ધ્યાનમાં રાખજો કે તમારા પિતાશ્રી એમની માગણી બાબતમાં જીદ કરશે તો હું તેમનું સાંભળીશ નહિ.' રાવબહાદુરે કહ્યું.

'આપ એમના કાગળો આવે તે વાંચશો જ નહિ અને મને સોંપી દેશો.' મધુકરે કહ્યું.

'છેલ્લે દિવસે આવીને કંઈ તોફાન ન કરે.' રાવબહાદુરે કહ્યું.

'વારુ.'

'લગ્નને દિવસે બધા આવ્યા હોય અને તે ક્ષણે મને નીચું જોયા સરખું કંઈ પણ થાય એ હું જરા પણ ચલાવી લઈશ નહિ.'

'હું આપની મૂંઝવણ સમજી શકું છું. બનતાં સુધી લગ્નને દિવસે મારાં માતા અગર પિતા કોઈ હાજરી ન આપે એમ હું જરૂર કરીશ.' મધુકરે કહ્યું.

'હું તમને એટલે બધે સુધી સખત થવા કહેતો નથી. પરંતુ લગ્નનો દેખાવ જરા પણ બગડે એવું હું ન જ ઈચ્છું... અને હવે તમે પણ જોઈ શક્યા હશો કે આ લગ્નનો સમારંભ કેવો હોઈ શકે !'

'હા, જી. અને જેમ એમાં આપને પણ શરમાવું ન પડે તેમ મારે પણ શરમાવું ન પડે એમ જોવાની મને પણ ઈચ્છા રહે છે.' મધુકરે કહ્યું.

'મને ઘણી વાર તમારે માટે ઊંડું દર્દ થાય છે ! તમે બહુ ખોટી જગાએ જન્મ્યા.'

'હું જાણું છું. એમાં મારો ઈલાજ નથી. આપના સંબંધથી ઘણું ઘણું સુધરી જશે એવી મને ખાતરી છે... અને લગ્ન પછી મારાં માતાપિતા તરફથી જ્યોત્સ્નાને તલપૂર પણ દુઃખ ન પડે એવી બાંયધરી હું આપને આપું છું. અને યશોદાબહેનને પણ આપું છું. જ્યોત્સ્નાને તો આ બાબતની...કદાચ.. ખબર નહિ જ હોય !' મધુકરે પોતાની દીર્ઘદૃષ્ટિનું દર્શન કરાવ્યું.

'જ્યોત્સ્ના જાણે છે. મારે જ એને કહેવું પડ્યું. હું ઉદાર મતવાદી છું એટલે દીકરીને સંપૂર્ણ ખ્યાલ આપ્યા વગર લગ્ન કરાવવા ઈચ્છતો નથી.'

'જ્યોત્સ્નાએ કંઈ કહ્યું ? એનો શો મત છે ?' મધુકરે પૂછ્યું.

'છોકરીની જાત ! ભણેલી અને અભણ બધી જ સરખી. એણે તો મને એમ જ કહ્યું કે એ બાબત એ પોતે જ તમારી સાથે સમજી લેશે.' રાવબહાદુરે કહ્યું. અને તેમણે પગ જરા પાછા ફેરવ્યા. તે તકનો લાભ લઈ મધુકરે કહ્યું :

'ત્યારે હું આ પત્રિકા છાપવાની આપની અંતિમ પરવાનગી માની લઉં છું.'

'ભલે.' કહી રાવબહાદુરે ત્યાંથી વિદાય લીધી.

મધુકર થોડી વારે જ્યોત્સ્નાના ખંડ તરફ ગયો. જ્યોત્સ્ના કંઈ વાંચતી બેઠી હતી. સુરેન્દ્રના ગયા પછી અને જ્યોત્સ્ના સાથેના લગ્નની વાત વધતી જવાથી હવે મધુકરને જ્યોત્સ્નાના ખંડમાં જવાનો હક્ક મળી ચૂક્યો હતો. વાંચતે વાંચતે આડી નજર જ્યોત્સ્ના કરતી જ ન હતી - જોકે મધુકર તેની પાસે આવીને ઊભો હતો એમ તેણે જાણ્યું હતું છતાં ! વાંચ-વામાં મશગૂલ હોવાનો દેખાવ કરનાર જ્યોત્સ્નાને થોડો સમય જોઈ રહી મધુકરે કહ્યું :

'જ્યોત્સ્ના ! આ વાંચી જો.' કહી તેણે કુમકુમપત્રિકા તેની સામે ધરી. જ્યોત્સ્નાએ પત્રિકા તરફ નજર કરી કહ્યું :

'એ મેં જ લખેલી છે. મારા અક્ષર તને ઓળખાયા નહિ ?'

'અક્ષરના અર્થમાં હું એટલો મશગૂલ હતો કે અક્ષરનો મરોડ કોનો છે એ જોવાની મને ફુરસદ જ મળી નહિ.' મધુકરે ચાતુર્યપૂર્વક કહ્યું.

'હું સમજી.'

'એમાં કંઈ ફેરફાર કરવો છે ?'

'તને યોગ્ય લાગે તે ફેરફાર કર.'

'મારે તો કાંઈ જ ફેરફાર કરવો નથી. પરંતુ જ્યોત્સ્ના ! તું આમ સતત ઉમળકા વિહોણી કેમ રહે છે ?'

'સ્વભાવને હું ક્યાં બદલું ? ઉમળકો જોઈતો હોય તો હજી આ પત્રિકા બદલી નાખ.'

'બદલી નાખીને કોનું નામ લખું ?'

'શ્રીલતાનું. એનામાં તને ઉમળકો ઘણો મળશે.'

'હજી એની એ વાત ? શ્રીલતાનું નામ છોડી દે.'

'વારુ.'

'તો પછી આ કંકોતરી હું છાપવાને આપી દઉં છું.'

'છાપવા માટે જ લખાઈ છે.'

'તારો અને મારો "ફોટોગ્રાફ" એમાં આપીશું ?'

'ના ના; એ તો બહુ હલકું લાગે છે.'

'એમાં હલકું શું ?'

'લગ્ન પહેલાં નહિ. લગ્ન પછી તારી ઈચ્છા હોય તો કોઈ ચિત્રપત્રમાં છબીઓ આપજે. પુરુષોને પોતાનાં લગ્ન દિગ્વિજય સરખાં લાગે છે એ હું જાણું છું.'

'અને સ્ત્રીઓને પોતાનાં લગ્ન જાણે ગમતાં નહિ હોય ! એમ ?'

'ગમે જરૂર. પરંતુ હજી સ્ત્રીઓ પતિ સાથે છબી પડાવતી વખતે શરમાતી, દબાતી પરાશ્રયી જેવી જ મને દેખાયા કરે છે.'

'મને ડર લાગે છે કે લગ્ન પછી તું મારી સાષ્ટાંગ પ્રમાણ કરતી છબી પડાવ્યા વિના રહેવાની નથી !'

'એમ પણ બને. તારી એ પણ તૈયારી છે એ હું ક્યાં નથી જાણતી ?' હસીને જ્યોત્સ્ના બોલી.

'હવે ચાલ. મારી સાથે આવવું છે ? આપણે બન્ને સરસ કાર્ડ્ઝ પસંદ કરી કોઈ અવનવા છાપખાનામાં આ પત્રિકા છપાવીએ.'

'ભલે; ચાલ, હું સાથે આવું.' કહી જ્યોત્સ્નાએ વાંચન પડતું મૂકી મધુકરની સાથે જવાની તૈયારી કરી. જ્યોત્સ્નાની સ્વભાવશીતળતા અને સ્વભાવવિચિત્રતાનાં વિધવિધ સ્વરૂપો જોઈ, કદી કદી નારાજ અને નિરાશ થતો મધુકર જ્યોત્સ્નાની આવી ઝડપી સંમતિ સાંભળી આનંદમાં આવી ગયો.

પત્રિકાનાં કાગળ અને પરબીડિયાં સુંદરમાં સુંદર - એટલે કે મોંઘામાં મોંઘા મધુકરે પસંદ કર્યાં અને એક સારામાં સારા છાપખાનામાં તેનું સફાઈદાર છાપકામ કરવાનો પણ તેણે હુકમ આપ્યો. રાવબહાદુરના ભાવિ જમાઈના હુકમો ઝડપથી પળાયા, અને રાવબહાદુરની દીકરી જ્યોત્સ્નાની તેની ઉપર મહોરછાપ પણ વાગી. એ જ દિવસે ગામમાં વાતો પણ ચાલી કે રાવબહાદુરે મધુકર સાથે પોતાની પુત્રીનું લગ્ન નક્કી પણ કરી દીધું છે. ઘણા લોકો રાજી થયા નહિ. રાવબહાદુરની કક્ષાના કેટલાય ધનિકો પોતાના પુત્રો માટે રાવબહાદુરની પુત્રીની આશા રાખી રહ્યા હતા; તે સર્વને એમ લાગ્યું કે રાવબહાદુરે મોટી ભૂલ કરી છે. માનવીની સમાનતાનો સિદ્ધાંત ભલે ખરો હોય; છતાં એ સિદ્ધાંતના અમલમાં બહુ જ

ડહાપણભરી રીતે વિચાર કરવો પડે છે. આપણા નેતાઓ અને પ્રધાનો માનવી માનવી વચ્ચેની એકતા સંબંધમાં કેટલો ભાર મૂકીને વાત કરે છે ! છતાં તેઓ ફરે છે વિમાનમાં, રહે છે મહેલોમાં અને પોતાના સંરક્ષણ માટે પોશાકવાળા અને બિનપોશાકી રક્ષકોથી ક્યાં વીંટળાયલા હોતા નથી ?

કેટલાકને નૈતિક દૃષ્ટિએ આવાં લગ્ન ગમ્યાં નહિ. ચબરાક જુવાનોને શિક્ષકો તરીકે, મિત્રો તરીકે અગર મંત્રીઓ તરીકે રાખવામાં ધનિકોની દીકરીઓને માથે ઘણું જોખમ તોળાય છે એમ એ વર્ગનો મત હતો. પલટાતી દુનિયામાં યુવાનોનાં સ્થાન માટે આ વર્ગને સારા પ્રમાણમાં ચિંતા થઈ.

જ્યોત્સ્નાના ભણેલાગણેલા જે મિત્રો મૈત્રીમાંથી પતિપદ મેળવવાની ઊંડે ઊંડે વાસના સેવી રહ્યા હતા તેમને પણ મધુકર સાથેનું જ્યોત્સ્નાનું લગ્ન રુચ્યું નહિ... મધુકર કરતા પોતાની લાયકાત વધારે માનીને !

છતાં રાવબહાદુરને સાંજ સુધીમાં તો ઘણા ટેલિફોન-સંદેશા મળ્યા. આછી પાતળી શિખામણ પણ મળી અને અભિનંદન પણ અપાયાં. શિખામણ આપનારને તો રાવબહાદુરનો એક જ જવાબ હતો :

'જ્યોત્સ્નાની પસંદગી હોય ત્યાં મારાથી કેમ કરીને વચ્ચે પડાય ?'

'પરંતુ મને તો કહેવામાં આવ્યું કે એમાં તો તમારો વિશેષ આગ્રહ હતો, રાવબહાદુર !' કોઈ મિત્રે વાતચીત લંબાવી.

'શી વાત કરો છો ? એવું કહેનાર મારા ઉદાર મતને પારખી શકતાં નથી.'

આમ સાંજ પહેલાં આખા નગરે વાત જાણી કે પાંચ-સાત દિવસમાં મધુકર અને જ્યોત્સ્નાનું લગ્ન થઈ જવાનું છે. મધુકરને પણ અનેક અભિનંદનો મળ્યાં અને જ્યોત્સ્નાને પણ મળ્યાં. સાંજે તો જ્યોત્સ્ના તેની બહેનપણીઓના ફોનમાંથી બિલકુલ નવરી પડી નહિ. રાત્રે ઘેર જતી વખતે મધુકર તેને મળવા આવ્યો ત્યારે પણ જ્યોત્સ્ના કોઈ સખીની સાથે ફોનમાં અણધારી ઉત્સુકતાથી વાત કરતી હતી અને હસતી હતી !

'કોને ફોન કરે છે ?' મધુકરે પૂછ્યું.

'શ્રીલતાને.' જ્યોત્સ્નાએ કહ્યું.

'શ્રીલતાને ? એણે પણ સમાચાર સાંભળ્યા કે શું ?'

'હા.'

'શું કહે છે એ ?'

'એ મને મુબારકબાદી આપે છે; અને હું એને પૂછું છું કે તે મને સાચી મુબારકબાદી આપે છે કે ખોટી.'

'શો જવાબ તેણે આપ્યો ?'

'જવાબ માટે એમ કહે છે કે મારે સુરેન્દ્રને પૂછી જોવું.'

'જ્યોત્સ્ના ! આપણાં લગ્ન સાથે સાથે સુરેન્દ્ર અને શ્રીલતાનાં લગ્ન થઈ જાય તો કેવું સારું ?' મધુકરે કહ્યું.

'તું પ્રયત્ન કેમ કરી જોતો નથી ?'

'હમણાંનો તો સુરેન્દ્ર કદી દેખાતો નથી.'

'તું જાણે છે, હમણાં એ ક્યાં રહે છે તે ?'

'ના. એને ઘેરે જ રહેતો હશે ને ? એની આટલી બધી સેવામાં વળી એની માતાની સેવા એને માથે પડી જ છે ને !'

'હું જાણું છું હમણાંનો એ ક્યાં રહે છે તે !' જ્યોત્સ્નાએ કહ્યું.

'ક્યાં રહે છે એ ?'

'એક સાધુના અખાડામાં !'

'પછી તો શ્રીલતા પણ એની સામે નહિ જુએ !' મધુકરે કહ્યું.

આમ મિત્રોના ભાવિનો વિચાર કરતાં લગ્નતત્પર મધુકર અને જ્યોત્સ્ના છૂટાં પડ્યાં. બીજે દિવસે કુમકુમપત્રિકાઓ આવી ગઈ અને તે હજારોની સંખ્યામાં ટપાલે ઝીલી પણ લીધી. હવે વર્તમાનપત્રોમાં પણ ત્રીજે દિવસે સમાચાર આવ્યા. ચોથે પાંચમે દિવસે લગ્નની અને લગ્નસમારંભની તૈયારીઓ શરૂ થઈ ગઈ. અને સાતમે દિવસે તો રાવબહાદુરના બંગલામાં શરણાઈઓના શૂરથી પ્રભાત ઊગી ચૂક્યો; અવરજવર વધી પડી. ચૉરી બંધાઈ, મોટા મંડપો બંધાયા, ખુરશીઓ નંખાઈ ગઈ, ફૂલહારના ઢગ વળી ગયા અને અત્તરગુલાબના ગુબ્બારા ઊડવા લાગ્યા. પાનબીડાંનો તો પાર હોય જ નહિ.

## ૪૦

## મધુકરનાં લગ્ન

આમ લગ્નનો દિવસ પણ આવી ચૂક્યો. વચમાં મધુકરનાં માતા-પિતાએ પુત્રની લગ્નખંડણી પેટે એક લાખ રૂપિયા મેળવવા બહુ ધાંધળ કર્યું હતું - માત્ર કાગળો જ લખીને નહિ, પરંતુ રાવબહાદુર અને યશોદાબહેન પાસે આવી તેમણે કલ્પી ન હોય એવી ધમાલ મચાવીને. પરંતુ મધુકરે આખી બાજી સાચવી લીધી, અને પોતાનાં માતાપિતાને પોતાના લગ્નમાં હાજરી ન આપી શકે એ ઢબે એ પરગામ મોકલી શક્યો હતો. રાવબહાદુરે તેને વપરાશ માટે એક સ્વતંત્ર કાર પણ આપી હતી એટલે એણે એના પોતાના લગ્નની વ્યવસ્થા ઝડપથી કરી લીધી હતી, અને લગ્નમાં માતાપિતાની હાજરીની આવશ્યકતા તેણે ટાળી કાઢી હતી. મિત્રો અને પરિચિતોને તો એ બોલાવે એ સ્વાભાવિક જ હતું. અને ઘસાતા સગપણના આ યુગમાં જે સગાંવહાલાં મિત્રવર્તુળમાં આવી શકતાં નથી તેમને બીજું કશું સ્થાન હોતું નથી એ જાણીતી વાત છે. મધુકરને પોતાનો પક્ષ કે પક્ષગૌરવ હતાં જ નહિ. જ્યોત્સ્ના સાથેનું લગ્ન એ જ એનું ગૌરવ, અને રાવબહાદુર અને યશોદાબહેન એ બે જ એનો પક્ષ ! અને તે પણ પૂરતો હતો. લગ્ન પહેલા એકાદ કલાક આગળથી મિત્રો સાથે આવી તેને ચૉરીમાં સ્થાન લેવાનું હતું અને લગ્ન થઈ ગયા પછી પરિચિત વ્યક્તિઓનાં અભિનંદન કે ભેટ તેમણે લેવાનાં હતાં - જે તેના તરફથી લેવા માટે કેટલાય મિત્રો ઠીક ઠીક તૈયાર હતા પણ ખરા.

લગ્નમાં વરપક્ષ કરતાં કન્યાપક્ષ ઉપર વધારે ભારણ હોય છે. રાવબહાદુર સઘન હતા એટલે નવી અને જૂની બન્ને ઢબનાં ખર્ચ કરવાની તેમને સ્વાભાવિક રીતે ઇચ્છા હોય. લગ્નવિધિ જૂની ઢબનો બ્રાહ્મણોના મંત્ર અને શ્લોકોચ્ચાર સાથેનો કરવાનો હતો. લગ્નમાં - આજના લગ્નમાં - સગાંવહાલાં કે સખીઓ બહુ ગીત ગાવામાં માનતાં નથી, છતાં યશોદાબહેને જ્યોત્સ્નાની કેટલીય સખીઓને ગીત ગાવા માટે સમજાવી, પટાવી, ધમકાવી તૈયાર કરી રાખી હતી. લગ્નપ્રસંગે જ્યોત્સ્નાએ કયાં

કપડાં અને કયાં ઘરેણાં પહેરવાં એ વિષે યશોદાબહેને ચાર દિવસથી દિવસરાત ધાંધલ મચાવી મૂક્યું હતું. ઘરમાં તો સારાં વસ્ત્રો હતાં જ; આંખે ઊડીને વળગે એવાં અલંકારો પણ હતાં જ. છતાં એકની એક મોંઘી દીકરીને માટે એક દુકાન ભરાય એટલાં નવાં કપડાં અને ઘરેણાં ઘડાઈને આવી ચૂક્યાં હતાં. યશોદાબહેને પહેલેથી જ્યોત્સ્નાને પૂછ્યું હતું :

'જ્યોત્સ્ના ! આ લગ્નમાં તારે જેટલું જોઈએ એટલું લૂગડું-ઘરેણું મંગાવ અને પહેર.'

'મા ! મારે તો નિત્ય લગ્ન હોય એટલાં બધાં લૂગડાં-ઘરેણાં છે, પછી મારે વધારે શું માગવાનું રહ્યું ?' જ્યોત્સ્નાએ જવાબ આપ્યો.

'તું તો છે જ એવી, છોકરી ! તને તો કશી હોંશ જ નહિ.' માએ કહ્યું.

'તો પછી મને જે કાંઈ આપવું હોય, કરાવવું હોય તે બધું હું તમારા ઉપર છોડી દઉં છું.'

'એમ ? કબૂલ છે ? પછી તમે નવી ભણેલીઓ સાદાઈનો ઢોંગ જોઈએ એટલો કરો છો ! એ આ વખતે મારી આગળ નહિ ચાલે.' માએ હક્ક કર્યો.

'મા ! આ વખતે કપડાં, ઘરેણાં, શણગાર અને રીતરિવાજને અંગે હું સંપૂર્ણપણે તારે તાબે થઈ જાઉં છું. પછી કાંઈ ?'

'એ તો મને ખૂબ ગમ્યું. તને લૂગડે, ઘરેણે એવી મઢી દઈશ કે જેવી કોઈ માએ પોતાની દીકરીને મઢી નહિ હોય.'

અને માતાએ ખરેખર પુત્રીને ઘરેણાં-લૂગડાંથી મઢી દીધી અને પુત્રીએ પોતાને મઢાવા પણ દીધી. માતા જે જે આભરણ કે આભૂષણ લઈ આવે તે બધાં જ શોખથી જ્યોત્સ્ના પહેરતી, માતાપિતાને દેખાડતી અને સરસમાં સરસ વસ્ત્રાલંકાર પોતાને લાગ્યા હોય તે પહેરીને પોતાની છબી પણ પડાવતી. એટલું જ નહિ, પરંતુ મધુકર છબી માગે તો તે છબી આપતી પણ ખરી. સાતે દિવસ આમ તેના વ્યવસાયમાં પસાર થયા. સખીઓ પણ નિત્ય આવતી, કલ્લોલઆનંદ કરતી, કદી કદી લગ્નનાં ગીત શીખવાનો પ્રયત્ન કરી હસતી, અને સાંજે છૂટી પડતી. રાવબહાદુરના ઘરમાં આમ પાંચ-સાત દિવસ લગ્નનું જ વાતાવરણ જામી ગયું. માતા અને પિતા બહુ રાજી થઈ વ્યવસ્થા કરવા લાગ્યાં અને મધુકરનાં માતાપિતાને ગામમાંથી જ રવાના કરવાની મધુકરે બતાવેલી બહાદુરી ઉપર રાજી થઈ તેને પણ ઘરમાં વધારે વખત રોકવા લાગ્યાં. લગ્નના દિવસની પહેલી રાત્રે તો રાવબહાદુર મધુકર ઉપર એટલા રાજી થઈ ગયા કે તેમણે એક લાખ રૂપિયાનો ચેક પણ લખી રાખ્યો, જે લગ્નપ્રસંગે તેઓ મધુકરને ભેટમાં

આપવાના હતા. માત્ર તેની એક જ શરત હતી, અને તે એ જ કે મધુકરનાં માતાપિતાને લગ્ન પૂર્ણ થઈ જતાં સુધી એ સંબંધની ખબર બિલકુલ આપવી જ નહિ. મધુકરને તેની હરકત ન હતી. એની યોજના ઊલટી વધારે સફળ થઈ. માતાપિતા માગતાં હતાં તે જ માતાપિતાને દૂર કરી મધુકર મેળવી શક્યો. એમાંથી અરધી રકમ પણ તે માતાપિતાને મોકલી શકે તો તેઓ બહુ આનંદપૂર્વક દૂર રહી મધુકરને એકલાં એકલાં આનંદ માણવા દે. જ્યોત્સ્નાને વર્ષ-છ માસ સુધી તો નારાજ કરવાની ઈચ્છા ન જ હોય. પછી તો... જ્યોત્સ્ના એને માર્ગે અને મધુકર પોતાના માર્ગે જઈ શકે એમ હતું. સ્ત્રીઓને માટે બેત્રણ વર્ષમાં બેત્રણ બાળકો માથે મારી શકાય, તો સ્ત્રી લગભગ જીવનભર પતિની દાસી થઈને જ રહે એમાં શક નહિ. અને જ્યોત્સ્નાની મિલકત પણ એવી આરક્ષક હતી કે તેને જીવનભર દાસત્વમાં રખાય એ જ મધુકરને માટે વ્યવહારુ માર્ગ હતો !... આ વિચાર છૂપો છૂપો પણ મધુકરના હૃદયમાં સ્પષ્ટતા ધારણ કરતો હતો.

પ્રેમ, લગ્ન અને સંતાનોત્પત્તિ એ ત્રણે પરસ્પરથી ક્યાં દૂર હોય છે? સંતાનોત્પત્તિ મુશ્કેલ નથી. સહુથી મુશ્કેલ પ્રેમ મનાય છે; તે તો મધુકરને મળી ચૂક્યો હતો. તેમ ન હોત તો જ્યોત્સ્ના ઉતાવળ કરીને સાત-આઠ દિવસમાં આખું લગ્ન યોજી દે અને તેમાં માતાપિતાની સંમતિ મેળવી લે, એ અશક્ય હતું. પ્રેમ કરતાં લગ્ન વધારે મુશ્કેલ હોય છે. સઘળા પ્રેમ લગ્નમાં જ પરિણામ પામતા નથી; એનું પ્રત્યક્ષ દૃષ્ટાંત મધુકર પોતે જ હતો. પ્રેમમાંથી લગ્ન ઉપર સીધું જ ઉડ્ડયન થતું હોત તો એ ક્યારનો શ્રીલતાને પરણીને બેઠો હોત. શ્રીલતાના પ્રેમનો આછો સરખો વહેમ પણ હવે જ્યોત્સ્નાને લગ્નની ઉતાવળ કરાવી રહ્યો હતો, એમ મધુકર માની રહ્યો હતો. મધુકરને માટે જ્યોત્સ્નાનો પ્રેમ અને જ્યોત્સ્નાનું લગ્ન બન્ને સરળ નીવડ્યાં અને સફળ થયાં એમ કહીએ તોપણ ચાલે. એકબે બાળકોની માતા થયા પછી જ્યોત્સ્ના સ્ત્રીસ્વભાવ અનુસાર બાળકોમાં જ મશગૂલ રહેવાની ! અને મધુકરની બાહોશી જ્યોત્સ્નાને રાજી રાખી પોતાને માટે આનંદના અનેક માર્ગો રચી શકે એવી હતી જ. રાવબહાદુરના ધન સાથે, રાવબહાદુરના ધનની વ્યવસ્થા સાથે, આનંદના અનેક દરવાજા તેને માટે ખૂલી જતા હતા એમ એ સ્પષ્ટ જોઈ શક્યો.

અને લગ્નનો દિવસ આવી પહોંચ્યો. મધુકરને તો જાણે કોઈ સુંદર સ્વપ્ન સાચું પડતું હોય એમ લાગ્યું. એ સમજતો થયો ત્યારથી તેની એ તૃષ્ણા તો હતી જ કે એ ચબરાક બને, ચબરાક અને ધનિક યુવતીને

પોતાનામાં ઘેલી બનાવે. એમાંથી લગ્ન સરજાય. અને લગ્નમાંથી તેને અખૂટ ધન વાપરવાનું મળે. મધુકર જે માગતો હતો તે મળ્યું. ઈશ્વરનો તેણે જરા આભાર પણ માન્યો. જેના પાસા દુનિયામાં પોબાર પડે છે તેમને ઈશ્વર અને ઈશ્વરની કૃપા વહેલા દેખાય છે. અને જોકે તેણે ઈશ્વરનો કોઈ વાર આભાર માન્યો ખરો, છતાં આભાર માનતી વખતે તે ભૂલી શક્યો નહિ કે એની પોતાની પાત્રતા પણ એના ભાવિને રચી રહી હતી !

ત્રણચાર કાર ભરીને મિત્રો સાથે મધુકર વરરાજા બની રાવબહાદુરને બંગલે આવ્યો. કેટલીક સ્ત્રીઓને લગ્નપ્રસંગે જૂના રીતરિવાજ પાળવાનો જોરદાર અભરખો થઈ આવે છે. યશોદાબહેને માનીતા વરરાજાને પોંખવાની વિધિ પણ કરી, ઘૂમટો તાણેલી કન્યાની આંખ ઉપર દૂરના બહુ વર્ષે શોધી કાઢેલા મામાની પાસે આંખ મીંચાવી વર પાસે લાવી વરના પગે ચૂંટી પણ ખણાવી. અને હાસ્યની તથા રુદનની છોળો પણ ઉરાડી. વહાલી અને એકની એક દીકરી પરણાવ્યાથી પારકી થાય છે એનું યશોદાબહેનને ધોરણ પ્રમાણે દુઃખ થયું. છતાં એ પતિ, રાવબહાદુરનું ઘર મૂકીને જ્યોત્સ્નાને બહુ દૂર લઈ જશે નહિ અને કદાચ તે પોતે પણ રાવબહાદુરના જ ઘરમાં રહી જશે, એવી શક્યતા વિચારી તેણે પોતાના દુઃખને બહુ હળવું બનાવી દીધું હતું. એટલે તે ધારે તે દિવસે હસી પણ શકતાં હતાં.

કહ્યાગરી દીકરીએ પણ તે દિવસે માતાની ઈચ્છા પ્રમાણે વસ્ત્રાલંકારો નખશિખ ધારણ કર્યાં હતાં, અને સાદાઈ પૂરતું લગ્નશોભિત પાનેતર પણ કિંમતી અને રેશમી હતું. વળી આવી ભણેલીગણેલી દીકરીએ પાનેતરનો ઘૂમટો ખેંચી માતાપિતાની આર્યભાવનાને સંતોષવા તત્પર હતી એથી યશોદાબહેનને સંપૂર્ણ માનસિક સુખ પ્રાપ્ત થઈ ગયું. મોતી અને હીરાજડિત મૉડ ધારણ કરી પોતાના મુખને ગૂંગળાવવાની એકબે વખત ના પાડી ચૂકેલી પુત્રી અંતે મોડ પહેરવાને પણ તત્પર થઈ એમાં યશોદાબહેનને પોતાની પવિત્ર, જુનવાણી રીતનો વિજય થતો દેખાયો.

વરરાજા આવીને ચૉરીમાં બેસી ગયા. તેમનાથી થોડે દૂર શમિયાણામાં અસંખ્ય મહેમાનો ભેગા થયા હતા, જેમને આઈસક્રીમથી તેમ જ ગીતનૃત્યથી રીઝવવામાં આવતા હતા. રાવબહાદુર આમ તો પોતાને સુધારક કહેવડાવતા હતા, છતાં આનંદના પ્રસંગોએ ગીતનૃત્યનો બાધ લે એવું સુગાળવું સુધારાપણું એમણે કદી ધારણ કર્યું ન હતું. નૃત્ય વખતે નર્તકી કલાની અધિષ્ઠાત્રી બની જાય છે એમ તેઓ માનતા, અને કલાને

પોષવા જેટલું ઉદારચિત્ત સુધારામાં ખીલવવું જોઈએ એવી પણ તેમની માન્યતા હતી. એટલે આવે પ્રસંગે બેત્રણ સારા ગવૈયા અને બેત્રણ સારી નર્તકીઓ લગ્નોત્સવમાં આનંદવૃદ્ધિ માટે તેઓ લાવ્યા હતા.

આમ માનવંતા મહેમાનો - સ્ત્રીઓ અને પુરુષો આઈસક્રીમમાં અને નર્તકીની કલામાં મશગૂલ હતાં; લગ્નનું પવિત્ર કાર્ય કરાવનાર બ્રાહ્મણો હોમહવન, મંત્રોચ્ચાર અને મંગલાચરણમાં મશગૂલ હતા; અને સગાં-વહાલાંમાં ગણાતી સ્ત્રીઓ અરસપરસના વસ્ત્રાલંકારો જોવામાં અને પોતાના વસ્ત્રાલંકારો સાથે બીજાની સરખામણી કરવામાં રોકાયલી હતી. કન્યાની સખીઓ કન્યાને લાવી ક્યારની ચૉરીમાં બેસાડી ગઈ હતી; પરંતુ તેનો ખ્યાલ બહુ થોડાને રહ્યો હતો. કન્યાના હસ્તમેળાપ પણ થયા. સાવધાનની બ્રાહ્મણબૂમો પણ ઠીક ઠીક પડી; મુખ્ય પુરોહિતે હસ્તમેળાપ થયેલા હાથમાંથી દર્ભ ખેંચી લીધો. તાળીઓ પડી, વાજાં વાગી ઊઠ્યાં. અક્ષત, કુમકુમ અને પુષ્પનો વર-કન્યા ઉપર વરસાદ વરસ્યો. યશોદા-બહેને આંખ ઉપર પોતાના અમ્મરનો કસબી છેડો નાખી માતાને યોગ્ય આંસુ આણ્યાં, અને મહેમાનોમાં પણ તાલીનાદ ફેલાઈ ગયો. રાવબહાદુર પણ પુત્રીમાંથી પત્ની બનેલ કન્યાનો વિચાર કરી સહજ વિહ્વલ બન્યા. પરંતુ તેઓ પુરુષ હોવાથી કન્યાદાન આપતી વખતે પોતાના હૃદયને વધારે સખત બનાવી શક્યા.

હાજર રહેલા સર્વ મહેમાનોને હાર પહેરાવવાનો, અત્તરગુલાબ આપવાનો અને ભેટ આપી શકતા મહેમાનોની ભેટ લેવાનો વિધિ શરૂ કરવા માટેની હવે તૈયારી શરૂ થઈ. પરંતુ હાથ પકડી રહેલ વરકન્યામાં કાંઈ આકસ્મિક અસ્થિરતા ઊપજતી હોય એમ દેખાયું. પ્રેમી વરકન્યા હસ્ત-મેળાપ વખતે ઠીકઠીક સ્પર્શ-રમત કરી શકે છે, જે રમત કન્યાદાન દેનાર માતાપિતા પણ જાણી શકતાં નથી અને લગ્નવિધિ કરાવનાર બ્રાહ્મણો પણ જાણી શકતા નથી ! કદાચ ચૉરીનો અગ્નિ પણ એ રમતથી અજ્ઞાત હોય! એનું જ્ઞાન પરિણીત યુગલને જ થાય છે. એ રમતની અલૌકિક ક્ષણ જીવનમાં ફરી આવતી નથી.

વરકન્યાની આ હસ્તમેળાપ રમત ઠીકઠીક ચાલી; પરંતુ આ બધા ઘોંઘાટમાં મધુકરથી સિસકારો ઉચ્ચારાઈ ગયો એનું કોઈને ભાન રહ્યું નહિ. સિસકારો તો કદાચ ન સંભળાય ! પરંતુ મધુકરના શબ્દો સાંભળતાં આસપાસના લોકોનું ધ્યાન વરકન્યા તરફ ખેંચાયું ખરું. સિસકારો બોલાવી રહીને મધુકરે એકાએક કહ્યું :

'જ્યોત્સ્ના ! આ શું કરે છે ? મને બહુ વાગે છે.'

કન્યા કાંઈ બોલી નહિ. પરંતુ તેણે મધુકરના હાથને વગાડવાનું કામ ચાલુ રાખ્યું હોય એમ લાગ્યું. મધુકરે ફરી કહ્યું :

'જ્યોત્સ્ના ! હવે બસ. શ્રીલતાનું વેર તારે વાળવાની જરૂર નથી.'

'આ વેર જ્યોત્સ્ના નહિ પણ શ્રીલતા જ વાળે છે, મધુકર !' કન્યાના ઘૂમટા પાછળથી એક મીઠો પરંતુ દૃઢ ઉચ્ચાર આવ્યો.

'એટલે ?' મધુકરે જરા હાથ હલાવી સહજ છંછેડી નાખી કહ્યું.

'હજી પૂછવું પડે છે ? સમજ્યો નહિ ?'

'શું સમજવાનું ?' મધુકરે સહજ ચમકીને પૂછ્યું.

'સમજવાનું એટલું જ કે તારાં લગ્ન જ્યોત્સ્ના સાથે નહિ પણ શ્રીલતા સાથે થાય છે !'

મધુકરે એકાએક હાથ ખેંચી લીધો; એટલું જ નહિ પણ ખેંચેલા હાથે તેણે આખી બેઠેલી મંડળીને આશ્ચર્ય ઊપજે એવી ઘેલછા કાઢી ઘૂમટાવાળી કન્યાનો મોડ અને ઘૂમટો બળપૂર્વક ખસેડી નાખ્યા : જે ખસેડવામાં કન્યાએ પણ તેને હરકત કરવાને બદલે સહાય કરી !

અને લગ્ન થયેલી કન્યા જ્યોત્સ્ના નહિ પણ શ્રીલતા તરીકે આખા સમારંભ સમક્ષ જાહેર થઈ !

'દગો, દગો ! રાવબહાદુર ! તમે દગો કર્યો છે. યશોદાબહેન ! તમે પણ !' મધુકર પોકારી ઊઠ્યો. અને રાવબહાદુર તથા યશોદાબહેન પણ પરણી ચૂકેલી યુવતીને શ્રીલતા તરીકે ઓળખી ચમકી ઊઠ્યાં ! મધુકર ઊભો થઈ ગયો.

'રાવબહાદુરનું નામ ન લઈશ; યશોદાબહેનનું નામ ન લઈશ ! દગો કોઈએ કર્યો નથી, પરંતુ તારા દગાને અટકાવ્યો છે. સાચો દગાબાજ તું જ છે !' શ્રીલતાએ પણ ઊભાં થઈ જઈ ખુલ્લા મુખે મધુકરને જવાબ આપ્યો. અને જ્યોત્સ્નાને બદલે પોતે મધુકર સાથે પરણી ગઈ તેમાં તેને જરાય સંકોચ લાગ્યો હોય એમ દેખાયું નહિ.

'એટલે ? તું શું કહેવા માગે છે, અને છેતરીને ?' મધુકરે સામે ઉશ્કેરાઈને કહ્યું.

મહેમાનોમાં અને સંબંધીઓમાં હોહા થઈ રહી.

'તને છેતર્યો હોય એમ લાગતું હોય તો હું અત્યારે જ તને છૂટાછેટા આપવા તૈયાર છું. તારા જેવા યુવકોને આવી જ ફજેતીએ પહોંચવા જોઈએ

એ તું સમજી લેજે. હું જગતને જાહેર કરી શકીશ કે મેં તો મને છેતરનારને જ છેતર્યો છે.'

છેલ્લે પાટલે જઈ બેઠેલી શ્રીલતાને વધારે શું કહેવું તેની મધુકરને સમજ પડી નહિ. ઊભા થઈ ગયેલા લોકોને ખબર પડી કે મધુકરની સાથે રાવબહાદુરની દીકરી જ્યોત્સ્ના નહિ પણ જ્યોત્સ્નાની કોઈ બહેનપણી શ્રીલતા પરણી ગઈ છે. સહુએ ત્યાંથી ખસવા માંડ્યું અને જોતજોતામાં મંડપ ખાલી થઈ ગયો. મધુકર પણ ત્યાંથી ખસવાની તૈયારી કરતો હતો. તેનો હાથ પકડી શ્રીલતાએ પૂછ્યું :

'મધુકર ! આમ તો આપણાં લગ્ન થઈ ચૂક્યાં. તારું વચન તેં તો ન જ પાળ્યું; પરંતુ એ પાળવાની ફરજ મેં તને પાડી છે. હવે કહે, શું કરવું છે ? લગ્નનો સ્વીકાર કે અસ્વીકાર ?'

'શ્રીલતા ! મને આજની રાત વિચાર કરી જોવા દે. મને કાંઈ સમજ પડતી નથી. તેં મને હરાવ્યો. હું સવારે તને મારો નિશ્ચય જણાવીશ !' મધુકરે કહ્યું.

મધુકરના મુખ ઉપર ખરેખર અત્યારે ગભરાટ લાગતો હતો. ભારે ચબરાકીમાં કદી અસ્વસ્થ ન બનેલો મધુકર આજે અતિશય અસ્વસ્થતા ભોગવી રહ્યો.

'વારુ, એક રાતની મુદત આપું છું. તારે લગ્ન ન સ્વીકારવું હોય તો તેમ કહી દેજે; હું તેથી આપઘાત કરવાની નથી. તું ના પાડીશ તો અદાલતમાં છૂટાછેડા મેળવતાં મને વધારે અનુકૂળતા મળશે. બાય, બાય! ટા, ટા !' કહી શ્રીલતા ચૉરી અને લગ્નમંડપમાંથી ખસી રાવબહાદુરના ઘરમાં ચાલી ગઈ.

અને રાવબહાદુર તથા યશોદાબહેન ઘેલાં જેવાં બની પૂછવા લાગ્યાં :

'પણ જ્યોત્સ્ના ક્યાં ?'

## ૪૧

# સ્નેહની અનોખી સૃષ્ટિ

નગર બહારના ભગ્ન શિવાલયમાં એક સાધુજન અને ભજનિક કુટુંબ સાથે સુરેન્દ્ર બેઠો હતો. બીજો પ્રહર વીતી ગયો હતો અને સાંજના પાંચેક વાગ્યા એટલે સુરેન્દ્રે ઊભા થઈ બહાર નજર કરી.

'કેમ ભાઈ ! ઊભા થયા ?' ભજનિક સ્ત્રીએ પૂછ્યું

'મારે એક મિત્રના લગ્નમાં જવું છે.' સુરેન્દ્રે કહ્યું.

'તે તમારા મિત્ર તો પૈસાવાળા હશે ને ?' ભજનિકે કહ્યું.

'હા; પરણનાર મિત્ર એક સ્ત્રી છે અને તે બહુ પૈસાદાર છે.' સુરેન્દ્રે કહ્યું.

'તો પછી તમને મોટર નહિ તો ગાડી નો મોકલે ?' ભજનિક સ્ત્રીએ કહ્યું. સુરેન્દ્ર સાથે ગરીબ દુનિયાને અંગત પરિચય ઝડપથી થઈ જતો હતો.

'પરણનાર યુવતીએ કંકોત્રીમાં જ મને લખ્યું છે કે મને લેવાને તો કાર જ આવશે.. પરંતુ હજી કાર આવી નહિ અને સમય થવા આવ્યો છે... થઈ ગયો છે... એટલે મને લાગ્યું કે હું જ જઈને હાજરી આપું !' સુરેન્દ્રે કહ્યું. અને તે જ ક્ષણે રસ્તા ઉપર એક મોટર કાર આવીને ભગ્ન મંદિર આગળ ઊભી રહી, જેણે સહુની નજર ખેંચી.

'લો, ભાઈ ! તમારે માટે જ આ ગાડી આવી લાગે છે.' ભજનિકે કહ્યું. અને એ કારમાંથી સાદો પોશાક પહેરેલી એક યુવતી બહાર નીકળી. સુરેન્દ્ર એક ક્ષણભર ચમક્યો હોય એમ સહુને લાગ્યું. મક્કમ પગલે અને હસતે મુખે મંદિરમાં પ્રવેશતી યુવતીને જાણે તેણે અણધારેલી આવેલી જોઈ હોય તેમ સુરેન્દ્રની ચમક ઉપરથી સહુને લાગ્યું; અને એ યુવતી અંદર આવી સાધુને નમન કરી સુરેન્દ્ર સામે સહજ સ્મિત સહ ઊભી રહી, એટલે સુરેન્દ્રથી પુછાઈ ગયું :

'જ્યોત્સ્ના ! તું ? તું કેવી રીતે આવી શકી ?'

'કેમ, હું ન આવી શકું ?' હસીને જ્યોત્સ્નાએ સામે પૂછ્યું.

'પણ તારું તો અત્યારે લગ્ન છે. હું આવવાને તૈયાર જ થતો હતો.

તું ત્યાંથી છૂટી કેમ થઈ શકી ?' સુરેન્દ્રે પૂછ્યું.

'બધું સામધામ પાર ઊતરશે તો હું નહિ. પણ શ્રીલતા અને મધુકર પરણી જશે ! મારે તો મધુકર સાથે પરણવાનું હોય નહિ ને ?' જ્યોત્સ્નાએ ધીમે રહીને સાદડી ઉપર સ્વસ્થતાપૂર્વક બેસીને કહ્યું. સુરેન્દ્ર પણ નીચે બેઠો અને બેસતાં બેસતાં તેણે કહ્યું :

'પરંતુ કંકોત્રી, જાહેરાત, આમંત્રણપત્રિકા, એ બધું જ તારા લગ્નની જ જાહેરાત કરતું હતું - અને તે એક અઠવાડિયાથી. પછી આ શું ? તું શું કહે છે ?'

'એ જાહેરાત મેં નહોતી કરી. મારાં માતાપિતા અને મધુકરે કરી હતી.' જ્યોત્સ્નાએ સહજ હસીને કહ્યું.

'પણ મારી આમંત્રણપત્રિકામાં તો તેં તારે હાથે એમ પણ લખ્યું હતું કે તું આ પ્રસંગે મારે માટે કાર મોકલીશ.' સુરેન્દ્રે કહ્યું.

'હા; કાર આવી જ છે.'

'પરંતુ તું કેમ આવી શકી ?'

'મેં વધારામાં શું લખ્યું હતું તે તેં પૂરું વાંચ્યું દેખાતું નથી. મેં એમ પણ લખ્યું હતું કે બનશે તો એ વખતે હું જ તને લેવા આવીશ. પૂરું વાંચતો પણ નથી શું ?' જ્યોત્સ્નાએ કહ્યું.

'મારા મનમાં કે તેં મને સારું લગાડવા વિવેક કર્યો છે. પણ તું જાતે આવી પણ ખરી. અને નવી વાત લાવી પણ ખરી. ખરેખર નવી, કલ્પનામાં પણ ન આવે એવી !'

'હું નવી વાત લાવી નથી. હું એની એ જૂની વાત લઈને આવી છું. તારી કલ્પનાનાં તેજ ઘટતાં જાય છે શું ?'

'શી વાત ? કઈ જૂની વાત ? તું સતત મને ગભરાવતી જ રહી છો !'

'એ વાત... એમ.... કે... તારી હા હોય તો હું અને તું બન્ને લગ્ન કરીએ. અને અહીં સાધુને અને મારે ઘેર જઈ માતા-પિતાને પગે લાગીએ.'

'જ્યોત્સ્ના ! હજી આવું જોખમ વહોરવું છે ?'

'સુરેન્દ્ર ! તારે માટે હું ગમે એટલાં જોખમ ખેડીશ - ગમે ત્યાં સુધી !' જ્યોત્સ્નાએ કહ્યું અને આ વિચિત્ર યુગલને એકલાને જ વાત કરવાનો મોકો મળે એ માટે ભજનિક કુટુંબ અને સાધુજન એકાએક ત્યાંથી ઊઠી પોતપોતાને કામે લાગી ગયાં. છતાં સહુના કાન આ બન્ને વિચિત્ર વ્યક્તિઓની વાતચીત જરૂર સાંભળી રહ્યા હતા.

'જ્યોત્સ્ના ! હું હૃદયહીન છું, નહિ ? મારી હા થાય ત્યાં સુધી તો... કદાચ આપણો આ જન્મ વીતી પણ જાય ! ત્યાં સુધી તારે રાહ જોવી પડે !' સુરેન્દ્રે દર્દભર્યા કંઠે કહ્યું.

'તેની હરકત નહિ; રાહને માટે તું ચિંતા ન કર. પરંતુ તને શું હજી એવી નિરાશા છે કે મારા અને તારા જીવતાં તારું પણ પૂર્ણ નહિ થાય ?' જ્યોત્સ્નાએ કંઠમાં જરા પણ દર્દ લાવ્યા સિવાય ઉત્તેજક કંઠે કહ્યું.

'ઉમંગ છે, હોંશ છે, આશા છે કે એક રાતમાં, એક દિવસમાં, એક વર્ષમાં મારું પણ સફળ કરું ! પરંતુ બીજી પાસ એવડી અને એવડી નિરાશ પણ છે. મારું આખું જીવન વીતી જાય છતાં એ લીધેલું પણ પૂર્ણ ન પણ થાય!' સુરેન્દ્રે ગંભીરતાથી શબ્દોચ્ચાર કર્યો.

'તારી પ્રતિજ્ઞા પૂર્ણ થાય પછી તું લગ્ન કરી શકીશ કે નહિ ?'

'જરૂર.'

'અને તે કોની સાથે ?'

'જવા દે એ સ્વપ્ન, જ્યોત્સ્ના ? અશક્ય સ્વપ્નને ક્યાં ખુલ્લું કરવું ?' સુરેન્દ્રે કહ્યું.

'જો, સુરેન્દ્ર ! મેં તને મારું સ્વપ્ન કહી સંભળાવ્યું છે ! તેં તે અશક્ય બનાવ્યું. તારું સ્વપ્ન મને કહી સંભળાવીશ તો કદાચ એ અશક્ય સ્વપ્ન હું જ શક્ય કરી શકીશ.' જ્યોત્સ્ના બોલી.

'જ્યોત્સ્ના ! તારા અભિમાને પણ તને અહીં આવતાં અટકાવવી જોઈતી હતી. હું તારી સહાનુભૂતિને લાયક ક્યાં રહ્યો છું ?' સુરેન્દ્રે થડકાતે કંઠે કહ્યું.

'હવે મારા અભિમાનની વાત જવા દે અને મને કહે...'

'શું કહું તને, જ્યોત્સ્ના ? શબ્દો ખૂટ્યા છે.'

'છતાંય મને કહે તો ખરો કે તું પરણે તો કોને પરણે ? આથી વધારે સ્પષ્ટ પ્રશ્ન તો ન જ હોય ને ?' જ્યોત્સ્ના બોલી.

'કદી કહ્યું નથી... કહેવા ધાર્યું નથી તે આજે તારે મારી પાસે કહેવરાવવું છે ? તો સાંભળ... પ્રતિજ્ઞા પૂર્ણ થાય... અને ત્યાં સુધી તારું લગ્ન થયું ન હોય... તો તારી સાથે જ લગ્ન કરીશ.'

'એટલું બસ છે. એ મુદત સુધી મારું લગ્ન નહિ થયું હોય એમ ખાતરી રાખજે. પરંતુ તું કહે તો ખરો કે તારી પ્રતિજ્ઞા પૂર્ણ ક્યારે થશે ?'

'એ પ્રતિજ્ઞા ત્યારે પૂર્ણ થશે કે જ્યારે માનવવિશ્વ ગરીબીના નાશનો

ઢંઢેરો પિટાવશે !' સુરેન્દ્રની આંખમાં બોલતાં બોલતાં કાંઈ અજબ ચમક ચમકી ઊઠી.

'ઓહો ! એટલું જ ને ? એ ઢંઢેરો કદાચ તને લાગે છે એટલો દૂર ન પણ હોય.'

'તો... એ બહુ પાસે લાગે છે તને ?'

'હા.' સુરેન્દ્ર ! વીસમી સદીએ શું શું નથી કર્યું ? જો રશિયા અને ચીને સમાજરચનાના પાયામાંથી ખાનગી મિલકત ખોદી, ફેંકી, દાટી સમાજને સોનાના પાયા આપ્યા. કદી કોઈએ ધાર્યું હતું ? હજી વિચાર કરી જો ! હિંદુસ્તાનમાંથી અંગ્રેજો જાય એમ કોઈએ કલ્પ્યું હતું ? ગાંધીજીએ પણ ? છતાં એ સ્વપ્ન સાચું પડ્યું જ છે ને ? માનવજાતની સમજમાં યુદ્ધનો ધક્કો વાગીને કે ધક્કો વાગ્યા વગર એક પલટો આવી જાય તો કાલ સવારે તારાં અને મારાં લગ્ન થઈ શકે.' બોલતાં બોલતાં જ્યોત્સ્નાની આંખમાં પણ કોઈ નવી ચમક ચમકી ઊઠી.

'જ્યોત્સ્ના, જ્યોત્સ્ના ! આ તું બોલે છે ? તું તો એક ધનવાનની દીકરી!'

'હા. હું ધનવાનની દીકરી ! અને તે હું જ બોલું છું - ધનને ઓળખીને- પરખીને - નાણીને બોલું છું અને સુરેન્દ્ર ! સાથે સાથે એ પણ સમજી લેજે કે આ શબ્દો તારા રૂપથી, તારી દેશભક્તિથી, તારી જનકલ્યાણની ભાવનાથી કે તારા તપથી મોહ પામેલો માત્ર સ્ત્રીદેહ જ બોલતો નથી ! તું જે માગે છે એ સિદ્ધ કરવા તત્પર થયેલું સ્ત્રીહૃદય આ બોલે છે. તું મારી જરાય દયા ન ખાઈશ, મારી જરાય ચિંતા ન કરીશ, મને સારું લગાડવા મથન પણ ન કરીશ ! તારું પણ સિદ્ધ થયું એમ લાગે ત્યારે તું મને પુછાવજે કે હું તને પરણવા માટે કુંવારી રહી છું કે નહિ... ભલે ! પચીસ વર્ષ થાય... પચાસ વર્ષ થાય... સાઠ વર્ષ થાય તેની ચિંતા ન રાખીશ... અને સાથે સાથે તને.... વચમાં... કદી એમ થાય કે તને આછાપાતળા વિસામાની જરૂર છે. તો મારી પાસે ચાલ્યો આવજે... અર્ધો કલાક બેસજે અગર જ્યાં હોઉ ત્યાં મને યાદ કરજે... હું પણ એમ જ કરીશ... તારી પ્રતિજ્ઞાનો હું જ ભંગ થવા નહિ દઉં... તારી પ્રતિજ્ઞાનું રક્ષણ એ જ મારી પ્રતિજ્ઞા !'

સુરેન્દ્ર જ્યોત્સ્નાની સામે ટગર ટગર જોઈ રહ્યો. તેના હૃદયનું નાવ કોઈ ભરદરિયામાં આકાશપાતાળના ઝોલા લેતું હોય એમ તેને પોતાને જ લાગ્યું.

'સામે જોઈ ન રહીશ, સુરેન્દ્ર ! તને મોહ પમાડવા માટે મોહિનીનું રૂપ

બની હું આ બધું કહેતી નથી. હવે તારું પણ એ જ મારું પણ.' જ્યોત્સ્નાએ કહ્યું. અને સુરેન્દ્ર એક શબ્દ પણ બોલ્યા વગર જ્યોત્સ્નાની સામે જોઈ રહ્યો.

જ્યોત્સ્નાની સામે જોતાં જોતાં તેણે મન ઉપર સંયમ સાધ્યો. તેને પોતાને જ લાગ્યું કે કદાચ જ્યોત્સ્નાએ સુરેન્દ્રના સરખી પ્રતિજ્ઞા અત્યારે ન લીધી હોત તો... કદાચ... તેના હૃદયે... અરે, તેની વાણીએ... જ્યોત્સ્ના સાથે લગ્ન કરવાની હા પાડી દીધી હોત ! પ્રતિજ્ઞાભંગમાંથી આ નવયુગની વીરાંગનાએ તેને બચાવી લીધો હતો ! જ્યોત્સ્ના ક્યારની જોઈ શકી હતી કે સુરેન્દ્રની આંખમાં એક એવી ઘેલછા ઉત્પન્ન થઈ હતી કે જે સુરેન્દ્રને જ્યોત્સ્નાના પગ પકડવા પ્રેરે, હાથ પકડ્યા પ્રેરે અગર આખા દેહને બાથ ભરી લેવા પ્રેરે ! સ્ત્રી જ એ પુરુષઘેલછાને ઓળખી શકે છે.

જ્યોત્સ્નાએ આગળ કહ્યું :

'તો સુરેન્દ્ર ! ચાલ, જરાય મારો ભય રાખ્યા વગર હું અને તું બંને કામે લાગીએ. પહેલું કામ તો એ કે મધુકર અને શ્રીલતાને આપણે બંને જણ જઈ અભિનંદન આપીએ.'

'પરંતુ તારું શું થશે ? તારાં માતા-પિતા તને શું કહેશે ?' સુરેન્દ્રે કહ્યું.

'એની તું ચિંતા ન કરીશ. પિતાની કારમાં આજ હું છેલ્લી બેસું છું. જે ધન સહુનું નહિ તે મારું નહિ.'

થોડી ક્ષણે યંત્રવત્ સુરેન્દ્ર ઊભો થયો. તેણે સાધુની પાસે જઈ નમસ્કાર કર્યા અને કહ્યું : 'મહારાજ ! હું જરા કલાકેક જઈ આવું... મારાં પરિણીત મિત્રોને અભિનંદન આપવા... પછી હું અહીં જ આવું છું... આપણે ગરીબી ટાળવાની મારી યોજના વિષેની અધૂરી ચર્ચા પૂરી કરીશું...'

'ફતેહ કર, દીકરા ! હવે ચર્ચાની જરૂર નથી. યુવક અને યુવતીના આવા ભોગ જ્યાં અપાતા હોય ત્યાં ચર્ચા ચાલે જ નહિ. છતાં... જતે જતે... સમય હોય તો તારી માતાને કહેતો જજે કે તારા પિતા જડ્યા છે... અને પોતાના પુત્રમાં જીવનની સફળતા પિતાએ સાધી લીધી છે.' સાધુની આંખમાં એક ક્ષણભર પાણી ચમકી ગયું.

સુરેન્દ્રે બીજું આશ્ચર્ય આજ નિહાળ્યું ! દેશસેવાની ધૂનમાં જીવનને નિષ્ફળ ગયેલું માની અદૃશ્ય થયેલા તેના જ પિતા સાધુ સ્વરૂપે તેની જ સામે ઊભા હતા શું ? આશ્ચર્યદગ્ધ સુરેન્દ્રે પૂછ્યું :

'આપ શું કહો છો ?'

'તેં જે સાંભળ્યું તે જ ! તારા જ સરખી તેજસ્વી યુવતીની સાથે સાથે તને આગળ કદમ માંડતો જોઉં એ મારી સિદ્ધિ. હવે હું અહીંથી કંઈ જઈશ નહિ. તારી માતાને કહેજે કે તારા સરખો પુત્ર આપીને એણે મારી નિષ્ફળતા દૂર કરી છે... અને દીકરી જ્યોત્સ્ના ! તું પણ તારાં માતા-પિતાને કહેજે કે તેમના સુખમાં જ સુખી થનાર તેમનો બાલમિત્ર તારા સરખી તેજસ્વી પુત્રીનાં માતા-પિતાને મુબારકબાદી આપે છે...'

'તેં... આ સુરેન્દ્રના પિતા તો નથી ? એનું અને મારું નાનપણ યાદ કરાવનાર મારા પિતાના આપ મિત્ર...'

'પૂર્વાશ્રમ જતો કરજે, બહેન ! મારો અને તારાં માતાપિતાનો !.... હવે પાછો હું... થાકેલો તાજો થાઉં છું અને વિશ્વની ગરીબી ટાળનાર સાધુઓની વણજારમાં સામેલ થઈ જાઉં - મારું સાધુપણું મૂકીને, મારું ગુરુપણું મૂકીને - અને યૌવનનું શિષ્યપદ સ્વીકારું !'

'જવું... ન જવું એમ ડગમગતો વિચાર કરતાં યુવક-યુવતીને માથે સાધુએ હાથ મૂક્યો અને તેઓ હસ્યા.

જ્યોત્સ્ના અને સુરેન્દ્ર બન્ને સહજ શરમાઈને ધીમે પગલે મંદિરથી બહાર નીકળ્યાં. જ્યોત્સ્નાએ સુરેન્દ્રને પોતાની સાથે કારમાં બેસાડ્યો અને પોતે કારનું યંત્ર હાથમાં લઈને બેઠી. ક્ષણભર સુરેન્દને થયું કે સાધુને સાથમાં લઈ ઘેર ઉતારે. પરંતુ અનેક પ્રબળ આશ્ચર્યો વચ્ચે એ વિચારને નિશ્ચયમાં મૂકતા પહેલાં કાર ચાલવા લાગી.

સાધુના મનમાં વિચાર આવ્યો : 'હવે માનવવિશ્વમાંથી ગરીબી યંત્રની ઝડપે દૂર થશે.'

'અને ખરેખર કારમાં કોઈ અજબ વેગ આવી ગયો. બે જીવંત માનવી - એક યુવતી અને એક યુવક - ઝડપી વાહનમાં બેઠાં હતાં !... અને વધારામાં એ વાહનનું સુકાન એક તેજસ્વી યુવતીના હાથમાં હતું !....

એ ક્યાં જતાં હતાં ? પરણવાં નહિ ! પરણનારની સ્નેહસૃષ્ટિને અભિનંદન આપવા ! છતાંય એમનીયે સ્નેહસૃષ્ટિ આકાર લેતી નહિ હોય એમ કેમ કહેવાય ? સંયમ કયો આકાર સૃષ્ટિને આપે ?

●●●